સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 39
■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ આશ્વિન સુદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૬ ઓક્ટોબર ૨૦૨૪, (૨૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૧૧ થી ૧૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



**મતદાન:** હરિયાણા વિધાનસભાની અંબાલા બેઠક પરથી મતદાન કર્યા બાદ રાજ્યના મુખ્ય પ્રધાન અને ભાજપના ઉમેદવાર નાયબસિંહ સૈની. (પીટીઆઇ)



**કતાર:** હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં નૂંહના ઘાસેરા ગામ ખાતે મતદાન માટે મતદારોની લાગેલી લાંબી કતાર. (પીટીઆઇ)



**મહિલા મતદારો:** હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં નૂંહના ઘાસેરા ગામ ખાતે શનિવારે મહિલા મતદારો પણ મોટી સંખ્યામાં મતદાન માટે આવી હતી. રાજ્યમાં આશરે ૬૨ ટકા મતદાન થયું હતું. (પીટીઆઇ)

## હરિયાણા વિધાનસભાની, ચૂંટણીમાં ૬૨ ટકા મતદાન

ચંડીગઢ: હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં શનિવારે અંદાજે ૬૨ ટકા મતદાન થયું હતું. મતદાનનો ચોક્કસ આંકડો રવિવારે જાણવા મળશે.

હરિયાણાનો શાસક પક્ષ ભાજપ હેટટ્રિક કરશે કે મતદારો એક દાયકા પછી કૉંગ્રેસને ફરી સત્તા પર લાવશે? એ મોટો પ્રશ્ન છે.

સાંજે પાંચ વાગ્યા સુધીમાં આશરે ૬૧

ટકા મતદાન થયું હતું અને હજી અમુક મતદાર મતદાન કરવા કતારમાં ઊભા હોવાથી મતદાનની ચોક્કસ ટકાવારી રવિવારે ખબર પડશે.

હરિયાણાની બધી (૯૦) બેઠક પર સવારે સાત વાગ્યે મતદાન શરૂ થયું હતું. સૌથી વધુ મતદાન મેવાતમાં થયું હતું.

હરિયાણા વિધાનસભાની ચૂંટણીની મતગણતરી આઠ ઑક્ટોબરે હાથ ધરાશે અને તે દિવસે જ પરિણામ જાહેર થશે.

હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિત અનેક નેતાએ પ્રચાર કર્યો હતો.

ભાજપે પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા પોતાના ચાર નેતા પર ચૂંટણી લડવા છ વર્ષનો પ્રતિબંધ મૂક્યો હતો.

ચૂંટણીમાં ભાજપ, કૉંગ્રેસ, આમ આદમી પક્ષ (આપ) ઉપરાંત ઇન્ડિયન નેશનલ લોકદળ - બહુજન સમાજ પાર્ટી, જનનાયક જનતા પાર્ટી - આઝાદ સમાજ પાર્ટી મુખ્ય રાજકીય પક્ષો છે, જ્યારે કેટલાક નેતા અપક્ષના ઉમેદવાર તરીકે પણ ચૂંટણી લડી રહ્યા છે.

વિધાનસભાની ૯૦ બેઠક માટે ૧,૦૩૧ ઉમેદવાર મેદાનમાં છે અને તેમાં ૪૦૦થી વધુ ઉમેદવાર અપક્ષના છે.

નૂંહ ખાતે હિંસાના છૂટક બનાવ બન્યા હતા. તેના સિવાય મતદાન દરમિયાન એકંદરે શાંતિ જળવાઇ રહી હતી.

ગુડગાંવમાં પચાસ ટકા, ફરિદાબાદમાં બાવન ટકા અને પંચકૂલામાં ૫૫ ટકા મતદાન થયું હતું.

ઓલિમ્પિકમાં બે ચંદ્રક જીતનારી મનુ ભાકરે પહેલી વખત મતદાન કર્યું હતું. કેન્દ્રના પ્રધાન અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મનોહરલાલ ખટ્ટરે કર્નાલની બેઠક પરથી મતદાન કર્યું હતું.

(એજન્સી)



**ચૂંટણી પહેલાંના નગારા:** મહારાષ્ટ્રના વાશિમમાં બંજારા વિરાસત સંગ્રહાલયના ઉદ્‌ઘાટન વખતે નગારું વગાડતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. રાજ્યમાં નજીકના ભવિષ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. (પીટીઆઇ)

## જમ્મુ અને રાજૌરીમાં પયગંબર મોહમ્મદ વિશે નિંદાજનક ટિપ્પણી સામે વિરોધ પ્રદર્શન

જમ્મુ: જમ્મુ-કાશ્મીરના જમ્મુ અને રાજૌરી જિલ્લામાં શનિવારે સેંકડો લોકોએ અલગ-અલગ વિરોધ રેલીઓ કાઢી હતી અને પયગંબર મોહમ્મદ વિશે નિંદાજનક ટિપ્પણી કરનાર એક હિંદુ પુજારી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહીની માગણી કરી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર વિવિધ મુસ્લિમ સંગઠનો દ્વારા આયોજિત રેલીઓ અને અન્ય સમુદાયોના સભ્યોએ એકતાનું પ્રદર્શન કરતાં જમ્મુ અને રાજૌરી જિલ્લાના ભટિંડી વિસ્તારમાં શાંતિપૂર્ણ રીતે રેલીઓ કાઢી હતી. પ્રદર્શનકારીઓએ નિંદાજનક ભાષણથી મુસ્લિમોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા બદલ પુજારી યતિ નરસિંહાનંદ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીઓ દેખાવકારોને મળ્યા હતા અને ખાતરી આપી હતી કે ગાઝિયાબાદ(યુપી)માં આરોપીઓ સામે પહેલેથી જ એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. શીખો સહિત અન્ય સમુદાયોના સભ્યો ભટિંડીમાં વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને કહ્યું હતું કે સરકારે દેશમાં શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા માટે નરસિંહાનંદ જેવા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઇએ.

અખિલ ભારતીય અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગ સંઘના રાજ્ય પ્રમુખ આર કે કલસોત્રાએ જણાવ્યું કે આ વિરોધમાં જોડાઇને અમે નિંદાત્મક ટિપ્પણીઓ સામે અમારી સખત નારાજગી વ્યક્ત કરીએ છીએ, જેનાથી દેશમાં શાંતિપૂર્ણ વાતાવરણ જોખમમાં મૂકાઇ શકે છે. સરકારે દેશના કાયદા અનુસાર ગુનેગાર સામે પગલાં લેવા જોઇએ.

## ‘ભારત જ ઇઝરાયલને રોકી મધ્યપૂર્વમાં શાંતિ સ્થાપી શકે છે’, ઈરાની રાજદૂતનું મોટું નિવેદન

તહેરાન: ઈરાને ઈઝરાયલ પર ૨૦૦ મિસાઈલોથી ભારે હુમલો કર્યા બાદ પશ્ચિમ એશિયામાં ભારે તણાવ પ્રવર્તી રહ્યો છે અને મોટા પાયે યુદ્ધનો ભય પણ મંડરાઈ રહ્યો છે. દરમિયાન, ભારતમાં ઈરાનના રાજદૂત ઈરાજ ઈલાહીએ પ્રદેશમાં સ્થિરતા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે ભારતના હસ્તક્ષેપની માંગ કરી છે.

ઈરાની રાજદૂતે મધ્યપૂર્વની પરિસ્થિતિ પર એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપતા કહ્યું હતું કે, ‘‘ભારતે આ તકનો લાભ ઉઠાવીને ઈઝરાયલને તેની આક્રમકતા રોકવા અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે રાજી કરવું જોઈએ.’’ ઈરાનના રાજદૂતે કહ્યું હતું કે માત્ર ભારત જ તેમના દેશ અને ઈઝરાયલ વચ્ચેના તણાવને ઘટાડી શકે છે. નોંધનીય છે કે ભારત બંને દેશો સાથે ઉષ્માભર્યા અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. આ કારણે જ ઈરાની રાજદ્વારીઓ ભારત સરકારને પશ્ચિમ એશિયા સંકટમાં સામેલ તમામ પક્ષો સાથે તણાવ ઘટાડવા અને મુત્સદ્દીગીરી અને વાતચીત દ્વારા મુદ્દાઓને ઉકેલવા ભલામણ કરી રહ્યા છે. ઈઝરાયલની સેનાએ તેના ઉત્તરી પાડોશી લેબેનોનમાં હિઝબુલ્લાહ આતંકવાદીઓ સામે સંઘર્ષમાં નવો મોરચો ખોલ્યા બાદ તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે વાત કરી હતી. ત્યારે વડા પ્રધાન મોદીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે દુનિયામાં આતંકવાદ માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં.

એક મીડિયા હાઉસને આપેલી મુલાકાતમાં ઈરાની રાજદૂતે એમ પણ કહ્યું હતું કે, ‘‘ઈઝરાયલ રોકશે તો જ અમે પણ રોકાઈશું. ઈરાન યુદ્ધ નથી ઈચ્છતું. અમે આ ક્ષેત્રમાં શાંતિ ઈચ્છીએ છીએ, પરંતુ જો અમારી રાષ્ટ્રીય સુરક્ષાને ખતરો છે, તો અમારી પાસે બદલો લેવા સિવાય કોઈ વિકલ્પ નથી, અને અમે તે જ કર્યું છે. ઈઝરાયલ પર મંગળવારે ૦૧ ઓક્ટોબરના રોજ કરવામાં આવેલા બેલેસ્ટિક મિસાઈલ હુમલા એ જવાબી કાર્યવાહીનો જ વ્યૂહાત્મક ભાગ હતો.’’

તેમણે જણાવ્યું હતું કે, ‘‘હમાસના વડા ઈસ્માઈલ હનીયેહ તેમના દેશના મહેમાન હતા. ઈઝરાયલ દ્વારા અમારા દેશમાં તેમની હત્યા કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે અને અમારા બંધારણનું ઉલ્લંઘન છે.’’

## ઈમારન ખાનના પક્ષ દ્વારા વિરોધ પ્રદર્શન વચ્ચે ઈસ્લામાબાદ અને લાહોરમાં સૈન્ય ગોઠવાયું

ઈસ્લામાબાદ: પાકિસ્તાનમાં તણાવ વધી રહ્યો હોવા વચ્ચે ઈમરાન ખાનના પક્ષ દ્વારા વિરોધ પ્રદર્શન વચ્ચે વહીવટકર્તાઓએ શનિવારે ઈસ્લામાબાદ અને લાહોરમાં સૈન્ય ગોઠવી દીધું હતું.

કારાવાસ ભોગવી રહેલા ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના ટેકેદારોને રેલી કાઢતા રોકવા સૈન્ય ગોઠવી દેવામાં આવ્યું હોવાનું વહીવટકર્તાઓએ જણાવ્યું હતું.

છેલ્લા લગભગ એક વર્ષથી રાવલપિંડીસ્થિત અદિલાબાદ જેલમાં કારાવાસ ભોગવી રહેલા પાકિસ્તાન તહેરિકે ઈન્સાફ (પીટીઆઈ) પક્ષના સ્થાપક ઈમરાન ખાને વિરોધ પ્રદર્શનની હાકલ કરી હતી.

ઈમરાન ખાનની મુક્તિની માગણી , ફુગાવાનો વિરોધ કરવા અને ન્યાયતંત્ર સાથેની એકતા વ્યક્ત કરવા પીટીઆઈ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

પીટીઆઈના ટેકેદારો વિરોધ પ્રદર્શનની યોજના સાથે આગળ વધતાં સુરક્ષાની ખાતરી માટે ઈસ્લામાબાદમાં સૈન્ય ગોઠવી દેવામાં આવ્યું હતું.

આવનારી શાંઘાઈ કોઓપરેશન ઑર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા પાંચથી સાત ઑક્ટોબર દરમિયાન સૈન્ય ઈસ્લામાબાદમાં રહેશે.

૧૫-૧૬ ઑક્ટોબરે યોજાનારી એસસીઓનું પાકિસ્તાન યજમાન છે.

પીટીઆઈના ટેકેદારો વિરોધ પ્રદર્શન કરવા માટે ખૈબર પખ્તુનખ્વાના મુખ્ય પ્રધાન અલી અમીન ગંડાપુર સાથે ઈસ્લામાબાદના ડી-ચોક તરફ આગળ વધી રહ્યા હોવાની બાબતને ધ્યાનમાં રાખીને ત્યાં સૈન્ય ગોઠવી દેવામાં આવ્યું હતું.

જોકે ગંડાપુરના નેતૃત્વ હેઠળનો કાફલો રાવલપિંડી તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે તેમને પોલીસની કડક કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો. પ્રદર્શનાર્થીઓને વિખેરવા પોલીસે અશ્રુવાયુ છોડ્યો હતો.

સરકાર દ્વારા હાકલ કરવામાં આવી હોવા છતાં ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા ૭૨ વર્ષના ઈમરાન ખાને વિરોધ પ્રદર્શન મુલતવી રાખવાનું નકારી કાઢ્યું હતું.

એક અહેવાલ મુજબ ગંડાપુર શનિવારે બપોરે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા અને કેપી હાઉસમાં ઉતારો કર્યો હતો.

ગંડાપુરની ધરપકડ કરવા પોલીસ અને રેન્જર્સ મોટી સંખ્યામાં કેપી હાઉસમાં પ્રવેશ્યા હતા.

પીટીઆઈના ટેકેદારોને ઈસ્લામાબાદસ્થિત ડી-ચોકમાં પ્રવેશતા રોકવા વહીવટી તંત્રએ કડક પગલાં લીધાં હતાં.

ઈસ્લામાબાદ તરફ જતા તમામ હાઈવે બ્લૉક કરી દેવામાં આવ્યા હતા અને વાહનચાલકો પર એ વિસ્તારમાં પ્રવેશવા પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

રાજકીય કે જાહેર મેળવડા માટે લોકો એકઠાં ન થાય તે માટે ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી હતી.

તોફાનીઓ સાથે લોખંડી હાથે કામ લેવાની વહીવટી તંત્રને સૂચના આપતાં આંતરિક બાબતોના પ્રધાન મોહસિન નકવીએ ચેતવણી આપી હતી કે કાયદો અને વ્યવસ્થા જોખમાય એવું કોઈ પણ કૃત્ય સહન કરી લેવામાં નહીં આવે.

પીટીઆઈના ટેકેદારોને ઐતિહાસિક મિનાર-એ-પાકિસ્તાન ખાતે રેલી કરતા રોકવા વહીવટી તંત્રએ લાહોરને સંપૂર્ણ દેશથી વિખૂટુ પાડી દીધું હતું.

શરીફ પરિવારના જતિ ઉમરા રાઈવિન્ડ લાહોર નિવાસસ્થાન તરફ જતા તમામ રસ્તાઓ પણ બ્લૉક કરી દેવામાં આવ્યા હતા. મિનાર-એ-પાકિસ્તાનની આસપાસના વિસ્તારમાં કરફ્યુ જેવી પરિસ્થિતિ ઊભી કરી દેવામાં આવી હતી.

લાહોરના વિવિધ વિસ્તારમાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેવામાં આવી હતી.

પીટીઆઈના કાર્યકર્તાઓએ શનિવારની સ્થિતિને ‘કરો યા મરો’ની સ્થિતિ લેખાવી હતી.

પંજાબના કાર્યકારી પ્રમુખ હમદ અઝહરે કહ્યું હતું કે વર્તમાન ફાસીવાદી સરકારનો વિરોધ કરવા અને તેને હટાવવા લોકો રસ્તા પર ઉતરશે.

ફેડરલ ઈન્ફોર્મેશન મિનિસ્ટર અતાઉલ્લાહ તરારે કહ્યું હતું કે પાકિસ્તાન વિરોધી વિરોધ પ્રદર્શન સહી લેવામાં નહીં આવે.

દરમિયાન પંજાબ સરકારે પીટીઆઈના ૭૦૦ કરતા પણ વધુ ટેકેદારોની ધરપકડ કરી હોવાનાં અહેવાલ છે. (એજન્સી)

## ભારતનુ શૉર્ટ રેન્જ ડિફેન્સ મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ

નવી દિલ્હી: ભારતે રાજસ્થાનના પોખરણ વિસ્તારમાં વૅરી શૉર્ટ રેન્જ ઍર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) અને ભારતીય સેનાને આ સફળ પરીક્ષણ બદલ અભિનંદન આપ્યા હતા.

અત્યાધુનિક ટૅક્નોલૉજીથી સજ્જ નવી મિસાઈલ સિસ્ટમ હવાઈ હુમલાના ભય સામે ભારતીય સેનાને વધુ સંરક્ષણ આપશે.

ડીઆરડીઓ અને ભારતીય ઉદ્યોગના ભાગીદારો સાથે મળીને રિસર્ચ સેન્ટર ઈમારાત (આરસીઆઈ) દ્વારા આ પોર્ટેબલ સિસ્ટમ ડિઝાઈન કરી વિકસાવવામાં આવી છે.

એકદમ નાની રિએક્શન કંટ્રોલ સિસ્ટમ (આરસીએસ) સહિતની અનેક નવી ટૅક્નોલૉજીનો આ નવી સિસ્ટમમાં સમાવેશ કરવામાં આવ્યો છે જે પરીક્ષણ દરમિયાન સફળ પુરવાર થઈ હતી, એમ સંરક્ષણ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

## ઉ.પ્ર.માં હત્યા કરાયેલા દલિત શાળાના શિક્ષક અને પરિવારના અંતિમ સંસ્કાર થયા

રાયબરેલી: ઉત્તર પ્રદેશના અમેઠીમાં દલિત શાળાના શિક્ષકની તેની પત્ની અને બે પુત્રીઓ સાથે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેમના શનિવારે રાયબરેલીના ગોલા ગંગા ઘાટ પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે સગીર પુત્રીઓને દફનાવવામાં આવી હતી. હત્યારા ચંદન વર્માએ ગુરુવારે શિક્ષકની પત્ની સાથેના તેના અફેરનો અંત આવ્યા બાદ ચારેયની હત્યા કરી નાખી હતી. તેની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી. શુક્રવારે સવારે ચારેય મૃતદેહો ગામમાં આવી પહોંચ્યા હતા અને અહીં આસપાસના ગામોમાંથી આવેલા લોકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. શોકગ્રસ્ત પરિવારના સભ્યોએ શરૂઆતમાં અંતિમ સંસ્કાર કરવાનો ઇનકાર કર્યો હતો. વ્યવસ્થા જાળવી રાખવા માટે મોટી સંખ્યામાં પોલીસ તહેનાત કરવામાં આવી હતી. શિક્ષકનો ભાઇ સોનુ મોડી રાત્રે ગામ આવી પહોંચ્યા બાદ તેઓ અંતિમ સંસ્કાર કરવા માટે રાજી થયા હતા. શનિવારે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે લખનઊમાં પીડિતોના પરિજનો સાથે મુલાકાત કરી હતી. તેમણે પીડિતોને ચોક્કસપણે ન્યાય મળવાનું અને ગુનેગારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું. યુપીના પૂર્વ પ્રધાન સ્વામી પ્રસાદ મોર્યએ પણ ગોલા ગંગા ઘાટ પર પરિવારના સભ્યો સાથે વાત કરી હતી. અગ્નિ સંસ્કારમાં હાજર રહેલા બહુજન સમાજ પાર્ટીના યુપી એકમના વડા વિશ્વનાથ પાલે કહ્યું કે જો પોલીસે સમયસર કાર્યવાહી કરી હોત તો પરિસ્થિતિને અટકાવી શક્યા હોત. આ સરકારમાં જંગલ રાજ છે.

## પરપ્રાંતીય મજૂરોને રેશન કાર્ડ આપવામાં વિલંબ સામે સુપ્રીમની લાલ આંખ

નવી દિલ્હી : પરપ્રાંતીય મજૂરોને રેશન કાર્ડ આપવામાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના વિલંબ પર ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે અમે અમારું ધૈર્ય ગૂમાવી દીધું છે. જસ્ટિસ સુધાંશુ દત્ત અને જસ્ટિસ અસાનુદ્દીન અમનુલ્લાની ખંડપીઠે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૯ નવેમ્બર સુધી જરૂરી પગલાં લેવાની છેલ્લી તક આપી હતી. બેન્ચે કહ્યું હતું કે અમે અમારો ચુકાદાનો અમલ કરવા છેલ્લી તક આપીએ છીએ.

## બોસ્નિયામાં પૂર, ભૂસ્ખલનથી ૧૬નાં મોત બાદ ગુમ થયેલાની શોધ ચાલુ

જબલાનિકા : બોસ્નિયાના કેટલાક ભાગોમાં અચાનક પૂર અને ભૂસ્ખલનને કારણે હજુ પણ ગુમ થયેલા લોકોની બચાવ ટીમોએ શનિવારે શોધ કરી હતી, પૂરમાં ઓછામાં ઓછા ૧૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા વધુ ઘાયલ થયા હતા. શુક્રવારે વહેલી સવારે વરસાદી વાવાઝોડા બાદ બાંધકામનાં મશીનોની મદદથી મધ્ય શહેર જબલાનિકાને આવરી લેતા ખડકો અને કાટમાળના ઢગલા દૂર કરવાનું કામ કર્યું હતું. જબલાનિકા અને નજીકના કોનજિકની આસપાસના વિસ્તારમાં પડેલા ભારે વરસાદને કારણે અચાનક પૂર આવ્યું હતું અને પૂરનાં પાણી લોકો ઊંઘી રહ્યા હતા ત્યારે તેમના ઘરોમાં ઘૂસી ગયા.

વધતા પાણીએ ભૂસ્ખલનને પણ કારણભૂત બનાવ્યું જેને કારણે રસ્તાઓ અને ટેકરીઓ તૂટી પડ્યા હતાં, ગામડાઓને કાદવમાં આવરી લીધા હતા અને સમગ્ર વિસ્તારોનો સંપર્ક કાપી નાખ્યો હતો. બોસ્નિયાનો મીડિયા અહેવાલ આપી રહ્યું છે કે નજીકની ખાણમાંથી ખડકો ડોન્જા જબલાનિકા ગામનાં ઘરો પર પડ્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૬-૧૦-૨૦૨૪ થી તા. ૧૨-૧૦-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ કન્યા રાશિમાંથી તુલામાં તા. ૧૦મીએ પ્રવેશે છે. ગુરુ વૃષભ રાશિમાં તા. ૯મીએ વક્રી થાય છે. શુક્ર તુલા રાશિમાં ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૬ઠ્ઠીએ વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૯મીએ ધનુમાં, તા. ૧૧મીએ મકરમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના તેજીના વેપારવાળા જાતકોએ સાવધાની રાખવી જરૂરી છે. જન્મકુંડળીના આધારે નિર્ણય લેવા જરૂરી છે. સમગ્ર સપ્તાહમાં નોકરીમાં મોટી જવાબદારી સ્વીકારવા પહેલા જન્મકુંડળીના આધારે નિર્ણયો લેવા જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ નિજી પ્રવૃત્તિમાં કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. પરિવારની નાણાંવ્યવસ્થા જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થાય.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાંરોકાણ માટેની તક મેળવશો. નોકરી માટે તા. ૬, ૭, ૧૨ શુભ જણાય છે. કુટુંબના સભ્યો સાથેના આર્થિક વ્યવહાર જળવાઈ રહેશે. ભાઈ-બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. નવા કારોબારનો પ્રારંભ શક્ય છે. મહિલાઓને નવા કામકાજના પ્રારંભ માટે અનુકૂળતાઓ જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજના નિર્ણયો લેવા માટે અન્યનો સહયોગ મેળવશો. નોકરીના તા. ૬, ૭, ૧૦ના નિર્ણયો એકંદરે શુભ પુરવાર થશે. નોકરી માટે નવી તકો પણ મેળવશો. મિલકત-વાહન ઈત્યાદિ માટે આ સપ્તાહ શુભ જણાય છે. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. મહિલાઓને પરિવારના પ્રસંગો માટે સાનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં સફળતા પ્રાપ્ત થતી જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના નિર્ણયો લઈ શકશો. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૧ શુભ જણાય છે. સ્વતંત્ર કારોબારની નાણાંઆવકમાં વૃદ્ધિ થશે. કાર્યક્ષેત્ર માટે જરૂરી સાધનોના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને નોકરીમાં પ્રગતિનો અનુભવ થાય. ઉચ્ચ પદ મેળવશો. વિદ્યાર્થીઓ શિક્ષણ ઉપરાંતની પ્રવૃત્તિઓમાં પણ સફળતા મેળવશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના રોકાણના નિર્ણયો માટે તક મેળવશો. નોકરી માટે તા. ૬, ૭, ૧૧, ૧૨ શુભ જણાય છે. નોકરીના અધિકારી જૂના કામકાજ પૂર્ણ કરવા માટે મદદરૂપ થશે. ભાઈ-બહેનોમાં સંપ જળવાશે. પરિવારના કારોબારમાં આર્થિક વ્યવહારો જળવાઈ રહેશે. નવા કારોબારનો પ્રારંભ થાય. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના વડીલોનો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટેના નિર્ણયનો અમલ થઈ શકશે તથા દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળ બની રહેશે. તા. ૬, ૭, ૧૨ના કામકાજ સફળતાથી થઈ શકશે. વ્યવહારિકપણે પરિવારના પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો. પરિવારના સભ્યોની આર્થિક પ્રગતિ જળવાઈ રહેશે. મહિલાઓનો પતિ સાથેનો મતભેદ હળવો બનશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અધ્યયન માટેના સાધનો પ્રાપ્ત કરશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબનું નવું રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૨ શુભ જણાય છે. કાર્યક્ષેત્રે મદદનીશ મેળવશો. ઉચ્ચ ક્ષેત્રની વ્યક્તિઓ સરકારી અધિકારીઓની ઓળખાણો ઉપયોગી થશે. વ્યવહારિક પણે કોર્ટ-કાયદાના પ્રશ્નનો ઉકેલ લાવી શકશો. મહિલાઓને સહપરિવાર પ્રવાસની તક પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ સમગ્ર સપ્તાહમાં વાંચન અભ્યાસમાં એકાગ્રતા દાખવી શકશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય છે. દૈનિક સાપ્તાહિક વેપાર અનુકૂળ બની રહેશે. તા. ૮, ૯, ૧૧ના નોકરીના નિર્ણયો સફળ પુરવાર થશે. વ્યક્તિગત પ્રશ્નોનો ઉકેલ કાર્યક્ષેત્રે આવશે. નાણાંવ્યવસ્થા જળવાઈ રહેશે. નવા કારોબારનો પ્રારંભ થાય તેમ છે. મિત્રો, પડોશની વ્યક્તિઓ મહિલાઓને પ્રાસંગિક જવાબદારીમાં ઉપયોગી થશે. વિદ્યાર્થીઓનો નિત્ય અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ, નવીન કાર્યપદ્ધતિનું જ્ઞાન મેળવી શકશો. નોકરી માટે તા. ૬, ૯, ૧૦ શુભ જણાય છે. કિંમતી ચીજોની ખરીદીમાં ઉતાવળ દાખવવી નહીં. પરંતુ જરૂરિયાતની ચીજવસ્તુઓ અપનાવી શકશો, મેળવી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં નવીન હુન્નરલક્ષી જ્ઞાન મેળવવામાં સફળતા જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતાનો અનુભવ થશે. નબળા વિષયમાં માર્ગદર્શન મેળવશો.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનાં તેજીના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. તા. ૬, ૭, ૮, ૧૦ નોકરીના ક્ષેત્રે સફળતાસૂચક છે. આ સપ્તાહમાં નવી નોકરીનો પ્રારંભ પણ થઈ શકશે. કોર્ટ-કાયદાના કારોબારમાં સફળતા મેળવશો. આર્થિક વ્યવહારો પૂર્ણ થશે. જૂનાં દેણાંની રકમ ચૂકતે કરી શકશો. મહિલાઓને સંતાનની શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓનો નિત્ય અભ્યાસ જળવાઈ રહેશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૬, ૮, ૯, ૧૦ શુભ જણાય છે. વેપાર વધશે. વેપારની પ્રવૃત્તિઓ વધશે. નાણાંઆવક વધશે. નવા વ્યવસાયના સંબંધો બનાવી શકશો. ગૃહિણીઓને પરિવારની પ્રવૃત્તિઓમાં સરળતા જણાશે. કિંમતી ચીજોની ખરીદી શક્ય છે. વિદ્યાર્થીઓ અધ્યયનમાં નિયમિતતા દાખવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટેની તકો અનુસરી શકશો. તા. ૭, ૮, ૧૦, ૧૧ ધાર્યા મુજબની સફળતા નોકરીમાં સૂચવે છે. નોકરીમાં સહઅધ્યાયીઓ યશસ્વી બનાવી શકશે, ઉપયોગી થશે. નાણાંવ્યવહાર જળવાશે. આવક વધશે. મહિલાઓને નવી નોકરીના પ્રારંભ માટે સફળતા જણાય છે. વિદ્યાર્થીઓને નવા વિષયનું જ્ઞાન મેળવવવા માટે અપેક્ષિત તક પ્રાપ્ત થતી જણાશે.

## આજનું પંચાંગ

**(ઉત્તરાયણ સૌર શરદઋતુ), રવિવાર, તા. ૬-૧૦-૨૦૨૪, વિનાયક ચતુર્થી, વિંછુડો પ્રારંભ**

ભારતીય દિનાંક ૧૪, માહે આશ્વિન, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ - ૩
જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૩
પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨જો માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
મીસરી રોજ ૩જો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
નક્ષત્ર વિશાખા મધ્યરાત્રે ક. ૨૪.૧૦ સુધી, પછી અનુરાધા.
ચંદ્ર તુલામાં સાંજે ક. ૧૭-૩૩ સુધી, પછી વૃશ્ચિકમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૨, સ્ટા. ટા.
મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
ભરતી : બપોરે ક. ૧૩-૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૭ (તા. ૭)
ઓટઃ સવારે ક. ૦૭-૧૪, રાત્રે ક. ૧૯-૨૩
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - તૃતીયા. વિનાયક ચતુર્થી, વિંછુડો પ્રારંભ ક. ૧૭-૩૩, વિષ્ટિ ક. ૨૦-૫૦થી, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ઈન્દ્રદેવતાનું પૂજન, શ્રી વિનાયક ગણેશનું પૂજન. શ્રી ગણેશ અથર્વશિર્ષમ્ અભિષેક, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ધાન્ય ઘરે લાવવું, નવાં વસ્રો, આભૂષણ, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ગુરુ ગ્રહદેવતાનું પૂજન .
નવરાત્રિ મહિમાઃ નવરાત્રીના ચોથા દિવસે માના ચોથા સ્વરૂપ 'કુષ્માણ્ડા' પૂજન થાય છે. ભગવતી દ્વારા અન્ડ અર્થાત્ બ્રહ્માણ ઉત્પન્ન થયેલ હોઇ 'કુષ્માણ્ડા' દેવી આમ ઓળખાય છે. માની સાધના ભક્તોને ભવસાગર માથી પાર ઉતારે છે, આધિ-વ્યાધિમાંથી સર્વથા વિમુક્ત થઇ સુખ, સમૃદ્ધી અને ઉન્નતિ પ્રાપ્ત થાય છે. અનાહત ચક્રમાં ધ્યાન ધરી સાધક કુષ્માણ્ડા દેવીનાં જાપ કરે છે. આજ રોજ ગાયત્રી માતાનું પૂજન, જાપ હવન, અગ્નિપૂજાનું પણ મહત્ત્વ છે. શ્રી વિનાયક ગણેશ પૂજન વિશેષરૂપે કરવું. નવરાત્રિનાં નવલાં દિવસો એટલે મા જગદંબાની શક્તિની ઉપાસનાના ઘણા જ શ્રેષ્ઠ ફળદાયક દિવસો. નવરાત્રિ પર્વમાં કરવામાં આવેલી દેવી ઉપાસના અનન્ય ફળદાયી તો નીવડે છે જ, તો સાથે સાથે એક અનેરી શક્તિનું સિંચન કરે છે, પરમ આનંદ આપે છે, અસફળતાને ક્ષેત્રે વિજયમાળા પહેરાવે છે,
આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહોદરોમાં સંપ જળવાઈ રહે. ચંદ્ર-શુક્ર યુતિ વ્યવહારુંપણે નિર્ણયો લેવા માટે અન્યનો આધાર રાખવો જરૂરી છે.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ. ચંદ્ર-શુક્ર યુતિ બુધ ચિત્રા નક્ષત્ર પ્રવેશ.
ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૬-૧૦-૨૦૨૪ થી તા. ૧૨-૧૦-૨૦૨૪

રવિવાર, આશ્વિન સુદ-૩, વિ. સં. ૨૦૮૦, તા. ૬ઠ્ઠી ઓક્ટોબર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર વિશાખા મધ્યરાત્રે ક. ૨૪.૧૦ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સાંજે ક. ૧૭-૩૩ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, વિંછુડો પ્રારંભ ક. ૧૭-૩૩, વિષ્ટિ ક. ૨૦-૫૦થી. શુભ દિવસ.

સોમવાર, આશ્વિન સુદ-૪, તા. ૭મી, નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૪ સુધી (તા. ૮મી), પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. લલિતા પંચમી, વિંછુડો, વિષ્ટિ ક. ૦૯-૪૭ સુધી. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, આશ્વિન સુદ-૫, તા. ૮મી, નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૭ સુધી (તા. ૯મી), પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૭ સુધી (તા. ૯મી), પછી ધનુ રાશિ પર જન્માક્ષર. વિંછુડો સમાપ્તિ ક. ૨૮-૦૭. શુભ દિવસ.

બુધવાર, આશ્વિન સુદ-૬, તા. ૯મી, નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૧૪ સુધી (તા. ૧૦મી) પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. સરસ્વતી આહ્વાન, ગુરુ વક્રી થાય છે. સામાન્ય દિવસ.

ગુરુવાર, આશ્વિન સુદ-૭, તા. ૧૦મી, નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૦ સુધી (તા. ૧૧મી), પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. સરસ્વતી પૂજન, સૂર્ય મહાનક્ષત્ર ચિત્રામાં ક. ૧૪-૦૭, વાહન મહિષી (સંયોગિયું છે.) બુધ તુલામાં ક. ૧૧-૧૯, વિષ્ટિ ક. ૧૨-૩૯થી ૨૪-૨૩, આયંબિલ ઓળી અઠ્ઠાઈ પ્રારંભ. શુભ દિવસ.

શુક્રવાર, આશ્વિન સુદ-૮, તા. ૧૧મી, નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૪ સુધી (તા. ૧૨મી), પછી શ્રવણ. ચંદ્ર ધનુમાં સવારે ક. ૧૧-૪૦ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, દુર્ગાપૂજા પ્રારંભ, મહાઅષ્ટમી, સરસ્વતી બલિદાન, મન્વાદિ. શુભ દિવસ.

શનિવાર, આશ્વિન સુદ-૯, તા. ૧૨મી, નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૭ સુધી (તા. ૧૩મી), પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. મહાનવમી, વિજયાદશમી, નવરાત્રોત્થાપન પારણા, દશેરા, સરસ્વતી વિસર્જન, શ્રી હરિજયંતી, શસ્ત્ર-આયુધ પૂજા, વિજય મુહૂર્ત ક. ૧૪-૨૧ થી ૧૫-૦૭, બુદ્ધ જયંતી, સમી પૂજન. મન્વાદિ, બુધ્ધ જયંતી, શુક્ર વૃશ્ચિકમાં ક.૩૦-૦૨, પર્વ શ્રેષ્ઠ દિન. ભૂમિ, ખાત પૂજન, ગૃહપ્રવેશ, વાસ્તુશાંતિ પૂજા, યંત્ર, કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, ટેબલેટ, સ્ટેશનરી, પ્રિન્ટર, ફેક્સ, આદિ સાધન પૂજા તથા સમીવૃક્ષ, શસ્ત્ર પૂજન. ચોપડા બાંધવા આપવા તથા પર્વ પૂજનનાં મુહુર્તોઃ (૧) સવારે ક. ૦૮-૦૫ થી સવારે ક. ૦૯-૨૯ (શુભ), (૨) બપોરે ક. ૧૨-૨૫ થી બપોરે ક. ૧૩-૫૩ (ચલ), (૩) બપોરે ક. ૧૩-૫૩ થી બપોરે ક. ૧૫-૨૧ (લાભ), (૪) બપોરે ક. ૧૫-૨૧ થી સાંજે ક. ૧૬-૪૯ (અમૃત), (૫) સાંજે ક. ૧૮-૧૭ થી રાત્રે ક. ૧૯.૪૯ (લાભ), (૬) રાત્રે ક. ૨૧-૨૧ થી રાત્રે ક.૨૨-૫૩ (શુભ), (૭) રાત્રે ક.૨૨-૫૩ થી મધ્યરાત્રે ક. ૦૦-૨૫ (તા.૧૩)(અમૃત), (૮) મધ્યરાત્રિ પછી ક. ૦૦-૨૫ થી ક. ૦૧-૫૭ (તા. ૧૩) (ચલ), (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૧ થી ક. ૦૬-૩૩ (તા. ૧૩) (લાભ).

# હરિયાણા, જમ્મુ-કાશ્મીરમાં કૉંગ્રેસની સરકાર રચાશે?

ચંડીગઢ અને શ્રીનગરઃ હરિયાણા તેમ જ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના મતદાનના અંતે વિવિધ એજન્સી દ્વારા લેવાયેલા એક્ઝિટ પોલ (મતદાન પછીના અને મતગણતરીના પરિણામ જાહેર થયા પહેલાંના જનમત)માં હરિયાણા તેમ જ જમ્મુ અને કાશ્મીરમાં કૉંગ્રેસ અને તેના નેતૃત્વ હેઠળની યુતિને બહુમતી મળવાની આશા વ્યક્ત કરાઇ હતી.

મોટા ભાગના એક્ઝિટ પોલ મુજબ હરિયાણામાં ભાજપ હેટટ્રિક કરીને ત્રીજી વખત સરકાર રચવામાં નિષ્ફળ જશે અને કૉંગ્રેસ હરિયાણામાં બહુમતી મેળવીને સરકાર રચવામાં સફળ થશે.

હરિયાણા તેમ જ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીની મતગણતરી આઠ ઑક્ટોબરે થવાની છે અને તે દિવસે જ મોટા ભાગનું રાજકીય ચિત્ર સ્પષ્ટ થઇ જશે.

હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠક છે અને બહુમતી તેમ જ સરકાર રચવા માટે ૪૬ બેઠક જીતવી જરૂરી છે.

હરિયાણામાં ભાજપને ૧૫થી ૨૯ બેઠક, કૉંગ્રેસને ૪૪થી ૫૪ બેઠક, આઇએનએલડીના નેતૃત્વ હેઠળની યુતિને એકથી પાંચ બેઠક અને અન્યને છથી નવ બેઠક મળવાની આગાહી એક્ઝિટ પોલમાં કરાઇ હતી.

જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની પણ ૯૦ બેઠક છે અને ત્યાં પણ સરકાર રચવા માટે ૪૬ બેઠક જીતવી જરૂરી છે.

જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં ભાજપને ૯૦માંથી વીસથી પચીસ બેઠક, કૉંગ્રેસ - નેશનલ કોન્ફરન્સને ૩૫થી ૪૦ બેઠક, જેકેપીડીપીને ચારથી સાત અને અન્ય ૧૨થી ૧૬ બેઠક મળવાની એક્ઝિટ પોલમાં આગાહી કરાઇ હતી. (એજન્સી)■

# ચૂંટણી બૉન્ડ સ્કીમ અંગેના ચુકાદાની ફરી સમીક્ષા કરવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે રાજકીય પક્ષોને ગુપ્તદાન કરવાની 'ચૂંટણી બૉન્ડ્સ સ્કીમ' રદ કરતા પોતાના ૧૫ ફેબ્રુઆરીના ચુકાદાની ફરી સમીક્ષા કરવાની દાદ ચાહતી અનેક અરજીને કાઢી નાખી હતી.

મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ બી. આર. ગવઇ, ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની બનેલી સર્વોચ્ચ અદાલતની બૅન્ચે સંબંધિત અરજીઓને કાઢી નાખતા જણાવ્યું હતું કે અમને અગાઉ આપેલા સંબંધિત ચુકાદામાં કોઇ ખામી નથી જણાતી અને તેથી આ બધી અરજી કાઢી નાખીએ છીએ.

સર્વોચ્ચ અદાલતે આ રિવ્યૂ પિટિશન્સની સુનાવણી 'ઓપન કોર્ટ'માં કરવાની દાદ ચાહતી અરજી પણ કાઢી નાખી હતી.

બૅન્ચનો પચીસ સપ્ટેમ્બરનો આ ચુકાદો પાંચ ઑક્ટોબરે (અદાલતની વેબસાઇટ પર) અપલોડ કરાયો હતો.

રિવ્યૂ પિટિશન કરનારા વકીલ મેથ્યુઝ જે. નેદુમ્પરા અને અન્યએ જણાવ્યું હતું કે દેશના મોટા ભાગના નાગરિકો આ યોજના ('ચૂંટણી બૉન્ડ્સ સ્કીમ')ની તરફેણમાં હોવાનું કહેવાય છે અને આ અદાલતે તેની નોંધ નહિ લીધી હોવાનું લાગે છે.

અગાઉ, દેશના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે મોદી સરકારની ૨૦૧૮ની 'ચૂંટણી બૉન્ડ્સ સ્કીમ'ને વિચારની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર તરાપ મારતી અને માહિતી મેળવવા માટેના અધિકારનો ભંગ કરતી 'ગેરબંધારણીય' ગણાવીને તેને રદ કરી હતી.

સર્વોચ્ચ અદાલતે 'ચૂંટણી બૉન્ડ્સ સ્કીમ' હેઠળ ૨૦૧૯ની ૧૨ એપ્રિલથી અત્યાર સુધીમાં બૉન્ડ્સ ખરીદનારા લોકો અને કંપનીઓના નામ ચૂંટણી પંચને સોંપવા ભારતીય સ્ટેટ બૅન્કને આદેશ આપ્યો હતો અને ચૂંટણી પંચને આ માહિતી પોતાની વેબસાઇટ પર મૂકવાની સૂચના આપી હતી.

ભારતીય સ્ટેટ બૅન્કે ૧૩ માર્ચે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે 'ચૂંટણી બૉન્ડ્સ સ્કીમ' હેઠળ કુલ ૨૨,૨૧૭ બૉન્ડ ખરીદવામાં આવ્યા હતા અને ૨૦૧૯ની પહેલી એપ્રિલથી ચાલુ વર્ષના ૧૫ ફેબ્રુઆરી સુધીના સમયગાળામાં રાજકીય પક્ષો દ્વારા ૨૨,૦૩૦ બૉન્ડ વટાવાયા હતા. (એજન્સી)■

# એલઓસી પર ઘૂસણખોરીનો પ્રયાસ : બે આતંકવાદી ઠાર

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ : લશ્કરે શનિવારે ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના ગુગલધાર વિસ્તારમાં બે અજ્ઞાત આતંકવાદીઓને ઠાર મારવાનો દાવો કર્યો છે. માઈક્રો-બ્લોગિંગ પ્લેટફોર્મ 'એક્સ' પર લશ્કરના ચિનાર કોરે લખ્યું કે સુરક્ષા દળોએ ઓપરેશન ગુગલધારમાં બે આતંકવાદીઓને મારી નાખ્યા હતા. ઘટનાસ્થળેથી યુદ્ધના સામાન મળી આવ્યા હતા. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. સંરક્ષણ અધિકારીઓએ કહ્યું હતું કે ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના ગુગલધારમાં ઘૂસણખોરીનો પ્રયાસ વિફળ બનાવ્યો.

લશ્કરે 'એક્સ'માં લખ્યું હતું કે ચાર ઓક્ટોબરે ઘૂસણખોરી થશે એવી અગાઉથી બાતમી મળી હતી. ભારતીય લશ્કર તથા જમ્મુ અને કાશ્મીર પોલીસે સંયુક્ત ઓપરેશન કર્યું. સતર્ક સૈનિકોને હિલચાલ દેખાતા તેમણે પડકાર ફેંક્યો. આને લીધે ગોળીબાર શરૂ થયો અને બે આતંકવાદીઓ ઠાર મરાયા,

સંરક્ષણ દળના સૂત્રોએ માહિતી આપી હતી કે અમુક ઘૂસણખોરો પાછા જતા રહ્યા અથવા તો સંતાય ગયા. લશ્કરે તેમને પકડવા સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ■

# ટ્રમ્પનું ગોળીબારના સ્થળે શક્તિપ્રદર્શન

બટલરઃ અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પેન્સિલ્વેનિયાના જે સ્થળે પોતાના પર ગોળી છોડવામાં આવી હતી, તે સ્થળે ઉપપ્રમુખપદના ઉમેદવાર જે.ડી. વેન્સ અને અબજોપતિ ઇલોન મસ્કની સાથે શક્તિપ્રદર્શન કર્યું હતું.

અહીં ગયા જુલાઇમાં ડોનલ્ડ ટ્રમ્પ પર છોડાયેલી ગોળી તેમના કાનને વીંધીને નીકળી ગઇ હતી અને તેમની હત્યાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. ગોળીબાર કરનારી વ્યક્તિની સલામતી દળ દ્વારા ધરપકડ કરાઇ હતી.

બટલર ફાર્મ શો ગ્રાઉન્ડ્સ ખાતે ડોનલ્ડ ટ્રમ્પને સાંભળવા હજારો લોકો ભેગા થયા હતા.

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી પાંચમી નવેમ્બરે યોજાવાની છે અને ડેમોક્રેટિક પાર્ટીએ પ્રમુખપદનાં ઉમેદવાર તરીકે હાલનાં ઉપપ્રમુખ કમલા હેરિસને ઊભા રાખ્યા છે, જ્યારે ઉપપ્રમુખપદ માટે ટિમ વાલ્ઝ ઊભા છે.

ડોનલ્ડ ટ્રમ્પ પર ૧૩ જુલાઇએ જાહેરસભામાં કરાયેલા ગોળીબારમાં કોરી કોમ્પરેટરનું મૃત્યુ થયું હતું, જ્યારે બે જણ - ડેવિડ ડચ અને જેમ્સ કોપનહેવર ઘાયલ થયા હતા.

ટ્રમ્પની સુરક્ષા વ્યવસ્થામાં આ વખતે ઘણો જ વધારો કરાયો હતો.

બટલર કાઉન્ટીમાં ટ્રમ્પનું સારું વર્ચસ્વ હોવાનું કહેવાય છે. ટ્રમ્પને અહીંથી ૨૦૧૬ અને ૨૦૨૦ની ચૂંટણીમાં ભારે બહુમતી મળી હતી. કમલા હેરિસે પણ આ વખતે અહીંથી ચૂંટણી જીતવા કમર કસી છે. (એજન્સી)■

ઈઝરાયલ-હિઝબુલ્લાહ યુદ્ધ વકર્યું

# યુકે પોતાના નાગરિકોને સુરક્ષિત રીતે ખસેડવા ચાર્ટર્ડ પ્લેન મોકલશે

લંડનઃ ઈઝરાયલ-હિઝબુલ્લાહ યુદ્ધ વકરતાં એ વિસ્તારમાં વધેલા તણાવને ધ્યાનમાં રાખીને યુકે પોતાના નાગરિકોને સુરક્ષિત રીતે ખસેડવા રવિવારે છેલ્લું ચાર્ટર પ્લેન મોકલશે, એમ યુકે સરકારે શનિવારે કહ્યું હતું.

બ્રિટનના વડા પ્રધાન કેર સ્ટાર્મરે લેબેનોનમાં વસતા બ્રિટિશ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડી શકાય તે માટે આગળ આવવાની ફરી વિનંતી કરી છે.

લેબેનોનમાં વસતા તમામ બ્રિટિશ નાગરિકો માટે એ દેશ છોડી જવાની સ્થિતિ નિર્માણ પામી છે અને તેમને સુરક્ષિત રીતે ખસેડવાની અમારી પાસે યોજના છે એમ જણાવી તેમણે લેબેનોનમાં વસતા બ્રિટિશ નાગરિકોને નામ નોંધાવવા આગળ આવવા વિનંતી કરી હતી.

ફૉરેન, કોમનવેલ્થ ઍન્ડ ડેવલપમેન્ટ ઑફિસ (એફસીડીઓ)એ કહ્યું હતું કે વધુ માગ ન હોવાને કારણે લેબેનોનમાં વસતા બ્રિટિશ નાગરિકોને સુરક્ષિત રીતે ખસેડવા માટેનું આ છેલ્લું ચાર્ટર પ્લેન હશે.

જોકે પરિસ્થિતિની સતત સમીક્ષા કરવામાં આવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે લેબેનોનમાં વસતા અને યુકે પરત ફરવા માગતા બાકી રહી ગયેલા બ્રિટિશ નાગરિકો તાત્કાલિક તેમના નામની નોંધણી કરાવે.

લેબેનોનમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે અને જે બ્રિટિશ નાગરિકોએ અમારી વાત માનીને તેમનું નામ તાત્કાલિક નોંધાવી તેમને મદદરૂપ થવામાં અમને સહાય કરી તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# લેફ્ટનન્ટ જનરલ પ્રશાંત શ્રીવાસ્તવે શ્રીનગરસ્થિત ચિનાર કોર્પ્સની કમાન સંભાળી

શ્રીનગરઃ લેફ્ટનન્ટ જનરલ પ્રશાંત શ્રીવાસ્તવે શનિવારે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ શ્રીનગર સ્થિત ચિનાર કોર્પ્સની કમાન સંભાળી હતી, જે ખીણમાં આતંકવાદીઓ સામે લડવા ઉપરાંત પાકિસ્તાન અધિકૃત કાશ્મીર સાથેની દેશની સરહદનું સંચાલન કરે છે.

લેફ્ટનન્ટ જનરલ શ્રીવાસ્તવે લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ પાસેથી ચાર્જ સંભાળ્યો હતો, જેઓ આર્મી હેડક્વાર્ટરમાં સૈન્ય ઓપરેશન્સના ડિરેક્ટર જનરલ તરીકે કમાન્ડ સંભાળશે.

જમ્મુ અને કાશ્મીરમાં ૧૦ વર્ષના અંતરાલ પછી યોજાયેલી વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયાના થોડા સમય બાદ કમાન્ડમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે કમાન્ડની જવાબદારી લીધા બાદ, લેફ્ટનન્ટ જનરલ શ્રીવાસ્તવે બદામી બાગ છાવણીમાં ચિનાર યુદ્ધ સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી હતી.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, લેફ્ટનન્ટ જનરલ શ્રીવાસ્તવે તેમની ૩૪ વર્ષની શાનદાર સૈન્ય કારકિર્દી દરમિયાન અસંખ્ય પ્રતિષ્ઠિત પોસ્ટ્સ અને સ્ટાફની નિમણૂકો મેળવી હતી.

નેશનલ ડિફેન્સ એકેડેમીના ભૂતપૂર્વ વિદ્યાર્થી, શ્રીવાસ્તવ પાસે લડાઇનો નોંધપાત્ર અનુભવ છે. ■

# જમ્મુ-કાશ્મીરમાં મતગણનાને ધ્યાનમાં રાખીને સુરક્ષામાં વધારો

*સુરેશ એસ. ડુગ્ગર*

નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરમાં મતગણનાને ધ્યાનમાં રાખીને દરેક મતદાન મથક પર બહુસ્તરીય સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારી પી. કે. પૌલએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે આઠ ઑક્ટોબરે થનારી મતગણનાનું સુચારુ અને સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા તમામ આવશ્યક વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

ચૂંટણી પંચની દેખરેખ હેઠળ થનારી મતગણતરી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. મતગણતરીની પ્રક્રિયા કુશળતાપૂર્વક અને સુરક્ષિત રીતે પાર પડે તે માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

બંધારણની કલમ ૩૭૦ રદ કરવામાં આવ્યાના લગભગ એક દાયકા બાદ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી અને ૧૮ સપ્ટેમ્બર, પચીસ સપ્ટેમ્બર તેમ જ પહેલી ઑક્ટોબર એમ ત્રણ તબક્કામાં મતદાન થયું હતું.

ત્રણ તબક્કામાં કુલ ૬૩.૮૮ ટકા મતદાન નોંધાયું હતું જેમાં ૬૪.૬૮ ટકા પુરુષ અને ૬૩.૦૪ ટકા મહિલા મતદાનાનો સમાવેશ થતો હતો.

# શિમલામાં વિવાદાસ્પદ મસ્જિદના ત્રણ માળ તોડી પાડવાનો આદેશ

શિમલાઃ સિમલામાં વિવાદાસ્પદ સંજોલી કોલોનીસ્થિત મસ્જિદના ત્રણ માળ તોડી પાડવાનો મ્યૂનિસિપલ કમિશનરે પાંચ ઑક્ટોબરે આદેશ આપ્યો હતો. મસ્જિદની ઈમારતમાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હોવાની સ્થાનિક રહેવાસીઓએ કરેલી ફરિયાદને મામલે ચાલી રહેલા કેસને ધ્યાનમાં રાખીને સિમલા જિલ્લા અદાલતે વિવાદાસ્પદ મસ્જિદના ગેરકાયદે બાંધકામને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે મસ્જિદના વહીવટકર્તાઓને ગેરકાયદે ત્રણ માળ બે મહિનાની અંદર તેમના પોતાના ખર્ચે તોડી પાડવા જણાવ્યું હોવાનું વકફ બૉર્ડનું પ્રતિનિધિત્વ કરી રહેવા વકીલ બી. એસ. ઠાકુરે કહ્યું હતું.

ઈમારતના બાકીના હિસ્સાને તોડી પાડવા અંગે પણ બાદમાં નિર્ણય લેવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. કોર્ટે કેસની આગામી સુનાવણી માટે ૨૧ ડિસેમ્બર મુકરર કરી હતી. અગાઉ હિમાચલ વકફ બૉર્ડે આ મસ્જિદની જમીન વકફની હોવાની તેમ જ ત્યાં વધારાના ચાર માળનું ચણતર કોણે કરાવ્યું તેની જાણ તેમને ન હોવાની સિમલા કોર્ટમાં રજૂઆત કરી હતી. (એજન્સી) ■

# બંગાળમાં બાળકીની હત્યા મામલે ભડકેલા લોકોએ પોલીસ ચોકી સળગાવી, વાહનોમાં તોડફોડ કરી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં શનિવારે એક ૧૦ વર્ષની બાળકીનો મૃતદેહ એક ભેજવાળી જમીનમાંથી મળી આવ્યો હતો, જેના કારણે ઉશ્કેરાયેલા સ્થાનિક લોકોએ ત્યાંની પોલીસ ચોકીમાં આગ લગાવી હતી.

ગ્રામજનોનો આરોપ છે કે શુક્રવાર સાંજથી ગુમ થયેલી બાળાની બળાત્કાર બાદ હત્યા કરવામાં આવી હતી અને પોલીસે તેમની ફરિયાદ પર તાત્કાલિક કાર્યવાહી કરી ન હતી.

આજે વહેલી સવારે જયનગર વિસ્તારમાં સ્થાનિકો દ્વારા બાળકીની લાશ મળી આવ્યાં બાદ ટોળાએ મહિસમરી પોલીસ ચોકીને આગ ચાંપી દીધી હતી અને પોલીસકર્મીઓ પર પથ્થરમારો કર્યો હતો. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, તેઓએ ચોકીની બહાર પાર્ક કરાયેલા ઘણા વાહનોમાં તોડફોડ કરી હતી અને પોલીસકર્મીઓને જગ્યા છોડવાની ફરજ પડી હતી.

આ વિસ્તારમાં એક વિશાળ પોલીસ દળ મોકલવામાં આવ્યું હતું અને ટોળાને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા, જેણે સ્થળ પર એસડીપીઓ અને અન્ય વરિષ્ઠ કર્મચારીઓને કેદ કરવાનો પ્રયાસ કર્યો હતો.

એક સ્થાનિકે દાવો કર્યો હતો કે "છોકરીના પરિવારજનોએ વિસ્તારની મહિસમરી ચોકીમાં એફઆઈઆર નોંધાવી હતી, પરંતુ પોલીસે તરત જ ફરિયાદ પર કાર્યવાહી કરી ન હતી,"

પોલીસે ઓગસ્ટમાં આરજી કર હૉસ્પિટલમાં મહિલા ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો તે જ રીતે જવાબ આપ્યો હતો, એમ અન્ય એક ગ્રામીણએ જણાવ્યું હતું.

જોકે, પોલીસે જણાવ્યું હતું કે ફરિયાદ મળ્યા બાદ તરત જ કાર્યવાહી કરવામાં આવી હતી અને બાળકીના કથિત બળાત્કાર અને હત્યાના સંબંધમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

"શુક્રવારે રાત્રે ૯ વાગ્યે એફઆઈઆર દાખલ કર્યા પછી, પોલીસ એક્શનમાં આવી ગઈ હતી અને પ્રારંભિક તપાસ પછી આજે સવારે એક આરોપીની ધરપકડ કરી હતી. તપાસ ચાલુ છે અને અમે મૃતકના પરિવાર સાથે છીએ." ■

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Tel. : 28811012
Mobile: 9820489442
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
S. ARTS ADVERTISING
Tel: 23415111
Tel.Fax: 23415222
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722


# ગુજરાતમાં આજે કેબિનેટની બેઠકઃ નવાજૂનીનાં એંધાણ, રાજકારણ ગરમાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતીકાલે રવિવારે કેબિનેટની બેઠક મળશે. આજ રોજ સાંજે ૪.૩૦ વાગ્યે કેબિનેટ બેઠક બોલાવાતા અધિકારીઓ અને મંત્રીઓમાં આશ્ચર્ય જોવા સર્જાયું હતું. રજાના દિવસે મંત્રિમંડળની કેબિનેટની બેઠક બોલાવાતા રાજકારણ ગરમાયું હતું કારણ કે કોઈ મહત્ત્વના નિર્ણય લેવા માટે જ આ રીતે તાત્કાલિક ધોરણે બેઠક બોલાવવામાં આવતી હોય છે. રવિવારે કેબિનેટની બેઠક બોલાવાતા અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. તાજેતરમાં વડા પ્રધાન મોદી અને હાલ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ગુજરાત પ્રવાસ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

હાલમાં અમિત શાહ ગુજરાતમાં છે ત્યારે ઓચિંતાની કેબિનેટ બેઠક બુધવારના બદલે રવિવારે બોલાવાતા રાજકીય વિશ્લેષકો અનેક તર્ક વિતર્ક કરી રહ્યા છે. શું ભૂપેન્દ્ર પટેલ સરકારમાં કેબિનેટનું વિસ્તરણ થઇ શકે છે? કે પછી શું રવિવારે કોઇ મોટી જાહેરાત થશે તેને અંગે અફવાનું બજાર ગરમાયું હતું. રાજકીય નિષ્ણાતોના મતે રવિવારે બોલાવેલી કેબિનેટની બેઠકમાં શું શું નિર્ણયો લેવાઈ શકે તેને લઈને ચર્ચાઓ થઈ રહી છે. જેમાં વર્તમાનમાં જે પ્રધાનો કામગીરીમાં નિષ્ફળ હોય તેમની હકાલપટ્ટીનો પણ નિર્ણય લેવાઈ શકે છે.

ભૂપેન્દ્ર પટેલની સરકારનો અઢી વર્ષથી વધુનો સમયગાળો થઈ ગયો હોઈ નવા પ્રધાનો કેબિનેટમાં ઉમેરાઇ શકે છે, જેમ કે, કૉંગ્રેસનાં પ્રદેશ ધારાસભ્યો અર્જુનભાઈ મોઢવાડીયા અને સી. જે. ચાવડા પક્ષાંતર કરીને ભાજપમાં જોડાયા અને તેમાં કમળના નિશાન પર ફરી ચૂંટણી લડીને જીત મેળવી તેમને કદાચ ભૂપેન્દ્ર પટેલ સરકારમાં સ્થાન મળી શકે છે. ઇકો સેન્સેટીવ ઝોન અંગે પણ ચર્ચા થઇ શકે છે, તેને ઘટાડો કરવા કે હટાવવા માટે કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલી શકાય છે. આ ઉપરાંત મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં ગાયને પ્રદેશની માતા તરીકે જાહેર કરવા કોઇ નિર્ણય કરી શકાય છે. આ સિવાય કોમન સિવિલ કોડને અંગે પણ કોઇ નિર્ણય થઇ શકે છે. વક્ફ બોર્ડને અંગે પણ ચર્ચા થવાની સંભાવના છે. હાલમાં સરકારી જમીનો ઉપર માળખાના ડીમોલિશનને મુદ્દે તથા બોર્ડ નિગમને લઇ પણ ચર્ચાઓ થઇ શકે છે. રાજ્યમાં કાયદો વ્યવસ્થા અથવા કોઇ વ્યક્તિ ધાર્મિક ઉત્સવો ઉપર પથ્થર ફેંકે તો તેના માટે સજાના કાયદામાં અલગ જોગવાઈ કરાવી શકાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બુધવારના બદલે રવિવારે બોલાવેલી કેબિનેટની બેઠક માટે સરકારે સચિવોને પણ હાલ કોઇ અજેન્ડા આપ્યો નહોતો. કેબિનેટ મંત્રીઓને પણ માત્ર રવિવારે હાજર રહેવા સૂચના અપાઇ છે. જો કેબિનેટ વિસ્તરણ ન થાય તો શું થઇ શકે છે તે અંગે પણ રાજકીય અટકળોનો કોઈ અંત નથી.

### ગુજરાતમાં કૉંગ્રેસની ચિંતામાં વધારોઃ

# આપ સદસ્યતા અભિયાન શરૂ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગત વિધાનસભાની ચૂંટણીમાં ત્રીજા મોરચો તરીકે ઝંપલાવીને કૉંગ્રેસની વોટ બેન્કમાં મોટું ગાબડું પાડનારા આમ આદમી પાર્ટીએ લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ સાથે સમજૂતિ કરીને માત્ર બે બેઠકો પર લડી હતી, પરંતુ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાય તે પહેલા આપે સદસ્યતા અભિયાન શરૂ કરવાની જાહેરાત કરતા કૉંગ્રેસની ચિંતામાં વધારો થયો છે.

ભારતીય જનતા પાર્ટી બાદ હવે આમ આદમી પાર્ટી દ્વારા સદસ્યતા અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઇશુદાન ગઢવીએ સદસ્યતા અભિયાન લોન્ચિંગ કર્યું હતું. તેમણે જણાવ્યુ હતું કે, આમ આદમી પાર્ટી ગુજરાતના દરેક ખૂણે જનતાનો સંપર્ક કરશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, લોકોનો સંપર્ક કરી આપ પાર્ટી એમના પ્રશ્નોને વાચા આપશે. તેમણે આખા ગુજરાતની જનતાને 'આપ'માં જોડાવવા અને ગુજરાતને આગળ લઈ જવાનું આહ્વાન કર્યું હતું. ગુજરાતની જનતા હવે પોતે પોતાનું ગુજરાત બનાવશે.

ઇશુદાન ગઢવીએ કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી જનતાના આંગણે, જનતા બદલાવ લાવશે. ગુજરાત સત્તાધારી પક્ષે સદસ્યતા અભિયાનમાં લોકોને બળજબરીપૂર્વક, ડરાવી ધમકાવીને, રૂપિયા આપીને સદસ્ય બનાવ્યા છે. સત્તાધારી પક્ષે એમની તમામ હદો વટાવી છે.

તેમણે સત્તાધારી ભાજપ પર આરોપ લગાવ્યો હતો કે, ગુજરાતની યોજનાના લાભાર્થીઓને એમની જાણ બહાર છેતરીને સદસ્ય બનાવામાં આવ્યા છે. ગુજરાતની જનતા સત્તાધારી પક્ષથી એ હદથી થાકી ગઈ છે એટલે વિકલ્પ તરીકે 'આપ'ને પસંદ કરે છે. આવનાર સમયમાં 'આપ' સદસ્યતા અભિયાન ગુજરાતમાં જનતા બદલાવ અભિયાન બનશે.

### નર્મદા ડેમમાં હજુ પણ પાણીનો આવરો યથાવત્‌ઃ

# ડેમ સંપૂર્ણ ભરાતા પાણીની તંગી નહીં સર્જાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃસરદાર સરોવર નર્મદા ડેમ છલોછલ છલકાઈ ગયો છે. હજી પણ ઉપરવાસમાંથી પાણીની આવક યથાવત્ રહેતા હાલ ડેમની મહત્તમ જળ સપાટી ૧૩૮.૬૮ મીટર પર પહોંચી છે. ઉપરવાસમાંથી પાણીની ૫૫,૯૦૬ ક્યૂસેક આવક થઈ રહી છે.

ડેમનો એક ગેટ ખુલ્લો રખાયો છે જેમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમ છલોછલ ભરાઈ જતા હવે નર્મદા આધારિત પીવાના પાણી પર નિર્ભર શહેરો અને ગામડાઓમાં આ વખતે કોઇ કાપ મુકાશે નહીં એટલું જ નહીં ખેડૂતોને પણ સિંચાઇ માટે પૂરતા પ્રમાણમાં નર્મદાના નીર મળશે એવી આશા બંધાઇ છે.

મધ્ય પ્રદેશમાં પણ વરસાદ હોવાથી પાણીની આવકમાં વધારો થઇ રહ્યો છે.નર્મદા ડેમ બે વર્ષ સુધી ગુજરાતને સિંચાઈ અને પીવાના પાણી આપવામાં સક્ષમ છે. હજી પણ અગામી સમયમાં પાણી નદીમાં છોડવામાં આવશે. અગાઉ ડેમની મહત્તમ સપાટી ૧૨૧.૯૨ મીટર હતી પણ ત્યાર બાદ ૩૦ દરવાજાઓ લગાવવામાં આવતાં ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર પર પહોંચી હતી. ૨૦૧૭માં દરવાજાઓ સાથેના ડેમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ચોમાસું વિદાય લેવાની તૈયારીમાં છે પણ મધ્ય પ્રદેશમાં હજી વરસાદ પડી રહ્યો હોવાથી ઉપરવાસના ડેમોમાં વીજ ઉત્પાદન ચાલુ હોવાથી પાણી સરદાર સરોવરમાં આવી રહ્યું છે.

સરદાર સરોવરમાં ૧૦૦ ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. તેમજ ઉપરવાસમાંથી હજુ પણ પાણીની આવક થવાની શક્યતાના પગલે નર્મદા ડેમ પણ નજીકના દિવસોમાં ઓવરફ્લો થવાની પૂરી શક્યતા છે. નર્મદા ડેમમાં રાજ્યના ૧૭૩ શહેર અને ૯૪૯૦ ગામના અંદાજે ૨.૯૦ કરોડ લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. આ ઉપરાંત રાજ્યના ૧૮.૪૫ લાખ હેકટરમાં સિંચાઈ માટે પણ પાણી પૂરું પાડવામાં આવે છે.

# વડોદરા અને રાજકોટ ઍરપોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઃ એરપોર્ટ પર ચુસ્ત બંદોબસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા અને રાજકોટ એરપોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો હતો. સીઆઈએસએફ, વડોદરા અને રાજકોટ એરપોર્ટના અધિકારીઓને બોમ્બની ધમકી ધરાવતો ઈમેલ મળ્યો હતો. એરપોર્ટ પર બૉમ્બ હોવાની માહિતી મળતાની સાથે જ પોલીસ સહિત વિવિધ એજન્સીઓ એક્શન મોડ પર જોવા મળી હતી, તેમ જ એરપોર્ટ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. એરપોર્ટ પરિસરની ઝીણવટભરી તપાસ બાદ ધમકીભર્યો મેલ નકલી હોવાનું જાણવા મળ્યું હતું. એસીપી વડોદરા જી.બી.બાંભણીયાએ જણાવ્યું હતું કે ગઈકાલે એરપોર્ટ પર ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. તમામ વિભાગોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ડોગ સ્કવોડ દ્વારા એરપોર્ટના આંતરિક અને બાહ્ય વિસ્તારોમાં સઘન તપાસ કરવામાં આવી હતી. પોલીસ કમિશનરે વધુ તપાસ માટે આ કેસ સાયબર ક્રાઈમ ટીમને સોંપ્યો છે. સીઆઈએસએફને પણ મેલ દ્વારા વડોદરા એરપોર્ટને બોંબથી ઉડાવી દેવાની ધમકી મોકલવામાં આવી હતી. સીઆઈએસએફએ શુક્રવારે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. રેડિફ મેઇલ પરથી ધમકીભર્યો મેલ મોકલવામાં આવ્યો હતો. જો કે મેઈલ બાદ બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્કવોડની તપાસમાં કંઈ જ મળ્યું ન હતું. ચાર મહિના પહેલા પણ આવો જ અફવાથી ભરેલો મેલ મોકલવામાં આવ્યો હતો. ૧૨મી મેના રોજ અમદાવાદ એરપોર્ટ પર ધમકીભર્યો મેલ આવ્યો હતો.

# વડોદરાના ભાયલી વિસ્તારમાં સગીરા પર ગેંગરેપઃ પોલીસની પાંચ ટીમ કામે લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નવરાત્રિ મહોત્સવના પગલે ખેલૈયાઓમાં ભારોભાર ઉત્સાહ છે, જો કે સંસ્કારી નગરી વડોદરામાં બીજા નોરતાની મોડીરાત્રે એક સગીરા પર ગેંગરેપ ઘટના બનતાં હડકંપ મચી ગયો હતો. શહેરના ભાયલી વિસ્તારમાં બે શખસે પીડિતા પર દુષ્કર્મ આચર્યું હતું. તાલુકા પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને ઘટનાસ્થળ પાસેથી તૂટેલાં ચશ્માં અને ઝાંઝર મળ્યાં હતાં, જે પોલીસે કબજે કરી હવસખોરોની શોધખોળ હાથ ધરી હતી. આ સમગ્ર મામલે વડોદરાના એસપી રોહન આનંદે જણાવ્યું હતું કે શુક્રવાર મોડીરાત્રે દુષ્કર્મની ઘટના બની હતી. દુષ્કર્મ પીડિતા ઘરેથી તેના બાળપણના મિત્રને મળવા માટે ૧૦.૩૦ કે ૧૦.૪૫ વાગ્યાના અરસામાં નીકળી હતી. તેના મિત્રને ૧૧ વાગ્યે લક્ષ્મીપુરા વિસ્તારમાં મળી હતી. ત્યાંથી મિત્રની સ્કૂટી પર બન્ને ભેગાં થઈને ભાયલી વિસ્તારમાં સનસિટી સોસાયટી છે ત્યાં ૧૧.૪૫ વાગ્યાના અરસામાં પહોંચ્યાં હતાં. બન્ને વાતો કરી રહ્યાં હતાં ત્યારે ૧૨ વાગ્યાના અરસામાં બે બાઈક પર પાંચ લોકો આવ્યા હતા, જેમાં એક બાઈક પર બે જણા અને બીજી બાઈક પર ત્રણ શખસ હતા. આ પાંચેય શખસે પહેલા અભદ્ર શબ્દોમાં વાત કરી હતી, જેનો પ્રતિકાર પીડિતા અને તેના મિત્રએ કર્યો હતો. જો કે આમાંથી બે લોકો પહેલા નીકળી ગયા હતા. બાકીના ત્રણમાંથી એક શખસે પીડિતાના મિત્રને ગોંધી રાખ્યો હતો અને બે શખસે પીડિતા પર દુષ્કર્મ આચર્યું હતું. પછી આ લોકો ત્યાંથી નીકળી ગયા હતા. પીડિતા પછી સંતુલિત થઈ મિત્ર સાથે પોલીસને જાણ કરી તો તે પણ ત્યાં પહોંચી હતી. ઘટનાસ્થળને પહેલા કોર્ડન કરવામાં આવ્યું હતું. સ્થળ પરથી પોલીસને ઘણા બધા પુરાવા મળી ગયા છે.

આરોપીઓને ઝડપી પાડવા માટે જિલ્લા પોલીસતંત્રની એલસીબી, એસઓજી તેમજ શહેર પોલીસતંત્રની ટીમ મળી પાંચ ટીમ કામે લગાડી દેવામાં આવી છે. ટૂંક સમયમાં આરોપીઓ ઝડપાઇ જશે, એમ જિલ્લા પોલીસવડા રોહન આનંદે દાવો કર્યો હતો.

# સુરતના હીરા ઉદ્યોગ પર મંદીના માર પછી હવે ઈરાન-ઈઝરાયલ યુદ્ધની અસરની ચિંતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ડાયમંડ નગરી સુરતના હીરા ઉદ્યોગમાં મંદીને કારણે હજારો રત્ન કલાકારોની દિવાળી બગડી છે. મંદીના માર વચ્ચે ચાલી રહેલા હીરા ઉદ્યોગ પર હવે ઇરાન-ઇઝરાયલ યુદ્ધની અસરની ચિંતાના વાદળો છવાયાં છે. યુદ્ધના લીધે સુરતના હીરા ઉદ્યોગને વધુ આર્થિક ફટકો પડી શકે છે. ઇઝરાયલમાં સુરતના હીરા ઉદ્યોગનું ૧૪૦૦ કરોડનું એક્સપોર્ટ થઈ રહ્યું છે. જેમાં કુલ ડાયમન્ડ એક્સપોર્ટમાં ઇઝરાયલ ખાતે ૧૮.૪ ટકા હિસ્સો છે. બીજી તરફ ભારત સરકારે ઇઝરાયલ અને ઈરાનમાં રહેતા ભારતીયો માટે એડવાઇઝરી જાહેર કરી છે.

આ એડવાઇઝરીમાં ભારતીય નાગરિકોએ સલામત રહીને દેશ છોડવા જણાવ્યું હતું. ત્યારે હવે જો આવી જ સ્થિતિ રહી તો દિવાળી પછી હીરા ઉદ્યોગ માટે વધુ કપરા દિવસો આવી શકે છે.

છેલ્લા બે વર્ષથી સુરતનો હીરા ઉદ્યોગ તીવ્ર મંદીમાં સપડાયો છે. તે પહેલાં જ હવે યુક્રેન અને રશિયાના યુદ્ધે અને હવે ઇઝરાયલ અને ઇરાન વચ્ચે યુદ્ધની સ્થિતિએ ફટકો માર્યો છે. આ વેપાર ઉપર શ્વાસ લઈ રહેલા હીરા ઉદ્યોગને આ ઇરાન-ઇઝરાયેલ વચ્ચેના ઘર્ષણને લીધે ૧૫૦૦ કરોડ સુધીનો વેપાર ગુમાવવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ ઇઝરાયલ અને તેની આસપાસમાં રહેતા હીરાના વેપારીઓ પણ સરકારની માર્ગદર્શિકાના આધારે સ્વદેશ પરત ફરી રહ્યા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે ત્યારે સંભવ છે કે, વેપાર પર તેની ખાસી અસર પડશે. એક તરફ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધની સ્થિતિ અને બીજી તરફ બજારને ધ્યાનમાં રાખીને હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો દ્વારા માનવામાં આવી રહ્યું છે કે દિવાળી પછી પણ તેની ઘેરી અસર જોવા મળી શકે છે. સુરતના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓને ઈઝરાયલની આર્થિક રાજધાની તેલઅવીવમાં ઇરાને કરેલા હુમલાને કારણે ચિંતિત છે. સુરતથી ઈઝરાયલ સાથે અબજો રૂપિયાનો ડાયમંડનો વેપાર થાય છે પરંતુ, છેલ્લા બે-ત્રણ દિવસમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે જે સ્થિતિ સર્જાઈ છે તેના કારણે હાલ તો વેપાર ઠપ્પ થઈ જ ગયો છે. આગામી દિવસોમાં કારખાનેદારો અને રત્ન કલાકારો માટે દિવાળી પછીની સ્થિતિ ગંભીર બની શકે છે.

# શાળા સંચાલક મંડળની ફીના સ્લેબમાં ૪૯ ટકા વધારો કરવા અને એફઆરસી નાબૂદ કરવા માગ

અમદાવાદઃ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળે એફઆરસીના ફી સ્લેબમાં વધારો કરવા માટે માગ કરી હતી. રાજ્યની ખાનગી શાળાઓ માટે વર્ષ ૨૦૧૭ થી ફી નિયમન સમિતિ કાયદો લાગુ છે, જેમાં સાત વર્ષ થઈ ગયા હજુ સુધી મહત્તમ ફીની રકમમાં વધારો નથી કર્યો. એટલે કે રૂ. ૧૫ હજાર , રૂ. ૨૦ હજાર , રૂ. ૨૫ અને રૂ. ૩૦ હજાર ફી નક્કી કરેલી છે એની એ જ ફી હજુ લાગુ છે. શાળા સંચાલક મંડળે શાળાના ફી સ્લેબમાં ૪૯ ટકા વધારો કરવા માટે માગણી કરી છે. ઓછા સ્લેબના કારણે સામાન્ય ફી પસંદગીથી શાળાઓને નુકસાન થાય છે. જ્યારે સરકારની જ્ઞાન સાધના સ્કૂલમાં વાર્ષિક સાત ટકા વધારાનું પ્રાવધાન છે, ત્યારે શાળાઓમાં પણ વધારો કરવો જોઈએ. બીજી તરફ જે શાળા દર ત્રણ વર્ષે ફી વધારો માગે તો તેને નિયમ પ્રમાણે આપવામાં આવે છે પરંતુ જે મહત્તમ ફી નક્કી કરવામાં આવી છે તેમાં કોઈ વધારો કે ફેરફાર નથી કરવામાં આવ્યો, જેના કારણે શાળા સંચાલક મંડળમાં નારાજગી જોવા મળી રહી છે. સંચાલક મંડળે તર્ક રજૂ કર્યો હતો કે જે શાળા ફી વધારો કરવા માગે તો તેને ફી વધારો આપવામાં આવે છે, પરંતુ સ્લેબ પ્રમાણે જે શાળાઓથી ફી વસૂલતી હોય તેમનો શું વાંક? શાળા સંચાલક મંડળની માંગ કરી હતી કે એફઆરસીએ ફી સ્લેબમાં પ્રાથમિક વિભાગમાં ૧૫ હજારથી વધારી રૂ. ૨૨,૫૦૦, માધ્યમિક વિભાગમાં રૂ. ૨૦ હજારથી વધારી રૂ. ૩૦ હજાર, ઉચ્ચતર વિભાગમાં સામાન્ય પ્રવાહમાં રૂ. ૨૫ હજારથી વધારી રૂ. ૩૭,૫૦૦ કરવા આવે. તે ઉપરાંત, ઉચ્ચતર વિભાગમાં સાયન્સ વિભાગમાં રૂ. ૩૦ હજારથી વધારી રૂ. ૪૫ હજાર ફી સ્લેબ નક્કી કરવા માગ કરી હતી. તેની સાથે-સાથે સમિતિમાં એક ખાનગી શાળાનાં પ્રતિનિધિને પણ સ્થાન આપવા માટે માગ કરાઇ હતી. સંચાલક મંડળ દ્વારા એ પણ દાવો કર્યો હતો કે ફી નિયમન સમિતિનો કાયદો લાગુ કરવામાં ઉતાવળ કરવામાં આવી હતી. તેની સાથે -સાથે જ એફઆરસીને પણ વિખેરી સ્થાનિક સ્તરે ફી વધારા મામલે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીને નિર્ણય લેવાની સત્તા સોંપવા માટે પણ માગ કરી છે.

# સસ્તા અનાજના દુકાનદારોની હડતાળ પાંચમાં દિવસે યથાવત્‌ઃ લાભાર્થીઓને હાલાકી

અમદાવાદઃ રાજ્યનાં ૧૭ હજાર જેટલા રેશનીંગનાં વેપારીઓ ૨૦ હજાર કમિશન માટે સરકારે રાખેલી ૯૭ ટકા ફરજીયાત વિતરણની શરત સામે હડતાળ ઉપર ઉતર્યા છે, રેશનીંગનાં વેપારીઓના સંગઠનની સરકાર સાથે સમાધાન બેઠક શુક્રવાર સાંજ પડી ભાંગી હતી, જેથી સતત પાંચમાં દિવસે પણ વેપારીઓની હડતાલ યથાવત રહેતા રાજ્યના ૭૨ લાખથી વધુ ગરીબ વર્ગના પરિવારોને અનાજથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. આ દરમ્યાન સસ્તા અનાજના વેપારી સંગઠને રાજકોટ સહિત રાજ્યમાં ઠેર ઠેર તાલુકા મથકોએ મામલતદારોને આવેદન પાઠવી વિરોધ પ્રગટ કર્યો હતો.

રાજ્યના ૧૭,૦૦૦થી વધુ રેશનશોપ ધારકોએ લાંબા સમયથી પડતર પ્રશ્ને સરકાર સામે આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. રાજ્ય સરકાર પાસે રાજ્ય રેશન શોપ ડીલર એસોસિએશન દ્વારા અગાઉ કરાયેલી માગણીઓ લાંબા સમયથી પડતર રહેલી હોય જેનો ઉકેલ ન આવતા અને આ માંગણીઓ સંદર્ભે સરકારે દુર્લક્ષ સેવતા આજથી રેશનશોપ ડીલર એસોસિએશન દ્વારા પડતર પ્રશ્ને ચોક્કસથી મુદતના આંદોલનનો આરંભ કર્યો હતો.

વેપારી એસો.ના હોદેદારોએ જણાવ્યું હતું કે સરકારે અમોને અમારા પ્રશ્નો માટે અનેક વખત વચનો આપ્યા છતાં હજુ સુધી તેનું સંપૂર્ણ પાલન કરાયું નથી. આથી આ વખતે અમારી લડત મક્કમ છે અને પ્રશ્નનો કાયમી હલ નહીં આવે ત્યાં સુધી હડતાલ યથાવત રહેશે.

# નાગરિકોને યોજનાઓનો લાભ ઘર બેઠાં મળે તેવી સરકારની નેમઃ મુખ્ય પ્રધાન

અમદાવાદઃ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓના લાભ નાગરિકોને ઘર આંગણે પહોંચાડવાની વ્યવસ્થા ઊભી કરીએ, જેથી ફરિયાદનો કોઈ જ અવકાશ ન રહે એવું ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. ગાંધીનગરમાં ગુજરાત માહિતી આયોગ દ્વારા આયોજિત આર.ટી.આઈ. સપ્તાહની ઉજવણીના પ્રારંભ અવસરે સંબોધન કરતા મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, રહ્યાં હતાં. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાજનોને ઘરે બેઠા યોજનાઓનો લાભ મળે તેવી વ્યવસ્થા કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ વ્યવસ્થાના ભાગરૂપે નાગરિકોને સેચ્યૂરેશન એટલે કે ૧૦૦ ટકા લાભ મળે એવો સરકારનો પ્રયાસ છે. પોતાને મળતા લાભો કઈ રીતે મળશે એ અંગેના નિયમો-કાર્નીયપદ્ધતિની નાગરિકોને સ્પષ્ટપણે જાણ હોવી જોઈએ. નાગરિકોને ઘર આંગણે પારદર્શી રીતે સેવા મળશે તો આર.ટી.આઈ. અંતર્ગત અરજીઓ પણ ઓછી થઈ જશે.

# રાજ્યની કુલ ૫૮૪ ગૌશાળા-પાંજરાપોળને પશુ નિભાવ સહાય ચૂકવાશે

અમદાવાદઃમુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચુકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કામાં એટલે કે, એપ્રિલ-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ માટે રાજ્યની કુલ ૫૮૪ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૨.૬૧ લાખથી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રુ. ૭૧.૨૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા તબક્કા માટે એટલે કે, જુલાઈ-૨૦૨૪ થી સપ્ટેમ્બર-૨૦૨૪ માટે સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઇન અરજી કરી શકે તેવા આશય સાથે આગામી તા.૧૫ ઓક્ટોબર સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટેની સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા પશુપાલન વિભાગ હેઠળના ગૌસેવા આયોગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં રૂ. ૫૦૦ કરોડના પ્રાવધાન સાથે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા ગાય અને ભેંસ વર્ગના પશુઓનો નિભાવ કરવામાં આવતો હોય, તેવી સેવાભાવી સંસ્થાઓને ગૌવંશના પોષણ અને નિભાવ માટે દૈનિક પશુદીઠ રૂ. ૩૦ લેખે સહાય આપવામાં આવે છે.

# દહાણુમાં આરોપીઓમાં થયેલા ઝઘડામાં બે બાળકના અપહરણનો ગુનો ઉકેલાયો

### કલ્યાણ બસ સ્ટૅન્ડથી બે બાળકનું અપહરણ કરનારી સાંગલીની ટોળકી માર્ગમાં બે રિક્ષા બદલીને દહાણુ પહોંચી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કલ્યાણથી બે બાળકનાં અપહરણ કર્યાં પછી દહાણુ નજીક પહોંચેલા સાંગલીના આરોપીઓ વચ્ચે ઝઘડો થયો હતો, જેને કારણે ગામવાસીઓને શંકા ગઈ હતી અને આરોપીઓ પોલીસની પકડમાં આવી ગયા હતા.

દહાણુની કાસા પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ વિનોદ રામબાપુ ગોસાવી (૨૯), આકાશ બ્રિજેશ ગોસાવી (૨૮), અંજલિ બ્રિજેશ ગોસાવી (૨૮), ચંદા બ્રિજેશ ગોસાવી (૫૫), જયશ્રી અશોક ગોસાવી (૨૫) અને રાહુલ રામઅપ્પા ગોસાવી (૨૭) તરીકે થઈ હતી. પોલીસે આરોપીઓના તાબામાં નવ અને છ વર્ષના બે બાળકને છોડાવ્યા હતા. વધુ તપાસ માટે આરોપીઓને કલ્યાણની મહાત્મા ફુલે ચોક પોલીસના તાબામાં સોંપાયા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ નવરાત્રિ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પાલઘર જિલ્લામાં પોલીસે પેટ્રોલિંગ વધારી દીધું હતું. શુક્રવારની રાતે ૯ વાગ્યાની આસપાસ પેટ્રોલિંગ પર હાજર કાસા પોલીસને મેસેજ મળ્યો હતો કે દહાણુના ચારોટી બ્રિજ નીચે કેટલાક લોકો વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે અને તેમની સાથે બે નાના બાળક પણ છે. માહિતીને આધારે પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

આરોપીઓ વચ્ચે બાળકોને મુદ્દે ઝઘડો થયો હતો અને એક ગામવાસીએ તેમની વાત સાંભળી લીધી હતી. પરિણામે ગામના અન્ય રહેવાસીઓએ શંકાને આધારે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઝઘડો શાંત પાડી બાળકો વિશે પૂછતાં મહિલા આરોપીઓએ ઉડાઉ જવાબ આપ્યા હતા. પોલીસે બન્ને બાળકને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતાં તે કલ્યાણના રહેવાસી હોવાનું જણાયું હતું. કાસા પોલીસે કલ્યાણના મહાત્મા ફુલે પોલીસમાં તપાસ કરતાં ગુરુવારે બન્ને બાળકનાં અપહરણ થયાનું જાણવા મળ્યું હતું.

મહાત્મા ફુલે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર જ્ઞાનેશ્વર સાબળેએ જણાવ્યું હતું કે કલ્યાણ બસ સ્ટૅન્ડ ખાતેથી નાસ્તો અપાવવાની લાલચે આરોપી બન્ને બાળકને તેમની સાથે લઈ ગયા હતા. બાળક ગુમ હોવાની માહિતી મળતાં જ અમારી ટીમે બસ સ્ટૅન્ડ પાસે લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓને ઓળખી કાઢ્યા હતા. અમારી ટીમ આરોપીઓનો પીછો કરતી બોરપાડા સુધી પહોંચી હતી.

પોલીસની ટીમ પાછળ પડી હોવાની જાણકારી મળ્યા પછી આરોપીઓ વચ્ચે ઝઘડો થયો હોવાનું કહેવાય છે. આરોપીઓ કલ્યાણથી દહાણુ બબ્બે રિક્ષા બદલીને ગયા હતા, જેથી પોલીસ તેમના સુધી પહોંચી ન શકે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

## ભિંવડી ગોડાઉનમાં ભીષણ આગ: કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: ભિવંડીમાં એક લોજિસ્ટિકના ગોડાઉનમાં શુક્રવાર મોડી રાતે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ગોડાઉનમાં મોટા પ્રમાણમાં ખાદ્યતેલ અને એન્જિન ઓઈલનો સ્ટોક કરવામાં આવ્યો હતો. સદ્નસીબે આગની ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈ-નાશિક હાઈવે પર ભિવંડીમાં વાલશિંદ ગામમાં વી.આઈ.લોજિસ્ટિક્સ નામનું ગોડાઉન આવેલું છે. શુક્રવાર મોડી રાતના ૨.૩૫ વાગ્યાની આસપાસ આ ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી.

ગોડાઉનમાં મોટા પ્રમાણમાં ખાદ્યતેલ તથા એન્જિન ઓઈલ હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. આગ લાગ્યા બાદ તરત ભિવંડી ફાયરબ્રિગેડના બે ફાયર એન્જિન ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. જોકે આગનું સ્વરૂપ મોટું હોવાથી કલ્યાણ સહિત મુંબઈથી પણ ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી.

ગોડાઉનમાં જ્વલનશીલ પદાર્થ હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેને કારણે આગના ધુમાડા દૂર દૂર સુધી જોવા મળી રહ્યા હતા. શનિવારે બપોર સુધી આગ પર નિયંત્રણ મેળવી શકાયું નહોતું. સાંજના મોડે સુધી આગને નિયંત્રણમાં લેવવાની કામગીરી ચાલી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ કે જખમી થવાનો બનાવ નોંધાયો નહોતો.

## ચૂંટણી પંચની ફટકાર પછી ૧૧૧ પોલીસ અધિકારીની બદલી

મુંબઈ: આગામી વિધાનસભા ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે કેન્દ્રીય ચૂંટણી પંચે મહારાષ્ટ્રની ૩ દિવસની મુલાકાત લીધી હતી. આ પાર્શ્વભૂમિ પર ૧૧૧ પોલીસ અધિકારીની બદલી કરવામાં આવી છે. આ પૈકી ૧૧ પોલીસ અધિકારીની બદલી મુંબઈમાં થઇ છે. ચૂંટણી પંચે મુંબઈ પોલીસ અધિકારીઓની બદલીની સૂચના સ્ટેટ પોલીસ ફોર્સને કરી હતી. મુંબઈના સિનિયર ઈન્સ્પેક્ટર અને પોલીસ અધિકારીઓની બદલી મુંબઈની બહાર કરવામાં આવી છે.

લોકસભા સમયે રાજ્ય સરકારે સૂચનાનું પાલન કર્યું ન હોવાને કારણે ચૂંટણી પંચે ઝાટકણી કાઢી હતી. લોકસભા ચૂંટણી સમયે ચૂટણી પંચે રાજ્ય સરકારને અધિકારીઓની બદલી અંગે સૂચચનાઓ આપી હતી. એ સૂચનાનું રાજ્ય સરકારે પાલન કર્યું નહોતું. આને કારણે ચૂંટણી પંચે નારાજગી પણ વ્યક્ત કરી હતી. દરમિયાન કેન્દ્રીય ચૂંટણી પંચે ચાર રાજ્યના મુખ્ય સચિવને પત્ર લખીને ૩ વર્ષથી વધુ સેવા આપી ચૂકેલા અધિકારીઓની બદલી કરો, એવી સૂચના આપી હતી. જોકે રાજ્ય સરકારે આ અંગે દુર્લક્ષ સેવ્યું હતું.

## ચૂંટણી પછી 'દગાબાજ' ક્યાંયના નહીં રહે: ઉદ્ધવ

મુંબઈ: નવેમ્બરમાં આયોજિત મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના સંદર્ભમાં શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કહ્યું હતું કે દોઢ મહિના બાદ કામ વિનાના નવરા થઈ જનારા કોઈ પણ 'દગાબાજ'ને પક્ષમાં સ્થાન નહીં મળે. એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરે સામે બળવો કરતા મહા વિકાસ અઘાડી સરકાર પડી ભાંગી હતી. ત્યારબાદ જૂન ૨૦૨૨માં શિવસેનાના ભાગલા પડ્યા હતા. ત્યારથી ઉદ્ધવ ઠાકરે અને શિવસેના (યુબીટી) નિયમિતપણે શિંદે અને તેમના બળવાખોરોના જૂથને 'દગાબાજ' તરીકે ઓળખાવે છે. પક્ષ દ્વારા આયોજિત એક રોજગાર મેળાને સંબોધિત કરતા ઠાકરેએ દાવો કર્યો હતો કે વિધાનસભા ચૂંટણીમાં રાજ્યની જનતા ભાજપ અને એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાને તેનું સ્થાન બતાવી દેશે.

શિંદે સરકાર પર વધુ આકરા પ્રહારો કરી ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે સત્તામાં આવ્યા પછી તેમનો પક્ષ રાજ્યના સંસાધનોની કરવામાં આવેલી લૂંટનો 'હિસાબ' લેશે. (પીટીઆઈ)

## મધ્ય રેલવેમાં આજે મેગાબ્લોક

મુંબઈ: મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝનમાં વિવિધ એન્જિનિયરિંગ અને અન્ય સમારકામ હાથ ધરવામાં આવનાર હોવાથી રવિવારે મેગાબ્લોક હાથ ધરવામાં આવ્યો છે. મધ્ય રેલવેની મેઇન લાઇનમાં થાણે અને કલ્યાણ સ્ટેશન દરમિયાન અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર સવારે ૧૦.૪૦ વાગ્યાથી બપોરે ૩.૪૦ કલાક સુધી બ્લોક રહેશે. આ દરમિયાન અપ અને ડાઉન ફાસ્ટ લોકલ થાણે-કલ્યાણા દરમિયાન અપ અને ડાઉન સ્લો લાઇન પર દોડશે. બ્લોક દરમિયાન ટ્રેનો કળવા, મુંબ્રા અને દિવા સ્ટેશન ઊભી રહેશે. હાર્બર લાઇનમાં પનવેલ અને વાશી સ્ટેશન વચ્ચે અપ અને ડાઉન લાઇન પર સવારે ૧૧.૦૫થી બપોરે ૪.૦૫ વાગ્યા સુધી બ્લોક રહેશે. બ્લોક દરમિયાન સીએસએમટીથી પનવેલ-બેલાપુર અપ અને ડાઉન લોકલ સેવા બંધ રહેશે. ટ્રાન્સ-હાર્બર માર્ગ પર પનવેલ-થાણે લોકલ સેવા બંધ રહેશે. સીએસએમટી-વાશી વચ્ચે વિશેષ લોકલ દોડાવવામાં આવશે. ટ્રાન્સહાર્બર લાઇનમાં થાણે-વાશી, નેરુળ સ્ટેશન દરમિયાન, બેલાપુર, નેરુળ અને ઉરણ સ્ટેશન દરમિયાન પોર્ટ લાઇન લોકલ માટે ઉપલબ્ધ રહેશે.

## ભાયખલામાં અજિત પવારના પક્ષના નેતાની કરપીણ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયખલામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજિત પવાર)ના પદાધિકારી સચિન કુર્મી ઉર્ફે મુન્નાની તીક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવી હતી. રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા છગન ભુજબળના ખાસ ગણાતા કુર્મીની હત્યા જૂની અદાવતને કારણે થઈ કે રાજકીય વિવાદમાં તેની તપાસ પોલીસ કરી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ ભાયખલાના રેતીવાલા ઈન્ડસ્ટ્રીઝ નજીક અનંત પવાર માર્ગ પરની મ્હાડા કોલોની પાસે બની હતી. એનસીપીના ભાયખલા વિધાનસભા તાલુકા અધ્યક્ષ સચિન કુર્મી પર હુમલો થયો હતો.

કહેવાય છે કે ઘટનાસ્થળેથી કુર્મી એકલો પસાર થઈ રહ્યો હતો ત્યારે બેથી ત્રણ શખસે તેના પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યા હતા. ગરદન, હાથ, પેટ અને છાતી પર ઘા ઝીંકાવાને કારણે કુર્મી બેભાન થઈ જમીન પર ફસડાઈ પડ્યો હતો. રાહદારીની નજર પડતાં તેણે પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરી હતી.

કન્ટ્રોલ રૂમમાંથી મેસેજ મળતાં નજીકમાં પેટ્રોલિંગ પર હાજર કાલાચોકી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. બેભાન કુર્મીને જે. જે. હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટના ભાયખલા પોલીસની હદમાં બની હોવાથી વધુ તપાસ ભાયખલા પોલીસ કરી રહી છે. પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. જોકે આ મામલે વધુ કંઈ કહેવાનો પોલીસે સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.

### વીર સાવરકર બદનક્ષી કેસ:

## રાહુલ ગાંધીને હાજર થવા પુણે કોર્ટે સમન્સ મોકલ્યું

પુણે: પુણેની એક વિશેષ અદાલતે રાહુલ ગાંધીને વિનાયક દામોદર સાવરકરના પૌત્ર દ્વારા દાખલ કરવામાં આવેલા ફોજદારી બદનક્ષીના કેસમાં સમન્સ પાઠવ્યું છે. કોંગ્રેસના નેતા પર હિન્દુત્વના વિચારક વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. શુક્રવારે રાહુલ ગાંધીને સમન્સ જારી કરી અદાલતે તેમને ૨૩ ઓક્ટોબરે હાજર થવા જણાવ્યું હતું.

ગયા વર્ષે સાવરકરના પૌત્રના પિતરાઈ સાત્યકી સાવરકરે લોકસભામાં વિરોધ પક્ષના નેતા સામે પુણેની અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. સંસદ સભ્યો અને વિધાનસભ્યો માટેની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ (એફએમએફસી) અદાલતમાંથી ગયા મહિને આ કેસ વિશેષ અદાલતમાં ખસેડવામાં આવ્યો હતો. સાત્યકી સાવરકરનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ સંગ્રામ કોલ્હટકરે પીટીઆઈને જણાવ્યું હતું કે સંસદ સભ્યો અને વિધાનસભ્યો માટેની વિશેષ અદાલતે સંયુક્ત સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટક્લાસ) અમોલ શિંદેની અધ્યક્ષતામાં રાહુલ ગાંધી વિરુદ્ધ સમન્સ જારી કરીને જણાવ્યું હતું કે આ કેસમાં ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૫૦૦ (બદનક્ષી) હેઠળ શિક્ષાત્મક આરોપનો જવાબ આપવા માટે તેમની હાજરી જરૂરી હોવાથી તેમણે ૨૩ ઓક્ટોબરે અદાલત સમક્ષ રૂબરૂ હાજર થવું જરૂરી છે.

ફરિયાદમાં સાત્યકી સાવરકરે આરોપ મૂક્યો હતો કે રાહુલ ગાંધીએ માર્ચ ૨૦૨૩માં લંડનમાં આપેલા ભાષણમાં દાવો કર્યો હતો કે વી ડી સાવરકરે એક પુસ્તકમાં લખ્યું હતું કે તેમણે અને તેમના પાંચથી છ મિત્રોએ એક વખત એક મુસ્લિમ વ્યક્તિને માર માર્યો હતો. (પીટીઆઈ)

## પરમબીર સિંહ સામે ખંડણીનો કેસ કર્યો ત્યારે હું દબાણ હેઠળ હતો...

### ફરિયાદી વેપારીએ હાઈ કોર્ટમાં કેસ પાછો ખેંચવા માટે કરી અરજી

મુંબઈ: મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ સામે ખંડણીની ફરિયાદ નોંધાવનાર એક ઉદ્યોગપતિએ બોમ્બે હાઈ કોર્ટમાં આ કેસને રદ કરવાની માગણી કરી છે. વેપારીએ એવો દાવો કર્યો છે કે તેને ભૂતપૂર્વ ટોચના અધિકારી સામે ફરિયાદ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

ફરિયાદી કેતન તન્નાએ એવો દાવો કર્યો હતો કે જો તે સિંહ સામે ફરિયાદ નહીં કરે તો તેને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપવામાં આવી હતી. પરમબીર સિંહ સામે ફરિયાદ કરનાર તન્નાએ એવું પણ કહ્યું હતું કે તેનાથી થયેલી મોટી ભૂલને સુધારવા માગે છે. તન્નાએ અઠવાડિયાની શરૂઆતમાં અરજી દાખલ કરી હતી અને તેની સુનાવણી ૮મી ઓક્ટોબરે થવાની શક્યતા છે. વેપારીએ પોતાની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે જે સમયે મહા વિકાસ આઘાડી (એમવીએ) ગઠબંધન દ્વારા શાસક મહારાષ્ટ્ર સરકાર સાથે વિવાદમાં ફસાયા હતા, એ સમયે વરિષ્ઠ અધિકારી વિરુદ્ધ કાવતરું ઘડવામાં આવ્યું હતું. તન્નાએ એવો દાવો કર્યો હતો કે તેમને રાજ્યના તત્કાલીન ગૃહપ્રધાન અનિલ દેશમુખના બંગલાની બહાર બોલાવવામાં આવ્યા હતા અને તત્કાલીન પોલીસ વડા સંજય પાંડે દ્વારા તેમને જાણ કરવામાં આવી હતી કે તેમણે સિંહ વિરુદ્ધ ખંડણીની ફરિયાદ નોંધાવવાની છે.

## ગુણરત્ન સદાવર્તેને ફોન પર ધમકી મળ્યાની પત્નીની ફરિયાદ

મુંબઈ: ૨૦૨૨માં મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એમએસઆરટીસી)ના કર્મચારીઓના હડતાળનું નેતૃત્વ કરનારા વકીલ ગુણરત્ન સદાવર્તેને ફોન પર જાનથી મારવાની ધમકી મળી હોવાનો દાવો કરી તેની પત્નીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ભોઈવાડા પોલીસના જણાવ્યા મુજબ પોતાની ઓળખ રાહિલ તરીકે આપનારા શખસે શુક્રવારે કૉલ કરી સદાવર્તેને કથિત ધમકી આપી હતી. આ રીતનો જ ધમકીભર્યો ફોન મે મહિનામાં પણ આવ્યો હતો. ધમકીભર્યો કૉલ ઈન્ટરનૅશનલ નંબર પરથી આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું, એમ અધિકારીનું કહેવું છે. ભોઈવાડા પોલીસ આ ફરિયાદની તપાસ કરી રહી છે. પત્રકારો સાથેની વાતચીતમાં સદાવર્તેની પત્નીએ જણાવ્યું હતું કે દક્ષિણ મુંબઈના વરલીમાં રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ સંબંધી સદાવર્તેએ આપેલા નિવેદનને કારણે ધમકી મળી હતી. સદાવર્તે એક ટેલિવિઝન રિયલિટી શોમાં ભાગ લઈ રહ્યા હોવાનું પણ પત્નીએ જણાવ્યું હતું. ૨૦૨૨માં એનસીપીના સ્થાપક શરદ પવારના બંગલો બહાર એમએસઆરટીસીના કર્મચારીઓએ વિરોધ પ્રદર્શન કર્યા બાદ સદાવર્તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ)

## પાંચમા પાનાનું ચાલુ

### ૫૦ ટકાથી વધુ અનામત આપો

લક્ષ્ય કરીને કરવામાં આવ્યું હતું. શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાની ઘટના બાદ મોદીએ કહ્યું હતું કે 'છત્રપતિ શિવાજી મહારાજ ફક્ત એક રાજાનું નામ નથી. તેઓ આપણી માટે ભગવાન સમાન છે. હું તેમના ચરણે માથું નમાવીને અમારા ભગવાન પાસે માફી માગું છું.'

### રાહુલ માફી માગે: ફડણવીસ

ગાંધીએ પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં મરાઠા સામ્રાજ્યના સ્થાપકની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

આ બીજી વખત છે જ્યારે ફડણવીસે નહેરુ પર શિવાજી મહારાજનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે એવો દાવો કર્યો હતો કે નહેરુએ તેમના પુસ્તક 'ધ ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'માં શિવાજી મહારાજને 'નબળા' ચિતર્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અનાવરણ કર્યાના લગભગ આઠ મહિના પછી, સિંધુદુર્ગ જિલ્લામાં શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી તેની સામે કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યું ત્યારે ભાજપના નેતાએ સૌપ્રથમ આ મુદ્દા પર નેહરુને નિશાન બનાવ્યા હતા.

બીજી તરફ કોંગ્રેસે ફડણવીસ પર ખોટા નિવેદનો ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. ફડણવીસે પુસ્તક વાંચીને જવાબ આપવો જોઈએ. નેહરુએ તેમની પ્રથમ આવૃત્તિમાં સુધારો કર્યો હતો અને ૧૯૩૬માં ઈતિહાસકારોને પત્ર લખીને જરૂરી સુધારા કરવા માટે તેમને ઇનપુટ્સ મોકલ્યા હતા. તેઓ એક બૌદ્ધિક દિગ્ગજ હતા અને તેમણે સ્વીકાર્યું હતું કે પ્રથમ આવૃત્તિ તેઓ જેલમાં હતા ત્યારે લખવામાં આવી હતી અને તેમની પાસે સંદર્ભ સામગ્રીની કોઈ ઍક્સેસ નહોતી, એમ કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### ૧૦૦૦ કરોડના વિકાસ કામોને લીલીઝંડી

પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. મુંબઈ મહાનગરપાલિકા અને ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ ડેવલપમેન્ટ કૉર્પોરેશન મારફત હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટનો આમા સમાવેશ થાય છે. સોમવારે સાંજે દાદર (પશ્ચિમ)માં છત્રપતિ શિવાજી મહારાજ પરિસર (શિવાજી પાર્ક)માં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રસ્તાવિત લોકાર્પણ અને ભૂમિપૂજનનાં કામમાં મુંબાદેવી પરિસર તેમ જ મહાલક્ષ્મી પરિસરમાં કરવામાં આવનારા વિકાસકામોનું ભૂમિપૂજન, માહિમ-કોળીવાડામાં દરિયા કિનારાને લાગી આવેલા પ્રૉમેનેડ અને સેફટી વૉલના સુશોભીકરણનું ભૂમિપૂજન, માહિમ કોળીવાડામાં અરુણકુમાર વૈદ્ય રોડને લાગીને આવેલી ફૂટપાથ (માહિમ ટ્રાફિક ચોકીથી બાન્દ્રા પમ્પિંગ સ્ટેશન)નું સુશોભીકરણ, જે.જે. ફલાયઓવર નીચે હો-હો બેસ્ટ બસમાં બનાવવામાં આવનારા વાચનાલયનું લોકાર્પણ, એન્ટોપ હિલમાં જગનન્નાથ શંકરશેટ સ્મારકનું ભૂમિપૂજન, છત્રપતિ શિવાજી મહારાજ મેદાન પરિસરમાં ભાગોજી શેઠ કીર સ્મારકનું ભૂમિપૂજન, બધવાર પાર્કમાં ફૂડ ટ્રકનું લોકાર્પણ જેવા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

મુંબઈ શહેરમાં પર્યટન, સાંસ્કૃતિ અને ધાર્મિક મહત્ત્વ ધરાવતાં સ્થળોએ સ્વચ્છતા ગૃહ બાંધવામાં આવવાના છે. વિધાનભવન, લાયન ગેટ, હાઈ કોર્ટ સામે કે.બી. પાટીલ માર્ગ, ફેશન સ્ટ્રીટ, ખાઉ ગલી, બાણગંગા-વાલકેશ્વર, અરુણકુમાર વૈદ્ય રોડ, માહિમ રેતીબંદર સમુદ્રકિનારા જેવા સ્થળોએ સ્વચ્છતાગૃહ બાંધવામાં આવવાના છે, ત્યારે આ કામના પણ ભૂમિપૂજન કરવામાં આવવાના છે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પાસે નગર ચોક, ફેશન સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ રેલવે સ્ટેશન (પશ્ચિમ)માં નપિંક ટોઈલેટથનું લોકાર્પણ કરવામાં આવવાનું છે. એસાથે જ પાલિકાની ૧૦૩ સ્કૂલમાં ટેરેસ ગાર્ડન અને સીસીટીવી કેમેરા બેસાડવાના કામનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ ડેવલપમેન્ટ કૉર્પોરેશન મારફત નાયગાંવ, વરલી, કોલાબા, માહિમ, ભાયખલા, શિવડી, સાયનમાં પોલીસ કોલોનીનું લોકાર્પણ અને ભૂમિપૂજન, કામગાર કલ્યાણ ક્રીડા મંડળના સુશોભીકરણ કરવામાં આવેલા સ્વીમિંગ પૂલનું લોકાર્પણ, કામા અને આલ્બેસ હૉસ્પિટલના આઈવીએફ સેન્ટરનું લોકાર્પણ, બાળસુધારગૃહ, ઉમરખાડી, ડોંગરી, ડેવિડ સસૂનના બાંધકામનું લોકાર્પણ, વરલીની પોદ્દાર હૉસ્પિટલના આધુનિકરણના કામનું પણ ભૂમિપૂજન કરવામાં આવવાનું છે.

## જૈન મરણ

**સ્થાનકવાસી જૈન**

બરવાળા ઘેલાશાના હાલ મુંબઇ ભાવિન શાહ (ઉં. વ. ૫૯) બકુલાબેન અને સ્વ. અનિલ શાહના સુપુત્ર. મીનુ વિરેન કોઠારીના ભાઇ. પ્રિતીના પતિ અને આર્યનના પિતા. શુક્રવાર, તા. ૪-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ત્રિભોવનદાસ ઝીણાભાઇ મહેતાના સુપુત્ર વસંતભાઇ મહેતા (ઉં. વ. ૮૦) તા. ૪-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. શોભાબેન અંકિતકુમાર સંઘવીના પિતા. રૈવતના નાના. પૂનમચંદભાઇ, સ્વ. સુરેશભાઇ, સ્વ. વિજયાબેન, સ્વ. ચંદનબેન, સ્વ.નિરૂબેનના ભાઇ. નેમીચંદ ફૂલચંદ જૈનના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા પોરવાળ જૈન**

શાંતિલાલ રિખવદાસજી જૈન (ઉં. વ. ૭૪) ગામ જાવાલ હાલ દાદર, સ્વ. મણીલાલજી, સ્વ. બ્રહ્મચારી વિમળાબેન તથા ભરતભાઇના ભાઇ. મનોરમાબેનનાં પતિ. કુંજલ તથા શીતલના પિતા. ભરતકુમાર તથા નિકીતાના સસરા. ખુશી તથા અરિહાનાં દાદા. અંશ તથા આર્યનના નાનાજી. પ્રાર્થનાસભા તા. ૭-૧૦-૨૪ના સોમવાર ૧૦થી ૧૨. ઠે. યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિરની સામે, દાદર સેન્ટ્રલ રેલવે સ્ટેશનની બાજુમાં, દાદર (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ નાલાસોપારા પ્રતાપરાય ઉમેદચંદ શેઠના પુત્ર સતીષભાઇના ધર્મપત્ની અ. સૌ. ભાવનાબહેન (ઉં. વ. ૬૪) તા. ૪-૧૦-૨૪ના શુક્રવારના અવસાન પામેલ છે. તે અમી પ્રતિકભાઇ મંદોતના માતુશ્રી. ધીયાની નાની. આત્મદર્શનાશ્રીજી મ. સા. ના પરેશભાઇ, સંગીતાબેન (અજિતકુમાર)ના ભાભી. પિયરપક્ષ પાલિતાણા નિવાસી સ્વ. જસીબેન ફતેચંદ શાહની દીકરી. બન્ને પક્ષની સાદડી રવિવાર તા. ૬-૧૦-૨૪ના ૩થી ૫. ઠે. સતિષભાઇ શેઠ ૩૦૩, રંગોલી એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની પાછળ, સ્ટેશન રોડ, નાલાસોપારા (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ તિલક નગર (ચેમ્બુર) સ્વ. સુધાબેન રજનીકાન્ત વજેશંકર સંઘવીના પુત્ર મહેશભાઇ (ઉં. વ. ૭૧) તે સુરેખાબેનના પતિ. હર્ષરાજ, સેજલ મયુરભાઇ શાહ, મેઘા ભાવિનભાઇ શેઠના પિતાશ્રી. ગ્રીષ્માના સસરા. સ્વ. જયશ્રીબેન દિનેશભાઇ, અ. સૌ. આશાબેન ભુપેશભાઇ, અ. સૌ. તરુબેન મુકેશભાઇના જેઠ. વાંકાનેર નિવાસી સ્વ. હિંમતભાઇ નીમચંદભાઇ દલીચંદ શેઠના જમાઇ. તા. ૩-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગઢડા નિવાસી હાલ વસઈ સ્વ.સુરેશચંદ્ર પ્રભુદાસ શાહના પત્ની સ્વ.મિનાક્ષીબેન શાહ (ઉં. વ. ૭૮) તા.૩-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.રતિલાલ, સ્વ.મનહરલાલ, સ્વ.પ્રતાપરાય, રંજનબેન અનિલકુમાર, સ્વ.જ્યોતિબેન નટવરલાલના ભાભી. પિયરપક્ષે ભાવનગર નિવાસી સ્વ.હરિલાલ વિઠ્ઠલદાસના દિકરી. સ્વ.હસમુખરાય હરીલાલ, સ્વ.જૌમતિબેન એમ, સ્વ.હંસાબેન એચ, નલિનીબેન એમ.ના બહેન, કિર્તી સુરેશચંદ્ર શાહ, ઈલાબેન મનીષકુમાર કોઠારી, ગીતાબેન, નેહા પરેશકુમાર ગોડાના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના લક્ષ્મીબેન વિસનજી ભેદા (ઉં. વ.૮૨) તા.૪-૧૦-૨૦૨૪ના અવસાન પામેલ છે. સોનબાઈ રાઘવજી કુંવરજી ભેદાના પુત્રવધુ. ભુજપૂરના રતનબાઈ નરશી પત્રામલ દેઢિયાના પુત્રી. પરેશ, જયેશ, હિરેનના માતા. નેણબાઇ, મણિબેન, કુંવરબાઈ, જ્યોતિબેન, ચંદનબેન, મેઘજી, દામજી, કિશોરના બહેન. પ્રાર્થના સભા તા.૬-૧૦-૨૪,૨વિવાર સાંજે ૪ થી ૫. નુતનવાડી, ગાંધીધામ. એ. જયેશ ભેદા, ડી.બી. ઝેડ, સાઉથ-૫૧, ગાંધીધામ-કચ્છ. પીન-૩૭૦૨૦૧.

નવીનાળના ચંપાબેન ધીરજ ધરોડ (ઉં. વ. ૭૪)તા.૪-૧૦-૨૦૨૪ ના અવસાન પામેલ છે. મણીબેન દેવચંદના પુત્રવધૂ. ધીરજના પત્ની. રાહુલ, હેમાલીના માતા. લક્ષ્મીબેન હરશીના પુત્રી. નરશી, માલશી, નવીન, દેશલપુર કંઠી લીલાવંતીબેન દામજી, ડેપા વિમળાબેન પ્રેમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ : હેમાલી જયેશ શેઠિયા. બી/૩, ૭૦૪, વાધવા ધ એડ્રેસ, આર.સીટી.મોલની સામે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે), મું.૮૬.

## પારસી મરણ

રુસી દારબશાહ મુલ્લા તે મરહુમ પરવીઝના ધની. તે મરહુમો ગુલબઇ દારબશાહ મુલ્લાના દીકરા. તે નીલુફર ને શેહનાઝના પપા. તે એરીક ને રોહીન્ટનના સસરા. તે હુતોકશી તથા મરહુમ થ્રીતીના ભાઇ. તે ઝલ, ઝકસીસ, ફરહાદ ને કૈનાઝના મમાવા. (ઉં. વ. ૯૧) રે. ઠે. શેરી હાઉસ, ૬ઠ્ઠે માળે, કાવસજી પટેલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાની ક્રિયા : તા. ૬-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે. દાદીશેઠ અગ્યારી ફોર્ટમાં છેજી.

બોમી મંચેરશા મિસ્ત્રી તે મરહુમ જેસમીનના ધની. તે મરહુમો શેરનાવાઝ મંચેરશા મિસ્ત્રી. તે હોમી ને નોશાદના પપા. તે બખતાવર એમ. મિસ્ત્રીના સસરા. તે નઇરા ને કરીનાના બપાવા. (ઉં. વ. ૯૧) રે. ઠે. માનેક આબાદ, ૨૬-એફ, નેપીયન્સી રોડ, કાશીનાથ કમ્પાઉન્ડની અંદર, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૭-૧૦-૨૪ના દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

## હિન્દુ મરણ

મુંબઇ નિવાસી ગામ પડાણા જીલ્લો ધંધુકા પ્રવીણભાઇ મોતીરામ આચાર્ય (ઉં. વ. ૭૯) તા. ૪-૧૦-૨૪ના મુંબઇ દહીંસર મુકામે રામશરણ પામ્યા છે. (ધર્મપત્ની) પદમાબેન પ્રવીણભાઇ આચાર્ય, નીરજ અને ધર્મેશના પિતાશ્રી. પ્રાર્થનાસભા તા. ૭-૧૦-૨૪ના ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ઓપોઝીટ ડાયમંડ ટોકીઝ, બોરીવલી (વેસ્ટ).

**વિશા જારોળા વાણિયા**

પાટણ નિવાસી સ્વ. રામલાલ હિંમતલાલ તુતવાલાના સુપુત્ર ચંદ્રકાન્ત તુતવાલા હાલ કાંદિવલી તા. ૩-૧૦-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. ચીમનલાલ છગનલાલ બક્ષીના જમાઇ. સ્વ. ઉષાબેનના પતિ. મનીષ, સ્વ. જીગીશાના પિતા. મયુરી અને મકરંદભાઇના સસરા. નુપુર-સિદ્ધાર્થ, મલ્લીકા-કાર્તિકેયના દાદા. કેવટના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ મોટા ચોવીસા**

અ. સૌ. સ્મિતાબેન ભટ્ટ (ઉં. વ. ૮૧) હાલ મુંબઇ (ગ્રાંટ રોડ) તા. ૨-૧૦-૨૪ના દેવલોક પામ્યા છે. તે ડો. અરુણકુમાર હરસુતરાય ભટ્ટના ધર્મપત્ની. ડો. કેતન, ધિરેન, હેમાંગીના માતુશ્રી. શિલ્પા, દીપા, અપૂર્વ મહેતાના સાસુ. અદિત, હિદાનના દાદી. યશના નાની. સ્વ. રસિકલાલ હિંમતલાલ પંડયાના પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ભાવનગરી મોચી**

ગુંદરાણાના વતની હાલ બોરીવલી સ્વ. છગનભાઇ સુખાભાઇ ગોહિલના પત્ની સ્વ. લાડુબેન ગોહિલ (ઉં. વ. ૮૬) તા. ૨-૧૦-૨૪ના બુધવારે રામચરણ પામેલ છે. તે ધીરુભાઇ, વજુભાઇ, રાજુભાઇ, દિનેશભાઇના માતુશ્રી. તે તારાબેન, હંસાબેન, પ્રભાબેન, ઉર્મિલાબેનના સાસુ. મીલન, જયદેવ, શીતલ, છાયા, યોગીતા, હિતેશભાઇ, અરુણભાઇ, મહેશભાઇ, હેતલ, રામદેવ, કરણ, હિના, વૈશાલી, માનસી, નેહાના દાદીમા. હબુકડવાળા સ્વ. ગીધાભાઇ, બાબુભાઇ, સ્વ. ડાહ્યાભાઇ, સ્વ. ભુપતભાઇ, સ્વ. અમુભાઇ, સ્વ. ચંપાબેન રાજાભાઇ, સ્વ. હિરાબેન બાલુભાઇના બેન. પ્રાર્થનાસભા તા. ૭-૧૦-૨૪ના સોમવારના ૫થી ૭. ઠે. લુહાર સુતારની વાડી, અંબાજી મંદિરની સામે, કાર્ટર રોડ, નં.૩. બોરીવલી (ઇસ્ટ).

**કપોળ**

હિંડોરાણા (રાજુલા)વાળા હાલ અંધેરી સ્વ.નિર્મળાબેન ધીરજલાલ નાગરદાસ ચીતલીયાના સુપુત્ર કેતન (ઉં. વ. ૫૯) તે અંજનાના પતિ. પાર્થ તથા વિધિ અક્ષયકુમાર શાહના પિતાશ્રી. ક્રિસીવના નાના. રશ્મી શિરીષકુમાર મહેતા, દિલીપ તથા કવિતા દિલેષકુમાર કણિયાના ભાઇ. દિનાના દિયર. સાવરકુંડલાવાળા પ્રાણલાલ પરમાણંદદાસ કાણકીયાના જમાઇ. શુક્રવાર, તા. ૪-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૭-૧૦-૨૪ના ગ્રાઉન્ડ ફલોર, અરુણોદય કો. ઓપ. હા. સોસાયટી, સારસ્વત બેન્કની બાજુમાં, જુહુ લેન, અંધેરી (વેસ્ટ), ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

સિમર નિવાસી હાલ કાંદિવલી અ.સૌ.રમીલા જોશી (ઉં. વ. ૭૪) તે સુરેશ રુગનાથ જોશીના પત્ની. દિપક જોશી, ફાલ્ગુની રોહિત, ભાવના અમિતના માતૃશ્રી. મેઘના જોશી, રોહિત ઓઝા અને અમિત દલાલના સાસુ. યશ અને માનવના દાદી. સ્વ.દિવાળીબેન હરિશંકર ભટ્ટ (કાંધી)ના દિકરી તા.૦૩-૧૦-૨૦૨૪ને ગુરુવાર કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા.૦૬-૧૦-૨૪ના ૪:૦૦ થી ૬.૦૦. લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સ્ટન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી પશ્ચિમ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટિયા**

ગામ માંડવી હાલ બોરીવલી સ્વ.જયેશ સુંદરદાસ ગાજરીયા (ઉં. વ. ૬૬) ૧/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે આશાબેનના પતિ. જીગર તથા ઉર્વીના પિતા. રાગીની તથા પરેશભાઈના સસરા. કનુભાઈ, સ્વ.કિશોરભાઈ, હેમાબેન તથા રક્ષાબેનના ભાઈ, જામકનોડાવાળા સ્વ.પ્રતાપસિંગ (બહાદુરસિંગ) તથા જયશ્રીબેનના જમાઈ. યોગેશભાઈ, રંજીતભાઈ તથા યોગિતાબેનના બનેવી.

**કપોળ**

અમરેલી નિવાસી હાલ થાણા અરવિંદકુમાર નથુભાઈ પારેખ (ઉં. વ. ૮૩) તે સુશીલાબેનના પતિ. સ્વ.રસિકલાલ, સ્વ.દોલતરાય, સ્વ.વસંતભાઈ, સ્વ.તારાબેન ગાંધી, સ્વ.જયાબેન સંઘવી, સ્વ.મંગળાબેન મહેતા અને કળાબેન ચિતલિયાના ભાઈ. રમણીકભાઈ હરિલાલ ચિતલીયાના જમાઈ. દિલીપભાઈ (ઝીણુ)ના કાકા તા.૫-૧૦-૨૪ને શનિવાર શ્રીજીચરણ પામ્યા છે.

**ઘોઘારી લોહાણા**

અ.સૌ. ગીતા ઠક્કર (ઉં. વ. ૭૪) તે બકુલેશ ઠક્કરના ધર્મપત્ની. સ્વ.ભાનુમતી રજનીકાન્ત ઠક્કરના પુત્રવધૂ. સ્વ.ચંપાબેન કેશવલાલ સાયતાના પુત્રી. વિરલ, આરતીનાં માતા. અ.સૌ. રૂપલ, હિમેશ વસાણીનાં સાસુ. રાજેશ ઠક્કરના ભાભી. તા. ૪ ઓક્ટોબર ૨૦૨૪, શુક્રવારે શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તા. ૭ ઓક્ટોબર સોમવારના ૫ થી ૭. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લા (પશ્ચિમ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કોંગ્રેસ શહેરી નક્સલીઓની ટોળકી ચલાવે છેઃ મોદી

**મોદીએ કોંગ્રેસ પર ગરીબોને લૂંટવાનો અને પોતાની સ્વાર્થી રાજનીતિ માટે તેમની હાલત પછાત રાખવાનો આરોપ પણ લગાવ્યો**

**વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના વાશિમ જિલ્લામાં બંજારા વિરાસત મ્યુઝિયમનું ઉદ્ઘાટન કર્યું**



મહારાષ્ટ્રની મુલાકાતે શનિવારે આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વાશિમમાં બંજારા વિરાસત મ્યુઝિયમનું ઉદ્ઘાટન કર્યું હતું.

વાશિમઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ પાર્ટી શહેરી નક્સલીઓની ટોળકી દ્વારા ચલાવવામાં આવે છે અને મહારાષ્ટ્રના નાગરિકોને તે પક્ષના ખતરનાક એજન્ડાને હરાવવા માટે એક થવાની હાકલ કરી હતી.

તેમણે કોંગ્રેસ પર ગરીબોને લૂંટવાનો અને પોતાની સ્વાર્થી રાજનીતિ માટે તેમની હાલત ક્યારેય ન સુધારવાનો આરોપ પણ લગાવ્યો.

તેઓ (કોંગ્રેસ) વિચારે છે કે જો આપણે બધા એક થઈશું, તો દેશને વિભાજિત કરવાનો તેમનો એજન્ડા નિષ્ફળ જશે, એમ મોદીએ મહારાષ્ટ્રના વાશિમ જિલ્લામાં વિવિધ પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા પછી એક રેલીને સંબોધતા કહ્યું હતું.

કોંગ્રેસ ફક્ત તેના સ્વાર્થી રાજકારણ માટે ગરીબોને કેવી રીતે લૂંટવા અને ગરીબ રાખવા તે જાણે છે. તે ફક્ત લોકોને કેવી રીતે વિભાજિત કરવા તે જાણે છે. આપણે સાવચેત રહેવું જોઈએ અને એક થવું જોઈએ. કોંગ્રેસ શહેરી નક્સલીઓની ટોળી દ્વારા ચલાવવામાં આવે છે, એવો આરોપ તેમણે લગાવ્યો હતો.

દરેક વ્યક્તિ જોઈ શકે છે કે કોંગ્રેસ એવા લોકોની સાથે કેટલી નજીકથી ઉભી છે જેઓ ભારત માટે સારા ઇરાદા ધરાવતા નથી, એમ મોદીએ કહ્યું હતું.દિલ્હીમાં તાજેતરમાં હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના એક નેતા તેમાં સંડોવાયેલા હોવાની શંકા છે. કોંગ્રેસ યુવાનોને ડ્રગ્સ તરફ ધકેલીને મળેલા પૈસામાંથી ચૂંટણી લડવા માંગે છે, એમ તેમણે કહ્યું હતું.

મોદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસની વિચારસરણી શરૂઆતથી જ વિદેશી રહી છે.

''બ્રિટિશ શાસનની જેમ, આ કોંગ્રેસ પરિવાર પણ દલિતો, પછાત અને આદિવાસીઓને પોતાના સમકક્ષ ગણતો નથી. તેઓને લાગે છે કે ભારતમાં ફક્ત એક જ પરિવાર દ્વારા શાસન કરવું જોઈએ. તેથી જ તેઓએ હંમેશા બંજારા સમુદાય પ્રત્યે અપમાનજનક વલણ જાળવી રાખ્યું છે, એમ તેમણે કહ્યું હતું.



વડા પ્રધાન મોદીએ પોહરાદેવીનાં દર્શન કર્યા હતા.

બંજારા સમુદાયના સંતોએ સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાની પ્રેરણા આપી. અંગ્રેજોએ આ સમુદાયને હેરાન કર્યો, પરંતુ જ્યારે તેઓ ગયા, ત્યારે કોંગ્રેસની અનુગામી સરકારોએ આ વલણ ચાલુ રાખ્યું અને સમુદાયને મુખ્ય પ્રવાહમાં આવતા અટકાવ્યો હતો એવો આરોપ વડા પ્રધાને લગાવ્યો હતો.

તેમણે કોંગ્રેસ પર ખેડૂતોનું જીવન દયનીય બનાવવા માટે કોઈ કસર છોડવાનો પણ આરોપ લગાવ્યો હતો. મોદીએ ખેડૂતોને ખેડૂતોની લોન માફીના ખોટા આશ્વાસનના કોંગ્રેસના પ્રચારથી સાવધાન રહેવા જણાવ્યું હતું.

જ્યારે મહા વિકાસ અઘાડી (એમવીએની) સરકાર સત્તામાં હતી, ત્યારે તેણે દેવેન્દ્ર ફડણવીસના મુખ્ય પ્રધાનપદ દરમિયાન શરૂ કરાયેલા પોહરાદેવી તીર્થસ્થાન કેન્દ્રના અપગ્રેડેશનના કામમાં સ્પીડ બ્રેકર લગાવ્યું હતું, પરંતુ તે હવે ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ થયું છે, એમ તેમણે જણાવ્યું હતું.

જ્યાં સુધી એમવીએ મહારાષ્ટ્રમાં સત્તામાં હતું ત્યાં સુધી તેણે માત્ર બે એજન્ડા સાથે કામ કર્યું - ખેડૂતોને લગતા પ્રોજેક્ટ્સને રોકવા અને આ પ્રોજેક્ટ્સના પૈસામાં ભ્રષ્ટાચાર આચરવો.

કૃષિ અને પશુપાલન ક્ષેત્રોને લગતી ૨૩,૩૦૦ કરોડ રૂપિયાની વિવિધ પહેલો શરૂ કરનાર વડા પ્રધાને પોહરાદેવીમાં બંજારા વિરાસત મ્યુઝિયમ પૂર્ણ થવા પર ખુશી વ્યક્ત કરી હતી.

આ મ્યુઝિયમ ભવિષ્યની પેઢીઓને બંજારા સમુદાયની પ્રાચીન સંસ્કૃતિ અને વિશાળ વારસાનો પરિચય કરાવશે, એમ તેમણે જણાવ્યું હતું. મોદીએ રાજા લાખી શાહ બંજારા અને સંત સેવાલાલ મહારાજ સહિત બંજારા સમુદાયની અનેક આદરણીય વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ આપી હતી. ■

# મોદી, મેટ્રો, ગિટાર અને ગીતો...

**નવી એક્વા મેટ્રો લાઇનમાં પ્રવાસ કરતી વખતે ન.મો.એ ગીતો તો સાંભળ્યા પણ સાથે મહિલાઓ, વિદ્યાર્થીઓ અને કામદારો સાથેય ગોષ્ઠિ કરી**

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મુંબઈ મેટ્રો લાઇન-૩ના બીકેસીથી આરે તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું અને સાંતાક્રુઝ સ્ટેશન અને પાછા મેટ્રોમાં મુસાફરી કરી હતી, જે દરમિયાન તેમણે વિદ્યાર્થીઓ, મહારાષ્ટ્ર સરકારની 'લાડકી બહિણ' યોજનાના લાભાર્થીઓ અને ભૂગર્ભ લાઇન બાંધવામાં સામેલ મજૂરો સાથે વાતો કરી હતી. તેમને ગિટાર વગાડતી બે યુવતીઓ પણ મળી હતી અને તેમનાં ગીતો મોદીએ અત્યંત રસથી સાંભળી હતી.

તેમણે પ્રવાસીઓ માટે મુસાફરીના અનુભવને વધારવા માટેના મેટ્રોકનેક્ટ૩ એપ લોન્ચ કરી અને ભૂગર્ભ મેટ્રો પ્રવાસના અદભુત ફોટા ધરાવતી કોફી ટેબલ બુકનું પણ અનાવરણ કર્યું હતું. આરે કોલોની અને બીકેસી વચ્ચેનો ૧૨.૬૯ કિલોમીટરનો પટ્ટો એ ૩૩.૫ કિલોમીટરની કોલાબા-સીપ્ઝ-આરે મેટ્રો લાઇન-૩નો એક ભાગ છે, જેને આ સપ્તાહની શરૂઆતમાં મેટ્રો રેલવે સેફ્ટી (સીએમઆરએસ)ના કમિશનર તરફથી અંતિમ મંજૂરી મળી હતી.

આરે-બીકેસી સ્ટ્રેચ છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ ૧ અને ૨ તેમજ મરોલ નાકા સ્ટેશન પર ઘાટકોપર-અંધેરી-વર્સોવા મેટ્રો લાઇન ૧ બંનેને કનેક્ટિવિટી પ્રદાન કરે છે. એકવાર દક્ષિણ મુંબઈમાં આરેથી કોલાબા વચ્ચે સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી, લાઇન-૩ લગભગ ૩-૪ મિનિટની ટ્રેનની આવર્તન સાથે દરરોજ લગભગ ૧૩ લાખ મુસાફરોને સેવા આપશે. ■



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મેટ્રો – ૩ લાઇનને લીલી ઝંડી દેખાડી હતી.





વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રોમાં પ્રવાસ કર્યો હતો ત્યારે ગિટાર સાથે ગીતો ગાતી યુવતીઓને ધ્યાનથી સાંભળી હતી અને પછી વિદ્યાર્થીઓ સાથે ગૂફ્તેગૂ પણ કરી હતી.

## હવે આવતી કાલથી નવી મેટ્રોમાં મુસાફરી કરી શકાશે

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૫ ઓક્ટોબર, શનિવારે મુંબઈની પ્રથમ કોલાબા-બાંદ્રા-સીપ્ઝ અંડરગ્રાઉન્ડ મેટ્રો લાઇનના આરે - બીકેસી તબક્કાનું ઉદઘાટન કર્યા બાદ આરે- બીકેસી તબક્કો સોમવારે સવારે ૧૧ વાગ્યે મુસાફરો માટે ખુલ્લો મૂકવાનો નિર્ણય મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસીએલ) દ્વારા લેવામાં આવ્યો છે. ભૂગર્ભ મેટ્રો સર્વિસ સોમવારે સવારે ૧૧થી રાત્રે ૧૧.૩૦ સુધી ચાલુ રહેશે. મુંબઈગરાઓને અંડરગ્રાઉન્ડ મેટ્રો મુસાફરી માટે સોમવાર સુધી રાહ જોવી પડશે.

એમએમઆરસીએલના નિર્ણય મુજબ આરે - બીકેસી વચ્ચે ટ્રેન સોમવારે સવારે ૧૧ વાગ્યાથી શરૂ થઈ જશે. ભૂગર્ભ મેટ્રો સેવા સોમવારે સવારે ૧૧થી રાત્રે ૧૦.૩૦ સુધી કાર્યરત રહેશે. મંગળવારથી સમય સવારે ૬.૩૦થી રાત્રે ૧૦.૩૦ સુધી રહેશે. એમએમઆરસીએલના સમયપત્રક મુજબ સોમવારથી શનિવાર સુધી અંડરગ્રાઉન્ડ મેટ્રો સેવા સવારે ૬.૩૦થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. જોકે રવિવારે આરે - બીકેસી રૂટ પરની ટ્રેન સર્વિસ સવારે ૮.૩૦થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. ■

# વિકાસની દુશ્મન છે એમવીએ

**આમ કહીને વડા પ્રધાને ઉમેર્યું કે કામને રોકવાનું જ જાણતી એમવીએના અહંકારને લીધે મેટ્રો-૩ના ખર્ચમાં ૧૪,૦૦૦ કરોડ રૂપિયા વધારો થયો**

થાણેઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કોંગ્રેસને દેશની સૌથી ભ્રષ્ટ પાર્ટી ગણાવી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે એનડીએનું એકમાત્ર લક્ષ્ય વિકાસ કરવાનું છે, જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળની મહા વિકાસ અઘાડી માત્ર આવાં કામોને રોકવાનું જાણે છે.

આપણે મુંબઈ અને તેના મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ના ભાવિને વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે તૈયાર કરવું પડશે. આ માટે આપણે બમણી મહેનત કરવી પડશે. આપણે વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે અને અગાઉ કોંગ્રેસના શાસન દરમિયાન થયેલા નુકસાનને સુધારવાનું રહેશે એમ તેમણે કહ્યું હતું.

વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્યમાં વર્તમાન સરકારો હેઠળ, એમએમઆરનો વિકાસ અતિ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે. થાણે અને મુંબઈના લોકો કોંગ્રેસના શાસનમાં વસ્તી અને ટ્રાફિકની સમસ્યાથી પીડાઈ રહ્યા હતા અને એક સમય એવો હતો જ્યારે મુંબઈનો વિકાસ અટકી ગયો હતો. અમારી સરકાર હેઠળ, ૩૦૦ કિલોમીટરનું મેટ્રો રેલ નેટવર્ક, કોસ્ટલ રોડ, અટલ સેતુ વાસ્તવિકતા બની છે, જે ઔદ્યોગિક વિકાસને પણ ગતિ આપશે અને રોજગારીનું સર્જન કરશે. મહા વિકાસ આઘાડી કામને રોકવાનું જ જાણતી હતી. મુંબઈ મેટ્રો-૩ લાઇનનું કામ અહંકારને કારણે અટકાવવામાં આવ્યું હોવાથી પ્રોજેક્ટના ખર્ચમાં ૧૪,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો હતો અને કરદાતાઓના નાણાંનો વ્યય થયો હતો, એમ તેમણે કહ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે, મેટ્રો લાઇન-૩ જેનો પ્રથમ તબક્કો તેમણે આ કાર્યક્રમમાં ઉદ્ઘાટન કર્યો હતો, તે જાપાન સરકારના સહયોગને કારણે બની રહી છે. તે ભારત-જાપાન મિત્રતાનું પ્રતીક છે, એમ તેમણે ઉમેર્યું હતું.

એમવીએએ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન અને અટલ સેતુ પ્રોજેક્ટ્સમાં પણ અડચણો ઊભી કરી અને રાજ્યમાં પાણી પુરવઠો અને સિંચાઈ યોજનાઓ બંધ કરી દીધી, એમ તેમણે જણાવ્યું હતું.

એમવીએ વિકાસનો દુશ્મન છે અને લોકોએ વિપક્ષી ગઠબંધનને (સત્તાથી) દૂર રાખવી જોઈએ. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અસલી રંગ બતાવી રહી છે. તે રાજ્ય સરકારની લાડકી બહેન યોજનાનો વિરોધ કરી રહી છે જેમાં મહિલાઓને માસિક ૧૫૦૦ રૂપિયાની સહાય મળે છે. તેમજ દર વર્ષે ત્રણ મફત એલપીજી સિલિન્ડરનું વિતરણ કરવાનો પણ વિરોધ કરે છે એમતેમણે કહ્યું હતું.

મહિલાઓએ કોંગ્રેસના ઇરાદાઓ વિશે સતર્ક રહેવું જોઈએ, જે એકનાથ શિંદે સરકાર દ્વારા કરવામાં આવતાં કામને અટકાવશે અને દલાલ (વચેટિયાઓ)ને પૈસા આપશે, એમ વડા પ્રધાને કહ્યું હતું. કોંગ્રેસ શહેરી નક્સલીઓ દ્વારા ચલાવવામાં આવે છે અને ભારતની પ્રગતિનો વિરોધ કરતા દળો સાથે ઉભી છે, એમ કહેતાં તેમણે ઉમેર્યું હતું કે, વિરોધ પક્ષનું મિશન લોકોને વિભાજિત કરવાનું અને સત્તા મેળવવાનું હતું. (પીટીઆઈ) ■

# મોદીજી દેશનું ગૌરવ, જ્યારે તેઓ મહારાષ્ટ્રમાં આવે ત્યારે ખાલી હાથે આવતા નથીઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વાશિમ જિલ્લાના પોહરાદેવી ખાતે બંજારા હેરિટેજ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કર્યું, જે બંજારા સમુદાયનું પૂજા સ્થળ છે. દરમિયાન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે 'લાડકી બહેન યોજના ક્યારેય બંધ નહીં થાય. તેમણે વડાપ્રધાનની પ્રશંસા કરતાં કહ્યું હતું કે મોદીજી જ્યારે મહારાષ્ટ્રમાં આવે છે ત્યારે તેઓ ખાલી હાથે આવતા નથી, તેઓ માત્ર ભાષણ આપીને જતા નથી. તેઓ ઘણું બધું આપીને જાય છે.

બંજારા વિરાસતનું વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ એક એવો દિવસ છે જે સુવર્ણ અક્ષરોમાં લખવો જોઈએ. તમે ભાગ્યશાળી છો. રામરાવ મહારાજે ઈચ્છા વ્યક્ત કરી હતી કે વડા પ્રધાન પોહરાદેવી આવે. પરંતુ તે યોગ ન બન્યો. અન્ય કોઈ માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ભાગ્યમાં યોગ હતો.

બંજારા સમાજના ઈતિહાસને સાચવવાનું કામ આપણે કરવાનું છે. ભારતને મહાસત્તા બનતા કોઈ રોકી શકશે નહીં કારણ કે મોદીજીનો પ્રભાવ ખૂબ જ વધી રહ્યો છે. મોદીજી દેશનું ગૌરવ છે. મોદીજીની પ્રેરણા અને આશીર્વાદથી દેશનો વિકાસ થશે. રાજ્યમાં ડબલ એન્જિન સરકારનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

લાડકી બહેન યોજના સુપરહિટ છે. અમારી બહેનોના ખાતામાં ત્રણ હપ્તા જઈ રહ્યા છે જે બે કરોડથી વધુ છે. વિરોધીઓ કહે છે કે અમે આ યોજના બંધ કરી દઈશું પણ લાડકી બહેન યોજનાને કોઈ ક્યારેય રોકી શકશે નહીં. કારણ કે આ યોજના આપણા ગરીબો માટે છે. બહેનો, ડબલ એન્જિન સરકાર દરેકને ન્યાય આપવાનું કામ કરી રહી છે.

મોદીજી જ્યારે મહારાષ્ટ્રમાં આવે છે, ત્યારે તેઓ ખાલી હાથે આવતા નથી, તેઓ માત્ર ભાષણ જ આપતા નથી. તેઓ અમારી પાસેથી કામ લે છે અને અમારી પીઠ પર થપથપાવે છે. આ તેમની મહાનતા છે. પરંતુ તેમ છતાં, વિરોધીઓ સતત ટીકા કરે છે એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે મરાઠી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવાનો નિર્ણય વડા પ્રધાન મોદીએ જ લીધો છે. ■

# મોદીની મુલાકાતને લીધે મુંબઈ-અમદાવાદ હાઈવેમાં વર્સોવાથી ચિંચોટી ટ્રાફિક જૅમ

વસઇઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે વિવિધ પ્રકલ્પોના ઉદ્ઘાટન-ભૂમિપૂજન માટે મુંબઈ-થાણેની મુલાકાતે આવ્યા હતા ત્યારે અનેક માર્ગો પર ટ્રાફિકમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. આ ફેરફારને કારણે શનિવારે સવારે છ વાગ્યાથી મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇવે પર વર્સોવા પુલથી ચિંચોટી દરમિયાન ભયંકર ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાઇ હતી.

મુંબઈ-અમદાવાદ હાઇવે વસઇ પૂર્વમાંથી પસાર થયો છે. વિવિધ ભાગોને જોડનારો આ હાઇવે હોવાથી અહીં મોટા પ્રમાણમાં વાહનોની અવરજવર હોય છે. મોદીના આગમનને કારણે ટ્રાફિકમાં કરાયેલો ફેરફારનો ફટકો નોકરી-ધંધે જનારા નાગરિકોને પડ્યો હતો. શનિવારે સવારે છ વાગ્યાથી ટ્રાફિક જૅમની સમસ્યા શરૂ થઇ હતી.

મુંબઈ-થાણેના દિશાએ જનારા માર્ગ પર વર્સોવા પુલથી ચિંચોટી સુધી વાહનોની લાંબી લાઇનો જોવા મળી હતી. ટ્રાફિકમાં ફેરફાર તથા રસ્તા પરના ખાડા અને કૉંક્રીટીકરણનું કામ ચાલતું હોવાને કારણે પણ વાહનચાલકોને હાલાકી સહન કરવી પડી હતી. ચારથી છ કલાક સુધી લોકો ટ્રાફિકમાં ફસાયા હોવાના દૃશ્ય હતાં. ■

### આયોજનનો અભાવ

વીઆઇપી વ્યક્તિ આવે ત્યારે પહેલાથી અમુક આયોજન કરવું જરૂરી હોય છે, પણ મોદી આવવાના હતા એ ખબર હોવા છતાં આયોજનનો અભાવ જોવા મળ્યો હતો. ભારે વાહનોને દૂર ઊભાં કરાયાં નહોતાં. ટ્રાફિકને કારણે સ્કૂલના વિદ્યાર્થીઓ હેરાન થયા, ઍમ્બ્યુલન્સ અટકી પડી હતી. ■

# વાશિમમાં ૨૩,૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ શરૂ કર્યા

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ૨૩,૩૦૦ કરોડ રૂપિયાના કૃષિ અને પશુપાલન ક્ષેત્રના પ્રોજેક્ટ વાશિમમાં શરૂ કર્યા હતા. એક દિવસની મહારાષ્ટ્રની મુલાકાતે આવેલા વડા પ્રધાને વાશિમમાં પોહરાદેવીમાં દર્શન કર્યા હતા અને પછી બંજારા વિરાસત મ્યુઝિયમનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે પીએમ-કિસાન સન્માન નિધિના ૧૮મા હપ્તા તરીકે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ૯.૪ કરોડ ખેડૂતોના ખાતામાં નાખ્યા હતા. વડા પ્રધાને નમો શેતકરી મહાસન્માન યોજનાના ૨,૦૦૦ કરોડ રૂપિયાનો પાંચમો હપ્તો પણ વિતરિત કર્યો હતો. તેમણે કૃષિ અને માળખાકિય સુવિધાના ૭,૫૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. ■

# થાણે રિંગ મેટ્રો પ્રોજેક્ટનો વડા પ્રધાનને હસ્તે શિલાન્યાસ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શનિવારે ૩૨,૮૦૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટનો શિલાન્યાસ/ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટ અને એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રી-વે એક્સ્ટેન્શનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફ્લ્યુઅન્સ નોટિફાઈડ એરિયા (નૈના) પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. વડા પ્રધાને બીકેસીથી આરે-જેવીએલઆર સેક્શનની મુંબઈ મેટ્રો-૩નું ઉદ્ઘાટન કર્યું હતું. આ સેક્શનમાં કુલ ૧૦ સ્ટેશન છે અને તેમાંથી નવ અંડરગ્રાઉન્ડ છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બાંગ્લાદેશીઓ આજે મયંકના મૅજિક સામે બચી શકશે?

## સચિનની ડબલ સેન્ચુરી બાદ ૧૪ વર્ષે ગ્વાલિયરમાં ખેલાશે ક્રિકેટ જંગ

ગ્વાલિયરઃ ભારતે બાંગ્લાદેશનો ટેસ્ટ-સિરીઝમાં ૨-૦થી વ્હાઇટવૉશ કર્યો ત્યાર બાદ આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) ગ્વાલિયરમાં બન્ને દેશ વચ્ચે ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચ રમાશે. ૨૦૨૪ની આઇપીએલમાં સતતપણે કલાકે ૧૫૦ કિલોમીટરથી વધુ ઝડપે બૉલ ફેંકનાર ભારતના ફાસ્ટેસ્ટ બોલર મયંક યાદવને આ મૅચથી ભારત વતી ડેબ્યૂ કરવાનો મોકો મળવાની પાકી સંભાવના છે. જોકે તેની ફિટનેસ પર પણ ટીમ-મૅનેજમેન્ટની સતત નજર રહેશે.

મયંક ઉપરાંત દિલ્હીના જ ફાસ્ટ બોલર હર્ષિત રાણાને તેમ જ ઑલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને પણ ભારત વતી પહેલી વાર રમવાની તક મળી શકે.

ગ્વાલિયર ભારતીય ક્રિકેટ માટે ઐતિહાસિક છે. આ શહેરથી ૧૨ કિલોમીટર દૂર માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમમાં પહેલી વાર આંતરરાષ્ટ્રીય મૅચ રમાવાની છે. છેલ્લે આ રીજનમાં ઇન્ટરનૅશનલ મૅચ ફેબ્રુઆરી, ૨૦૧૦માં રમાઈ હતી. ત્યારે સચિન તેન્ડુલકરે આ શહેરના કૅપ્ટન રૂપ સિંહ સ્ટેડિયમમાં વન-ડે જગતની સૌપ્રથમ ડબલ સેન્ચુરી ફટકારી હતી.

નવાઈની વાત એ છે કે બાંગ્લાદેશ સામેની આ શ્રેણી માટેની સૂર્યકુમાર યાદવના સુકાન હેઠળની સ્ક્વૉડમાંના ખેલાડીઓ કુલ ૩૮૯ ટી-૨૦ રમ્યા છે, જ્યારે એની સરખામણીમાં બાંગ્લાદેશની સ્ક્વૉડના ખેલાડીઓને પોતાના દેશ વતી કુલ ૬૪૪ ટી-૨૦ મૅચ રમવાનો અનુભવ છે.

રોહિત શર્મા, વિરાટ કોહલી, રવીન્દ્ર જાડેજા ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે. ન્યૂ ઝીલૅન્ડ સામેની આગામી ટેસ્ટ શ્રેણીને વધુ મહત્ત્વ અપાવાનું હોવાથી શુભમન ગિલ, રિષભ પંત, યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ, અક્ષર પટેલને બાંગ્લાદેશ સામેની ટી-૨૦ સિરીઝમાંથી આરામ આપવામાં આવ્યો છે. ■




ગ્વાલિયરમાં ગઈકાલે ગંભીરની દેખરેખમાં પ્રેક્ટિસ કરી રહેલા ભારતીય ખેલાડીઓ. (પીટીઆઈ)

### બન્ને દેશની ટીમ

**ભારતઃ** સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર), રિન્કુ સિંહ, હાર્દિક પંડ્યા, રિયાન પરાગ, નીતિશ કુમાર રેડ્ડી, શિવમ દુબે, વૉશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી, જિતેશ શર્મા (વિકેટકીપર), અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને મયંક યાદવ.

**બાંગ્લાદેશઃ** નજમુલ શૅન્ટો (કૅપ્ટન), તેન્ઝિદ હસન, પરવેઝ એમોન, તૌહિદ રિદોય, મહમુદુલ્લા, લિટન દાસ (વિકેટકીપર), જાકર અલી, મિરાઝ, મેહદી હસન, રિશાદ હોસેઇન, મુસ્તફિઝુર રહમાન, તાસ્કિન અહમદ, શોરિફુલ ઇસ્લામ, તેન્ઝિમ સાકિબ અને રકિબુલ હસન.

# ભારત માટે આજે દુબઈમાં પાકિસ્તાન સામે ‘કરો યા મરો’

## હેડ-ટુ-હેડ મુકાબલામાં ભારત ૧૨-૩થી આગળ, બન્ને ટીમમાં કોણ-કોણ છે?




પાકિસ્તાની કેપ્ટન ફાતિમા સના




રેણુકા સિંહ (ડાબે)એ શુક્રવારે ન્યૂ ઝીલૅન્ડ સામે બે વિકેટ લીધી હતી. જોકે કૅપ્ટન હરમનપ્રીત કૌર ફક્ત ૧૫ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી.

દુબઈઃ મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતનો શુક્રવારે ન્યૂ ઝીલૅન્ડ સામે પરાજય થયો એ સાથે સેમિ ફાઇનલમાં પહોંચવાનું ભારતીય ટીમ માટે અત્યારથી મુશ્કેલ તો થઈ જ ગયું, ન્યૂ ઝીલૅન્ડને લાગલગાટ ૧૦ ટી-૨૦માં પરાજય જોયા બાદ ૧૧મી મૅચમાં વિજય માણવા મળી ગયો. હવે રવિવાર, ૬ઠ્ઠી ઑક્ટોબરે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ભારતનો કટ્ટર હરીફ પાકિસ્તાન સામે મુકાબલો છે. આ મૅચ ભારતે જીતવી જ પડશે અને ત્યાર બાદ ૯મી ઑક્ટોબરે એશિયન ચૅમ્પિયન શ્રીલંકાને પણ હરાવવું પડશે, કારણકે ત્યાર બાદ ૧૩મી ઑક્ટોબરે ભારતે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા સામે લોઢાના ચણા ચાવવાના છે એટલે એમાં વિજયની સંભાવના નહીંવત કહેવાય.

પાકિસ્તાન સામેનો રવિવારનો મુકાબલો જીતવો અત્યંત જરૂરી એ માટે છે કે કિવી ટીમ સામેની ૫૮ રનના માર્જિનથી થયેલી હાર બાદ હવે વિમેન ઇન બ્લ્યૂને એક પરાજય પણ પરવડશે નહીં. ભારતનો રન રેટ -૨.૯૯ છે એટલે હરમનપ્રીત કૌર ઍન્ડ કંપનીએ સેમિ ફાઇનલની આશા જીવંત રાખવા મોટા માર્જિનથી પાકિસ્તાન, શ્રીલંકા તથા ઑસ્ટ્રેલિયા સામે વિજય મેળવવો પડશે.

ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતીય ટીમ બૅટિંગ, બોલિંગ અને ફીલ્ડિંગ ત્રણેયમાં નબળી પુરવાર થઈ હતી. બીજી બાજુ, ફાતિમા સનાના સુકાનમાં પાકિસ્તાનની ટીમે શ્રીલંકા સામે ગુરુવારે વિજય મેળવ્યો હતો.

પાકિસ્તાનની ટીમ બે-અઢી દિવસના આરામ બાદ ભારત સામે રમવા આવી રહી છે, જ્યારે ભારતીય ટીમને શુક્રવારના પરાજય બાદ એક જ દિવસનો આરામ મળ્યો છે.

જોકે પાકિસ્તાન સામેની ટી-૨૦માં ઇતિહાસ ભારતની તરફેણમાં છે એટલે હરમનપ્રીતની ટીમ જીતીને ફરી ટૂર્નામેન્ટના મુખ્ય પ્રવાહમાં આવી શકશે. ભારતે પાકિસ્તાનને ૧૫માંથી ૧૨ ટી-૨૦માં હરાવ્યું છે અને ફક્ત ત્રણમાં જ પરાજય જોયો છે. ■

### બન્ને દેશની ટીમ

**ભારતઃ** હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), યસ્તિકા ભાટિયા (વિકેટકીપર), શેફાલી વર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, પૂજા વસ્ત્રાકર, અરુંધતી રેડ્ડી, રેણુકા સિંહ ઠાકુર, દયાલન હેમલતા, આશા શોભના, રાધા યાદવ, શ્રેયંકા પાટીલ અને સજીવન સજના.

**પાકિસ્તાનઃ** ફાતિમા સના (કૅપ્ટન), ગુલ ફિરોઝા (વિકેટકીપર), આલિયા રિયાઝ, ડાયના બેગ, ઇરમ જાવેદ, મુનીબા અલી, નશરા સંધુ, નિદા દર, ઓમઇમા સોહેલ, સદફ શમાસ, સાદિયા ઇકબાલ, સિદરા અમીન, સઇદા શાહ, તસ્મિઆ રુબાબ, તુબા હસન.

# હાર્દિક પંડ્યા પર બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલ ગુસ્સે થયો!




ગ્વાલિયરઃ મર્યાદિત ઓવર્સ માટેની ભારતીય ટીમ આજથી ફરી મેદાન પર આવી રહી છે એટલે પેસ બોલિંગ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા ફરી સક્રિય થઈ રહ્યો છે. જોકે એક અહેવાલ મુજબ નવા બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલની તેની સાથે થોડી ખટપટ થઈ હતી.

રોહિત શર્માના સુકાનમાં બાંગ્લાદેશ સામેની ટેસ્ટ-સિરીઝ ૨-૦થી જીત્યા બાદ ભારત હવે સૂર્યકુમાર યાદવની કૅપ્ટન્સીમાં આજે બાંગ્લાદેશ સામે ગ્વાલિયરમાં પ્રથમ ટી-૨૦ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમશે. ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતને ટ્રોફી અપાવવામાં હાર્દિકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં હાર્દિકના બૉલમાં ડેવિડ મિલર બાઉન્ડરી લાઇનની લગોલગ સૂર્યકુમારના હાથમાં કૅચઆઉટ થયો હતો. સૂર્યાએ આર-પાર જઈને તેનો કૅચ પકડી લીધો હતો.

તાજેતરમાં હાર્દિક પંડ્યાએ રેડ બૉલથી પ્રૅક્ટિસ કરી ત્યારે એવી વાતો વહેતી થઈ હતી કે તે ટેસ્ટ-ક્રિકેટમાં કદાચ પાછો આવી રહ્યો છે. જોકે ભૂતપૂર્વ વિકેટકીપર પાર્થિવ પટેલે સ્પષ્ટતા કરી હતી કે વ્હાઇટ બૉલનો સ્ટૉક નહોતો આવ્યો એટલે હાર્દિકે લાલ બૉલથી પ્રૅક્ટિસ કરવી પડી હતી.

દરમ્યાન ગ્વાલિયરમાં બાંગ્લાદેશ સામેની પ્રથમ ટી-૨૦ પહેલાં હાર્દિકે પ્રૅક્ટિસ સેશનમાં અથાક મહેનત કરી હતી, પરંતુ કહેવાય છે કે મૉર્ની મૉર્કલ તેની બોલિંગથી પૂર્ણપણે સંતુષ્ટ નહોતો. મૉર્કલ ખાસ કરીને તેને બૉલ રિલીઝ કરતી વખતે થોડું ઍડજસ્ટમેન્ટ કરવાની સતત સલાહ આપ્યા કરતો હતો. ■

# સ્ટબ્સની પ્રથમ સેન્ચુરીએ સાઉથ આફ્રિકાને સિરીઝ જિતાડી આપી

અબુ ધાબીઃ સાઉથ આફ્રિકા (૫૦ ઓવરમાં ૩૪૩/૪) સામે આયરલૅન્ડ (૩૦.૩ ઓવરમાં ૧૬૯ રને ઑલઆઉટ)નો શુક્રવારે સતત બીજી વન-ડેમાં પરાજય થયો હતો. એ સાથે, સાઉથ આફ્રિકાએ ત્રણ મૅચની સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી હતી.

ટ્રિસ્ટને સ્ટબ્સે (૧૧૨ અણનમ, ૮૧ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર) પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી ફટકારી હતી અને એ મૅચ-વિનિંગ બની હતી.

પૉલ સ્ટર્લિંગના સુકાનમાં આયરલૅન્ડની ટીમ ૩૦.૩ ઓવરમાં ૧૬૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. એકેય બૅટર ૩૦ રન સુધી પણ નહોતી પહોંચી શકી.

# સંજય માંજરેકરને કૉમેન્ટેટર્સની પૅનલમાંથી તાબડતોબ કાઢી મૂકો, નેટિઝન્સે કરી માગણી

દુબઈઃ અહીં શુક્રવારે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની મૅચ દરમ્યાન ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે એક વિવાદાસ્પદ ટિપ્પણી કરી એ બદલ નેટિઝન્સે તેમને કૉમેન્ટેટર્સની પૅનલમાંથી કાઢી મૂકવાની માગણી કરી છે. કારણ એ છે કે માંજરેકર બોલ્યા હતા કે તેઓ ઉત્તર ભારતના ક્રિકેટરોથી ખાસ કંઈ વાકેફ નથી, તેમના પર તેમનું ખાસ કંઈ ધ્યાન નથી હોતું.

વાત એવી છે કે ભારત અને ન્યૂ ઝીલૅન્ડની મૅચ દરમ્યાન કૉમેન્ટેટર્સ ભારતીય ટીમના ફીલ્ડિંગ-કોચ મુનીશ બાલી વિશે ચર્ચા કરી રહ્યા હતા. ત્યારે માંજરેકરના સાથી કૉમેન્ટેટરે કહ્યું કે બાલી પંજાબના ભૂતપૂર્વ ખેલાડી છે અને તેઓ રમવાનું છોડી દીધા પછી ફીલ્ડિંગ-કોચ બન્યા છે.

આ તબક્કે માંજરેકરે વિવાદાસ્પદ કમેન્ટ કરી હતી. તેમણે કહ્યું, ‘મેં તેમને ઓળખ્યા નહીં, કારણકે સામાન્ય રીતે હું ઉત્તર ભારતના ખેલાડીઓથી બહુ વાકેફ નથી, તેમના પર ખાસ કંઈ ધ્યાન નથી આપતો.’

માંજરેકર સાથી-કૉમેન્ટેટરને જવાબ આપતા બોલ્યા, ‘સૉરી, મૈંને ઉનકો પેહચાના નહીં. નૉર્થ કે પ્લેયર્સ કે સાથ મેરા ઝ્યાદા ધ્યાન નહીં હોતા.’ આ સાંભળતાં જ કેટલાક નેટિઝન્સ માંજરેકર પર ગુસ્સે થયા હતા અને મીડિયામાં આક્ષેપ કર્યો હતો કે માંજરેકર મુંબઈ ક્રિકેટ વિશે બધુ જાણે છે, પણ તેમની સરખામણીમાં દેશના અન્યત્ર ભાગના ખેલાડીઓ વિશે કેમ અજાણ છે?

કેટલાક નેટિઝન્સે માગણી કરી હતી કે માંજરેકરને કૉમેન્ટેટર્સની પૅનલમાંથી તત્કાળ કાઢી મૂકવા જોઈએ. ■

### મુનીશ બાલી કોણ છે?

મુનીશ બાલી ભારતની ડોમેસ્ટિક ક્રિકેટના ટોચના કોચ (પ્રશિક્ષકો)માં ગણાય છે. સૌથી પહેલાં તેમણે પંજાબના જુનિયર ખેલાડીઓને કોચિંગ આપ્યું હતું. ૨૦૦૮માં અન્ડર-૧૯ વર્લ્ડ કપ જીતનારી ભારતીય ટીમમાં વિરાટ કોહલી, રવીન્દ્ર જાડેજા, મનીષ પાન્ડે, સૌરભ તિવારી, પ્રદીપ સંગવાન જેવા જાણીતા ખેલાડીઓ હતા અને મુનીશ બાલીએ એ ટીમના સહાયક કોચ હતા. ભારતે એ વર્લ્ડ કપની ફાઇનલમાં સાઉથ આફ્રિકાને ૧૨ રનથી હરાવ્યું હતું. થોડાં વર્ષ પહેલાં ભારતીય ક્રિકેટ ટીમ આયરલૅન્ડ અને ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસે ગઈ હતી ત્યારે રાહુલ દ્રવિડના મદદનીશ કોચ વીવીએસ લક્ષ્મણના સહાયક કોચ તરીકેની ભૂમિકા બાલીએ ભજવી હતી.

### ભારતે ન્યૂ ઝીલૅન્ડ સામે આંચકો સહેવો પડ્યો

શુક્રવારે દુબઈમાં ભારતનો ન્યૂ ઝીલૅન્ડ સામે ટી-૨૦ વર્લ્ડ કપની મૅચમાં ૫૮ રનથી પરાજય થયો હતો. ન્યૂ ઝીલૅન્ડના ૧૬૦/૪ના સ્કોર બાદ ભારતીય ટીમ ૧૬૧ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ ૧૯ ઓવરમાં ૧૦૨ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી. કૅપ્ટન હરમનપ્રીત કૌરના ૧૫ રન ટીમમાં હાઈએસ્ટ હતા.

કિવી કૅપ્ટન સૉફી ડિવાઇને ૩૬ બૉલમાં સાત ફોરની મદદથી અણનમ ૫૭ રન બનાવ્યા હતા અને પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો હતો. કિવી પેસ બોલર રૉઝમૅરી મેઇરે ૧૯ રનમાં સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી.

# મુંબઈ છેક ૨૭ વર્ષે ઇરાની કપ વિજેતા

## ૧૫મું ટાઇટલ મેળવ્યુંઃ રેસ્ટ આઠ બોલરના આક્રમણ છતાં મુંબઈને નમાવી ન શક્યું, કોટિયનની યાદગાર સેન્ચુરી

લખનઊઃ મુંબઈએ અહીં શનિવારે બપોરે રેસ્ટ ઑફ ઇન્ડિયા સામેની મૅચ ડ્રૉ થતાં પ્રથમ દાવની સરસાઈને આધારે વિજય મેળવ્યો હતો. મુંબઈની ટીમ સૌથી વધુ ૪૨ વખત રણજી ટાઇટલ જીત્યું છે અને ઇરાની કપ નામની પ્રતિષ્ઠિત ટ્રોફી છેક ૨૭ વર્ષ બાદ જીત્યું છે. મુંબઈનું આ ૧૫મું ઇરાની કપ ટાઇટલ છે.

સામાન્ય રીતે ઇરાની કપનો પાંચ દિવસનો મુકાબલો રણજી ચૅમ્પિયન અને રેસ્ટ ઑફ ઇન્ડિયા વચ્ચે થતો હોય છે. મુંબઈ છેલ્લે ૧૯૯૭-’૯૮ની સીઝનમાં ઇરાની કપ જીત્યું હતું. ત્યાર બાદ મુંબઈ આઠ વખત રણજી ચૅમ્પિયન બન્યું હતું, પણ ઇરાની કપમાં એને આઠમાંથી ક્યારેય સફળતા નહોતી મળી. જોકે આ વખતે ખાસ કરીને બૅટર સરફરાઝ ખાન (અણનમ ૨૨૨ રન અને ૧૭ રન), કૅપ્ટન અજિંક્ય રહાણે (૯૭ રન અને ૯ રન), તનુષ કોટિયન (૬૪ રન, ૧૧૪ અણનમ, ૧૦૧ રનમાં ત્રણ વિકેટ)ના તેમ જ શમ્સ મુલાની, મોહિત અવસ્થી, વગેરે બોલર્સના પર્ફોર્મન્સની મદદથી મુંબઈએ ઇરાની કપ જીતવામાં સફળતા હાંસલ કરી.

મુંબઈએ પહેલા દાવમાં ૫૩૭ રન બનાવ્યા હતા જેના જવાબમાં રેસ્ટ ઑફ ઇન્ડિયાએ અભિમન્યુ ઈશ્વરનના ૧૯૧ રન અને વિકેટકીપર ધ્રુવ જુરેલના ૯૩ રનની મદદથી ૪૧૬ રન બનાવ્યા હતા. મુંબઈએ ૧૨૧ રનની સરસાઈ મેળવી હતી જે છેવટે એને ઇરાની કપ ટ્રોફી પોણાત્રણ દાયકે ફરી મેળવવામાં કામ લાગી હતી.

બીજો દાવ મુંબઈએ ૮ વિકેટે બનાવેલા ૩૨૯ રનના સ્કોર પર ડિક્લેર કરી દીધો હતો. ઓપનર પૃથ્વી શૉના ૭૬ રન બાદ પચીસ વર્ષના ઑફ-સ્પિનિંગ ઑલરાઉન્ડર તનુષ કોટિયને રેસ્ટ ઑફ ઇન્ડિયાના આઠ બોલરના આક્રમણ વચ્ચે ૧૫૦ બૉલમાં એક સિક્સર અને દસ ફોરની મદદથી અણનમ ૧૧૪ રન બનાવ્યા હતા. મોહિત અવસ્થી (૫૧ રન, ૯૩ બૉલ, એક સિક્સર, ચાર ફોર) પણ કોટિયન સાથે અણનમ રહ્યો હતો.

મુંબઈએ શુક્રવારની ચોથા દિવસની રમત ૧૫૩/૬ સાથે પૂરી કરી હતી અને છેવટે ૩૨૯/૮ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો. રેસ્ટને ૪૫૦ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ સમયના અભાવ બદલ મૅચને ડ્રૉ જાહેર કરવામાં આવી હતી તેમ જ મુંબઈને વિજેતા ઘોષિત કરાયું હતું. મુંબઈ સામે બીજા દાવમાં રેસ્ટના જે આઠ બોલરે બોલિંગ કરી એની વિગત આ પ્રમાણે છેઃ મુકેશ કુમાર (૩-૦-૨૫-૦), પ્રસિદ્ધ ક્રિષ્ના (૫-૦-૨૬-૦), સારાંશ જૈન (૨૮-૩-૧૨૧-૬), માનવ સુથાર (૨૮-૧-૭૮-૨), યશ દયાલ (૩-૦-૧૦-૦), ઇશાન કિશન (૧-૦-૬-૦), સાઇ સુદર્શન (૬-૦-૨૭-૦) અને દેવદત્ત પડિક્કલ (૪-૦-૧૮-૦). સરફરાઝ ખાનને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ના પ્રમુખ અજિંક્ય નાઇકે ઇરાની કપ જીતવા બદલ મુંબઈની ટીમને અભિનંદન આપ્યા હતા અને એની પ્રશંસા કરી હતી. પીટીઆઇના અહેવાલ મુજબ તેમણે મૅચ પછી કહ્યું, ‘મુંબઈની ટીમે ફરી એકવાર હિંમત, દઢતા અને સંકલ્પશક્તિ બતાવ્યા. ઇરાની કપ જીતવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન.’ ■




ઇરાની કપ વિજેતા મુંબઈની ટીમ (બીસીસીઆઇ)

# રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુએ સરોવરના પ્રૉજેક્ટ પૂરા કર્યા

બેન્ગલૂરુઃ હેડિંગ વાંચીને ઘણાને વિચાર આવ્યો હશે કે આઇપીએલના ફ્રૅન્ચાઇઝી રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ને વળી સરોવર સાથે અને એના પ્રકલ્પ સાથે શું લેવાદેવા!

વાત એવી છે કે અસંખ્ય ક્રિકેટપ્રેમીઓના દિલમાં વસેલા આરસીબીએ સામાજિક કાર્ય કરવાના ભાગરૂપે ઑક્ટોબર ૨૦૨૩માં ‘લેક ઇમ્પ્રુવમેન્ટ વર્ક્સ પ્રૉજેક્ટ’ શરૂ કર્યો હતો. ખાસ કરીને બેન્ગલૂરુમાં પાણીની સમસ્યા હળવી કરવાના હેતુથી આરસીબીએ ‘ગો ગ્રીન’ અભિયાન હેઠળ આ કામ સ્વેચ્છાએ હાથમાં લીધું હતું અને ઇટ્ટગલપુરા તથા સદેનાહલ્લી નામના બે સરોવરને લગતા સુધારાના તેમ જ બાંધકામને લગતા કામો પૂરા કરીને શનિવારે નવા બનાવેલા બન્ને સરોવરની જવાબદારી સ્થાનિક સત્તાવાળાઓને પાછી સોંપી દીધી હતી.

બેન્ગલૂરુમાં ઘણા સમયથી પાણીની સમસ્યા છે. આરસીબીએ ઇન્ડિયા કેર્સ ફાઉન્ડેશન ઍન્ડ ફ્રેન્ડ્સ ઑફ લેક્સ સાથેની ભાગીદારીમાં આ પ્રકલ્પનો અમલ કર્યો હતો.

આરસીબીની દેખરેખમાં ૩૦૦ દિવસ સુધી આ પ્રકલ્પનું કામકાજ ચાલ્યું હતું જે દરમ્યાન જૂની સિલ્ટ (બાંધકામમાં વપરાતી એક પ્રકારની સામગ્રી) તથા માટી દૂર કરવામાં આવી હતી. આ સિલ્ટ અને માટી વાપરવા માટે સ્થાનિક ખેડૂતોને આપી દેવામાં આવી હતી અને નવા સિલ્ટ તથા માટીના ઉપયોગથી પ્રકલ્પ પૂરો કરાયો હતો. આરસીબીએ ૩૦૦૦ છોડ પણ વાવ્યાં હતા એટલે સમય જતાં બન્ને સરોવરની આસપાસ વૃક્ષો જોવા મળશે. સરોવરો જલદી છલકાઈ ન જાય એ માટે એના બન્ડ્સ પહોળા કરવામાં આવ્યા છે. ■

# મહિલા વર્લ્ડ કપમાં શ્રીલંકાની બીજી હાર, ઇંગ્લૅન્ડે બાંગ્લાદેશને હરાવ્યું

શારજાહઃ મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં શનિવારે અહીં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાએ એશિયન ચૅમ્પિયન શ્રીલંકાને છ વિકેટે હરાવીને પોતાની છાપ પ્રમાણે વિજયી શરૂઆત કરી હતી. શ્રીલંકાએ લાગલગાટ બીજી મૅચમાં પરાજય જોયો હોવાથી સેમિ ફાઇનલમાં પહોંચવું એના માટે મુશ્કેલ છે. શ્રીલંકાએ પ્રથમ બૅટિંગ કરી હતી, પણ ચમારી અથાપથ્થુની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ફક્ત ૯૩ રન બનાવી શકી હતી. ઑસ્ટ્રેલિયન પેસ બોલર મેગન શટે ત્રણ વિકેટ લીધી હતી. ઑસ્ટ્રેલિયાએ ૩૫ રનમાં ઑસ્ટ્રેલિયાએ ત્રણ વિકેટ ગુમાવી હતી. જોકે ઓપનર બેથ મૂની (૪૩ રન, ૩૮ બૉલ, ચાર ફોર) ક્રીઝ પર ટકી રહી હતી અને ઍશ્લેઇ ગાર્ડનર (૧૨ રન, ૧૫ બૉલ, એક ફોર) સાથે ચોથી વિકેટ માટે મૅચ-વિનિંગ ૪૩ રનની ભાગીદારી કરી હતી. ઑસ્ટ્રેલિયાએ ૧૪.૨ ઓવરમાં ચાર વિકેટે ૯૪ રનના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો. શનિવારે શારજાહની જ બીજી મૅચમાં ઇંગ્લૅન્ડે (૧૧૮/૭)નો બાંગ્લાદેશ (૯૭/૭) સામે ૨૧ રનથી વિજય થયો હતો. ■





**શૂટર મનુ ભાકરનું પહેલી વાર વોટિંગઃ** (ડાબે) પૅરિસ ઑલિમ્પિક્સમાં નિશાનબાજીમાં બે બ્રૉન્ઝ મેડલ જીતનાર હરિયાણાની મનુ ભાકરે શનિવારે પહેલી વાર વોટ આપ્યો હતો. તે પરિવાર સાથે મતદાન માટે હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી માટે ચરખી દાદરી વિસ્તારના મતદાન મથકમાં આવી હતી. (જમણે) હરિયાણાના આ જ વિસ્તારમાં ભૂતપૂર્વ કુસ્તીબાજ અને ભાજપની નેતા બબીતા ફોગાટે પણ વોટિંગ કર્યું હતું. (પીટીઆઇ) ■

# અમેરિકાની આર્થિક વૃદ્ધિની ચિંતા હળવી થઈ, પરંતુ મધ્ય પૂર્વના દેશોનો તણાવ યથાવત્ રહેતાં સપ્તાહના અંતે સોનામાં સાધારણ પીછેહઠ

ગત સપ્તાહ દરમિયાન વૈશ્વિક બજારમાં સોનામાં ખાસ કરીને મધ્ય પૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ વધુ વકરવાની ભીતિ હેઠળ સોનામાં ઝડપી તેજીનું વલણ જોવા મળ્યા બાદ ગત શુક્રવારે મોડી સાંજે અમેરિકાના રોજગારીના ડેટા પ્રોત્સાહક આવતા અમેરિકાની આર્થિક વૃદ્ધિની ચિંતા હળવી થવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સપ્તાહના અંતે સોનામાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હતો, પરંતુ મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધવાની ભીતિ હેઠળ સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળતા ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં વિતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલો સાથે સોનામાં તેજીનું વલણ જોવા મળ્યું હતું, પરંતુ ઊંચા મથાળેથી માગ રૂંધાઈ ગઈ હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંતે અથવા તો ગત ૨૭મી સપ્ટેમ્બરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૭૫૦ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને રૂ. ૭૫,૫૮૪ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૭૫,૧૯૭ અને ઉપરમાં રૂ. ૭૬,૦૮૨ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૨૧૪ અથવા તો ૦.૨૮ ટકા વધીને રૂ. ૭૫,૯૬૪ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, સપ્તાહ દરમિયાન ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી એકંદરે રિટેલ સ્તરની માગ એકંદરે પાંખી રહી હતી.

એકંદરે આગામી સપ્તાહના અંતે ૧૨મી ઑક્ટોબરે દશેરાનો તહેવાર હોવાથી રિટેલ માગમાં સુધારો થવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે, પરંતુ જો આગામી સપ્તાહ દરમિયાન પણ સોનામાં તેજીનું વલણ જળવાઈ રહે તો માગ પર માઠી અસર પડે તેવી ભીતિ જ્વેલરો સેવી રહ્યા છે. વધુમાં તેજીના માહોલમાં જ્વેલરી ઉત્પાદકોની પણ માગ મર્યાદિત રહેતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૧ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આગલા સપ્તાહે ડિસ્કાઉન્ટ ૧૯ ડૉલરની સપાટીએ રહ્યું હતું. તાજેતરની તેજીને પગલે આગામી દશેરા, ધનતેરસ અને દિવાળીના તહેવારોની સંભવિત માગ અંગે જ્વેલરોનો વિશ્વાસ ડગમગી ગયો હોવાથી તેઓ સ્ટોકમાં વૃદ્ધિ પણ અત્યંત ધીમી ગતિએ કરી રહ્યા હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું. વધુમાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે ગોલ્ડન વીક હોલિડે નિમિત્તે બજાર બંધ રહી હોવા છતાં ઊંચા મથાળેથી રિટેલ સ્તરની




માગ શુષ્ક રહી હોવાના અહેવાલ હતા. તેમ જ ગ્રાહકલક્ષી માગ નિરસ રહેતાં ચીન ખાતે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ સાતથી ૧૬ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. વધુમાં હૉંગકૉંગ અને સિંગાપોર ખાતે ઊંચા મથાળેથી હાજર સોનામાં ખરીદીમાં ખાસ રસ જોવા નથી મળી રહ્યો, એમ વિન્ગ ફંગ પ્રીસિયસ મેટલ્સના ડીલિંગ હેડ પીટર ફંગે જણાવ્યું હતું.

દરમિયાન ગત સપ્તાહના અંતે શુક્રવારે અમેરિકા ખાતે રોજગારીનાં ડેટા પ્રોત્સાહક આવતા બેરોજગારીનો દર પણ ઘટીને ૪.૧ ટકાની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ સાથે અમેરિકી અર્થતંત્રમાં મંદી જોવા મળે તેવી ભીતિ દૂર થતાં ડૉલર ઈન્ડેક્સ વધીને સાત સપ્તાહની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ આર્થિક મંદીની ચિંતા દૂર થતાં ફેડરલ રિઝર્વ આગામી ૬-૭ નવેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં મોટો કાપ મૂકવામાં આવે તેવી શક્યતા વધુ ધૂંધળી બનતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હતો. જેમાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૪૯.૬૯ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૨૬૬૭.૮૦ ડૉલરના મથાળે રહ્યા હતા.

જોકે, ઈરાન-ઈઝરાયલ વચ્ચે તંગદીલી વધવાની ભીતિ યથાવત્ રહી હોવાથી સોનામાં સલામતી માટેની માગનો ટેકો જળવાઈ રહેતાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર સપ્તાહના અંતે અમેરિકાના પૅ રૉલ ડેટાની જાહેરાત પૂર્વે ટ્રેડરો ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા હતા, પરંતુ પૅ રૉલ ડેટાની જાહેરાત પશ્ચાત્ આ શક્યતા શૂન્યના સ્તરે પહોંચી હતી. આગામી સમયગાળામાં મધ્ય પૂર્વનાં દેશોમાં ખાસ કરીને ઈરાન અને ઈઝરાયલ સહિત મધ્ય પૂર્વનાં દેશોમાં પ્રવર્તી રહેલા રાજકીય-ભૌગોલિક તણાવની સ્થિતિની સોનાના ભાવ પર અસર જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં બ્લ્યુ લાઈન ફ્યુચર્સનાં ચીફ માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ફિલિપ સ્ટ્રેબલને જણાવતાં ઉમેર્યું હતું કે જો રાજકીય-ભૌગોલિક તણાવની સ્થિતિ વધુ વણસે તો સોનાના ભાવ પુનઃ વધીને વિક્રમ સપાટીએ પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરતાં એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે ઉમેર્યું હતું કે હાલમાં વૈશ્વિક સોનાના ભાવ પર મુખ્યત્વે ઈરાન-ઈઝરાયલ વચ્ચેનાં તણાવની અસર રહેતાં કૉમેક્સ વિભાગ પર સોનાના વાયદામાં ભાવ ઔંસદીઠ ૨૬૯૦ ડૉલર આસપાસની સપાટીએ પ્રવર્તી રહ્યા છે અને જો ભાવ ઔંસદીઠ ૨૭૨૦ ડૉલરની પ્રતિકારક સપાટી કુદાવે તો ભાવ વધીને ૨૭૮૦થી ૨૮૨૦ ડૉલર સુધી પહોંચી શકે તેમ છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ માટે ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪,૮૦૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને રૂ. ૭૮,૧૦૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

# મધ્ય પૂર્વમાં યુદ્ધનું જોખમઃ ક્રૂડતેલમાં સાપ્તાહિક ધોરણે એક વર્ષનો સૌથી મોટો ઉછાળો

ન્યૂ યોર્કઃ મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધનું જોખમ સપાટી પર આવતા સપ્તાહના અંતે ગત શુક્રવારે ક્રૂડતેલમાં આગઝરતી તેજી જળવાઈ રહેતાં સાપ્તાહિક ધોરણે ભાવમાં એક વર્ષનો સૌથી મોટો ઉછાળો આવ્યો હતો. જોકે, અમેરિકી પ્રમુખ જો બિડેને ઈઝરાયલને ઈરાનના તેલ મથકો પર હુમલો કરવા માટે હતોત્સાહિત કર્યું હોવાના નિર્દેશોને કારણે તેલમાં મોટો ઉછાળો અટક્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર ગત સપ્તાહના અંતે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૬ ટકા અથવા તો ૪૩ સેન્ટ વધીને બેરલદીઠ ૭૮.૦૫ ડૉલરના મથાળે અને વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ્ (ડબ્લ્યુટીઆઈ) વાયદામાં ભાવ ૬૭ સેન્ટ અથવા તો ૦.૯ ટકા વધીને બેરલદીઠ ૭૪.૩૮ ડૉલરના મથાળે રહ્યા હતા. જોકે, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સાપ્તાહિક ધોરણે જાન્યુઆરી ૨૦૨૩ પછીનો સૌથી મોટો આઠ ટકાનો ઉછાળો



આવ્યો હતો, જ્યારે ડબ્લ્યુટીઆઈ વાયદામાં માર્ચ, ૨૦૨૩ પછીનો સૌથી મોટો ૯.૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ઈઝરાયલે એક સપ્તાહ પૂર્વે ઈરાન સમર્થિત હિઝબુલ્લાનાં નેતાની હત્યા કર્યા બાદ ગત મંગળવારે ઈરાને ઈઝરાયલ પર મિસાઈલોનો મારો કર્યો હોવાથી ઈઝરાયલે ઈરાન પર હુમલો કરવાના સોગંદ લીધા હતા. તેથી આ ઘટનાક્રમને તેલ ઉદ્યોગના વિશ્લેષકોએ ગ્રાહકોને મધ્ય પૂર્વના દેશોમાં વ્યાપક યુદ્ધની સંભવિત અસર અંગે ચેતવણી આપતા ક્રૂડતેલમાં તેજીના મંડાણ થયા હતા. જોકે, ઈઝરાયલ ઈરાનની તેલ સુવિધાઓ પર હુમલો કરવાનું ટાળશે તેમ છતાં હાલમાં વૈશ્વિક સ્તરે તેલના નીચા સ્ટોકની સ્થિતિ અને ઈરાન-ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષનો ઉકેલ ન આવે ત્યાં સુધી તેલના ભાવમાં સુધારો જોવા મળશે, એમ જેપી મોર્ગનના કૉમૉડિટી વિશ્લેષકોએ એક નોટ્સમાં જણાવ્યું હતું. વધુમાં શિપ ટ્રેકિંગ સર્વિસીસ કેપ્લરને ટાંકતા નોટ્સમાં ઉમેર્યું હતું કે ગત સાલ તેલનો સ્ટોક ૪.૪ અબજ બેરલ હતો, ત્યારે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૯૨ ડૉલર આસપાસ હતા અને હાલમાં તેલનો સ્ટોક ગત સાલની સરખામણીમાં ઓછો છે. વધુમાં બ્રોકરેજ સ્ટોન એક્સ દ્વારા આગાહી કરવામાં આવી છે કે જો ઈરાનના તેલનાં માળખાને લક્ષ્યાંકિત કરવામાં આવે તો તેલના ભાવમાં બેરલદીઠ ત્રણથી પાંચ ડૉલરનો ઉછાળો આવે તેવી શક્યતા નકારી ન શકાય. ઈરાન ઓપેક અને સહયોગી દેશોનું સભ્ય છે અને વૈશ્વિક ઉત્પાદનમાં ત્રણ ટકા અથવા તો પ્રતિદિન ૩૨ લાખ બેરલનો હિસ્સો ધરાવે છે. જો ઈરાન તરફથી પુરવઠો ખોરવાય તો અન્ય સભ્ય દેશોને ઉત્પાદન વધારવા માટે મંજૂરી આપવામાં આવે અને તેલના વધતા ભાવને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧૨.૫૮૮ અબજ ડૉલરનો ઉછાળો

મુંબઈઃ ગત ૨૭મી સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧૨.૫૮૮ અબજ ડૉલર ઉછળીને નવી ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૮૩૮ અબજ ડૉલર વધીને ૬૯૨.૨૯૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી. વિદેશી હૂંડિયામણની અનામતમાં જોવા મળેલો ૧૨.૫૮૮ અબજ ડૉલરનો આ ઉછાળો અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો હોવાની સાથે સાથે સૌ પ્રથમ વખત અનામતે ૭૦૦ અબજ ડૉલરની સપાટી કુદાવી છે. સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧૦.૪૬૮ અબજ ડૉલર વધીને ૬૧૬.૧૫૪ અબજ ડૉલરના સ્તરે રહી હતી. વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સમીક્ષા હેઠળના સપ્તાહમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવા અન્ય મહત્ત્વના ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને ધ્યાનમાં લેવાતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૨.૧૮૪ અબજ ડૉલર વધીને ૬૫.૭૯૬ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ પણ ૮૦ લાખ ડૉલર વધીને ૧૮.૫૪૭ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા, પરંતુ ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ સાથેની અનામત ૭.૧ કરોડ ડૉલર ઘટીને ૪.૩૮૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

# ટીનમાં સ્ટૉકિસ્ટોની વેચવાલીએ પીછેહઠ, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં મુખ્યત્વે ટીનમાં સતત ત્રણ સત્રની તેજીને બ્રેક લાગી હતી અને સ્ટૉકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. સાતનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપરની અમુક વેરાઈટીઓના ભાવ કિલોદીઠ રૂ. એકથી બે ઘટી આવ્યા હતા. તેમ જ ઝિન્ક સ્લેબ, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ટીનમાં સતત ત્રણ સત્રમાં કિલોદીઠ રૂ. ૨૭ની તેજી આવ્યા બાદ આજે સ્ટૉકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. સાતના ઘટાડા સાથે રૂ. ૨૯૩૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૮૧૩ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૨૩ અને રૂ. ૭૫૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૯૨, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૮૬ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૫૧ના મથાળે રહ્યા હતા, જ્યારે આ સિવાયની તમામ ધાતુઓમાં ખપપૂરતા કામકાજો રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# નવી મુંબઈમાં જેમ, જ્વેલરી પાર્કમાં નિકાસકારોને સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિને જ્વેલરોનો આવકાર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે નવી મુંબઈમાં ઈન્ડિયા જ્વેલરી પાર્ક અંતર્ગત જગ્યાના પહેલા લીઝ અને સબ લીઝ પર વસૂલવામાં આવતી સ્ટેમ્પ ડ્યૂટીમાંથી માફી આપવાના લીધેલા નિર્ણયને જેમ્સ અને જ્વેલરી નિકાસકારોએ આવકાર્યો છે. સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ થકી બિઝનૅસમાં માત્ર નાણાકીય ભારણ હળવું થતાં માત્ર રોકાણો જ પ્રોત્સાહિત નહીં થાય, પરંતુ આ ક્ષેત્રની વૃદ્ધિ પણ થશે, એમ જેમ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન વિપુલ શાહે એક યાદીમાં જણાવ્યું છે.

મહારાષ્ટ્ર સરકારે ગત ૨૫મી સપ્ટેમ્બરે જાહેર કરેલા ગેઝેટમાં જણાવ્યું હતું કે જ્વેલરી ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવા તેમ જ ઈન્ડિયા જ્વેલરી પાર્કના વિકાસને પ્રોત્સાહિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગેઝેટ અનુસાર મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (એમઆઈડીસી) અને ઈન્ડિયા જ્વેલરી પાર્ક વચ્ચેની જમીનની પહેલી લીઝ પર તેમ જ પાર્ક અંતર્ગતનાં સબ લીઝ (પેટા લીઝ) પરની સ્ટેમ્પ ડ્યૂટી સરકારે સંપૂર્ણપણે માફ કરી છે. આ માફીનો લાભ ઈન્ડિયા જ્વેલરી પાર્ક અંતર્ગતના તમામ માન્યતાપ્રાપ્ત એકમોને મળશે. ઈન્ડિયા જ્વેલરી પાર્ક જ્વેલરી ઈન્ડિયા જ્વેલરી પાર્ક જ્વેલરી મેન્યુફેક્ચરિંગનાં પરિપ્રેક્ષ્યને બદલવા માટે સજ્જ છે. જે નવીનતાસભર ઉત્પાદન અને વેપાર માટે અત્યાધુનિક હબ બનાવવાની સાથે નિકાસમાં પણ નોંધપાત્ર વધારો થશે અને રોજગારોનું પણ સર્જન કરવાની સાથે વિશ્વભરનું ભારતીય કલાકારીગીરી તરફ ધ્યાન આકર્ષિત થશે. સરકારના ટેકા સાથે આ પાર્ક ભારતને જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગમાં વૈશ્વિક અગ્રણી બનાવવાના અમારા ધ્યેયને હાંસલ કરવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવશે.

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે ખાસ કરીને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તેમ જ સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચથી ૧૫નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે હાજરમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટૉકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૨થી ૩૮૨૬માં ટકેલા ધોરણે થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ



ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૩૮૦૨થી ૩૯૫૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તેમ જ સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ અને ઉપલા મથાળેથી રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૬૭૦થી ૩૭૨૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૭૬૦થી ૩૮૨૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સપ્ટેમ્બર મહિનાનો સર્વિસીસ પીએમઆઈ આંક ૧૦ મહિનાની નીચી સપાટીએ

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બર મહિનામાં દેશની સર્વિસીસ ક્ષેત્રની વૃદ્ધિ એકંદરે જળવાઈ રહેવા છતાં માગ નબળી પડવાને કારણે વૃદ્ધિ ૧૦ મહિનાની નીચી સપાટીએ રહી હોવાનું એક સર્વેક્ષણમાં જણાવાયું છે.

ગત સપ્ટેમ્બર મહિનાનો સ્ટાન્ડર્ડ ઍન્ડ પૂઅર્સ ગ્લોબલ એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ મૅનૅજર્સ ઈન્ડેક્સ જે ઑગસ્ટ મહિનામાં પાંચ મહિનાની ઊંચી ૬૦.૯ની સપાટીએ રહ્યો હતો તેની સામે ઘટીને ૧૦મહિનાની નીચી ૫૭.૭ની સપાટીએ રહ્યો હતો. જોકે, આ જાહેરાત પૂર્વે સપ્ટેમ્બર મહિનાનો સર્વિસીસ પીએમઆઈ આંક ૫૮.૮ આસપાસ રહેવાનો અંદાજ મુકાઈ રહ્યો હતો.

દરમિયાન ગત સપ્ટેમ્બર મહિનામાં સર્વિસીસ અને ઉત્પાદન ક્ષેત્રે માગ નબળી પડવાને કારણે એચએસબીસી ઈન્ડિયા કમ્પોઝિટ આઉટપૂટ ઈન્ડેક્સ (સંયુક્તાંક) જે ઑગસ્ટ મહિનામાં ૬૦.૭ના સ્તરે હતો તે ઘટીને ૫૮.૩ની સપાટીએ રહ્યો હોવાનું સર્વેક્ષણમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪માં પહેલી વખત આ બિઝનૅસ એક્ટિવિટી ઈન્ડેક્સ ૬૦ની નીચેની સપાટીએ રહ્યો હોવાનું એચએસબીસીના ભારતના મુખ્ય અર્થશાસ્ત્રી પ્રાંજુલ ભંડારીએ એક નોટ્સમાં જણાવતાં ઉમેર્યું હતું કે સપ્ટેમ્બર મહિનાના આંકમાં ઘટાડો થયો હોવા છતાં લાંબાગાળાની સરેરાશ કરતાં ઘણી ઊંચી સપાટીએ રહ્યો છે. સામાન્યપણે ૫૦ની ઉપરનો આંક જે તે ક્ષેત્રમાં સુધારાનો અને ૫૦ની નીચેનો આંક ઘટાડાનો નિર્દેશ આપતો હોય છે. જોકે, છેલ્લાં ત્રણ વર્ષ કરતાં વધુ સમયગાળાથી સર્વિસીસ પીએમઆઈ આંક ઘટાડામાંથી બહાર આવીને વિસ્તરણના પંથે રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

એકંદરે ગત સપ્ટેમ્બર મહિનામાં આંતરરાષ્ટ્રીય માગ સૌથી ધીમી ગતિએ વૃદ્ધિ પામી હોવાથી ઈન્ડેક્સ ઘટીને ગત નવેમ્બર પછીની નીચી સપાટીએ રહ્યો હતો. તેમ છતાં આંક ઐતિહાસિક સરેરાશ કરતાં ઉપર રહ્યો છે.

સર્વેક્ષણમાં જણાવ્યાનુસાર ઑગસ્ટ મહિનાની સરખામણીમાં સપ્ટેમ્બર મહિનામાં ખાદ્યચીજો અને મટિરિયલના ભાવમાં વધારો થવાથી ખર્ચમાં વધારો થયો છે. જોકે, કંપનીઓએ ક્લાયન્ટો પર ભાવવધારો ફેબ્રુઆરી ૨૦૨૨ પછીની સૌથી ધીમી ગતિએ પસાર કર્યો હોવાનું ભંડારીએ જણાવતા ઉમેર્યું હતું કે ધીમી ગતિએ ભાવવધારો પસાર કરવાને કારણે સર્વિસીસ કંપનીઓના માર્જિન સંકડાઈ ગયા છે.

# બીજા ત્રિમાસિકગાળામાં વેદાન્તાના ઉત્પાદનમાં વધારો

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકગાળામાં દેશની અગ્રણી ખનનકર્તા કંપની વેદાન્તા લિ.ના એલ્યુમિનિયમ, ઝિન્ક અને આયર્ન ઑરના ઉત્પાદનમાં વધારો થયો છે. જોકે, સ્ટીલ, દરિયાપારમાં ખનન થયેલી ધાતુ અને ઑઈલ તથા ગૅસના ઉત્પાદનમાં ઘટાડો થયો હોવાનું કંપનીએ એક યાદીમાં જણાવ્યું છે.

કંપનીએ બૉમ્બે સ્ટોક એક્સચેન્જને આજે એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે ગત સપ્ટેમ્બર મહિનાના અંતે પૂરા થયેલા બીજા ત્રિમાસિકગાળામાં એલ્યુમિનિયમનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ત્રણ ટકા વધીને ૬,૦૯,૦૦૦ ટન રહ્યું હતું, તેમ જ ઝિન્ક ઈન્ડિયાનું સેલેબલ મેટલનું ઉત્પાદન ૨,૪૧,૦૦૦ ટન સામે વધીને ૨,૬૨,૦૦૦ ટનના સ્તેર રહ્યું છે.

વધુમાં ઝિન્ક ઈન્ટરનેશનલનું ખનન થયેલી ધાતુનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૬૬,૦૦૦ ટન સામે ૩૪ ટકા ઘટીને ૪૪,૦૦૦ ટનના સ્તરે રહ્યું હતુ, જ્યારે ઑઈલ અને ગૅસનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૧,૩૪,૧૦૦ બીઓઈપીડી (પ્રતિદિન બેરલ ઑફ ઑઈલ ઈક્વિવેલન્ટ) સામે બાવીસ ટકા ઘટીને ૧,૦૪,૯૦૦ બીઓઈપીડી રહ્યું હતું. જોકે, સેલેબલ આયર્ન ઑરનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૧૨ લાખ ટન સામે વધીને ૧૩ લાખ ટનના સ્તરે રહ્યું હતું.

આમ આ સમયગાળામાં કુલ સેલેબલ સ્ટીલનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાની તુલનામાં ૨૨ ટકા ઘટીને ૨,૯૬,૦૦૦ ટન અને પાવરનું વેચાણ સાત ટકા વધીને ૪૩૨.૨ કરોડ યુનિટ (૪૦૪.૭ કરોડ યુનિટ)ના સ્તરે રહ્યું હતું.

કંપનીએ જણાવ્યું હતું કે આ સમયગાળામાં ખાસ કરીને સ્ટીલ મેલ્ટિંગ શોપની સમસ્યાઓ દૂર કરવા અને ઑક્સિજન પ્લાન્ટની જાળવણી માટે એકમો યોજનાકીય ધોરણે બંધ રાખવામાં આવ્યા હોવાથી ઉત્પાદન પર માઠી અસર પડી છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે વેદાન્તા લિ.એ કુદરતી સ્રોતની વૈશ્વિક અગ્રણી વેદાન્તા રિસોર્સિસ જૂથની પેટા કંપની છે. વેદાન્તા રિસોર્સિસની પેટા કંપનીઓ ભારત સહિત દક્ષિણ આફ્રિકા, નામિબિયા, લાઈબેરિયા, યુએઈ, કોરિયા, તાઈવાન, જાપાન જેવા દેશોમાં ફેલાયેલી છે.

# પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

### જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના ઑક્ટોબર, ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૬૫ સેન્ટનો, ૫૬ સેન્ટનો અને ૪૯ સેન્ટનો ઘટાડો આવ્યાના નિર્દેશો છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડન એગ્રી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦થી ૧૩૦૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૦૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો અને માત્ર સેલરિસેલ ધોરણે આરબીડી પામોલિનના છૂટાછવાયા વેપાર થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડ અને સનરિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે રાજસ્થાનનાં મથકો પર સરસવની અંદાજે ૧,૪૦,૦૦૦ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૦૨૫થી ૭૦૫૦માં થયા હતા, જ્યારે સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૨ અને રૂ. ૧૪૬૨માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૬૦૦થી ૨૬૦૫માં થયા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાબીનની ૧.૫૦ લાખ ગૂણીની આવક હતી, જેમાં ૭૫ ટકા નવાં માલની અને ૨૫ ટકા જૂના માલની આવકો હતી અને મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૫૦થી ૪૭૫૦માં થયાના અહેવાલ હતા.

## સંસ્થા સમાચાર

### પૂ. ધીરગુરુદેવના સાંનિધ્યે ૨૭ ઓક્ટોબરના દીક્ષાર્થી દર્શનકુમારની શોભાયાત્રા-સન્માન



શ્રી કમાણી જૈન ભવન ખાતે દેસાઈ ધર્માલયમાં પૂ.શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે તા. ૧૩-૧૦ ને રવિવારે સવારે ૯.૦૦થી ૧૦.૩૦ કલાકે પૂ. જયંતમુનિ મ.સા.નો અવતરણ દિન સમૂહ સામાયિકથી ઉજવાશે.

જ્યારે તા. ૨૭-૧૦ના રવિવારે સવારે દીક્ષાર્થી દર્શનકુમાર દીપકભાઈ માલવણીયા (ઉં. વ. ૧૮)ની શોભાયાત્રા અને સમસ્ત કલકત્તા સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે સન્માન સમારોહ યોજાયેલ છે.

પૂ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં અલ્પના પિયુષ ઉદાણી, શિલ્પા ચેતન ગોયાણી વગેરેનું અભિવાદન કરવામાં આવેલ.

થાણામાં મહાનગરપાલિકા અને નાના પાલકર સ્મૃતિ સમિતિ સંચાલિત ક્વેસ્ટ ફાઉન્ડેશન ડાયાલિસિસ સેન્ટરમાં ૧૧ મશીન કાર્યરત છે. બીનાબેન અજયભાઈ શેઠ તરફથી ૧ કરોડનું અનુદાન અર્પણ કરાયેલ છે. ■

## મીરા-ભાયંદરમાં ૬૫ કરોડના ખર્ચે બનશે ગ્લાસ સ્કાયવોક



મુંબઈ: રાજ્ય સરકારના અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ (યુડીડી) ૨૦૨૬ સુધીમાં મુંબઈ અને થાણેને જોડતા શહેરમાં એક નવું ટુરિસ્ટ સ્થળ તૈયાર કરવાની પહેલ કરી રહ્યો છે. કાશીમીરા નજીક ઘોડબંદર સ્થિત ભવ્ય કિલ્લા શિવ-શ્રુતિ એક પહાડી કિલ્લા સાથે ખાડીના કિનારાને એકીકૃત જોડતા એક બ્રિજનું બાંધકામ કરવામાં આવશે. આ બ્રિજ ગ્લાસ સ્કાયવોક (ગ્લાસ બોટમ બ્રિજ) બનાવવા માટે સરકારે ૬૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

આમાંનો મોટો ભાગ અંદાજે એક કિલોમીટર લાંબો અને છ મીટર પહોળો છે જેને અનન્ય રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે. ખીણનાં પાણી અને નીચેના લેન્ડસ્કેપનું અપ્રતીમ દૃશ્ય નિહાળી શકાય એ માટે અનોખી રીતે ડિઝાઈન કરાયેલી સ્ટ્રડી રેલિંગ અને તળિયે સખત ટેમ્પર્ડ સેફ્ટી ગ્લાસમાંથી બનાવવામાં આવી છે.

આ ગ્લાસ બ્રિજ મહત્ત્વાકાંક્ષી વોટરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના બીજા તબક્કા સાથે એક લાઈનમાં અનુરૂપ કરવામાં આવશે, જે શિવસેનાના વિધાનસભ્ય પ્રતાપ સરનાઈક દ્વારા થાણેમાંની ખીણ સાથે સમાન એક લાઈન સાથે જોડવામાં આવશે. ■

## ભારતની સંસ્કૃતિ, અસ્મિતાની ઉજવણી એટલે પાટીદાર નવરાત્રિ જલસો-૨૦૨૪

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ





પાટીદાર સ્વજન, શ્રી વિલેપાર્લે પાટીદાર મંડળ દ્વારા યોજાયેલી સહારા સ્ટાર નવરાત્રિ-૨૦૨૪ની ત્રીજા દિવસની શરૂઆત માતા ચંદ્રઘંટાની આરાધના સાથે કરાઇ હતી. માતાજીનું ત્રીજું સ્વરૂપ એટલે મા ચંદ્રઘંટા. માતાનું આ સ્વરૂપ શાંત અને કલ્યાણકારી હોય છે. તેમના મસ્તિષ્ક પર ઘંટ આકારનું ચંદ્ર હોય છે તેથી તેમને ચંદ્રઘંટા નામથી ઓળખવામાં આવે છે. તેમના દસ હાથ હોય છે જેમાં ખડગ જેવાં શસ્ત્ર અને બાણ જેવાં અસ્ત્ર વિભૂષિત હોય છે. તેમનું વાહન સિંહ હોય છે. ત્રીજો દિવસ રાખોડી હતો, પરંતુ પહેલી વાર નવરાત્રિ જલસામાં રાખોડી રંગના આટલા શૅડ હોઇ શકે એ જોવા મળ્યા હતા.

નવરાત્રિ એ આદ્યશક્તિની આરાધનાનો તહેવાર છે અને નવરાત્રિ ફક્ત ગુજરાતી પૂરતી જ સીમિત ન રહેતાં દેશના અનેક પ્રાંતમાં, અનેક ભાષામાં તેની સંસ્કૃતિ અને અસ્મિતા મુજબ ઊજવવામાં આવે છે. વિવિધતામાં એકતા સમાન આપણા દેશની સંસ્કૃતિ જો એક સાથે ક્યાંય જોવા મળતી હોય તો તે છે સહારા સ્ટાર નવરાત્રિ જલસો, ૨૦૨૪માં. આ તમામ સંસ્કૃતિ, અસ્મિતા અને પરંપરા અહીં નિભાવવામાં આવે છે. આ જ કારણે સહારા સ્ટાર નવરાત્રિ જલસો, ૨૦૨૪ માત્ર ગુજરાતીઓમાં જ નહીં પણ અન્ય ભાષી લોકોમાં પણ પ્રચલિત બની ગઇ છે. રોજેરોજ વિવિધ સમાજના અગ્રણીઓ પણ અહીં હાજરી નોંધાવે છે.

સહારા સ્ટારમાં બીજે દિવસે અનેક માનવંત મહાનુભાવોએ હાજરી આપી હતી, જેમાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનાં પુત્રી દીવિજા ફડણવીસ પણ આવ્યાં હતાં. દીવિજા પણ દિલખોલીને ગરમે ઝૂમ્યા હતા. ત્રીજા નોરતે ‘તારક મહેતા કા ઊલટાં ચશ્માં’ના નિર્દેશક આસિત મોદીએ નવરાત્રિ જલસોમાં હાજર રહીને ખેલૈયાઓમાં ઉત્સાહ વધાર્યો હતો. કોલ્ડપ્લેને પણ ભુલાવી દે એવો જલસો પાટીદાર નવરાત્રિ જલસોમાં જોવા મળ્યો.

સહારા સ્ટાર હૉટેલના સફાયર બેન્કવેટમાં નવરાત્રિ જલસો-૨૦૨૪ પ્રથમ દિવસથી સુપરડુપર સફળ રહ્યો છે. ખેલૈયાઓ નવલા ઉત્સાહ અને આનંદથી જાણે ઝૂમતા જ રહે તેવા કેટલાક નવા ગરબા આ વર્ષે ઉમેરાયા છે. આગામી દિવસોમાં વધુ મુંબઈગરાઓ અહીં સંપૂર્ણ જોશથી ઊમટી પડશે તેવા અણસાર દેખાઇ રહ્યા છે.

નવરાત્રિ જલસો-૨૦૨૪ની વધુ એક ખાસિયત એ છે કે આયોજક ભાર્ગવભાઈ પટેલ અને જગત કિલ્લાવાલાનું દરરોજ સ્થળ પર આવીને વ્યક્તિગત રીતે એટેન્શન આપવું, અહીં સ્થાપિત ઝાઝરમાન માનું મંદિર, માનવંતા મહેમાનો માટે બેઠક વ્યવસ્થા આંજી દે એવું છે અને અહીં આવતા મહેમાનોએ આયોજકોના આયોજન બદલ અભિનંદન આપતાં જણાવ્યું હતું કે ઘણી મેગા નવરાત્રિ આયોજનની મહેમાનગતિ માણી છે, પણ નવરાત્રિ જલસો-૨૦૨૪ જેવી સગવડતા ક્યાંય માણી નથી.

ખેલૈયાઓ માટે સૌથી ટેન્શન ફ્રી સમાચાર એ છે કે અહીં સમયની મર્યાદા નથી. રાત્રે ૧.૩૦ સુધી તમે મનમૂકીને ઝૂમી શકો છો. અને હા, આયોજનનું સ્થળ ઈન્ડોર હોવાથી વાતાનુકૂલિત વાતાવરણ હશે અને તમને પરસેવો પણ નહીં થાય તેમ જ તમને વરસાદની કોઇ ચિંતા નહીં રહે. ■


## મુંબઈ સમાચાર

દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે

બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા

રોજેરોજ ઈનામોની વણઝાર

રમો, ઝૂમો અને જીતો

૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર

મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં આઠ સેન્ટરોમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે. મુંબઈ સમાચાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા પ્રોફેશનલ જજ દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. જજોનો નિર્ણય આખરી રહેશે.

***

મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી અને ગિફ્ટ એનાયત કરવામાં આવશે. વિજેતાઓને તેમનાં ઈનામો ફાઈનલને દિવસે મળશે.

ચોથું નોરતું

પર્પલ બ્લુ રેડિયન્સ દાંડિયા, જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર, બીકેસી, બાંદ્રા (પૂ.)

આજના જજ :

અજિત બાગવે, પુનિતા હિરાની, ટીના કોઠારી અને પ્રશાંત ચોસલિયા

આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.

ફાઈનલ શુક્રવાર, તા. ૧૧-૧૦-૨૦૨૪

કેટેગરી

ખેલૈયાઓની ઈંતેજારીનો અંત

| | | | |
|---|---|---|---|
| ૧) ફર્સ્ટ બેસ્ટ મેલ ડાન્સર | ૧) ફર્સ્ટ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૧) ફર્સ્ટ બેસ્ટ ડાન્સર બોય | ૧) ફર્સ્ટ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૨) સેકન્ડ બેસ્ટ મેલ ડાન્સર | ૨) સેકન્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૨) સેકન્ડ બેસ્ટ ડાન્સર બોય | ૨) સેકન્ડ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૩) થર્ડ બેસ્ટ મેલ ડાન્સર | ૩) થર્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૩) થર્ડ બેસ્ટ ડાન્સર બોય | ૩) થર્ડ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૪) ફોર્થ બેસ્ટ મેલ ડાન્સર | ૪) ફોર્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૪) ફોર્થ બેસ્ટ ડાન્સર બોય | ૪) ફોર્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૫) ફિફ્થ બેસ્ટ મેલ ડાન્સર | ૫) ફિફ્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૫) ફિફ્થ બેસ્ટ ડાન્સર બોય | ૫) ફિફ્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૬) સિક્સ્થ બેસ્ટ મેલ ડાન્સર | ૬) સિક્સ્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૬) સિક્સ્થ બેસ્ટ ડાન્સર બોય | ૬) સિક્સ્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૭) સેવન બેસ્ટ મેલ ડાન્સર | ૭) સેવન બેસ્ટ ફિમેલ ડાન્સર | ૭) સેવન બેસ્ટ ડાન્સર બોય | ૭) સેવન બેસ્ટ ડાન્સર ગર્લ |

| | | | |
|---|---|---|---|
| ૧) ફર્સ્ટ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૧) ફર્સ્ટ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૧) ફર્સ્ટ બેસ્ટ કપલ | ૪) ફોર્થ બેસ્ટ કપલ |
| ૨) સેકન્ડ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૨) સેકન્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૨) સેકન્ડ બેસ્ટ કપલ | ૫) ફિફ્થ બેસ્ટ કપલ |
| ૩) થર્ડ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૩) થર્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૩) થર્ડ બેસ્ટ કપલ | |

ખાસ નોંધ

- ૮ સેન્ટરમાંથી પસંદગી કરાયેલા વિજેતાઓએ પોતાની પાસે ઓળખપત્ર રાખવું જરૂરી રહેશે.
- મુંબઈ સમાચારનો ફાઈનલ રાઉન્ડ ૪૫ મિનિટનો રહેશે. રાઉન્ડ ૮.૦૦ વાગ્યે શરૂ થશે અને ૮.૪૫ વાગ્યે પૂરો થશે. વિવિધ સેન્ટરોમાંથી પસંદગી થયેલા વિજેતાઓએ ૭.૩૦ વાગ્યે શાર્પ હાજર થવાનું રહેશે.

મુંબઈ સમાચારના ફાઈનલ રાઉન્ડના વિજેતાઓ માટે ઈનામોની વણઝાર અને ટ્રોફીઓ તો ખરી જ

થાઈલેન્ડ સ્ટે (૧૦ કપલ)

ભૂતાનમાં ત્રણ રાત અને ચાર દિવસનો સ્ટે (બે કપલ)

ગિફ્ટ વાઉચર્સ, અન્ય ઈનામો ને રોકડ ઈનામો તો ખરાં જ.

B.N. JEWELLERS INDIA PRIVATE LIMITED. Trophy partner

SB SEEN GET NOTICED, HAIRLOGIC THE RIGHT BASICS — Gifting partners

RACHNA SALON Be Beautiful, Be You — Event sponsored by

HARI HARI HAIR STUDIO Since 1983 — Gifting partners

સહયોગ: જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ

...જો જો હોં, પાર્લાની સહારા સ્ટાર હોટેલના સફાયર બન્કવેટ હોલમાં સમય પર પહોંચવાનું ચૂકતા નહીં.


## પુણેમાં બજરંગ દળે દાંડિયાનો કાર્યક્રમ રોકતા સુપ્રિયા સુળે વીફર્યાં

પુણે: દેશભરમાં નવરાત્રિ મહોત્સવ નિમિત્તે ગરબા, દાંડિયા સહિત વિવિધ કાર્યક્રમોનું મોટા પાયે આયોજન કરવામાં આવે છે. જોકે, કેટલાક સંગઠનો આવા કાર્યક્રમોનો વિરોધ કરી રહ્યા હોવાનું જાણવા મળે છે. પુણેમાં એક કાર્યક્રમને બજરંગ દળે રોકવાનો પ્રયાસ કર્યો હોવાનો દાવો રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ કર્યો હતો. તેમણે આ અંગે બજરંગ દળને ચેતવણી પણ આપી છે.

સુપ્રિયા સુળેએ કડક શબ્દોમાં જણાવ્યું હતું કે ‘બજરંગ દળના કાર્યકરોએ બારામતીના ચિરાગ ગાર્ડન ખાતે નવરાત્રી નિમિત્તે યોજાઇ રહેલા દાંડિયા કાર્યક્રમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. બારામતીમાં આવી ગુંડાગીરી ક્યારેય થઈ નથી.

અગાઉ પણ અમે આવો હસ્તક્ષેપ સહન નહોતો કર્યો અને ભવિષ્યમાં પણ ચલાવી નહીં લઈએ. આવી પ્રવૃત્તિઓમાં સામેલ લોકો સામે પોલીસે કડક કાર્યવાહી કરવી જોઈએ.’ ■

## લક્સ વેડિંગ બ્રિગેડ શો



મુંબઈ: વર્ષના સૌથી મોટા બ્રાઈડલ અને ઉત્સવના પ્રદર્શનમાં ફેશનના શિખરનો અનુભવ કરો. અહીં ૨ દિવસના વિશાળ પ્રદર્શનમાં ખરીદી કરો અને પરંપરાગત ગ્લેમર સાથે હાઈ સ્ટ્રીટ સૌંદર્યશાસ્ત્રનું મિશ્રણ બનાવતા સમગ્ર ભારતમાંથી મોટા અને ઊભરતા લેબલ્સમાંથી પસંદગી કરો. બ્રાઈડલ & ફેસ્ટીવ પ્રેટ & કોચર, રિસ્પ્લેન્ડન્ટ જ્વેલ્સ, ટ્રાઉસો એસેન્શીયલ્સ, એસેસરીઝ અને લક્ઝરી ગિફ્ટિંગ સોલ્યુશન્સમાં ૧૦૦ લેબલની ભવ્ય લાઈન અપ.

તા. ૬ & ૭મી ઓક્ટો. (રવિ અને સોમ) ઠે. નોવોટેલ જુહુ મુંબઈ. ■

## ટ્રેનમાંથી પડી ગયેલા ડોંબિવલીના વિદ્યાર્થીના મોતની તપાસ કરો: રાષ્ટ્રપ્રમુખે આપ્યો નિર્દેશ

મુંબઈ: ૨૩ એપ્રિલ, ૨૦૨૪ના દિવસે મુંબ્રા સ્ટેશન નજીક રેલ્વે અકસ્માતમાં જીવ ગુમાવનારા ડોમ્બિવલીના રહેવાસી ૨૫ વર્ષના આઈઆઈટી વિદ્યાર્થી અવધેશ દુબેના દુ:ખદ મૃત્યુમાં ભારતના રાષ્ટ્રપ્રમુખે દખલ કરી છે. આ યુવાન ગીચ લોકલ ટ્રેનમાંથી પડી ગયો હતો. ટ્રેનમાં પ્રવેશવા દરવાજામાં પ્રવેશવા અવરોધ ઊભો કરવો, ટ્રેન મોડી પડવી અને તબીબી સારવારમાં વિલંબ થવો જેવા મુદ્દાઓને કારણે વિદ્યાર્થીનું અકાળે અવસાન થયું હતું.

અવધેશના પિતા રાજેશ દુબે સલામતી સંદર્ભેના પ્રોટોકોલમાં ગંભીર ક્ષતિઓ અને સમયસર તબીબી સહાય નહીં મળવા અંગે ચિંતા વ્યક્ત કરીને સતત ન્યાય મેળવવાની કોશિશ કરી રહ્યા છે. તેમણે રેલવે પોલીસ કમિશનર, મુખ્ય પ્રધાન કાર્યાલય અને રેલવે બોર્ડ સહિત વિવિધ અધિકારીઓને અરજી કરી છે. આ અરજીઓમાં ટ્રેનના દરવાજા અવરોધિત કરવા માટે જવાબદાર અજાણી વ્યક્તિ સામે એફઆઈઆર નોંધવાની અને તેમના પુત્રના મૃત્યુને કારણે થયેલા તબીબી વિલંબ માટે જવાબદારી સ્વીકારવાની માગણી કરવામાં આવી છે.

મૃત્યુ પામેલા વિદ્યાર્થીના મોટા ભાઈ દીપક દુબેએ શુક્રવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ સચિવાલયે કેસની ગંભીરતાની નોંધ લઈ રાજેશ દુબેની અરજી રેલવે બોર્ડના અધ્યક્ષને મોકલી આપી હોવાની જાણકારી તાજેતરમાં મળી હતી. રાષ્ટ્રપતિ સચિવાલયના અન્ડર સેક્રેટરી ગૌતમ કુમાર દ્વારા જારી કરવામાં આવેલા આ નિર્દેશમાં યોગ્ય કાર્યવાહી અને લેવામાં આવી રહેલા પગલાં અંગે એક વ્યાપક અહેવાલ આપવા અંગે રજૂઆત કરવામાં આવી છે. આ હસ્તક્ષેપ કેસમાં ન્યાય અને જવાબદારીની ખાતરી કરવાની તાકીદ દર્શાવે છે.

મુંબઈની લોકલ ટ્રેનમાં સતત ગિરદી વધી રહી છે અને હકડેઠઠ ભરાતી ટ્રેનોમાં મુંબઈના લોકો જીવ મુઠ્ઠીમાં લઈને મુસાફરી કરે છે અને આવા અકસ્માતો બને છે. ■

## ગુજરાતી નાટકો

### પત્ની નચાવે એને કોણ બચાવે



લીલા આર્ટ્સ - ગૌતમ જોષી - આસિફ પટેલ - જીતેન્દ્ર જોષી, નિર્મિત, ચિત્રક શાહ - કિરણ માલવણકર પ્રસ્તુત, ઈમ્તિયાઝ પટેલ લિખિત, કિરણ ભટ્ટ દિગ્દર્શિત, કેતકી દવે - દિલીપ દરબાર અભિનીત ‘પત્ની નચાવે એને કોણ બચાવે’ કલાકારો: હિતેશ ઉપાધ્યાય, હાર્દિકા જોષી, હિના વેલાણી છે. રવિવાર, તા. ૬ ઓક્ટોબર, સાંજે ૭.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે.

### બ્લફમાસ્ટર ગુજ્જુભાઈ



સિદ્ધાર્થ રાંદેરિયા પ્રોડક્શન, ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત, પ્રવિણ સોલંકી લિખિત, સિદ્ધાંર્થ રાંદેરિયા દિગ્દર્શિત - અભિનીત. કલાકારો: સિદ્ધાર્થ રાંદેરિયા, તેજલ વ્યાસ, હિમાંશુ ઉપાધ્યાય, જીતેન્દ્ર સુમરા, જ્યુથિકા શાહ, રિદ્ધિ વોરા, જય દેસાઈ, રામમિલન રજક, તેજસ શાહ અને નિલેશ જોશી છે. આ રવિવાર, તા. ૬ ઓક્ટોબર સાંજે ૪.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ મલાડ (વેસ્ટ) ખાતે અને આવતો રવિવાર, તા. ૧૩ ઓક્ટોબર સાંજે ૭.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે. ■

# મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ


ખુશી ગડા


હેરીલ શાહ


દર્શના દેસાઈ


એકતા છેડા


ધર્મેન્દ્ર શાહ


મયૂર શાહ


વિરાની સાવલા


હિરેન વડગામા

## બૃહદ્ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા

# નવરાત્રિ જલસો અને 'મુંબઈ સમાચાર'ની જુગલબંદીથી ખેલૈયાઓ જલસામાં...

ત્રીજે નોરતે 'મુંબઈ સમાચાર'ની નવરાત્રિ મહાસ્પર્ધાનું આયોજન ફાઈવ સ્ટાર હૉટેલ સહારા સ્ટારમાં યોજાતી શહેરની એકમાત્ર નવરાત્રિમાં કરાયું હતું. ઍરકન્ડિશન્ડ અને જાજરમાન સફાયર બેન્કવેટમાં 'નવરાત્રિ જલસો-૨૦૨૪'માં ગરબાના તાલે ઝૂમીને ખેલૈયાઓને જાણે જલસો પડી ગયો હતો. અનેરી રોશનીથી ઝળાહળા માહોલમાં આલીશાન ડિઝાઈનર કાર્પેટ પર રંગરસિયાઓના પગ સતત થનગન થનગન થતા હતા.

ત્રણ હજારથી વધુ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતા આ હૉલમાં આયોજક ભાર્ગવભાઈ પટેલ અને જગતભાઈ કિલ્લાવાલાએ નોરતાં દરમિયાન નવરાત્રિ રસિકોની બધી સુવિધાનો ખ્યાલ રાખ્યો છે. સિંગર આરતી વારા, મનીષા સાવલા, સ્વપ્નિલ મિસ્ત્રી અને પ્રશાંત શાહના કંઠે ગવાતાં સુરીલા ગાયનો સાથે પ્રકાશ વાડેકરના પ્રખ્યાત દિવ્ય ધ્વનિ બૅન્ડે અનોખી જુગલબંદી જમાવી હતી.

હૉલ એસી હોવાથી ગરમીની સમસ્યા નહીં અને સુરક્ષા બાબતે કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. અહીં સમયમર્યાદાનું બંધન ન હોવાથી મધરાત સુધી ખેલૈયાઓ ગરબા-દાંડિયા રમી શકે છે, જેને કારણે ખેલૈયાઓને મજ્જા જ મજ્જા પડી જાય છે. અહીં પારંપરિક સાથે ડિઝાઈનર વસ્ત્રોમાં પણ ખેલૈયાઓ જોવા મળ્યા હતા. મુંબઈ સમાચારની મહાસ્પર્ધાની જાહેરાતથી રસિકોમાં ઘણો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ મહાસ્પર્ધામાં દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠનો સહયોગ સાંપડ્યો છે.

મહાસ્પર્ધાના પ્રાયોજક ચંદન માઉથફ્રેશનર, જેવીએમ સ્પેસીસ, ઈવેન્ટ સ્પોન્સર્ડ રચના સલૂન, ટ્રોફી પાર્ટનર બીએન જ્વેલર્સ, ગિફ્ટિંગ પાર્ટનર નેનો નાઈન, રેન્ડેઝેવોસ, પાલખી, દામજી શામજી ગ્રુપ, ફ્રેન્ડ્સ રિસોર્ટસ, અરોન રિસોર્ટ, સમર પ્લાઝા, જશ હોલિડેસ એન્ડ મેમોરીસ, ખાનવેલ રિસોર્ટ-સિલવાસા, અરિહંત હોલિડેસ, ટ્રિપ ટુ થાઈલેન્ડ, બીસીન અને હેરલોજિક બ્રાન્ડ-મિશા ઈમ્પેક્સ, હેર સ્ટુડિયો છે.

'મુંબઈ સમાચારે' યોજેલી મહાસ્પર્ધા 'રમો ઝૂમો અને જીતો'માં જે સ્પર્ધકોને ઈનામ મળ્યાં હતાં તેમને 'મુંબઈ સમાચાર' બિરદાવે છે. દરેક સ્પર્ધકોને ટ્રોફી અને ગિફ્ટ આપવામાં આવશે. મહાસ્પર્ધામાં પસંદ કરાયેલા વિજેતાઓ માટે 'મુંબઈ સમાચાર' સતત ત્રીજું વર્ષ બમ્પર ઈનામોની વણઝાર લઇને આવ્યું છે, જેમાં ૧૦ દંપતી માટે થાઈલેન્ડની ટ્રિપ, બે કપલ માટે ભૂતાનમાં સ્ટે ઉપરાંત ગિફ્ટ વાઉચર્સ અને રોકડ તો છોગામાં... આવાં ઈનામો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. ■

## વાગ્યો રે ઢોલ ભાઈ વાગ્યો રે ઢોલ





**ત્રીજા નોરતાના જજ**


બિજલ ટેલર, નમિતા ઠક્કર, જૈનેશ શાહ, મેઘના શેઠ, આયોજક જગતભાઈ કિલ્લાવાલા અને ભાર્ગવભાઈ પટેલ સાથે આસિત મોદી (વચ્ચે) સાથે 'મુંબઈ સમાચાર'ના સહયોગી અમિત સોની અને મનીષા શેઠ.

(તસવીરોઃ જયપ્રકાશ કેળકર)

### સૌ વિજેતાઓને અભિનંદન

આજે રવિવારે ચોથા નોરતે 'મુંબઈ સમાચાર' સંગાથે પર્પલ બ્લુ રેડિયન્સ દાંડિયા, બાન્દ્ર પૂર્વમાં બીકેસી સ્થિત જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં ખેલૈયાઓ ઝૂમશે અને ઈનામો પણ મેળવશે.


નાયશા કારિયા


કરણ સૂચક


માનસી દોશી


નયના કારિયા


શોભન દેસાઈ


જાહ્નવી ગડા


જિનાયા સાવલા


પૂજા સાવલા


મુદ્રા કાકલોતર


શ્વેતા સાવલા


હાર્દિક રાઠોડ


નુપૂર પારેખ

# થાણે શહેરમાં પાવો વાગ્યો ને હાલોને થાણે રાસ રંગમાં રમવાને

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

ક્રેડાઈ એમસીએચઆઈ થાણે આયોજિત થાણે રાસ રંગ-૨૦૨૪ની બૃહદ્ મુંબઈ થાણેવાસીઓની આતુરતાપૂર્વક રાહ જોઇરહ્યા હતા એ હનીફ-અસલમની જોડીએ ફરી એક વાર થાણેવાસીઓનાં મન મોહી લીધાં હતાં.





નવલી નવરાત્રિના ત્રીજા દિવસે થાણે કોપરીના ઓક્ટ્રોય ગ્રાઉન્ડમાં ભાતીગળ રંગબેરંગી વેશ પરીધાન સાથે રમતા જોવા એક લ્હાવો છે.

આ લ્હાવાનો લાભ લેવા મુખ્ય આયોજક જિતુભાઈ મહેતા સાથે મુખ્ય સ્પોન્સર અજયભાઈ આશર સાથે એમસચીએચઆઈના પદાધિકારી અમરસિંહ ઠાકુર, સચિન મિરાણી, ફયાઝ વિરાણી, ભાવેશ ગાંધી અને ભરત મહેતા વગેરે આરતીના સમયે આવીને ભાવથી આરતી કર્યા બાદ હનીફ-અસલમની બેન્ડ ટીમના કરતબને નિહાળે છે. આ સર્વે મહેમાનોની મહેમાનગતી સુમિત ગુડકા, શ્રી રમથ કેટરર્સના મીતેષ પલાણના કેટરિંગ સ્ટાફ સાથે ખડેપગે ઊભા રહે છે, તેઓની સાથે ડોર પાર્ટનર કલ્પરુ ડોરના વિકી પટેલ પણ આનંદ ઉઠાવી રહ્યા છે.

મોન્ટુ ટીબરેવાલ દ્વારા સજાવેલા વિશાળ સ્ટેજ પર કોકીલકંઠી રૂપાલી કશ્યપ અને હેલી મજમુદાર પોતાના સુરીલા સ્વરમાં નવરાત્રિ પટાંગણના રંગરસિયાઓને પૂછે છે કે રાધા ઢૂંઢ રહી તુને મેરા શ્યામ દેખા, શ્યામ દેખા, ત્યારે પટાંગણમાંથી અવાજ આવે છે કે દેખા દેખા થાણે રાસ રંગ મેં શ્યામ દેખા. થાણે રાસ રંગના એન્ટ્રી ગેટ પર થાણેના યુવા નેતા વિકાસ રેપાલે અને નમ્રતા ભોગલે મેડમના કાર્યકર જિત મોરે અને અશોક બોધને વ્યવસ્થા જાળવી રહ્યા છે. ■

### તા. ૫-૧૦-૨૪ ચોથા નોરતાના જજની યાદી

પ્રશાંત ઠક્કર, નમિતા ઠક્કર, બિજલ ટેલર, જયનેશ શાહ, અવનિ ઠક્કર, ખુશ્બૂ કાલસરીયુ



### થાણે રાસ રંગ-૨૦૨૪ના માનવંતા મહેમાનો

થાણે રાસ રંગ-૨૦૨૪ બીજા નોરતાના માવંતા મહેમાન લિયો ક્લબના મંથન મહેતા અને તેની ટીમ, હાઈ હિલ્સનાં પૂજા શાહ અને બિજલ શાહ ઉપરાંત ઘાટકોપરના જ્વેલ સહેલી ગ્રુપનાં વિજયાબહેન પ્રવીણ છેડા, હર્ષાબહેન મહેતા, વૈશાલી ખિલાણી, નિહારિકા શાહ, પૂનમ દેઢિયા, શીતલ ગાલા, કૃપાલી દોશી અને વૈશાલી કારાણ. ■

### થાણે રાસ રંગ-૨૦૨૪માં જિતુ મહેતા દ્વારા વિકલાંગ બાળકોના ગરબાનું આયોજન

તા. ૫-૧૦-૨૪ નવરાત્રિના ત્રીજા દિવસે થાણે રાસ રંગ ઓક્ટ્રોય નાકા ગ્રાઉન્ડમાં સાંજે ૪.૩૦થી ૬.૩૦ વાગ્યે બે કલાક માટે સ્પેશિયલ ચાઈલ્ડ (વિકલાંગ બાળકો) માટે ગરબા રાસનું આયોજન કરવામાં આવ્યું છે. તે લોકો માટે હનીફ-અસલમના બેન્ડે વિકલાંગ બાળકોને પણ ઝૂમતાં કરી દીધાં અને પહાડી ગાયક ઉમેશ બારોટના અવાજે દરેક બાળકોને તેમના વડીલોને આંદિત કરી મૂક્યાં હતાં. નવરાત્રિનું પઆર વર્ક સંભાળતા હરેશ અવલાણીએ જણાવ્યું હતું કે એમસીએચઆઈ દ્વારા દરેક બાળકો અને તેમના વડીલો માટે ચા-પાણી-કોલ્ડ ડ્રિંક-નાસ્તોની વ્યવસ્થા કરવામાં આવી હતી જેનો દરેકે લાભ લીધો હતો. ■

# ડોંબિવલી રાસ રંગ-૨૦૨૪

## લોકપ્રિયતા પહોંચી સાત સમંદર પાર

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ



કલ્યાણ-ડોંબિવલીના લોકપ્રિય યુવા સાંસદ ડૉ. શ્રીકાંત શિંદેસાહેબ આયોજિત ડોંબિવલી રાસ રંગ-૨૦૨૪ની લોકપ્રિયતા સાત સમંદર પાર પહોંચી છે. નવરાત્રિના પ્રથમ દિવસથી લિટલ પ્રિન્સ હિયાન નાગડા અને નૈતિક નાગડાના ઢોલના તાલે કલ્યાણ-ડોંબિવલીના રંગરસિયાઓ ઝૂમી ઊઠ્યા છે, ત્યારે રાસ રંગના આયોજક ડૉ. શ્રીકાંત શિંદેની ટીમ અંબેમના ભક્તોને ઘરબેઠા 'મા'નાં દર્શન થાય અને ભક્તિ કરવાનો લાભ મળે તે માટે ઓનલાઈન યુ-ટ્યૂબ વગેરેમાં જીવંત પ્રસારણ કરી રહ્યા છે ત્યારે ઘાટકોપરના નૈતિક નાગડાના પેમિલી ફ્રેન્ડ ભાવનાબેન કમલેશભાઈ દોશીના પુત્ર ભૌતિક દોશી અમેરિકામાં ઘરે બેઠાં બેઠાં ભારતની નવરાત્રિને યાદ કરીને ઓનલાઈન નવરાત્રિની મજા માણી રહ્યા છે અને નૈતિક નાગડાના પરિવાર સાથેના જૂના સંબંધોને યાદ કરી રહ્યા છે. તેમ જ ડૉ. શ્રીકાંત શિંદેસાહેબને સુંદર આયોજન બદલ અભિનંદન આપ્યાં છે.



નવરાત્રિના ત્રીજા દિવસે ડોંબિવલીના ડી.એન. સ્કૂલના ગ્રાઉન્ડમાં રંગરસિયાઓ સમયસર આપી જાય છે. મંદિરમાં મા અંબેમાનાં દર્શન કરીને નૈતિક નાગડાના ઢોલના તાલે રાસ રમવા લાગે છે, ત્યારે જ સ્ટેજ પરથી ગરબી ગુજરાતના દિવ્યા જોશી, કોશા પંડ્યા પરંપરાગત ગુજરાતી ગીતો રજૂ કરે છે કે 'વાંકી વળું તો મારી કેડ વળી જાય, તું મારો મેરુ, હું તારી માલણ' ત્યારે સુરીલો ગાયક ધર્મેશ બારોટ શિવ તાંડવ ગાઈને રંગરસિયાઓમાં જોમ લાવી દે છે.

ડૉ. શ્રીકાંત શિંદેની ટીમ ગેટ ઉપર સુંદર વ્યવસ્થા જાળવે છે. ગ્રાઉન્ડમાં સીસીટીવી કેમેરા અને કડક સિક્યોરિટીથી વ્યવસ્થા સુપેરે જળવાઇ રહે છે.

ડૉ. શ્રીકાંત શિંદેના પ્રયત્નથી તેઓને ઘરઆંગણે નવરાત્રિમાં અંબેમાની ભક્તિ કરવાનો સુનહરો મોકો મળેલ છે. ડોમ્બિવલીના નવરાત્રિ પટાંગણના ભવ્ય મંદિરમાં પૂજારી દ્વારા ભાવથી પૂજા અર્ચન કર્યા બાદ આયોજકો અને નૈતિક નાગડાના સાજિંદાઓ શ્રદ્ધાથી આરતી કરે છે. ■

# રાજકોટના રણજિત વિલાસ પેલેસમાં મહિલાઓના તલવાર રાસની રમઝટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં નવરાત્રિ દરમિયાન તલવાર સાથેના રાસ દર વર્ષે જોવા મળે છે. રાજકોટના રાજવી પેલેસ ખાતે દર વર્ષે મહિલાઓ દ્વારા તલવાર રાસ રમવામાં આવે છે. આ તલવાર રાસ દરમિયાન મહિલાઓ હાથમાં ખુલ્લી તલવાર સાથે ગરબા રમતી જોવા મળે છે. જ્યારે આ તલવાર રાસ રમતા પહેલા તેની પ્રેક્ટિસ કરવી પડે છે અને ત્યારબાદ જ તેને રમવાની છૂટ આપવામાં આવે છે. આ વર્ષે પણ મહિલાઓએ રાજવી પેલેસના પ્રાંગણમાં તલવાર રાસની રમઝટ બોલાવી હતી.

રાજકોટમાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ બુલેટ, કાર અને સ્કૂટર પર બહેનોએ તલવાર સાથે કૃતિઓ રજૂ કરી હતી. તે ઉપરાંત આ વર્ષે ફક્ત વાહન નહિ પરંતુ ઘોડી પર પણ કૃતિ રજૂ કરવામાં આવી હતી. રાજવી પરિવાર દ્વારા ભગિની સેવા ફાઉન્ડેશન સંસ્થા ચલાવવામાં આવે છે. અને આ જ સંસ્થા દ્વારા દર વર્ષે રાજવી પેલેસ ખાતેના ગ્રાઉન્ડમાં તલવાર રાસ રમાડવામાં આવે છે. છેલ્લા ૧૫ વર્ષથી ભગિની સેવા ફાઉન્ડેશન યુવતીઓ અને મહિલાઓને નવરાત્રિ પહેલા તલવાર રાસની તાલીમ આપે છે. ત્યારબાદ નવરાત્રિ દરમિયાન આ તલવાર રાસ યોજવામાં આવે છે. જેમાં ૧૦ વર્ષની નાની દીકરીઓથી લઈને ૬૦ વર્ષ સુધીની મહિલાઓ ભાગ લે છે અને પરંપરાગત તલવાર રાસ રમે છે.તલવાર રાસ રમતા સમયે પણ મહિલાઓ પોતાને અથવા તેમની આજુ બાજુમાં રમતી દીકરીઓને તલવાર ન વાગે તેવી રીતે એકબીજાથી થોડા થોડા અંતરે આ રાસ રમે છે. અને નવરાત્રિમાં માતાજીની આરાધના કરે છે. જ્યારે તલવાર રસમાં મોટાભાગે ક્ષત્રિય સમાજની મહિલાઓ જ ભાગ લે છે. મહિલાઓ ખુલ્લી તલવાર સાથે રમે છે રાસ,ભગીની સેવા ફાઉન્ડેશનના પ્રમુખ રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજાના પત્ની કાદમ્બરી દેવી છે. જ્યારે નવરાત્રી આવવાના ગણતરીના દિવસો બાકી હોય ત્યારથી દરરોજ ત્રણ કલાક રાજવી પેલેસ ખાતે જ કાદમ્બરી દેવીની આગેવાનીમાં જ યુવતીઓ અને મહિલાઓને તલવારરાસની પ્રેક્ટિસ કરવામાં આવે છે. ભગિની સેવા ફાઉન્ડેશન દ્વારા અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ દીકરીઓ અને મહિલાઓને તલવાર બાજીની તાલીમ આપી ચૂકી છે. તલવાર બાજી એક મુશ્કેલ કસરત છે જે મોટાભાગે પુરુષો કરતા હોય છે, પરંતુ રાજકોટની યુવતીઓ અને મહિલાઓને તલવાર રાસની તાલીમ આપવામાં આવે છે. જેના કારણે તે ભવિષ્યમાં પોતાની આત્મરક્ષા પણ કરી શકે છે.

રાણી સાહેબા કાદમ્બરી દેવીએ જણાવ્યું હતું કે, પરંપરાગત પ્રાચીન રાસનું રાજપેલેસમાં છેલ્લા ૧૬ વર્ષથી આયોજન કરવામાં આવી રહ્યું છે. તલવાર રાસમાં દર વર્ષે નવું ગ્રૂપ ભાગ લેતી હોય છે જેથી કરીને દોઢ મહિના જેટલી પ્રેક્ટિસ કરવી પડતી હોય છે. ક્ષત્રિય બહેનો-દીકરીઓ દર વર્ષે કંઈક નવું કરવા માગતા હોય છે જેથી તેમને તમામ સુરક્ષા સાથે છૂટ પણ આપવામાં આવે છે.

# ભાવનગરમાં રાવણદહન કાર્યક્રમની તડામાર તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ બજરંગ વિકાસ સમિતિ દ્વારા આયોજિત આશુરી શક્તિનું દહન એટલે વિજયાદશમી મહોત્સવ- રાવણ દહન કાર્યક્રમ આગામી તા.૧૨મી શનિવારના રોજ સાંજે-૬ કલાકે શહેરના ચિત્રા માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાશે, આ કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ અપાઇ રહયો છે. શહેરના પ્રવેશ દ્વારે આવેલ ચિત્રાના માર્કેટિંગ યાર્ડ ખાતે છેલ્લા ૧૧ વર્ષથી સતત વિજયાદશમી મહોત્સવ- રાવણ દહન કાર્યક્રમ સંતો-મહંતોની વિશેષ ઉપસ્થિતિમાં આતશબાજી અને સાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવે છે. પોતાના મતવિસ્તારના લોકોને તેમજ ભાવનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોને નજીકમાં જ આ ધાર્મિક, સાંસ્કૃતિક અને પૌરાણિક મહત્ત્વ ધરાવતા કાર્યક્રમનો લાભ મળી રહે તેવા હેતુસર શરુ થયેલ કાર્યક્રમ દર વર્ષે રંગ જમાવે છે.

આ કાર્યક્રમમાં આગ્રા (ઉત્તર પ્રદેશ)થી આવતા કારીગરો દ્વારા રાવણ-કુંભકર્ણ- મેઘનાથના પ્રતિકારત્મક પૂતળા સ્વરૂપની તેયારીઓ શરૂ કરી છે. આ કાર્યક્રમમાં રાજકીય, સામાજિક અગ્રણીશ્રીઓ, ઉદ્યોગપતિઓની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન થવાનું છે.

# બોટાદમાં સભા-સરઘસ-રેલી-ઉપવાસ વગર પરવાનગીએ કાઢવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોટાદ જિલ્લામાં ૧૮મી ઓક્ટોબર સુધી સભા સરઘસ કે ઉપવાસ-રેલી પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

જુદી-જુદી સંસ્થાઓ, રાજકીય પાર્ટીઓ, અરજદારઓ દ્વારા વિવિધ માગણીઓ તથા રજૂઆતો કરવા સભા-સરઘસ-રેલી-ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદિલી જેવું વાતાવરણ સર્જાય છે, અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોકો દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા રહે છે.

ભૂતકાળના બનાવો ધ્યાનમાં રાખીને બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢવા પર બોટાદ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પી.એલ. ઝણકાતે તેમને મળેલી સત્તાની રુએ બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૮-૧૦-૨૦૨૪ સુધી કોઇપણ સભા, સરઘસ, રેલી માટે મનાઇ હુકમ ફરમાવ્યો છે.

ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ, સરકારી નોકરીએ અવર-જવર કરતી હોય તેવી વ્યક્તિને, કોઈ લગ્નના વરઘોડાને, સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યક્તિઓને તેમજ સબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ-સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી મેળવેલા લોકોને ઉક્ત હુકમ લાગુ પડશે નહી. આ જાહેરનામાનો કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને નિયમ મુજબ દંડની સજા થશે. જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલાં લેવા માટે ફરજ પરના કોઇપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

બોટાદ જિલ્લામાં ચાલુ માસ ઓક્ટોબર-૨૦૨૪ તથા નવેમ્બર -૨૦૨૪ ના માસ દરમિયાન કાયદો અને વ્યવસ્થા તથા સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર કોઈ વ્યક્તિ કે વ્યક્તિના સમૂહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદૂક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી તે માટે બોટાદ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પી.એલ.ઝણકાતે તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો છે.

# શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને જરદોશી વર્કવાળા વાઘા અને ફૂલોનો શણગાર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ત્રીજા નોરતે અને શનિવાર નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને જરદોશી વર્કવાળા વાઘા અને ૨૦૦ કિલો ફૂલોનો દિવ્ય શણગાર તથા દાદાને પ્રિય સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. દર તહેવાર અને સારા પ્રસંગ વખતે દાદાને વિશેષ શણગાર કરવામાં આવે છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામમાં સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી તથા સવારે ૦૭:૦૦ શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. શ્રીકષ્ટભંનજન દેવને સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. શારદીય નવરાત્રીના ત્રીજા નોરતે અને શનિવાર નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને મથુરામાં ૨૦ દિવસની મહેનતે પ્યોર સિલ્કના કાપડમાંથી જરદોશી વર્કવાળા વાઘા પહેરાવામાં આવ્યા છે. આ સાથે દાદાનું સિંહાસન ૨૦૦ કિલો ગુલાબ, સેવંતી અને ગલગોટાના ફૂલથી શણગાર્યું છે. આ ઉપરાંત હનુમાનજીને ૧૦૧ કિલો સુખડી પણ ધરાવવામાં આવી છે.

# રાજુલામાં જનરલ સિવિલ હૉસ્પિટલમાં ડૉક્ટરોની મોટાભાગની જગ્યા ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાની બીજા નંબરની રાજુલા શહેરની જનરલ સિવિલ હૉસ્પિટલમાં ૧૦૦ બેડની સુવિધા છે પરંતુ મોટાભાગના ડોક્ટરની જગ્યા ખાલી પડતા વેપારીઓએ સરકાર પાસે માગ કરી છે કે ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક ડોકટરોની ભરતી કરવામાં આવે. અમરેલી જિલ્લામાં અતિ મહત્ત્વનો વિસ્તાર રાજુલા, જાફરબાદ, ખાંભા, પીપાવાવ પોર્ટ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં જિલ્લાની બીજા નંબરની રાજુલા જનરલ હૉસ્પિટલમાં રાજય સરકાર દ્વારા તમામ સુવિધાઓ આપવામાં આવી છે, પરંતુ તેને ચલાવનારા મોટાભાગના ડૉકટરોની જગ્યા ખાલી છે.

હૉસ્પિટલ સારી છે પરંતુ દર્દીઓ અને સ્થાનિક લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હૉસ્પિટલ ચલાવનારા જવાબદાર ડૉકટર અધિક્ષક આર.એમ.ઓ જેવી જગ્યા પણ વર્ષોથી ખાલી છે જેથી અન્ય ડૉકટરોને ચાર્જ આપી ગાડુ ચલાવાઈ રહ્યું છે. બીજી તરફ દર્દીઓની સવારથી જ સિવિલ હૉસ્પિટલમાં લાઇન લાગે છે જોકે, અન્ય ડૉક્ટરોના અભાવે દર્દીઓને બહાર જવાની ફરજ પડે છે. અહીં ગામડાના લોકો પણ ખૂબ મોટી સંખ્યામાં આવતા હોય છે.

રાજુલા જનરલ સિવિલ હૉસ્પિટલમાં ગાયનેકની ૪ જગ્યા છે, પરંતુ કોઈ ડૉકટર નથી. સીએમ સેતુ અંતર્ગત ૧ ડોકટરે અઠવાડિયામાં ૩ દિવસ માત્ર એક કલાક આવવાનું હોય છે, પરંતુ કોઈ આવતા નથી. વર્ષ ૨૦૧૬થી સર્જનની જગ્યા ખાલી છે, પીડિયાટ્રિકની ૨ જગ્યા છે જેમાં ૧ હાજર થયા છે, રેડીયોલોજીસ્ટ ૧ ખાલી જગ્યા છે, અધિક્ષકની જગ્યા ૨૦૨૨થી ખાલી હોવાથી ઇન્ચાર્જથી ચલાવે છે, ૨૦૧૪થી આર.એમ.ઓ.ની જગ્યા ખાલી છે જે પણ ઇન્ચાર્જથી ચલાવે છે. આ ઉપરાંત એનેસ્થેસિયાની જગ્યા ખાલી છે, માનસિક રોગના ડૉક્ટરની જગ્યા ખાલી છે, ઇ.એન.ટી. કાનના ડૉક્ટરની જગ્યા ખાલી છે, આંખના ડોકટર, એક્સરે ટેક્નિશન, વહીવટી અધિકારીની ૨ જગ્યા ઇન્ચાર્જ ચલાવે છે, ચીફ ફાર્મસીની ૧ અને ૧૦૦ બેડની હૉસ્પિટલ હોવા છતાં હજુ સુધી સિક્યુરિટી ગાર્ડનું મેહકમ મંજૂર થયું નથી.

# જામનગરમાં તંત્રના પાપે બાળકોને આપવાનું સરકારી સાહિત્ય વરસાદી પાણીમાં પલળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના દરેડ પાસે આવેલા બીઆરસી ભવનમાં રાખવામાં આવેલા બાળકોને આપવાની સરકારી સ્વાધ્યાયપોથી, નોટબુક સહિતનું સાહિત્ય તંત્રની ઘોર બેદરકારીના કારણે વરસાદી પાણીમાં પલળી ગયું છે.

જામનગરમાં બાળકોને ભણવા માટે આપવાનું સાહિત્ય વરસાદી પાણીમાં પલળી ગયું હોવાનું ખૂલતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. થોડા દિવસો પૂર્વે આવેલ વરસાદમાં બીઆરસી ભવનમાં પાણી ઘૂસી જાય તે પહેલા તંત્ર દ્વારા આગોતરા પગલાં ભરવામાં આવ્યા ન હોવાથી સ્વાધ્યાયપોથી અને નોટબુક સહિતનું સાહિત્ય પાણીમાં પલળ્યું હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે વરસાદી પાણીમાં આ બાળકોનું સાહિત્ય પલળી જતાં સવાલો ઊભા થયા છે. આ સમગ્ર બાબતે બીઆરસી ભવન દ્વારા આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને લેખિત જાણ કરવામાં આવી હોવાની માહિતી મળી હતી. જોકે, સમગ્ર ઘટના કોની બેદરકારીના કારણે બની અને શા માટે વિતરણ ના થયા પુસ્તકો આ તપાસનો વિષય બની ગયો છે.

# રાજકોટ શહેરમાં ૩૭ ગેરકાયદેસર મકાન-ઝૂંપડાઓનું ડિમોલિશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં શરૂ કરાયેલા ગેરકાયદેસર બાંધકામોના તોડી પાડવાના ઓપરેશન ડિમોલિશન તળે આજે મનપાના ત્રણ વોર્ડમાં ૩૭ મકાન-ઝૂંપડાઓ તોડી પાડવામાં આવ્યા હતા.

રાજકોટ મનપા તંત્ર દ્વારા ગેરકાયદે જગ્યા ઉપર ધમધમતા જલારામ બેકરી સહિતના ત્રણ ખાણી પીણીના એકમો સીલ કર્યા હતાં.

મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા સવારથી ડિમોલેશન અને સીલીંગ કામગીરી હાથ ધરી વોર્ડ નં. ૩ માં રેલનગર ટીપી સ્કીમ નં. ૨૩, એફપી નં. ૨૪, હેતુની જમીનમાં થયેલ ૨૦ ચો.મી.નું ગેરકાયદે રૂમનું દબાણ તેમજ સંતોષી ફાટકથી મેઈન રોડ ઉપર ૨૪ મીટરના ટીપી રોડના ૬ મકાનોના દબાણ ઉપર બુલ્ડોઝર ફેરવી દેવામાં આવેલ તેમજ પરસાણા નગર વિસ્તારમાં સાર્વજનિક પ્લોટ ઉપર ખડકાયેલા ૨૭ ઝૂંપડાઓ ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જ્યારે વોર્ડ નં. ૨માં એકજાનનગર સોસાયટી પ્લોટ નં. ૧૦૯ એરપોર્ટ રોડ ઉપર ૩૦ ચો.મી. જગ્યા ઉપર થયેલ ગેરકાયદે બે રૂમનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. તેમજ વોર્ડ નં. ૭ માં પંચનાથ મંદિરની સામે પંચનાથ ટીના નામે પાર્કિંગની જગ્યામાં થયેલ દીવાલનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવેલા ૩ વોર્ડમાં અલગ અલગ સ્થળ ઉપર થયેલા ૩૭ મકાનો તેમજ ઝૂંપડાનું દબાણ દૂર કરી મહાનગરપાલિકાએ સાર્વજનિક પ્લોટની તેમજ માજીર્નની જગ્યા ખુલ્લી કરાવી હતી.

મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ગેરકાયદે બાંધકામો દૂર કરવાની સાથોસાથ સુચીતની જગ્યા ઉપરતેમજ મંજુરી વગર કરવામાં આવેલા બાંધકામો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જે અંતર્ગત આજે વોર્ડ નં. ૩ માં ગાયકવાડી મેઈન રોડ જંક્શન પ્લોટમાં આવેલ રાજુ ફૂટકોર્ટનું ગેરકાયદે બાંધકામ સીલ કરી સીંધી કોલોનીમાં આવેલ જલારામ બેંકરીનું ગેરકાયદે બાંધકામ પણ સીલ કરવામાં આવ્યુ હતું. તેમજ વોર્ડ નં. ૨ માં નહેરુનગર મેઈન રોડ ઉપર ફૌજી રેસ્ટોરન્ટ દ્વારા ગેરકાયદે બાંધકામ કરેલું હોવાનું ધ્યાનમાં આવતા ફૌજી રેસ્ટોરન્ટ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટમાં ટ્રેનમાંથી ડીઝલ ચોરનારાં ચાર તસ્કરો ૧.૨૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સ્થિત રેલવે યાર્ડમાં ઊભી રહેતી ડીઝલ એન્જિનની ટ્રેનમાંથી ડીઝલ ચોરી થતી હોવાની ફરિયાદ નોંધાયા બાદ આરપીએફ દ્વારા એક સગીર સહિત ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે ૧.૨૮ લાખનો મુદ્દામાલ ઝડપીને અન્ય એક આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પ્રાપ્ત વિગત અનુસાર, રાજકોટ રેલવે યાર્ડમાં ઉભી રહેતી ડીઝલ એન્જિન ધરાવતી ટ્રેનોમાંથી ડીઝલની ચોરી કરવામાં આવી રહી હોવાની ફરિયાદ આરપીએફમાં કરવામાં આવી હતી. જેના આધારે આરપીએફ દ્વારા ચોરી કરતી ટોળકીને ઝડપી પાડી છે. સાહિલ યુનુસભાઇ, અયુબ જામ, ફૈઝલ ફિરોઝભાઈ તેમજ એક સગીરની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા ચારેય આરોપીઓએ કુબલ્યુ હતું કે મોહસીન સાથે મળીને યાર્ડની લાઇન નં. ૮ પર ઉભેલા ડીઝલ એન્જિનની ટાંકીનું ઢાકણું ખોલતા હતા અને રબ્બરની પાઇપ વડે ડીઝલની ચોરી કરતા હતા. ચોરેલુ ડીઝલ ૯ પ્લાસ્ટિકના કેરબામાં ભરવામાં આવ્યું હતું. ઓટો રીક્ષા અને ટૂ-વ્હિલરની મદદથી આજી નદી પાસે લઇ ગયા હતા અને ઝાડીઓમાં છુપાવી દીધું હતું. તેઓ ડીઝલ બારોબાર વેચવાની તૈયારીમાં હતા, પરંતુ એ પહેલા આરપીએફએ ચોરાયેલા ડીઝલ સહિત ૧.૨૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે ફરાર આરોપી મોહસીનને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ભાવનગર જિલ્લા જેલમાં કેદી અને જવાન વચ્ચે મારામારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લા જેલમાં કાચા કામના કેદી તરીકે રાખવામાં આવેલા એક કેદીએ સારવાર માટે જેલના જવાન સાથે બોલાચાલી કરતા બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. જેમાં ઈજાગ્રસ્ત કેદીને સારવાર માટે સર. ટી. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ હુસેન અખતરભાઈ કલીવાળા નામના કેદીને છાતીમાં દુખાવો થતાં તેણે સારવાર કરાવવા માટે જેલના સ્ટાફને જણાવ્યું હતું અને તે દરમિયાન કોઈ બાબતે જેલના જવાન અને કેદી વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો મારમારી સુધી પહોંચ્યો હતો. કેદી હુસેન અને જેલના જવાન વચ્ચે મારામારી થતાં કર્મચારીઓ દોડી ગયા હતા અને દરમિયાનગીરીથી મામલો થાળે પાડ્યો હતો.

જેલમાં મારામારીની આ ઘટના બાદ કેદી હુસેનને સારવાર માટે હૉસ્પિટલમાં લઇ જવાયેલ ૨ અને તેની સારવાર શરૂ કરાઈ હતી. આ બનાવ અંગે હુસેન જેલમાં કાચા કામનો કેદી છે અને તેની સામે એનડીપીએસનો કેસ નોંધાયેલો હોવાનું નિલમબાગ પોલીસે જણાવ્યું હતું.

# રાજકોટ એઈમ્સમાં અઢી વર્ષમાં ત્રણ લાખ લોકોને ઓપીડી સારવાર અપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ એઇમ્સમાં અઢી વર્ષમાં ૩ લાખ ઓપીડી કેસ નોંધાયા છે. એઈમ્સના નિર્માણની સાથોસાથ લોકોને આરોગ્ય સેવાનો લાભ મળી રહે તે માટે ૨૦૨૧થી ઓ.પી.ડી સેવા શરૂ કરી દેવામાં આવી હતી.

રાજકોટ એઈમ્સમાં માત્ર એક વર્ષના ગાળામાં ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ શરૂ કરી દેવામાં આવેલો, જે અંતર્ગત હાલ સુધીમાં ૩,૦૫,૫૪૦ જેટલા દર્દીઓનું નિદાન હાથ ધરાયુ છે. જેમાં ૫,૪૭૪ જેટલા ઇમજન્સી કેસ સામેલ છે. ૨૫૦ બેડની ઇન્ડોર સેવાના પ્રારંભ સાથે આજ સુધીમાં ૨,૨૭૧ જેટલા દર્દીઓને ઇનહાઉસ સારવારનો લાભ મળ્યો છે. દાખલ દર્દીઓ પૈકી હાડકાં, આંખ, કાન, નાક, ગળા, ગાયનેક સહિતના વિભાગમાં ૫૦૦ જેટલા મેજર અને ૨૫૦ જેટલા માઇનોર ઓપરેશન્સ કરવામાં આવ્યા છે. આ માટે જરૂરી લેબ, એક્સ-રે સહિતના રિપોર્ટ અહીં કરી આપવામાં આવે છે. હાલ સુધીમાં ૨,૨૦,૧૨૩ લેબોરેટરી ટેસ્ટ કરી આપવામાં આવ્યા છે. રાજકોટ એઇમ્સ આગળ વધી રહી છે. એઇમ્સ મેડિકલ કોલેજમાં ૨૫૦ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ. માં અભ્યાસ કરી રહ્યાં છે, ૩૦ વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજ્યુએટ જયારે બે વિદ્યાર્થીઓ સુપર સ્પેશિયલિસ્ટ અને ૪ વિદ્યાર્થીઓ ફેલોશિપ કરી રહ્યા છે.

# ભુજમાં યુવાનની કરપીણ હત્યા કરનારો શખ્સ અમદાવાદ નજીક થયેલી લૂંટનો આરોપી નીકળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના ભારતનગર ખાતે રહેતાં રુઝૈન અબ્દુલરઝાક હિંગોરજા નામના ૧૯ વર્ષિય યુવાનની એક હજાર રૂપિયાની લેતી-દેતીના મામલે સરાજાહેર છરી મારીને હત્યા કરનારા ઈમરાન ઊર્ફે વાલડી મુબારક જુણેજા નામના ૩૫ વર્ષિય હિસ્ટ્રિશિટર હત્યારાને પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લીધો હતો. બે દિવસ અગાઉ શહેરના મોટા પીર રોડ પર મુસ્તફાનગર નજીક ઈમરાનના ઘર પાસે બે જણ વચ્ચે નાણાંની ઉઘરાણી મુદ્દે માથાકૂટ થઇ હતી.

રુઝૈને તાત્કાલિક રૂપિયા આપવા ઈન્કાર કરતાં ઈમરાને ઉશ્કેરાઈને છરી વડે તેની છાતી અને જમણાં પડખે કમર પર છરીના એક-એક ઘા ઝીંકી દીધાં હતાં.

ગંભીર ઈજાથી રુઝૈન સ્થળ પર ફસડાઈ પડ્યો ત્યારે ઈમરાન હાથમાં છરી લઈને જોર જોરથી બોલતો હતો કે એક હજાર રૂપિયા ના આપવાનું પરિણામ જોઈ લીધું ને! ટોળું એકઠું થવા માંડતા ઈમરાન નાસી છૂટ્યો હતો અને રુઝૈનને ઓળખતાં લોકો તેને સ્કૂટર પર બેસાડીને જી.કે. જનરલ હોસ્પિટલે લઈ ગયાં હતા, પરંતુ તબીબે તેને સારવાર પૂર્વે જ મૃત જાહેર કર્યો હતો. હત્યાના બનાવ બાદ પી. આઈ. એ. જી. પરમાર અને સ્ટાફે ગુનો દાખલ કરીને આરોપી ઈમરાનને મોબાઈલ લોકેશનના આધારે ખારસરા મેદાન પાસેથી છરી સાથે દબોચી લીધો હતો.

બે વર્ષ પૂર્વે હત્યારો ઈમરાન અને તેના અન્ય ત્રણ સાગરીતોએ સસ્તામાં સોનુ આપવાના બહાને રાજસ્થાનના સોનીને અમદાવાદ બોલાવી, અપહરણ કર્યું હતું અને છરી બતાડી સોનુ લેવા માટે ૧૨.૬૫ લાખ રોકડાં રૂપિયા લઈને આવેલા સોનીને લૂંટી લઈ ધક્કો મારી કારમાંથી બહાર કાઢી મૂકી નાસી છૂટ્યા હતા. ઈમરાન સહિતના ભુજના અન્ય ચાર આરોપીઓ સામે સાણંદ જીઆઈડીસી પોલીસ મથકે ગુનો દાખલ થયો હતો તેમ પી. આઈ એ. જી. પરમારે ઉમેર્યું હતું.

# વાગડમાં થતી બેફામ ખનિજચોરી પર તંત્ર ત્રાટક્યુંઃ ૧૮ ટ્રક જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છના બેફામ બનતી જતી ખનિજ ચોરીની પ્રવૃત્તિ પર લગામ કસવા માટે શરૂ કરવામાં આવેલી ખાસ ઝુંબેશ અંતર્ગત ગત રાત્રે ફ્લાઈંગ સ્ક્વોડે લાકડીયા આડેસર ધોરીમાર્ગ પર રોયલ્ટી પાસ વગર ખનિજનું પરિવહન કરતી ૧૮ ટ્રકો ઝડપી પાડતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. કચ્છ કલેક્ટર અમિત અરોરાએ આપેલા આદેશ અંતર્ગત ભચાઉના પ્રાંત અધિકારી બાલમુકુંદ સૂર્યવંશીના માર્ગદર્શન હેઠળ ખનિજ તંત્રની ફ્લાઈંગ સ્ક્વોડના મદદનીશ નિયામક મેહુલ શાહની ટીમે લાકડીયા આડેસર ધોરીમાર્ગ પર ગોઠવેલી વોચ દરમ્યાન રોયલ્ટી પાસ વગર બેરોકટોક પસાર થઈ રહેલી એક પછી એક એમ ૧૮ ટ્રક ડમ્પરોને અટકાવ્યા હતાં. આ ટુકડીએ લાકડીયા પોલીસ મથકની હદમાંથી ૧૬ અને ગાગોદર પોલીસની હદમાંથી ૨ ટ્રક મળી ખનિજ સહિત કુલ ૫ કરોડ ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી, ખનિજ ચોરી બદલ ૫૪ લાખનો દંડ વસૂલવા કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં હથિયાર સાથે ઝડપાયેલ શખ્સને કોર્ટે સજા તથા દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં સાત વર્ષ પહેલા તમંચા સાથે ઝડપાયેલ શખ્સને કોર્ટે બે વર્ષ અને છ માસની સજા તથા દંડ ફટકાર્યો છે.

બનાવની વિગત એવી છે કે તા.૨-૧૨-૧૭ના રોજ ભાવનગર શહેર ભરતનગર, રીંગ રોડ, ઉપર દેશી બનાવટનો તમંચો ગેરકાયદેસર રીતે લઈ કોમેલ ઉર્ફે રેહાન દીવાન સતારભાઈ ફકીર- બેલીમ, (ઉં.વ.૩૨, રહે.હવા મસ્જીદ પાસે, મફતનગર શેરી નં.૯, પ્રભુદાસતળાવ, ભાવનગર) નીકળતા તેની સામે લાઈસન્સ વગર દેશી બનાવટનો તમંચો રાખવા માટેના ગુન્હા સબબ સોહીલ રહીમભાઈ ચોકીયા પોલીસ કર્મચારીએ ફરિયાદ આપી હતી ત્યારબાદ જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગરની પરવાનગી મેળવી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું જે કેસ ચાલી જતાં તા.૧૭-૪-૨૩ના રોજ એડી.ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ, ભાવનગરનાઓએ આરોપી કોમેલ ઉર્ફે રેહાન દીવાન સતારભાઈ ફકીર-બેલીમને ૨ વર્ષ અને ૫ માસની સજા તથા રૂ.૫૦૦૦ નો દંડ કર્યો હતો, જેની સામે તેઓએ નામદાર પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની અદાલતમાં સજાના હુકમ સબબ અપીલ દાખલ કરી હતી. આ અપીલ પિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એચ.એસ.મુલીયાની કોર્ટમાં ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ મનોજભાઈ આર. જોષીની દલીલોને ધ્યાને લઈ મહે. સેશન્સ જજ એચ.એસ.મુલિયા એ આજરોજ આરોપી કોમેલ ઉર્ફે રેહાન દીવાન સતારભાઈ બેલીમને કરવામાં આવેલી સજાનો હુકમ કાયમ રાખી સજાનો અમલ કરવા આરોપીને જિલ્લા જેલના હવાલે મોકલી આપેલ હતો.


# જૂનાગઢ-માઉન્ટ આબુ ખાતે ચાર વર્ષમાં ૮,૬૫૦ યુવાનોને સાહસિક પ્રવૃત્તિઓની તાલીમ અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માઉન્ટ આબુ-જૂનાગઢ ખાતે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન કુલ ૮,૬૫૦ યુવક- યુવતીઓને વિનામૂલ્યે વિવિધ સાહસિક પ્રવૃત્તિઓની તાલીમ અપાઈ છે.

રાજ્ય સરકારની યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા માઉન્ટ આબુ અને જૂનાગઢ ખાતે બેઝિક, એડવેન્ચર, એડ્વાન્સ, કોચિંગ કોર્સ તેમજ ઉત્તર ભારતમાં હિમાલય પરિભ્રમણ અને શિખર આરોહણ અભિયાન જેવા પર્વતારોહણ કોર્સનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવે છે. યુવાનોને પ્રકૃતિ સાથે જોડવા, નિહાળવા અને પ્રકૃતિને જાળવી રાખવા હિમાલય, વન વિસ્તાર, સાગરકાંઠા, સાગરખેડૂ સાઇકલ રેલી જેવા વિવિધ પરિભ્રમણ કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે. આ કોર્સમાં પ્રશિક્ષિત ઇન્સ્ટ્રકટર દ્વારા તાલીમ પણ આપવામાં આવે છે.

**તાજેતરમાં કેન્દ્ર સરકાર તરફથી મરાઠી અને બંગાળી સહિત વધુ પાંચ ભાષાને 'ક્લાસિકલ લેંગ્વેજ - અભિજાત ભાષા'નો દરજ્જો એનાયત થયો છે. આ બધા વચ્ચે, આપણી ગુજરાતી ભાષા પણ એ દરજ્જા પામી શકે? શું છે એનાં ધારા-ધોરણ અને આવા બહુમાન માટે કેવીક છે આપણી પોતાની તૈયારી ?**




# 'અભિજાત' શ્રેણીમાં આવી શકે આપણી ગુજરાતી ?

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે એક મોટો નિર્ણય લઈને મરાઠી, બંગાળી, પાલી, પ્રાકૃત અને આસામી એમ વધુ પાંચ ભાષાને 'ક્લાસિકલ લેંગ્વેજ (શાસ્ત્રીય ભાષા)'નો દરજ્જો આપી દીધો છે.

અત્યાર સુધી દેશમાં તમિલ, સંસ્કૃત, તેલુગુ, કન્નડ, મલયાલમ અને ઓડિયા એમ છ ભાષાને 'ક્લાસિકલ લેંગ્વેજ' એટલે કે નો 'અભિજાત' ભાષાનો દરજ્જા મળ્યો હતો. હવે વધુ છ ભાષાને આ વિશેષ દરજ્જો અપાતાં 'ક્લાસિકલ લેંગ્વેજ'નો દરજ્જો ધરાવતી ભાષાઓની સંખ્યા ૬થી ૧૧ થઈ જશે.

ભારત સરકારે છેલ્લે ૨૦૧૪માં ૨૦ ફેબ્રુઆરીના રોજ ઉડિયા ભાષાને 'ક્લાસિકલ લેંગ્વેજ'નો દરજ્જો આપેલો. એ નિર્ણય ડો. મનમોહનસિંહની સરકારે લીધો હતો તેથી મોદી સરકારે કોઈ ભાષાને અભિજાત' ભાષાનો દરજ્જો આપ્યો હોય એવું પહેલી વાર બન્યું છે. વાસ્તવમાં ડો. મનમોહનસિંહની સરકારે જે ૬ ભારતીય ભાષાને આ દરજ્જો આપ્યો તેની શરૂઆત તમિલને ૨૦૦૪માં એ 'ક્લાસિકલ દરજ્જો આપીને કરવામાં આવી હતી.

તમિલ ભાષાને ૧૨ ઓક્ટોબર, ૨૦૦૪ના રોજ 'ક્લાસિકલ લેંગ્વેજ'નો દરજ્જો અપાયો તેના એક વર્ષ પછી સંસ્કૃતને (૨૫ નવેમ્બર, ૨૦૦૨) પણ ભાષાનો આ વિશેષ દરજ્જો એનાયત થયો . એ પછી ક્રમશઃ ૩૧ ઓક્ટોબર ૨૦૦૮ના કન્નડ-મલયાલમ ને તેલુગ ભાષાને 'ક્લાસિકલ લેંગ્વેજ'નો દરજ્જો મળ્યો અને છેલ્લે ૨૦૧૪માં ડો. મનમોહનસિંહની સરકાર વિદાય થતાં પહેલાં ઉડિયા ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો આપતી ગઈ.

આ બધા ઉડિયાને 'ક્લાસિકલ લેંગ્વેજ'નો દરજ્જો ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીની સાથે જ યોજાનારી ઓડિશા વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો.

એ રીતે અત્યારે પણ મરાઠીને અભિજાત ભાષાનો દરજ્જો મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને લેવાયો છે. મરાઠી 'ક્લાસિકલ લેંગ્વેજ' ગણાય ને બંગાળી ના ગણાય તો મમતા બેનરજી એને મોટો રાજકીય મુદ્દો બનાવી દઈને ભાજપ બંગાળને અન્યાય કરે છે એવો દેકારો મચાવી દે તેથી મરાઠીની સાથે બંગાળીને પણ 'ક્લાસિકલ લેંગ્વેજ'નો દરજ્જો આપી દેવામાં આવ્યો છે. બાકીની ત્રણ ભાષા પૈકી પાલી અને પ્રાકૃત ભારતમાં સંશોધકો અને વિદ્વાનોની ભાષા રહી ગઈ છે, જેને ભાગ્યે જ કોઈ બોલે કે લખવામાં વાપરે છે. જ્યારે આસામી, બંગાળી અને મરાઠી વ્યાપકપણે લખાય છે- બોલાય છે.

ભારતના કેટલાક વિસ્તારોમાં તેમજ લાઓસ, મ્યાનમાર, શ્રીલંકા, થાઈલેન્ડ અને વિયેટનામમાં પાલી બોલાય છે, પણ એ લોકબોલી નથી. પાલી ભગવાન બુદ્ધના ઉપદેશોની ભાષા છે તેથી બૌધ્ધ સાધુઓ આ ભાષા શીખે છે. ભારતમાં અલ્હાબાદ અને પટના સહિત કેટલીક યુનિવર્સિટીમાં પાલી ભાષા શીખવવામાં આવે છે. પ્રાકૃત ભારતમાં કોઈ બોલતું નથી, પણ સંશોધકોની એ ભાષા છે.

ભારતમાં સંસ્કૃતનું વ્યાકરણ રચાયું એ પહેલાં પ્રાકૃત ભાષા બોલાતી હતી. પ્રાકૃત ભાષામાં શિલાલેખો તથા ઘણું જૂનું સાહિત્ય પણ મળે છે તેથી સંશોધકોના કારણે પ્રાકૃત ભાષા જીવંત રહી છે.

કોઈ પણ ભાષાને ક્લાસિકલ લેંગ્વેજ-અભિજાત ગણવામાં આવે પછી સરકાર તરફથી શાસ્ત્રીય ભાષાઓને પ્રોત્સાહન આપવા માટે ખાસ પગલાં લેવાય છે. આવી ભાષાના પ્રાચીન ગ્રંથોના અનુવાદ તેમજ સંશોધનને પ્રોત્સાહન આપવા અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ભાષાના વિદ્વાનો માટે અભ્યાસક્રમ બનાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, સંસ્કૃતના પ્રચાર માટે ત્રણ કેન્દ્રીય યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. એ જ રીતે તમિલના અભ્યાસ માટે કેન્દ્રીય સંસ્થા બનાવવામાં આવી છે. શાસ્ત્રીય કન્નડ, તેલુગુ, મલયાલમ અને ઓડિયામાં અભ્યાસ માટે મૈસુરમાં ભારતીય ભાષાઓની સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ પણ બની છે.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે કોઈ પણ ભાષાને ક્લાસિકલ લેંગ્વેજનો દરજ્જો આપવા માટેનાં ધારાધોરણો નક્કી કરવાનું કામ સાહિત્ય અકાદમીને સોંપ્યું હતું. સાહિત્ય અકાદમીએ અગાઉ ૨૦૦૪ અને ૨૦૦૫માં નક્કી કરેલાં ધારાધોરણો બદલીને નવા માપદંડ નક્કી કર્યા છે.

આ માપદંડ પ્રમાણે, ક્લાસિક લેંગ્વેજનો દરજ્જો મેળવવા માટે જે તે ભાષા ૧૫૦૦થી ૨૦૦૦ વર્ષ જૂની હોવી જોઈએ... આ ભાષા એ સમયે અસ્તિત્વમાં હતી તેના પુરાવારૂપ જ્ઞાન ગ્રંથો ઉપલબ્ધ હોવા જોઈએ.... ગદ્ય ગ્રંથો ઉપરાંત કવિતા, શિલાલેખ અને શિલાલેખના પુરાવા જ્ઞાન ગ્રંથ તરીકે માન્ય ગણાય છે મતલબ કે આ ભાષામાં ૧૫૦૦થી ૨૦૦૦ વર્ષ પહેલાં સાહિત્ય કે લખાણ આલેખાયેલું હોવું જોઈએ. એટલું જ નહીં,આ સાહિત્ય મૌલિક હોવું જોઈએ ને બીજી ભાષામાંથી એની ઉઠાંતરી ન થઈ હોવી જોઈએ. અભિજાત ભાષા તરીકે માન્યતા મેળવનારી એ ભાષા અને એ વખતનું સાહિત્ય હાલની ભાષા અને સાહિત્ય કરતાં અલગ હોવાં જોઈએ. અભિજાત દરજ્જા માટેનાં આ ધારાધોરણની ચકાસણી કર્યા બાદ સાંસ્કૃતિક મંત્રાલય એને ક્લાસિકલ લેંગ્વેજનો દરજ્જો આપવો કે નહીં એ નક્કી કરે છે.

આ બધા વચ્ચે આપણી ગુજરાતી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો કે બહુમાન મળે કે નહીં ?

ખરું કહીએ અને વાસ્તવિકતા નજર સામે રાખીને કહીએ તો આપણી ગુજરાતી ભાષા ક્લાસિકલ લેંગ્વેજ માટેનાં નક્કી થયેલાં ધારાધોરણોમાં બંધબેસતી નથી.

આ વાતને સમજવા ટૂંકમાં ગુજરાતી ભાષાનો ઈતિહાસ સમજવો પડે. ઘણા વિદ્વાનોના મતે, ગુજરાતી ભાષા ઈસવીસન પૂર્વે અસ્તિત્વમાં હતી, પણ તેના કોઈ પુરાવા નથી. પુરાવાના આધારે જોઈએ તો ગુજરાતી ભાષાને હજુ ૧૦૦૦ વર્ષ પણ થયાં નથી જ્યારે મુખ્ય માપદંડ જ ૧૫૦૦ વર્ષથી જૂની ભાષાનો છે.

ગુજરાતી ભાષાનો જન્મ ઈ.સ. ૧૧૩૫માં થયો હોવાનું મનાય છે, કેમ કે ગુજરાતી ભાષાનો સર્વ પ્રથમ વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધ હેમ શબ્દાનુશાસન' ઈ.સ. ૧૧૩૫માં લખાયો. ગુજરાતી ભાષાની સર્વપ્રથમ નવલકથા 'ભરતેશ્વર બાહુબલી રાસ' હતી, જે ઈ.સ. ૧૧૮૫ માં લખાઈ હતી.

ગુજરાતી ભાષાના વ્યાકરણની રચના સિધ્ધરાજ જયસિંહના શાસનમાં થઈ. ઈ.સ. ૧૦૯૬ માં સિધ્ધરાજ જયસિંહનો રાજ્યાભિષેક થયો અને સિદ્ધરાજે ગુજરાત પર ૪૮ વર્ષ સુધી અખંડ શાસન કર્યું. આ દરમિયાન અનેક યુધ્ધ થયાં, પરંતુ સિધ્ધરાજ જયસિંહ કદી પરાજિત થયા નહીં. સિદ્ધરાજના સમયમાં જૈનાચાર્ય હેમચંદ્રાચાર્ય મહાન વિદ્વાન ગણાતા. 'કલિકાલજ્ઞ સર્વજ્ઞ' તરીકે ઓળખાતા હેમચંદ્રાચાર્યે સંસ્કૃત, પ્રાકૃત, અને પાલી એમ ૩ ભાષાના વ્યાકરણનો ઊંડો અભ્યાસ કરીને ગુજરાતી વ્યાકરણની રચના કરી હતી તેથી ગુજરાતી ભાષાને મૌલિક પણ ગણવામાં નથી આવતી!

આમ છતાં ગુજરાતી ભાષાને ક્લાસિકલ-અભિજાત ભાષાનો દરજ્જો અપાવવા માટે પણ પ્રયત્નો થયા છે. મુંબઈના ગુજરાતીઓએ સમાજના અગ્રણી એવા હેમરાજ શાહની આગેવાનીમાં ૨૦૨૦માં ગુજરાતી ભાષાને ક્લાસિકલ લેંગ્વેજ આપવા માટે મહારાષ્ટ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. આ અંગેના પુરાવા પણ રજૂ કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્ર સરકારે એ વખતે 'આ અંગે યોગ્ય નિર્ણય લેવાશે' એવો જવાબ આપેલો, પણ ત્યાર પછી કદી કોઈ જવાબ આવ્યો નહીં... ને હજુ સુધી ગુજરાતી ભાષાને ક્લાસિકલ લેંગ્વેજનો દરજ્જો મળ્યો નથી.

આમેય અત્યારે જે ધારાધોરણો છે એ મુજબ ગુજરાતી ભાષા અભિજાત ભાષા બની શકે તેમ નથી. બીજી તરફ, અત્યારે મણિપુરમાં બોલાતી મેઈતેઈ ભાષા સૌથી પ્રબળ દાવેદાર છે. મેઈતેઈ ભાષામાં ૨૦૦૦ વર્ષ પહેલાં સાહિત્ય રચાયાના પુરાવા હોવાનું કહેવાય છે. બિહારના કેટલાક ભાગોમાં બોલાતી મૈથિલી પણ ૧૪૦૦ વર્ષ જેટલી જૂની હોવાનું ગણાય છે . એ જોતાં વહેલા-મોટા ભવિષ્યમાં મૈથિલી પણ ક્લાસિકલ લેંગ્વેજ બની શકે, પણ ગુજરાતીને નજીકના ભવિષ્યમાં ક્લાસિકલ લેંગ્વેજનો દરજ્જો મળવાની શક્યતા બહુ ધૂંધળી છે. ■


આજે મને એ જાહેર કરવામાં રોમાંચ થાય છે કે વીણા વર્લ્ડે આગામી બાર મહિના માટેની તેની યુરોપ ટુર્સ હાલમાં જ રજૂ કરી છે અને તે અમારું આજ સુધીનું સૌથી મોટું લોન્ચ બની રહેશે! ટુર્સની સર્વોચ્ચ સંખ્યા, સૌથી વધુ પ્રસ્થાન અને પ્રસ્થાન કરવા માટે શહેરોની અભૂતપૂર્વ શ્રેણી સાથે અમે યુરોપના હાર્દ થકી તમને અવિસ્મરણીય પ્રવાસે લઈ જવા માટે સુસજ્જ છીએ. તમે પ્રતિકાત્મક સીમાચિહ્નો જોવા માગતા હોય કે છૂપાં રત્નો,અમારી સૂઝબૂઝપૂર્વક તૈયાર કરવામાં આવેલી આઈટિનરીઓ દરેક પર્યટક માટે કશુંક છે તેની ખાતરી રાખે છે. અને અમારા અનુભવી વીણા વર્લ્ડના ટુર મેનેજરો તમારી પડખે હોવાથી તમે અસાધારણ યુરોપિયન એડવેન્ચર માટે સંપૂર્ણ સુસજ્જબની શકો છો.

વીણા વર્લ્ડ ખાતે આજ સુધી ઓફર કરાયેલી યુરોપ પ્રોડક્ટોના સૌથી મોટા પોર્ટફોલિયોના આ લોન્ચની ઉજવણીના ભાગરૂપ હું યુરોપનાં સૌથી અદભુત શહેરોને સમર્પિત વિશેષ 20 ભાગની સિરીઝ તમારે માટે લાવવા ભારે રોમાંચિત છું. આગામી પાંચ મહિનામાં તમે સમૃદ્ધ ઈતિહાસ, અકથિત વાર્તાઓ અને આ દરેક શહેરની અવશ્ય મુલાકાત લેવી જોઈએ તેવી અજોડ ખૂબીઓની ખોજ કરશો. તો કશું નવું અને રોમાંચક પ્રદાન કરતાં એક સમયે એક અતુલનીય સ્થળ વિશે આપણે જાણવાના હોવાથી દરેક સપ્તાહે વાપસી કરવાની ખાતરી રાખજો. અમારી સાથે યુરોપનો આ પ્રવાસ ચૂકશો નહીં!

આ સપ્તાહમાં આપણે ફ્રાન્સનું ઘરેણું પેરિસ સાથે શરૂઆત કરીશું! સિટી ઓફ લાઈટ્સ તરીકે પ્રસિદ્ધ પેરિસની ઓળખ કરાવવાની કોઈ જરૂર નથી.આમ છતાં તે સતત નવું પરિપ્રેક્ષ્ય પ્રદાન કરે છે તેનો ઉલ્લેખ જરૂરી છે. તેના સમૃદ્ધ કળાત્મક ઈતિહાસથી લઈને તેનાં વિશ્વપ્રસિદ્ધ સીમાચિહ્નો સુધીઅહીં હંમેશાં કશુંક જોવા જેવું હોય છે. તો રોમાન્સ, સંસ્કૃતિ અને ઈતિહાસનું અન્ય ક્યાંય નહીં તે રીતે આંતરગૂંથણ થાય છે તેવા પેરિસનીખૂબીઓ વિશે જાણવા માટે મારી સાથે જોડાઓ.

**ઐતિહાસિક બેકગ્રાઉન્ડ:** પેરિસ લુટેશિયા નામે નાની રોમન વસાહત તરીકે શરૂઆત કરતાં 2,000 વર્ષ જૂનો ઈતિહાસ ધરાવે છે. સમયાંતરે તે યુરોપમાં સૌથી પ્રભાવશાળીશહેરમાંથી એક તરીકે ઉત્ક્રાંતિ પામ્યું હોઈ આજે કળા, સંસ્કૃતિ, રાજકારણ અને ક્રાંતિનું કેન્દ્ર બની ગયું છે. 1789ની ફ્રેન્ચ ક્રાંતિએ

અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com



## પેરિસ
## દ સિટી ઓફ લવ

**વીણા વર્લ્ડ અમારા સૌથી મોટા યુરોપ ટૂર કલેક્શનનું લોન્ચ કરવા માટે ઉત્સાહિત છે, જેની શરૂઆત મોહક પેરિસથી થાય છે. એક અવિસ્મરણીય અનુભવનું વચન આપતા, તેના પ્રતિકાત્મક સ્થળો અને સમૃદ્ધ સંસ્કૃતિને એક્સપ્લોર કરો**

પેરિસનોઈતિહાસ સાવ બદલી નાખ્યો, કારણ કે તે આધુનિક ફ્રાન્સનું હાર્દ બની ગયું. નેપોલિયનના ઉદયથી લઈને આજે આપણે જાણીએ તે બોડ બુલેવર્ડસ ડિઝાઈન કરનારા બેરોન હોસમેન હેઠળ શહેરના પુનઃનિર્માણ સુધી, પેરિસે તેના સમૃદ્ધ ભૂતકાળનું જતન કરવા સાથે પોતાની સતત પુનઃખોજ કરી છે.

આજે લેટિન ક્વાર્ટરની કોબાલ્ડ ગલીઓથી લઈને પ્લેસ દ લા કોન્કોર્ડની ભવ્યતા સુધી શહેરના દરેક ખૂણામાં આ ઐતિહાસિક ખૂબીઓમહેસૂસ થઈ શકે છે. પેરિસ ખરેખર જીવંત મ્યુઝિયમ છે, જ્યાં ઈતિહાસ અને આધુનિકતાનું સુસંવાદિત સહ-અસ્તિત્વ છે.

**રસપ્રદ વાસ્તવિકતાઓ:** પેરિસ સ્ટ્રીટ લાઈટિંગ વહેલી અપનાવવા સાથે જ્ઞાન અને બૌદ્ધિકતાના કેન્દ્રને કારણે પણ "સિટી ઓફ લાઈટ્સ" તરીકે ઓળખાય છે. સ્થાનિકો દ્વારા આરંભમાં જેની ટીકા કરાઈ હતી અને 1889ના વર્લ્ડ ફેર પછી લગભગ છૂટી કરાયેલો આઈફિલ ટાવર સાથે પેરિસ રિવર સીન સાથે 37 પુલોનું ઘર છે,જે દરેકની પોતાની વાર્તા છે અને શહેરોનો અજોડ નજરિયો છે. દુનિયાનું સૌથી વિશાળ આર્ટ મ્યુઝિયમ લુવર મૂળમાં રાજા ફિલિપ ઓગસ્ટે દ્વારા12મી સદીમાં કિલ્લો તરીકે નિર્માણ કરાયું હતું.

**વાર્તાઓ અને દંતકથાઓ:** પેરિસની એક સૌથી પ્રસિદ્ધ દંતકથા ઓપેરાના ફેન્ટમ આસપાસ વીંટળાયેલી છે. આ વાર્તા અદભુત પેલેસ ગાર્નિયર દ્વારા પ્રેરિત છે, જે દુનિયામાં સૌથી સુંદર ઓપેરા હાઉસમાંથી એક છે. ઓપેરા હાઉસને વળગાડ છે તે રહસ્યમય આકૃતિની દંતકથાએ દાયકાઓ સુધી વાચકો અને થિયેટરપ્રેમીઓને મંત્રમુગ્ધ કર્યા છે. ઉપરાંત પોન્ટ દેસ આર્ટસ અથવા "લવ લોક બ્રિજ"ની વધુ આધુનિક વાર્તા પણ છે, જ્યાં યુગલો એકબીજા પ્રત્યે પવિત્ર પ્રેમ દર્શાવવા માટે રેઈલિંગને પેડલોક લગાવે છે અને ચાવી સીન નદીમાં ફેંકી દે છે. તાળાં પુલના રક્ષણ માટે કાઢવામાં આવ્યાં હોવા છતાં રોમેન્ટિક જોશ હજુ પણ ઝળુંબે છે, જેથી શહેરના સૌથી વધુ ફોટોગ્રાફ્ડ સ્થળમાંથી એક તરીકે તે પ્રસિદ્ધ છે.

**ટોચની સાઈટ્સ અને આકર્ષણો:** પેરિસ મંત્રમુગ્ધ કરનારાં સીમાચિહ્નોથી ભરચક છે, જેમાંથી આ પાંચ ખરેખર ચૂકવા જેવાં નથી:

**1. આઈફિલ ટાવર:** પેરિસનું સૌથી પ્રસિદ્ધ પ્રતિક તરીકે આઈફિલ ટાવર તેના ઓબ્ઝર્વેશન ડેસ્કસ પરથી શહેરનો સૌથી અદભુત નજારો પ્રદાન કરે છે. તમે સૂર્યોદય સમયે તે જોવાનું નક્કી કરો કે દિવસ દરમિયાન અથવા રાત્રે ટમટમતા તારાઓના પ્રકાશ હેઠળ જોવા માગતા હોય, આઈફિલ ટાવર આકર્ષિત કર્યા વિના ક્યારેય રહેતો નથી.

**2. લુવર મ્યુઝિયમ:** વિશ્વપ્રસિદ્ધ મોના લિસા અને વિનસ દ મિલો સહિત હજારો કળાકૃતિઓનું ઘર લુવર કળાપ્રેમીઓ માટે સૌથી ઉત્તમ સ્થળ છે. મ્યુઝિયમના વિશાળ કલેક્શનમાં ખોવાઈ જવાનું આસાન છે, જે સદીઓનો કળા ઈતિહાસ ધરાવે છે.

**3. નોટર-ડેમ કેથેડ્રલ:** 2019ની આગથી હાનિ છતાં નોટર-ડેમ સ્થિતિસ્થાપકતા અને ગોથિક સ્થાપત્યના સૌંદર્યનું પ્રતિક રહ્યું છે.મુલાકાતીઓ બહારથી તેની નાજુક બારીકાઈ સાથે તેના મોજૂદ પુનરુદ્ધારને પણ જોઈ શકે છે.

**4. ચેમ્પ્સ-એલિસીઝ અને આર્ક દ ટ્રાયમ્ફ:** દુનિયાની સૌથી પ્રસિદ્ધ ક્ષિતિજમાંથી એક ખાતે લટાર મારો અને ફ્રાન્સ લશ્કરની જીતને સલામી આપતા ટાવરિંગ આર્ક દ ટ્રાયમ્ફ ખાતે તમારી વોક પૂરી કરો. અદભુત નજારા માટે આર્કની ટોચ પર પહોંચો.

**5. મોન્ટમાર્ટે અને સેકર-કુઅર બેસિલિકા:** મોન્ટમાર્ટે બોહેમિયન પાડોશ છે, જે એક સમયે પિકાસો અને વેન ગોઘ જેવા કલાકારોથી પ્રેરિત છે.ટેકરીની ઉપર અદભુત સેકર-કુઅર બેસિલિકા છે, જે પેરિસનો મનોરમ્ય નજારો આપે છે.

**સ્થાનિક અનુભવો અને સંસ્કૃતિ:** પેરિસને ખરા અર્થમાં અનુભવવા માટે તેની કેફે સંસ્કૃતિ માણો. પેરિસિયનો કોફી, પેસ્ટ્રી ખાતે સમય વિતાવવા અને મોહક કેફેમાં ગપ્પાં કરવા માટેપ્રસિદ્ધ છે. અહીં ફ્રેશ ક્રોઈસન્ટ્સ, મેકેરોન્સ અને પ્રતિકાત્મક બેગેટ જેવી ફ્રેન્ચ વાનગીઓનો સ્વાદ લેવાનું ચૂકશો નહીં.તમને અહીં માર્શ દ એલીગર જેવી ઘણી બધી બજારો પણ મળી આવશે, જ્યાં તમે સ્થાનિક ફ્લેવર્સ અને વાનગીઓ માણી શકો છો.

**ટ્રાવેલ ટિપ્સ અને વ્યવહારુ માહિતી:** મુલાકાત લેવાનો સૌથી ઉત્તમ સમય: પેરિસની મુલાકાત લેવાનો સૌથી ઉત્તમ સમય વસંતઋતુ (એપ્રિલથી જૂન) અથવા પાનખર (સપ્ટેમ્બરથી નવેમ્બર) હોય છે, જે સમયે હવામાન આહલાદક હોય છે. હરવુંફરવું: વીણા વર્લ્ડ ટુર મેનેજર તમારી પડખે હોવાથી તમારે આ અદભુત શહેરમાં શું શું જોવું છે તેનો અંદાજ લગાવવાની ચિંતા કરવાની તમને કોઈ જરૂર નથી! ભાષા: ફ્રેન્ચ વિધિસર ભાષા છે, પરંતુ ટુરિસ્ટ વિસ્તારોમાં અંગ્રેજી વ્યાપક રીતે બોલવામાંઆવે છે. અમુક મૂળભૂત ફ્રેન્ચ વાક્યો જાણતા હોય તો બહુ સારી વાત છે.

તો શું તમે પેરિસનો જાદુ અનુભવવા માટે તૈયાર છો? તો ચાલો, વીણા વર્લ્ડના સિટી ઓફ લાઈટ્સના અવિસ્મરણીય પ્રવાસે તમને લઈ જઈએ.અમારા નિષ્ણાત ટુર મેનેજરો માર્ગમાં દરેક પગલે તમને માર્ગદર્શન આપશે, જેથી તમે પેરિસનાં સીમાચિહ્નથી તેના છૂપા ખજાના સુધીશ્રેષ્ઠતમ રીતે તે જોઈ શકો છો.

મને નિશ્ચિત આશા છે કે તમારા યુરોપિયન એડવેન્ચર પર તમારે નીકળવું જ જોઈએ એ વાત હું તમને સારી રીતે સમજાવી શક્યો છું.જો એવું હોય તો વાટ નહીં જુઓ. નિયોજન શરૂ કરવા માટે ઈમેઈલ થકી અમારો સીધા જ સંપર્ક કરો અથવા તમારા નજીકના વીણા વર્લ્ડના પ્રતિનિધિને મળો (guestconnect@veenaworld.com) જોકે બુકિંગ વહેલું કરો, જેથી વિઝા પ્રક્રિયા શરૂ કરી શકાય. આ કામ પૂરું થતાં યુરોપમાં પર્યટનઆસાન બની રહેશે! તમે પહેલી વાર જતા હોય કે તેના ઘેરા લેયરોની ખોજ કરવા પાછા આવ્યા હોય, યુરોપ તેની વધુ મોહિનીઓ ઉજાગર થાય તેનીવાટ જોઈ રહ્યું છે. તમારું યુરોપિયન ડ્રીમ જૂજ પગલાંની દૂરી પર છે!

**આગામી સપ્તાહમાં શું છે?:** આગામી સપ્તાહમાં આપણે ઝુરિચમાં જઈશું, જ્યાં અલ્પાઈન સૌંદર્યનું આધુનિક સ્વીસ સાથે મિલન થાય છે. આ શહેરનાં સર્વ છૂપાં રત્નોનીખોજ કરવા માટે આગળ વાંચતા રહો!

**તમને આ વાંચવાનું ગમતું હોય તો યુટયુબ પર અમારી નવી વિડિયો સિરીઝ જોવાનું પણ નિશ્ચિત જ ગમશે. નીચેનો QR કોડ સ્કેન કરીને જુઓ:**

TRAVEL. EXPLORE. CELEBRATE LIFE.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

## દ અલ્ટિમેટ કૉન્ટિનેન્ટ યુરોપ વીણા વર્લ્ડ સંગાથે!

**મુંબઈ થી મુંબઈ એરફેર સાથે ઓલ ઈન્ક્લુઝિવ ટુર્સ માંથી તમારી મનપસંદ ટુર આજે જ સિલેક્ટ કરો.**
**વીણા વર્લ્ડ ની અન્ય ઓલ ઈન્ક્લુઝિવ વધુ યુરોપ ટુર્સ veenaworld.com પર ઉપલબ્ધ.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| યુરોપિયન પેનોરમા (8D) Nov 22 205000 | યુરોપિયન સ્પ્લેન્ડર્સ (10D) Nov 18 225000 | યુરોપિયન હાઈલાઈટ્સ (11D) Nov 11 285000 | સ્વિસ પેરિસ લંડન (11D) Nov 6 305000 | સ્વિસ પેરિસ ઈટાલી (11D) Nov 20 280000 | સ્વિસ પેરિસ ઓસ્ટ્રિયા (11D) Nov 12 280000 |
| આઈસલેંડ સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઈટ્સ વિથ આઈસબ્રેકર ક્રુઝ (10D) Dec 11, Jan 15 - 410000 | | બેસ્ટ ઓફ સ્પેન (10D) Nov 9 230000 | સ્પેન પોર્ટુગલ મોરોક્કો (16D) Nov 5 340000 | હાઈલાઈટ્સ ઓફ ગ્રીસ (8D) Nov 24 225000 | બેસ્ટ ઓફ ટર્કી (10D) Nov 8 220000 |
| હાઈલાઈટ્સ ઓફ ટર્કી 10 Days Nov 26-160000 | બેસ્ટ ઓફ ઈજિપ્ત (9D) Nov 19,26 190000 | વિએના પ્રાગ બુડાપેસ્ટ બર્લિન વિથ ક્રિસમસ માર્કેટ (9D) Nov 30-240000 | બેસ્ટ ઓફ બાકૂ અઝરબાયજાન(7D) Oct 25 - 125000 | જોર્જિયા આર્મેનિયા અઝરબાયજાન (10D) Mar 16 - 190000 | ઉઝબેકિસ્તાન કઝાકસ્તાન કિરગિઝસ્તાન (9D) Nov 17-177000 |

*T&C Apply




Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




અભિ ફોન પતાવીને પાછો ફર્યો ત્યારે સીમા એની રાહ જોતી બેઠી હતી.

મામાજીનો ફોન હતો... બસ એમ જ ખબર પૂછવા માટે. હું નીકળું છું.. ચૌબેજીના નાટકનું રીહર્સલ છે.....પછી સાંજે અશોક ટંડન અને અકબર પીઆરને મળવું છે... બહુ કામ છે.... કામ શોધવું પડશે.'

માણસના મુંઝવણભર્યા અને અસંબદ્ધ બબડાટના છેલ્લા વાક્યમાંથી સચ્ચાઇ સરી પડતી હોય છે. સીમાના ધ્યાનમાં આવ્યું ખરું, પણ એને લાગ્યું કે અભિ અગાઉની છેડેલી વાત ઉડાવી દેવા માગે છે.

'અચ્છા, તમારી વચ્ચે થયેલી અલકમલકની વાતો મને નથી કહેવી એટલે તને બહુબધા કામ યાદ આવી ગયાને.' સીમા સહજ રીતે બોલી.

'ના..ના... એવું કાંઇ નથી. આજે હું રીહર્સલમાં મોડો પહોંચીશ તો બહુ મોડું થઇ જશે.' સીમા અભિના બોલવાનો કદાચ મર્મ સમજી નહીં શકી.

ચા, નાસ્તો કરીને જાજે' સીમા બોલીને નીકળી ગઇ.

*******************

એકટર્સ અડ્ડા પર સૌથી પહેલો પહોંચીને અભિ લખવામાં વ્યસ્ત હતો. રીહર્સલ શરૂ થવાને હજી વાર હતી. સમય કરતા કાયમ વહેલી પહોંચી જતી શીલાએ એને જોઇને આશ્ચર્ય વ્યક્ત ન કર્યું.

'મૈં ડિસ્ટર્બ કરું.?' શીલાએ પૂછ્યું.

'ઓલરેડી કર દિયા.' અભિએ ડાયરી બગલ થેલામાં નાખતા કહ્યું.

'તૂમ લિખના બંધ મત કરો..મૈં ચૂપ બૈઠુંગી.'

'ખૂબસૂરતી કે સામને બૈઠ કર મૈં બદસૂરતી લિખ નહીં પાઉંગા.' અભિ બોલ્યો ને શીલા એની સામે વિસ્ફારિત આંખે જોતી રહી. અભિએ પોતાને ખૂબસૂરત કહી એના કરતા વધુ આશ્ચર્ય એને બદસૂરત લખાણ વિશે થયું.

'બદસૂરત લિખાઇ... યે ક્યા હોતી હૈ.?'

'સમાજ કા.... અપને આસપાસ કા બદસૂરત ચહેરા.... ધ ડાર્ક સાઇડ ઓફ અવર સોસાયટી.'

'ક્યા ઝરૂરત હૈ દુનિયા કે સામને બદસૂરતી લાને કી....?' શીલાએ કહ્યું.

'ચૌબેજી કા પ્લે અંતહીન અંત' ડાર્ક સાઇડ હી દિખા રહા હૈ... તુમને ચૌબેજી કો તો યે સવાલ કભી નહીં કિયા. ઔર તુમ ઉસ મેં મેઇન રોલ કર રહી હો.'

'ક્યું કી મુઝે તીન સાલ મેં પહેલી બાર મેઇન રોલ મિલા હૈ...' શીલા બોલી.

'તુમ્હે તીન સાલ બાદ પહેલીબાર મેઇન રોલ મિલા તો મુઝે કિતને સાલ લગ જાયેંગે..' અભિએ કહ્યું.

'સર આ ગયે...' શીલા બોલીને ઊભી થઇ ગઇ. એની પાછળ અભિ પણ ગયો.

'આ ગયે સારી મુશ્કેલિયાં.. તકલીફો કો સમંદર મેં ફેંક કર...?' ચૌબેજીએ પૂછ્યું.

'જી સર, અબ પુરા દિલ લગા કર કામ કરુંગા.' અભિ બે હાથ જોડીને ઊભો રહ્યો.

'ચલો અંદર આઓ...' ત્રણેય અંદર ગયા. એક પછી એક બધા કલાકારો આવતા ગયા. રીહર્સલ શરૂ કરવા માટે ચૌબેજીના આદેશની રાહ જોવાતી હતી.

'રિયાઝ...શીલા કલ વાલા સીન ફિર સે કરો..'

છેલ્લા બે-ત્રણ દિવસથી પોતાના સંવાદો બરોબર બોલી નહીં શકતો રિયાઝ સ્ટેજ પર ગયો ને સંવાદ બોલવાનું શરૂ કરતા જ ફરી ભૂલ કરી બેઠો..

'રિયાઝ, આજ તીસરા દિન હૈ.... ના તુમ્હે ડાયલોગ્ઝ યાદ હૈ... ના કોઇ ફિલિંગ્સ હૈ...' ચૌબેજીના ચહેરા પર ફ્રસ્ટ્રેશન હતું. ગુસ્સાભરી આંખે આસપાસ.... ઉપર નીચે જોવા લાગ્યા. એમનું ધ્યાન અભિ પર ગયું.

'અભિ, તુમ આઓ... તુમ કર કે દિખાઓ...' એમણે ફરમાન કરતા હોય એવા અંદાજમાં કહ્યું. અભિ હતપ્રભ બનીને જોતો રહ્યો.

'ચલો, યે સ્ક્રીપ્ટ પકડો.... ડાયલોગ બોલો.' ચૌબેજી કડક માસ્તરની જેમ બોલ્યા. અભિ ચૌબેજી પાસે જઇને બોલ્યો: 'સર, મુઝે ડાયલોગ્ઝ યાદ હૈ.' ચૌબેજીએ શરૂ કરવાનો ઇશારો કર્યો.

રંગમંચને નમન કરીને અભિએ બોલવાનું શરૂ કર્યું.

યે ધરતી કો સર પે લે લુંગા... યે આસમાન પૈરો તલે રખ દુંગા...

મૈં ખડા હું વહાં... મૈં ખડા હું વહાં... એક અલગ જહાં બનાઉંગા..

તૂ ચાહે લાખ કોશિશ કર ડૂબાને કી.... તૂ ચાહે લાખ કોશિશ કર ડૂબાને કી... મૈં કશ્તી કો કિનારે લગા દુંગા....

તૂ દુનિયા કો નચા અપની ઉંગલિંયો પે..... તૂ દુનિયા કો નચા અપની ઉંગલિંયો પે..તુઝે મૈં અપની ઉંગલિંયો પે નચાઉંગા....

'યે ધરતી કો સર પે લે લુંગા... યે આસમાન પૈરો તલે રખ દુંગા...'

અભિએ એક આગવી છટા સાથે સંવાદ પુરો કર્યો.... એક સન્નાટો પ્રસરી ગયો. બધા ચૌબેજીના હાવભાવ જોતા હતા, જ્યારે શીલા ખુશી છલકતી આંખે અભિને જોતી રહી ગઇ. અભિ માત્ર ગોખેલો સંવાદ બોલી નહોતો ગયો... પુરેપુરો ઓતપ્રોત થઇને... પ્રત્યેક શબ્દના ભાવને આત્મસાત કરીને... આરોહ અવરોહ અને અભિનય સાથે બોલ્યો.

> યે ધરતી કો સર પે લે લુંગા... યે આસમાન પૈરો તલે રખ દુંગા. મૈં ખડા હું વહાં... એક અલગ જહાં બનાઉંગા.' અભિએ એક આગવી છટા સાથે સંવાદ પુરો કર્યો.

'અભિ, તુમ... તુમ યે રોલ કરોગે....' ચૌબેજીએ ચાણક્યની અદામાં અભિની સામે પોતાની તર્જની તાકતા કહ્યું. બધાના ચહેરા પર ખુશી હતી. અભિ દોડતો જઇને ચૌબેજીને પગે લાગ્યો. ખેલદિલ રિયાઝના ચહેરા પર કોઇ રંજ નહતો.

'અભિ, કોન્ગ્રેચ્યુલેશન...... યુ ડિઝર્વ ઇટ.' એણે અભિને ભેટીને કહ્યું.

'અભિ ઔર શીલા..ચલો રીહર્સલ શુરુ કરતે હૈ...' શીલા અભિની સામે ઊભી રહેતાં બોલી: આઇ એમ સો હેપ્પી... મૈં એક મંઝે હુએ કલાકાર કે સાથ કામ કરુંગી.'

મૈં ભી તો સિખુંગા તુમ સે... અભિએ સ્માઇલ આપતા કહ્યું.

*********************

અભિ રંગમંચની રૂપકડી દુનિયામાંથી નીકળીને નાઝ કમ્પાઉન્ડના ઝાકઝમાળવાળા ફિલ્મી વિશ્વમાં પહોંચ્યો ત્યારે એના દિમાગમાં મામાજીએ કહેલા શબ્દો કોહરામ મચાવી રહ્યા હતા. એના મનમાં ચૌબેજીએ આપેલી મુખ્ય ભૂમિકાની ખુશીને સ્થાને આવતી કાલે લાગનારી ભૂખની ભવાઇ નાચતી હતી. આવતીકાલ..આવતીકાલની ચિંતા એને આજનો આનંદ લૂટાવતા અવરોધતી હતી. કામ શોધવું પડશે.... નોકરી કરવી પડશે તો જ ટકી શકાશે. નાટકમાંથી કમાણી નહીં થાય... ફિલ્મો દૂરની વાત છે.... અને નોકરી કરું તો કદાચ ફિલ્મો માટે સંઘર્ષ કરવાનો સમય નહીં. ટંડનને કહું તો કદાચ કાંઇ કરે..... ના, બહુ મોટા માણસને નાના કામ માટે તકલીફ ન અપાય.... અકબર પીઆર..... આ માણસ ખરા અર્થમાં ફિક્સર છે.... ગોઠવી દેવામાં માહેર છે. એણે ચૌબેજી પાસે મોકલ્યો તો રોલ મળી ગયો... કદાચ એને પેટ છુટી વાત કરું તો રસ્તો કાઢી આપે. અકબર પીઆરની ઓફિસમાં પગ મુકતા સુધીમાં અભિએ આવું ઘણુંબધું વિચારી લીધું હતું.

'એક ગુડ ન્યૂઝ અને એક બેડ ન્યૂઝ આપવા છે. બોલો પહેલા કયા આપું.?' અકબર પીઆરની સામે બેસતા જ અભિએ કહ્યું.

'ભાઇ, આપણે તો સારા સમાચારમાં જ પહેલા રસ પડે..પહેલા ગુડ ન્યૂઝ.'

'મને ચૌબેજીના નાટકમાં મુખ્ય ભૂમિકા મળી.'

'મારા હાથમાં જશની ઘાટ્ટી રેખા છે...' અકબર પીઆરે હથેળી ખોલી અને તરત જ મુઠી વાળી લેતા કહ્યું....' હવે બેડ ન્યૂઝ આપ.'

'મામાએ મને દર મહિને પૈસા મોકવાની ના પાડી દીધી. મને કામ અપાવો... એક એવું કામ જેમાં પૈસા અને સ્ટ્રગલ કરવાનો ટાઇમ મળે.

'મને તમારી જશની રેખા પર વિશ્વાસ બેસી ગયો છે.' અભિના શબ્દોમાં વિનંતીની સાથે ખુશામતખોરી પણ હતી.

'જોવા દે મને કે આ ફકીર તારા માટે શું કરી શકે છે.' અકબર પીઆર દરગાહની બહાર બેઠેલા કોઇ ફકીરની અદામાં બોલ્યો. અભિ આશાભરી નજરે અકબર પીઆરને જોઇ રહ્યો.

**********************

અભિ રૂમ પર પહોંચ્યો ત્યારે એના આશ્ચર્યની સીમા ન રહી. ઘર એકદમ સ્વચ્છ હતું. બધું વ્યવસ્થિત ગોઠવેલું હતું. હેન્ગરમાં લટકતાં કપડાંની ગડી કરીને મૂકાઇ હતી. ચાદર સંકેલીને રખાઇ હતી. પથારીમાં એક પણ સળ નહતી. અભિની નજર ટેબલ પર પડેલી ચિઠ્ઠી પર પડી. એણે કુતૂહલવશ ચિઠ્ઠી ઉપાડીને વાચી: 'તારી એક ચાવી મારી પાસે પણ છે.'

વાંચીને અભિએ ફરી એકવાર રૂમમાં બધે નજર ફેરવી. એક સ્ત્રી ઘરમાં હોય તો કેટલો ફરક પડે. મનમાં બોલીને એ પથારીમાં આડો પડ્યો.... ચાદર ચોળાઇ ન જાયે એની તકેદારી સાથે.

********************

બસ્તા શેઠે ચંદનને અરજન્ટ બોલાવતા એ મારતી ટેક્સીએ પહોંચી ગયો.

'શું થયું શેઠ.?' ચંદને બેસતાની સાથે પૂછ્યું.

'તુ ગૂમ થઇ જા....' બસ્તા શેઠે કહ્યું.

'સમજ્યો નહીં શેઠ.'

'તારા પર પોલીસની તવાઇ આવે એમ છે. છેલ્લે તેં જેને રૂમમાં રાખેલો એનું પગેરું કાઢતી પોલીસ મુંબઈમાં આવી પહોંચી છે... તારા ઘર સુધી જાય તે પહેલાં તું નીકળી જા. તારો બંદોબસ્ત મેં કરી દીધો છે. જામખંભાળિયામાં અભેસંગભાઇના ડેલામાં છુપાઇને રહે ને હું કહું પછી જ પાછો આવજે.'

'શેઠ ટેક્સીનું શું કરશું.?' ચંદને પૂછ્યું. બસ્તા શેઠે પોતાના એક ખાસ માણસને બોલાવીને ટેક્સી સોંપી દીધી.

'ભાંડુપના ગેરેજમાં મુકાવી દે.'

જી શેઠ.... એનો માણસ ગયો કે તરત જ શેઠે ચંદનના હાથમાં રૂપિયાની થપ્પી મુકીને વિદાય કર્યો.

********************

'સીમા, હું અરજન્ટ કામે બહારગામ જાઉં છું. કોઇ પૂછે તો બહારગામ કામે ગયો છું એટલું જ કહેવાનું.' ચંદને ઘરે જઇને કહ્યું.

'એવું કયું અરજન્ટ કામ છે... ક્યાં જાય છે ને પાછો ક્યારે આવીશ.?' સીમાએ શંકા અને ચિંતાની સાથે સવાલોની જડી વરસાવી.

'હું ફોન કરીશ.... અને આ લે થોડા રૂપિયા રાખ.' ચંદને સીમાનું મોઢું બંધ કરવા રૂપિયા સીમાના હાથમાં મૂક્યા. સીમા ઘડીક ચંદનને તો ઘડીક રૂપિયાને જોતી રહી.

'ચંદન, બધું બરોબર તો છેને....?' એણે પૂછ્યું.

'એકદમ બરોબર છે બધું... તું ચિંતા ન કર... થોડું કામ છે પતાવીને આવું.'

**********************

સવારે ઉઠીને અભિએ જોયું.... સીમાએ ચાના કપ સાથે ટહુકો કર્યો નહીં.

અભિ એને નાટકના રોલની વાત કરીને ખુશ કરવા ઇચ્છતો હતો. એને મામાજી વાળી હકીકતથી વાકેફ કરવુંય જરૂરી હતું. ચંદન ઘરે હશે એટલે..... કદાચ કામમાં હશે. એ ઝડપથી તૈયાર થઇને ખુશખબર આપવા સીમાના ઘરે ગયો.

સીમા ઉદાસ બેઠી હતી. ઉતરેલો ચહેરો... આંખોની પાંપણે અટકેલા આંસુ... વિખરાયેલા વાળ.

'સીમા, શું થયું.?' અભિએ પૂછ્યું.

'અભિ, ચંદન ગઇ રાતે અરજન્ટ કામે બહારગામ જાઉં છું કહીને ગયો. ક્યાં જાય છે... કેટલા દિવસ માટે જાય છે..... ક્યારે પાછો આવશે... કાંઇ કરતા કાંઇ કહ્યા વિના ગયો છે. અભિ મને બહુ ડર લાગે છે. મને લાગે છે, ચંદન મારાથી કાંઇક છૂપાવે છે.' સીમાએ સાડીના છેડાથી આંસુ લૂછ્યાં. અભિને ચંદનના પલાયન થવાના કારણનો અણસાર આવી ગયો.

'એનો ઇરાદો છુપાવવાનો નહીં હોય... ઉતાવળમાં હશે.. જતી વખતે કહેવું યોગ્ય નહીં લાગ્યું હોય' અભિએ અકારણ... સકારણ ચંદનનો બચાવ કર્યો.

'અભિ, મને એના દોસ્તારો પર શંકા જાય છે... કોણ છે એ લોકો...? ક્યાંથી આવે છે, ક્યાં જાય છે.? તું જેને છેલ્લે મળેલો એ કોણ હતો.?' (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# એ બર્નિંગ પ્રોબ્લેમ



નિવૃત્ત બેંક મેનેજર શોભા રેડ્ડીએ આજે તેના ગ્રૂપની કીટી પાર્ટી રાખી હતી. એના ઘરની ડેકમાં વિવિધ ચટાકેદાર વાનગીઓની સોડમ પ્રસરી રહી હતી. સોફામાં , ખુરશી પર કે જાજમ પર બધા ગોઠવાઈ ગયા હતા. મીઠી મજાક-મસ્તીથી આનંદ માણતી માનુનીઓ નિવૃત્તિનો આનંદ માણી રહી હતી.

ત્યાં જ શોભાએ પૂછ્યું- વિભૂતિ હજુ સુધી કેમ નથી આવી?

આ બદલાપુરની શાળામાં જે ઘટના થઈને તે જ કલાસમાં વિભૂતિની દીકરી આશા પણ ભણે છે. આશા ખૂબ ગભરાઈ ગઈ છે. સ્કૂલમાં જવાની જ ના પાડે છે. જયાં જાય ત્યાં મમ્મી સાથે જ જાય. કદાચ આજે વિભૂતિ નહીં આવે. મનીષાએ કહ્યું.

ત્યાં જ વિભૂતિ આવી અને કહ્યું- હું માંડ માંડ આવી શકી છું. મારા ભાભીના ઘરે આશાને મૂકી છે. હવે તો હું મારી દીકરીને કશે પણ મોકલતાં ગભરાઉં છું. કલાસમાં અને શાળામાં પણ હજુ ભયાવહ વાતાવરણ છે.

શોભાએ આદ્રભાવે કહ્યું- ખરેખર, પાંચ-છ વર્ષની એ બે કુમળી બાળકી કોઈ નરાધમનો ભોગ બની એ જાણીને હૈયું કાંપી ઊઠે છે. શાળામાં રાખેલા સી.સી કેમેરાને પરિણામે અને ત્વરિત પોલીસ કાર્યવાહીમાં એ શખ્સ ઝડપાઈ ગયો. જે કંઈ ગંભીર ઘટના બની એની કાર્યવાહી ચાલે છે. એ ગુનેગાર પણ એન્કાઉન્ટરમાં માર્યો ગયો છે.આ ઘટનાની સૌથી માઠી અસર એ દીકરીઓ પર,તેના કુટુંબીજનો પર પડી છે. શાળામાં વિદ્યાર્થીઓ પર ઘેરી અસર થઈ છે. નાનાં ભૂલકાંઓ તો એવાં હેબતાઈ ગયાં છે શાળામાં જતાં પણ ડરે છે.

તો એક જાગૃત માતા-પિતા તરીકે આપણે હવે એક સામાજિક જાગૃતિની જયોત જગાવવાની છે ને? શું આપણે ડરીને ઘરમાં પુરાઈ જઈશું- આપણાં બાળકોને ભીરું બનાવીશું કે કાનૂની જંગમાં સમય વેડફીશું? ના, મારી દ્રષ્ટિએ આપણાં બાળકોને આવાં દૂષણોથી દૂર રહેવાનો માર્ગ બતાવીશું, તેમને નૈતિકબળ આપીશું. શોભાએ કહ્યું.

આવું નરાધમ કૃત્ય-નારીનું જાતીય શોષણ અને તેમાંય આવી ફૂલ જેવી કન્યા પીડાય એ કાળજું કંપાવી દે તેવી ઘટના છે. હવે આપણે જાગૃત રહેવું જ પડે. સોશિયોલોજીના લેકચરર અને નારીસંઘટનાના કાર્યકર મધુરીએ કહ્યું.

જયારે આવી ઘટના કોઈ સ્ત્રી સાથે બને ત્યારે શારીરિક પીડા સાથે માનસિક ભય પણ અસહ્ય હોય છે. વળી સામાજિક નામોશી પણ ઝેલવી પડે છે. આ વખતે પીડિતાને અને તેના માતા-પિતાને મોરલ સપોર્ટ આપવો જોઈએ. માનસિક હતાશામાં હિંમત આપવા પરામર્શ કરી શકાય. સાયકોલોજિક્લિનિક ક્ષેત્રે કામ કરતી મનીષા શાહે કહ્યું.

એકદમ સાચી વાત મનીષા. હવે મને લાગે છે કે આપણે હોમફ્રન્ટ પર પણ આની વાત કરીએ. આપણાં સંતાનોનો ઉછેર કેવી રીતે કરવો જેથી તેઓ વધુ સક્ષમ બને, આવી કોઈ ઘટના બને ત્યારે તમારા ઘરમાં પાંચથી ૧૦ વર્ષની દીકરી હોય તો એને સમજાવો કે કેટલાક અજાણ્યા કે બેડબોય દેખાતા હોય તેની સાથે વાત કરવી નહીં, ચોકલેટ કે અન્ય કંઈ પણ વસ્તુ આપે તો લેવી નહીં. શાળા કે કોલેજ છૂટી જાય ત્યારે એકલા રોકાવવું નહીં, પણ ગ્રૂપમાં જ રહેવું. દીકરીને શીખવાડો ગુડટચ કોને કહેવાય. આપણાં મા-બાપ, ભાઈ કે બહેન વહાલ કરે તે ગુડટચ કહેવાય. તો, બેડટચ કોને કહેવાય. જો કોઈ તમને શરીરના ગુપ્ત ભાગમાં સ્પર્શ કરે તો બેડટચ કહેવાય, એવી વ્યક્તિથી દૂર રહેવું. શોભાએ કહ્યું.

મને લાગે છે કે દીકરી ટીનએજમાં આવે ત્યારે તેને શારીરિક રચના વિષે યોગ્ય સમજ આપવી જોઈએ, વિજાતીય મૈત્રીમાં ક્યારેક શારીરિક ઉત્પીડન થઈ શકે છે માટે મસ્તીમજાકમાં સાવચેત રહેવાનું સમજાવવું જોઈએ. આ કામ મમ્મી કે મોટી બેન કરી શકે. પાયામાં રહેલા લિંગભેદ હોવા છતાં સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવું જોઈએ. આ શીખ આપવી જોઈએ. મધુરીએ કહ્યું.

પણ, મને એ જ સમજાતું નથી કે ટીનએજ કે યુવાનો આવું અધમ કામ કેવી રીતે કરી શકે, એમના ઘરમાં બહેન કે દીકરીઓ નથી. સ્ત્રી કે દીકરીઓ માટે ઈજ્જત કેમ ન હોય, દીકરીઓ આવા લોકોની ચુંગાલમાં કેવી રીતે ફસાઈ જાય છે? સામાજિક માહોલ જ ખરાબ છે. ટી.વી શોપમાં કામ કરતી પ્રતિભાએ પૂછ્યું.

મધુરીએ તરત કહ્યું-જુઓ, આમાં કેટલાક મા-બાપનો પણ વાંક હું જોઉં છું. ઘરમાં દીકરી અને દીકરાનો ઉછેર કેવી રીતે થયો છે તે પણ મહત્ત્વનું છે. દીકરીને સુરક્ષા માટે સમજણ આપવાને બદલે તેને કડક સૂચનાઓ અને ધાકધમકી આપે છે. અનેક પ્રકારના કડક બંધનો મૂકે છે, પરિણામે તેનો સ્વભાવ જ ભીરુ બની જાય છે. પરિણામે કોઈ પણ તેને સહેલાઈથી શિકાર બનાવી શકે છે. વળી ઘણીવાર એ જે કાંઈ કહે એના માતા-પિતા કે ભાઈ વિશ્ર્વાસ કરતા નથી. ઘણી વાર સાચું કહે તો પણ વિશ્ર્વાસ રાખતાં નથી, એટલે દીકરી વધુ મૂંઝાય છે.

મધુરી તારી વાત સાથે હું સહમત છું કે ઘરમાં સંતાનોને મુક્ત વાતાવરણ અને માતાપિતાની પ્રેમાળ-હૂંફાળી ઓથ મળવી જોઈએ. મને લાગે છે કે ટીનએજ દીકરીઓ શાળા છૂટયા પછી એકલા નહીં પણ સમૂહમાં રહેવું જોઈએ. વળી ચકોર દ્રષ્ટિ રાખી સાવચેત રહેવું જોઈએ. કોઈ સમસ્યા જણાય તો ગભરાયા વિના આસપાસ કોની મદદ મળે શકે તે મદદ પણ લઈ શકાય. જો મોબાઈલ હોય તો સેફટએપમાં મદદ માગવી. શોભાએ કહ્યું.

મને લાગે છે કે કિશોરો અને યુવાનોને પણ યોગ્ય કેળવણી આપવી જોઈએ એમ કહેતા મનીષાએ કહ્યું- આપણે શાળાસંચાલકોને પણ વધુ સુરક્ષાના પગલાં લેવા કહેવું જોઈએ. ટીનએજ દીકરાઓને સમજાવી શકાય કે વિજાતીય આકર્ષણ સ્વાભાવિક છે પણ છોકરીઓ તરફ માનની નજરે જોવું જોઈએ. હલકું વર્તન ન કરાય. ગમે તેવી ખરાબ ચેષ્ટા આપણાથી ન જ કરાય. લિંગભેદ ન રાખીને મૈત્રીભાવ રાખવો. જરૂર પડે મદદ કરવી, પણ અયોગ્ય વર્તન કે કોઈ ખરાબ કોમેન્ટસ ન જ કરાય. આમ સાચી સમજ આપવી જરૂરી છે. ગુનેગારને સજા આપવાનું કામ કાનૂની છે પણ,મા-બાપ તરીકે આટલું તો થઈ શકે.

કિશોરોમાં તથા ઉગતા યુવાનો પર્સનલ મોબાઈલનો દુરુપયોગ કરે છે. મોડી રાતે કે એકલા હોય ત્યારે ચોરીછૂપીથી એડલ્ટ મૂવી કે પોર્ન ફિલ્મો જુએ છે. આવે વખતે સખતાઈ કરવા કરતાં તેમને શારીરિક રચનાની થોડી સમજ આપી યોગ્ય દિશા બતાવવી જોઈએ. પ્રતિભાએ કહ્યું.

હું તો કહું છું આવી સાઈટ પર જ સરકારે પ્રતિબંધ મૂકવો જોઈએ. વિભૂતિએ કહ્યું.

જો કે કલકત્તામાં જુનિયર ડોકટર પર પહેલાં રેપ અને પછી હત્યાના પ્રકરણથી અને લોકોના સામૂહિક આક્રોશથી ન્યાયતંત્ર સાબદું થયું છે, પણ માતા-પિતાએ પણ સજાગ થવું જ પડશે. મનીષાએ કહ્યું.

મારા કોલેજના અધ્યાપનને આધારે કહું છું કે શાળામાં ટીનએજ દીકરીઓને અને કોલેજિયન યુવતીઓને સ્વસંરક્ષણની વિશેષ તાલીમ આપવી જોઈએ. શાળામાં સ્કાઉટ-ગર્લગાઈડમાં અને કોલેજમાં એન.સી.સીમાં સેલ્ફ ડિફેન્સની તાલીમ મળે છે. અમારી કોલેજમાં ફેમિલી કાઉન્સિલિંગમાં વિદ્યાર્થીઓને સમસ્યા નિવારણનું માર્ગદર્શન આપવામાં આવે છે. મધુરીએ કહ્યું. વિમેન્સ ડેવલોપમેન્ટ સેલમાં પણ વિદ્યાર્થિનીઓને ગાઇડંસ મળે છે. શૈક્ષણિક સંસ્થાઓએ પણ આ અંગે કેળવણી આપવી જોઈએ. મનીષાએ ભારપૂર્વક જણાવ્યું.

શોભા, સ્પેશિયલ થેંકસ. આજની કીટી પાર્ટીમાં તો આ સામાજિક બર્નિંગ પ્રોબલેમમાં માતા-પિતા તરીકે આપણે શું કરી શકીએ એ વિશે આયઓપનર ચર્ચા થઈ. મનભાવન વાનગીઓ સાથે માઈંડ પણ જાગૃત થઈ ગયું, મધુરીએ કહ્યુ. ■

વિશેષ

નિધિ શુક્લ
feedback@bombaysamachar.com

# ઘરમાં બનાવો મિનિ ગાર્ડન વેલથી આપો બાલ્કનીને નવો ઓપ



વધતાં પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગની અસર પર્યાવરણ પર માઠી પડી છે. એથી વૃક્ષો ઉગાડવા અને છોડ વાવવાનો સંદેશ આપવામાં આવે છે. જોકે જગ્યાના અભાવને કારણે દરેક માટે એ કરવું શક્ય નથી. એથી અહીં અમે તમને ઘરમાં જ નાનકડું ગાર્ડન બનાવવાની ટિપ્સ આપીશું. માનવ વસ્તી વધતાં હરિયાળી જમીનનું સ્થાન હવે સીમેન્ટ-કોંક્રિટના જંગલે લઈ લીધું છે. એને કારણે લોકો પાસે હવે પૂરતી જગ્યા નથી. એથી એનો પર્યાય પણ લોકોએ શોધી કાઢ્યો છે. મોટાં શહેરોમાં લોકો પાસે એટલી જગ્યા નથી હોતી કે તેઓ નવા ઝાડ ઉગાડે. એથી લોકોએ મોટા બાગ-બગીચાના સ્થાને ઘરોને જ હરિયાળુ બનાવવાની વ્યવસ્થા શોધી લીધી છે. મોટાં શહેરોની સાથે જ નાનાં શહેરોના ફ્લેટમાં મોકળી જગ્યા ઓછી હોવાને કારણે લોકો ઘરની એક-એક ઇંચનો ઉપયોગ કરવા માટે નવી આઇડિયાઝ લઈને આવે છે. નાના ફ્લેટમાં મોટી બાલ્કની નથી હોતી કે એમાં મોટા કૂંડા રાખી શકાય. એથી લોકોએ વર્ટિકલ પ્લાન્ટેશન કરીને ઘરના ડેકોરેશનમાં એક નવી સ્ટાઇલનો સમાવેશ કરી લીધો છે. એનાથી ઘરની સુંદરતા તો વધે જ છે, પરંતુ સાથે જ ઘરનું વાતાવરણ પણ શુદ્ધ થાય છે અને પર્યાવરણનું પણ સંરક્ષણ થાય છે.

આ જ કારણ છે કે ઘરના ઇન્ટીરિયરમાં એક નવો ટ્રેન્ડ જોડવામાં આવ્યો છે દીવાલો પર વેલ ઉગાડવાનો. એ સ્ટાઇલને લોકો પણ ઝડપથી અપનાવી રહ્યા છે. એનાં અંતર્ગત દીવાલો અને છતો પર પાઇપથી જોડાયેલા કૂંડાઓમાં છોડ રોપવામાં આવે છે. પહોળી પીવીસી પાઇપમાં પથ્થરની મદદથી મોટા કાણાં કરીને એમાં છોડ લગાવવામાં આવે છે. આ જ પાઇપ દ્વારા છોડને પાણી આપવામાં આવે છે. આ જ પ્રકારે વર્ટિકલ પ્લાન્ટેશનના માધ્યમથી નાના-નાના ફ્લાવર પૉટ, સ્ટીલથી બનેલા પૉટ, સદાબહાર છોડ, હેંગીંગ ટેરેસ અને સ્ટેન્ડબાયથી છોડ ઉગાડવામાં આવે છે. આ પ્રક્રિયામાં હેંગિંગ અને વર્ટિકલ દીવાલો પર પ્લાન્ટેશન કરવામાં આવે છે. રંગ-બેરંગી છોડથી ઘરમાં હરિયાળી આવે છે, જે નયનરમ્ય લાગે છે.

આવી રીતે વર્ટિકલ ગાર્ડનને બાલ્કની, ઘરની દીવાલોમાં ક્યાંય પણ આપણી સગવડ અનુસાર લગાવી શકાય છે. દીવાલો પર વૂડન ફ્રેમિંગ કરાવીને ફર્ન અને મૉસના છોડ રોપી શકાય છે. દીવાલ પર સૂરજનો તડકો આવે એ પણ અગત્યનું છે. બાલ્કનીમાં નાની-નાની બાસ્કેટ લાવીને એને દીવાલ પર ફીટ કરી શકાય છે. વર્ટિકલ ગાર્ડનિંગમાં કિચનની દીવાલમાં પણ હર્બલ વર્ટિકલ ગાર્ડન બનાવી શકાય છે અને વિવિધ પ્રકારના હર્બ્સ ત્યાં ઉગાડી શકાય છે. હર્બલ પ્લાન્ટને વધુ તડકા કે પાણીની જરૂર નથી હોતી. ઘરની બાલ્કનીમાં વર્ટિકલ દીવાલ બનાવીને એના પર રંગબેરંગી ફૂલોની વેલ બનાવી શકાય છે. વેલ એવી લગાવવી જે ઓછા પાણી અને તડકામાં પણ સારી રીતે ખીલી શકે. આવા પ્રકારની વેલોથી દીવાલોને પણ કોઈ નુકસાન નથી થતું, કેમ કે એ ખૂબ હલકી હોય છે અને સરળતાથી પ્રસરે છે.

એવા ફૂલોની પસંદગી કરવી જેને ઓછું પાણી અને ઓછા તડકાની જરૂર હોય અને જે તમારી ભૌગોલિક સ્થિતિ પ્રમાણે પાંગરી શકે. છોડ પણ એવા હોવા જોઈએ, જેને સમાન માત્રામાં પાણીની જરૂર હોય અને એને એક જ જગ્યાએ રોપવા જોઈએ. એના માટે ડ્રિપ વૉટર સપ્લાય સિસ્ટમનો ઉપયોગ કરી શકાય છે, જેમાં છોડને એની જરૂર પ્રમાણે જ પાણી મળી શકે છે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# દેખ કે મુસ્કાન.... પહેચાન લો ઈન્સાન



**ટાઇટલ્સઃ**

**ખુશ થવાનાં ઇંજેક્શન નથી મળતાં. (છેલવાણી)**

એક લેખક રાતે ફરિશ્તાની વાર્તા વાંચતાં વાંચતાં સૂઇ ગયો. અડધી રાતે લેખકે જાગીને જોયું તો શ્વેત વસ્ત્રોમાં વાર્તાવાળો પેલો ફરિશ્તો સાચે જ સામે ઊભો હતો!

લેખકે પૂછ્યું, હે દિવ્ય પુરુષ! આપ કોણ છો?

'વત્સ, હું સાહિત્યનો ઇતિહાસ છું ને તમારા જેવી પ્રતિભાઓને અમર કરવા નીકળ્યો છું!' ફરિશ્તો બોલ્યો.

લેખકે હાથ જોડીને પૂછ્યું, :

'શું તમે મને ખરેખર અમર કરી શકશો?'

'હા કલમવીર, એટલે જ તો આવ્યો છું!' પછી ફરિશતાએ એક પોથી અને પેંસિલ આપીને કહ્યું.

'જો, આમાં એ લોકોના નામ છે જે સાહિત્યમાં અમર થવા માગે છે. લે, આ પેંસિલથી તારું નામ એમાં લખી નાખ.'

લેખક બીજા અમર લેખકોનાં નામનું લિસ્ટ વાંચતા વાંચતા ઉદાસ થઇ ગયો ને પછી ભારે ગુસ્સે થઇને એણે ફરિશ્તાને પૂછ્યુંઃ 'તમારી પાસે રબર-ઈરેઝર છે?'

'હા છે..પણ તમે પેંસિલ કે રબર બેમાંથી કોઇ એક જ ચીજ વાપરી શકો એવો નિયમ છે.' લેખકે તરત જ કહ્યુંઃ 'ભલે, મને રબર જ આપો.' ફરિશ્તાએ રબર આપ્યું. લેખકે એ યાદીમાંથી ૪-૫ લેખકોનાં નામ ભૂંસી નાખ્યાં! એ પછી ફરિશ્તો અદશ્ય થઇ ગયો ને લેખક શાંતિથી સૂઈ ગયો.

'બીજે દિવસે ફરીથી ફરિશ્તો આવ્યો અને પેલી પોથી લેખકની સામે મૂકી. લેખકે જોયું કે એનું નામ તો એકમાત્ર યુગ-પ્રવર્તક લેખક' તરીકે લિસ્ટમાં લખાયેલું છે! એણે ફરિશ્તાની સામે એક ઇર્ષ્યાળુ ને ઝેરીલું સ્માઇલ આપ્યું, જેમાં સેંકડો સાંપના ડંખ છૂપાયેલા હતા છે.

વ્યંગ-સમ્રાટ પરસાઇજીની આ કથા દ્વારા માણસની મનોવૃતિ છતી થાય છે સ્માઇલ દ્વારા... સ્માઇલ કે સ્મિત કે મુસ્કુરાહટ- ક્ષણમાં માણસની આખેખાખી કુંડળી ખોલી નાખે છે. જીવંત સ્મિત જગ જીતવાનો પાસવર્ડ છે. શેકસપિયરે લખેલુંઃ 'One may smile, and smile, and be a villain!' અર્થાત્ સતત ખંધુ સ્મિત આપનાર આખરે વિલન પણ નીકળી શકે છે!

એર-હોસ્ટેસનું નકલી સ્માઇલ બજારુ હોય છે, સેલ્સમેનનાં સ્માઇલમાં લાચારી હોય છે, પોલીસના સ્માઇલમાં પાવર છે, વેશ્યાનાં સ્માઇલમાં સતત આમંત્રણ હોય છે અમુક સ્માઇલ તો અમેરિકન વિઝા આપવા બેઠેલાં શક્કી ઓફિસર જેવા મીંઢા હોય છે, પણ બાળકના સ્માઇલમાં ૧૦૦% નિર્દોષતા છલકે છે.

વચ્ચે અમેરિકામાં સોફટવેર શોધાયું હતું, જે માણસનું સ્માઇલ સાચું છે કે નહીં એ પારખી શકે! ચહેરાનું વિડિયો રેકોર્ડિંગ કરીને પછી સાચાં સ્માઇલ દરમિયાન ન કેટલા સ્નાયુઓ, કેવી રીતે હલે છે એનો અભ્યાસ કરવામાં આવે છે. સાચાં સ્માઇલમાં ગાલ ને આંખની આસપાસના સ્નાયુ ઉપરની તરફ વંકાય છે. નકલી સ્માઇલમાં ગાલના સ્નાયુઓ વંકાય છે, પણ આંખોની આસપાસના સ્નાયુઓ ઝાઝા હલતા નથી ને નકલી સ્માઇલ પકડાઇ જાય છે! નોકરીના ઇંટરવ્યુમાં કે લગ્ન વિષયક મુલાકાતમાં વ્યક્તિની પરખ, અસલી-નકલી સ્માઇલ દ્વારા થઇ શકે, કારણ કે અસલી સ્માઇલ ચાચિત્ર્યનો આયનો છે. કોઇએ કહ્યું છે 'જે પુરુષ હસતી વખતે પણ ખૂબસૂરત ના દેખાય એનાં પર ભરોસો ના કરવો..!'

**ઇંટરવલઃ**

**યાર કે હંસતે હી મહેફિલ મેં જવાની છા ગઇ (ગુલશન બાવરા)**

ગુરુદત્તની ક્લાસિક ફિલ્મ 'પ્યાસા'નાં શૂટિંગનાં પહેલે જ દિવસે દિલિપકુમારે અચાનક ફિલ્મ છોડી દીધેલી અને કારણ આપતાં કહ્યું કે 'પ્યાસા' પણ દેવદાસ જેવી ઉદાસ ફિલ્મ છે. આવી ૩-૪ કરુણ ફિલ્મો કરીને ટ્રેજેડી-કિંગ દિલીપસાબ પોતાનું સ્માઇલ ખોઇ બેઠેલા ને એ જમાનામાં છેક લંડન જઇને માનસિક સારવાર કરાવવી પડેલી. ત્યારે મનોચિકિત્સકે એમને કહેલુંઃ 'હવે કરુણ ફિલ્મો કરવાનું બંધ કરો. એ તમારા તન-મન પર, મૂડ પર, સ્માઇલ પર અસર કરે છે! ' ફિલ્મસ્ટાર્સના સ્માઇલ પર તો પી.એચ.ડી. થઇ શકે એટલી ખૂબીઓ જોવા મળે છે. દેવ આનંદ જ્યારે કોઇ એન.આર.આઇ. ચાહકને ત્યાં મહેમાન બનીને ડિનર લેવા જતાં ત્યારે સૌ સમજી લેતા કે દેવ માત્ર પોતાનાં એક સ્માઇલથી આગામી ફિલ્મ માટે કરોડો રૂપિયાનું ફાઇનાન્સ વિના શરતે ઢસડી લાવશે! જગતભરનાં ફિલ્મ સ્ટાર્સની સફળતામાં સ્માઇલનો બહુ મોટો ભાગ હોય છે. 'શાઇનિગ' જેવી હોરર ફિલ્મમાં જેક નિકલસનનું શરારતી સ્માઇલ ધ્રુજાવી નાખે કે 'માસ્ક' ફિલ્મમાં જીમ કેરીનું મજાકિયું સ્માઇલ મોટા પડદા પર એક મેજિકની જેમ કામ કરે છે, કારણ કે સિનેમામાં માણસના છ-આઠ ઇંચનાં ચહેરાને તમે પડદાં પર ૬૦-૭૦ ઇંચનો બનતો જોઇ શકો છો. એક એક રેખા, એક એક હાવભાવ બધું જ ૧૦૦ ગણું થઇને વિશાળકાય દેખાય છે. પુસ્તકમાં ચહેરાનું વર્ણન કરવા લેખકોએ પાનાં ને પાનાંઓ ઘસડવા પડે છે, પણ સિનેમામાં હીરો-હીરોઇનનો એક ક્લોઝ-અપ એ જ કામ ૩-૪ સેકંડમાં કરી નાખે છે! રાજેશ ખન્ના કે શાહરુખ-આમીર કે રણવીર કપૂરના એક સ્મિતથી જે કામ થઇ જાય છે એ નસીરુદ્દીન કે નવાઝુદ્દિન જેવા સારાં કલાકારો નથી કરી શકતાં, કારણ કે એ બધાં એરંડિયું પીધેલ ચીર-ચિંતિત ચહેરા સાથે જનમ્યા છે.

નેહરુ કે વાજપેઇનાં સ્માઇલમાં ચુંબકિય ચાર્મ હતો, બાકી ઘણાં નેતા પાવરફૂલ હશે, પણ એમની કરડી આંખો અને ડંખીલું સ્મિત (રશિયાના પુતિન !) સતત ઝેર ઓકે છે. કલાકાર માટે કે પબ્લિક લાઇફમાં કોઇપણ માટે સ્માઇલ જેવું કોઇ હાજર હથિયાર નથી. મોનાલિસાનું સ્માઇલ, જે બિકિની પહેરેલી સેક્સી કન્યા કરતાં વધુ માદક કેમ છે? એ હજૂ ય મનોવૈજ્ઞાનિકો માટે ઉખાણું જ છે. જો ખુશીની દેવી કોપાયમાન હોય ને તમારું સ્માઇલ નકલી નીકળે તો કૈફી આઝમીનો શેરઃ 'તુમ ઇતના ક્યું મુસ્કુરા રહે હો?

***ક્યા ગમ હૈ જિસ કો છૂપા રહે હો?!'***

***તમારે આયના સામે ૧૦૮-વાર બોલવો.*** ■

**એન્ડ-ટાઇટલ્સઃ**

**આદમઃ મારું સ્માઇલ ખોવાયું છે**

**ઈવઃ હતું ક્યારે?**

# પતિની પત્ની પરાયણતાને મહત્ત્વ આપી 'પત્નીવ્રતા' નાટક કેમ નથી લખાયું?

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

મરાઠી નાટકોમાં કામ કરવાનો અનુભવ ગુજરાતી નાટકોની સરખામણીએ સાવ અલગ હતો. એ સમયે (૧૯૮૦ના દાયકાના પ્રારંભમાં) મરાઠી નાટકોના બહારગામ શો નિયમિત થતા હતા. મહિનાના ૨૦ દિવસ બહારગામ ખેલ હોય તો ૧૦ દિવસ મુંબઈમાં શો હોય. કલાકારોને નવરા બેસવાનો વારો ન આવે. મુંબઈમાં સવાર - બપોર અને સાંજે ભજવણી થાય. એ સમયે મારી નાઈટ (નાટકના એક શો પેટે મળતું મહેનતાણું) હતી ફક્ત ૬૫ રૂપિયા, પણ રોજના ત્રણ શો હોય એટલે દિવસ અંતે હાથમાં સારી રકમ આવતી. બહારગામ જઈએ ત્યારે પણ રોજેરોજ એક શો તો હોય જ. આમ મરાઠી વ્યવસાયિક રંગભૂમિ પર મારી સફરની શરૂઆત થઈ ગઈ. ઘરનું ગાડું ગબડવા લાગ્યું. ગણેશ ઉત્સવ કે સત્યનારાયણની કથા દરમિયાન વિવિધ મંડળો માટે મરાઠી નાટકો ભજવ્યાં ત્યારે સપનેય નહોતું વિચાર્યું કે એક દિવસ મરાઠી વ્યવસાયિક રંગભૂમિના તખ્તા પર મારી એન્ટ્રી થશે. કલાકાર નાટકના ખેલ કરે, પણ એના ખેલ તો વિધાતા જ નક્કી કરતો હોય છે. મરાઠી નાટકોમાં મને સારા - દમદાર રોલ મળવા લાગ્યા અને પાટા પરથી ઉતરી ગયેલી મારી ગાડી ફરી પાટે ચડી ગઈ.

વિનયકાંત દ્વિવેદી (વિનુભાઈ)ના 'સંભારણા'ને સારો આવકાર મળ્યો. એના લગભગ ૨૦૦ શો થયા. જૂની રંગભૂમિની સ્મૃતિઓ રસિકોએ હોંશે હોંશે વાગોળી. ભાંગવાડીની ભવ્યતાના સાક્ષી રહેલા નાટ્ય રસિકોને જાણે કે ગોળના ગાડા મળી ગયા. પ્રતિસાદથી પોરસાઈ ગયેલા વિનુભાઈ 'સંભારણા ૨' કરવા તૈયાર થઈ ગયા. દૂઝતી ગાય સૌને વહાલી હોય. જોકે, બીજા ભાગને મોળો પ્રતિસાદ મળ્યો. કદાચ એનું કારણ એવું હતું કે 'સંભારણા'માં નાટકના કોઈ સીન ભજવાય કે પછી એ સમયનું કોઈ લોકપ્રિય ગીત રજૂ થાય... ટૂંકમાં કહીએ તો નાના નાના ટુકડા હોય. સળંગ નાટક જેવી મજા તો એમાં ન જ આવે. લોકોએ પણ વિનુભાઈને કહ્યું કે 'હવે કોઈ જૂનું નાટક ભજવો તો જલસા પડી જાય.'

જોકે, ત્યારે મરાઠી નાટકોમાં મારો પગ જામી રહ્યો હતો. 'બહરલા પારિજાત' નામના મારા નાટકના ૨૫૦થી વધુ શો થયા. શ્રીકૃષ્ણ - સત્યભામા - રુક્મિણીની બહુ સુંદર કથા એમાં વણી લેવામાં આવી છે. વિશિષ્ટ રંગ, રૂપ, અને મહેક ધરાવતું પારિજાત ફૂલ દૈવી ફૂલ ગણાય છે. નામ લેતા જ એની સુગંધનો અહેસાસ થવા લાગે એવું એ ફૂલનું સામર્થ્ય છે. આ નાટકની સુગંધ પણ રસિકોએ મન ભરીને માણી. પછી મેં 'પતિવ્રતા' નામનું મરાઠી નાટક કર્યું. મને યાદ છે ત્યાં



સુધી પ્રતિષ્ઠિત નાટ્યકાર મધુસુદન કાલેલકરે લખ્યું હતું. એ જ નામનું મરાઠી ચિત્રપટ પણ તેમણે બનાવ્યું હતું. મને એક વાતની કાયમ નવાઈ લાગી છે કે પત્નીની પતિ પરાયણતાને કેન્દ્રમાં રાખી અનેક નાટકો - ફિલ્મો વિવિધ ભાષામાં બન્યા છે. પતિની પત્ની પરાયણતાને મહત્ત્વ આપી 'પત્નીવ્રતા' નાટક કેમ નથી લખાયું? પત્ની પાસે પતિવ્રતા નારીની અપેક્ષા રાખવામાં આવે તો પતિ પાસે પત્નીવ્રતા પુરુષનો આગ્રહ કેમ નથી રાખવામાં આવતો? આ સવાલનો જવાબ મને અને કદાચ મોટાભાગની સ્ત્રીઓને ક્યારેય નથી મળ્યો. ખેર. આપણે 'પતિવ્રતા' નાટકની વાત કરતા હતા.

મુંબઈ બહાર મરાઠી નાટકો કોંકણ, ગોવા અને અન્ય ઠેકાણે ભજવાતા હતા. ગોવામાં નાટકોને સારો આવકાર મળતો અને એટલે ત્યાં બે ત્રણ મહિનાની ટૂર થાય. ગોવામાં બે સેન્ટર, એક મડગાંવ અને બીજું મ્હાપસા. આ મ્હાપસાની એક વિશેષતા એ છે કે અહીં બોડગેશ્વર મંદિર છે જે ચારે બાજુથી ખુલ્લું છે. આ પ્રકારનું મંદિર મેં તો બીજે ક્યાંય નથી જોયું. મડગાંવ હોટેલમાં ઉતારો રાખી એની આસપાસના લગભગ બધા જ ગામડાંઓમાં નાટકના શો કરવા જઈએ. એટલા માટે કે છેવાડાના માણસ સુધી પણ કળાનું દરેક સ્વરૂપ પહોંચતું કરવાની નૈતિક ફરજ પ્રત્યેક કલાકારની છે. સાંજે પાંચની આસપાસ ગામડામાં પહોંચીએ. ત્યાંના લોકોનું મનોરંજન કરી પરોઢિયે પાંચ વાગ્યે મડગાંવ પાછા ફરીએ અને ફરી સાંજે પાંચ વાગ્યે બીજા ગામડામાં નાટક કરવા જઈએ. આ વિગત જણાવવાનો એક માત્ર ઉદ્દેશ નાટક ભજવવાની અને મહત્તમ જનતા સુધી એને પહોંચાડવાની લગનનો ખ્યાલ આવે. એક સમયે ગુજરાતના ગામડાઓમાં પણ નાટ્ય પ્રવૃત્તિ ધમધમતી જ હતી ને. આ રીતે સાઈકલ ચાલ્યા કરે. મડગાંવની આસપાસના ગામડાઓમાં નાટક ભજવાઈ ગયા પછી અમે મ્હાપસા જઈએ. મ્હાપસામાં પણ એ જ રીતે કામ થાય. મુંબઈમાં જેમ મંડળો નાટકના શો કરે છે એવું મહારાષ્ટ્રમાં ત્યારે નહોતું. તો પણ લગભગ દરેક ગામડાઓમાં નાટકના શો હાઉસફૂલ થઈ જતા એ મેં જોયું છે. એમ કરતા 'પતિવ્રતા' નાટકની ખૂબ જ સફળતાને વરેલી ટૂર પૂરી કરી અમે મુંબઈ પાછા ફર્યા ત્યારે એક દિવસ વિનુભાઈ આવ્યા અને એક નવી ઓફર મૂકી... ■

### મૂળશંકર મુલાણીઃ ગુજરાતના શેક્સપિયર

રંગભૂમિ નટનું માધ્યમ છે. નટકેન્દ્રી પ્રવૃત્તિ તરીકે સ્વીકૃત છે અને એટલે એ પ્રવૃત્તિમાં નટ નિર્ણાયક હોય, કેન્દ્રસ્થાને હોય એ સ્વાભાવિક છે. જોકે, નાટકની ભજવણીમાં લેખક અને દિગ્દર્શક પણ મહત્ત્વના આધારસ્તંભ માનવામાં આવ્યા છે. નટ - દિગ્દર્શક વચ્ચે તાલમેલ હોવો જરૂરી છે એ જ રીતે નટ - લેખક વચ્ચે પણ સંવાદ રચાય એમાં નાટ્યકૃતિનું હિત સમાયેલું છે. નટ જયશંકર 'સુંદરી' અને લેખક મૂળશંકર મુલાણીને એકબીજાની કળા - આવડત માટે અત્યંત આદર હતો. મૂળશંકર ભાઈના 'અજબકુમારી', 'સૌભાગ્યસુંદરી', કામલતા' વગેરે અનેક સફળ નાટકો પછી જયશંકર 'સુંદરી'એ તેમને ગુજરાતના શેક્સપિયર તરીકે ઓળખાવ્યા હતા. મૂળશંકર મુલાણી અને વિલિયમ શેક્સપિયરના જીવનમાં અને નાટકોમાં ઘણું સામ્ય હતું. શેક્સપિયરે નાટક કંપનીમાં પડદા ખેંચવાની નોકરી કરી હતી અને પછી એવી નાટ્યકૃતિઓનું સર્જન કર્યું જેની ગણના વિશ્વના શ્રેષ્ઠ નાટકોમાં થાય છે. મૂળશંકર મુલાણીએ પ્રારંભમાં 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'માં નાટકની નકલ ઉતારનાર લહિયા તરીકે નોકરીએ રહ્યા હતા. ત્યારબાદ ગુર્જર રંગભૂમિના સર્વશ્રેષ્ઠ નાટકોમાં ગણના થાય એવા નાટકોની ભેટ તેમણે રંગભૂમિને આપી. શેક્સપિયરની વિખ્યાત કૃતિ 'ટેમિંગ ઓફ ધી શ્રુ'ની કથાવસ્તુનો આધાર લઈ રજૂ કરવામાં આવેલા 'વિમળા' નાટકનું મંચન મુલાણીની નાટ્ય કંપનીએ કર્યું હતું. આ નાટકનું રૂપાંતર અને દિગ્દર્શન મૂળશંકર ભાઈના જમાઈ વિશ્વનાથ ભટ્ટે કર્યું હતું. (સંકલિત)

# ગુજરાતી ગઝલના સૂફી શાયર 'મસ્ત મજનૂ' કપિલરાય ઠક્કર

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

ગુજરાતી ભાષામાં અરબી-ફારસીમાંથી આવીને ઉર્દૂમાં સિદ્ધ થયેલી ગઝલ કેવી સફળતાથી આવી- પાંગરી- ખીલી અને આજે ઉર્દૂની સરસાઈમાં સફળ ઊભી રહી શકે એટલી ફૂલી-ફળી છે. ભારતની બીજી ભાષાઓની સરખામણીમાં ગુજરાતીએ ગઝલને ખરા અર્થમાં વધુ પોતીકી બનાવી છે.


હરીન્દ્ર દવેએ 'મધુવન'ની પ્રસ્તાવનામાં બાલાશંકર અને કલાપી પછી જે પાંચ મુખ્ય ગઝલકારને પાયાનું કામ કરનારા ગણાવ્યા છે એ છે શયદા- સગીર- નસીમ- સાબિર અને મજનૂ. નસીમે તો ધૂપદાન'માં ઉમળકાથી ગાયું છે:

ગુર્જરીમાં નવગઝલ યુગ છે નસીમ

ચીનુ મોદીએ નોંધ્યું છે કે નસીમની ગઝલોમાં ભાષા તરત ધ્યાન ખેંચનાર બને છે. ગઝલને બને તેટલી ઓછી અરબી-ફારસી-ઉર્દૂની છાંટવાળી સર્જવા સંસ્કૃત શબ્દપ્રયોગ સભાનતાથી કરે છે. જ્યાં ભાષા સાતત્ય રહી શક્યું છે ત્યાં અનાવિલ શેર આપણને મળે છેઃ

*રંગ નિરખું નિસર્ગના છે કે*
*એ નિસર્ગી વિચાર મારો છે*
*રુપ તો દિવ્ય છે બધાં રુપે*
*એક દૃષ્ટિ વિકાર મારો છે*

પાયાના પથ્થર બનેલા ગઝલકારોમાં એક મહત્ત્વનું નામ છે કપિલ ઠક્કર, જેનું ઉપનામ 'મજનૂ' હતું. મરણોત્તર પ્રકાશન સ્વપન મંદિર' ગુજરાતને મળ્યું જે ખરેખર મહામૂલી ભેટ છે. શરુઆતના સમયની ગઝલનું રુપ અને રંગ આ સંગ્રહમાં આબેહૂબ અવતર્યા છે. આ પુસ્તકના સંપાદકોએ નોંધ્યું છે તે પ્રમાણે આ સ્વપ્ન મંદિર શિલ્પીનું ટાંકણું અને એની કારીગિરી અવલોકતા સહેજે કેટલીક વિશિષ્ટતાઓ ઊડીને આંખે વળગ્યા વિના રહેતી નથી. એ જમાનામાં માત્ર ગઝલો લખાતી ત્યારે ગઝલો ઉપરાંત સંપૂર્ણ સંઘેડે ઉતાર્યા હોય એવા મુખમ્મસ અને મુસબ્બઅનું લેખન કરે છે. ગઝલ સિવાય ફારસી રીતિના અન્ય કાવ્ય સ્વરુપો તરફ ગુજરાતીઓને અભિમુખ કરીને સચોટ દર્શન કરાવે છે.



સ્વ. કપિલરાય પરમાણંદદાસ ઠક્કર

'મજનૂ' પાસે સર્જક પ્રતિભા તો હતી એની સાથે અભ્યાસ- અધ્યન ને ઉપાસનાનું તપ હતું. ફારસી વિષય સાથે બી.એ. થયેલા અને અંગ્રેજી લઈ એમ.એ. કર્યું હતું. આ જન્મ થિયોસોફિસ્ટ ઉપરાંત સૂફીપંથમાં વિહરતા , પણ આત્મા તો નિરંતર ઝંખતો હોય છે. માત્ર સૌન્દર્યમૂર્તિના સૌન્દર્ય દર્શનને જ એમની આ દૃષ્ટિની ઝાંખી તો જુઓઃ

***ભર્યા બ્રહ્માંડમાં દેખી રહ્યો છું આપની ઝાંખી***
***નિશાની આપની જ્યાં જ્યાં જડે ત્યાં સર્વ સુંદર છે***

કવિની આ સુંદર આરાધ્યમૂર્તિને સનમ કહો, પ્રિયતમા કહો, લયલા કહો કે પરમપ્રેમ સ્વરુપ ગમે તે કહો આ છે મજનૂ'નું ગઝલ સ્વરુપ અને ઈશ્કે હકીકી.

કવિ સાબિર વટવાએ સરસ વાત કરી છે. 'મજનૂ'ની કવિતા એટલે સાધના. એના પાને પાને સૌન્દર્યના દર્શન જાણે કે રુપની મૂર્તિ નિરંતર છે. 'મજનૂ'ની સરળતા અને પ્રવાહિતા બધે જ દેખાય છેઃ

***'પધારો તો નિમંત્રણ છે, રહો તો આપનું ઘર છે'***

'મજનૂ' કોઈના નયનોમાં પયંગબરી નૂર જુએ છે અને તેમાં નંદનવન નિરખે છે. પ્રિયતમા ક્યાં ક્યાં દેખાય છે?

***ગુલોના ગાલમાં નજરે પડો છો***
***કરો છો ગાન કોકિલના-હૃદયમાં***

પ્રિયતમાના અનેકરુપોની મનમોહક મસ્તી અને આફરીન અદાઓને મજનૂ'એ આબાદ વર્ણવી છે.

***તમારું નૃત્ય દેખી મેઘ નાચ્યો,***
***તમારા ગાલની સુરખી નિહાળી-***
***ગુલો ઝરતી ઉષાનો રંગ રાચ્યો;***
***ઘનો ફરતી ઝબૂકી વીજ, ભાખી-***
***તમારી મસ્ત ઘેરી આંખ કાળી***
***તમારા લાસ્ય ઝીલ્યા સાત સાગરના તરંગોએ***
***તમારા હાસ્ય ખીલ્યાં સુરધનુના સાત રંગોએ..***

પ્રિયતમાને કહે છે તમે તો ઉષાના હાસ્યમાં લાલી ભરીને, ધરા પર નૂરના થર પાથરો છો' અને કહે છેઃ

***તમે કેવા હશો એ કલ્પનામાં***
***અમે છે રાતની રાતો વિતાવી***
***અમારી સૌ બકામાં ને ફનામાં-***
***પ્રણયના તારની વીણા બજાવી***
***સૂતેલી ભાવનાનું દિલ હલાવી.***
***ઘડીભર તો વદન પરદો ખસેડો***
***તમારી ચરમ પર ચશ્મો મિલાવી***
***અમારા અંતરે તમ નૂર રેડો***
***બતાવો આપની લીલા અમારે ઘેર આવી***
***પછી આલમ તણી આ નાવડી પર છો ફરો દિલબર***
***અમે તમને નિહાળી રાચશું તમ સાથ જીવનભર***

***સાકીને સંબોધીને થયેલી રચના બહુ જ સુંદર છેઃ***

***કહે સાકી! તને આવી શરાબી સાંપડી ક્યાંથી?***
***અને સાથે તને આવી ખુમારી આવડી ક્યાંથી?***
***સદા મસ્તીભરી ત્હારી સુરાહી તે ઘડી ક્યાંથી?***
***સનમના પેરની મેંદી તને નઝરે ચડી ક્યાંથી?***

શાયર કપિલ ઠક્કર 'મજનૂ'નું સાહિત્યમાં જે પ્રદાન છે તે વિશિષ્ટ છે અને એમના સર્જનમાં જે સાદગી, ઊંડાણ અને અધ્યન છે તે એમના સ્નેહ નિતરતા સૌજન્યશીલ જીવનનું તપ અને સાધના છે.

ગુજરાતી ગઝલના ઇતિહાસમાં એમનું સ્થાન અને માન કાયમી રહેવાનું જ છે. ■

# બાહ્ય સ્થિતિ બહુ તકલીફ ન આપી શકે જો માનસિક રીતે ભાંગી ન પડીએ તો...

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

થોડા સમય અગાઉ એક પરિચિતના ઘરમાં ચોરી થઈ હતી. એ વાતની ખબર પડી એટલે સ્વાભાવિક રીતે મેં એમને સાંત્વન આપવા કોલ કર્યો : 'તમારા ઘરમાં ચોરી થઈ એ જાણીને દુઃખ થયું. હું કોઈ પણ રીતે મદદરૂપ થઈ શકું એમ હોઉં તો મને નિઃસંકોચ કહેજો.'

મારા આશ્ચર્ય વચ્ચે એ પરિચિતે કહ્યું : હા. અમારા ઘરમાં ચોરી તો થઈ છે અને થોડી તકલીફ તો પડી છે. પોલીસને ફરિયાદ પણ કરી છે. જોઈએ હવે શું થાય છે, કારણ કે અમુક વસ્તુ આપણા હાથમાં હોતી નથી એટલે જો બધી વસ્તુ અને પૈસા પાછા આવી જવાના હશે તો આવી જ જશે. અને પાછા નહીં મળવાના હોય તો નહીં જ મળે એટલે જે સ્થિતિ છે એ મેં સ્વીકારી લીધી છે. ચોરી થઈ એથી હું થોડો ડિસ્ટર્બ તો થયો જ છું, પણ વિચલિત નથી થઈ ગયો. 'જેહના ભાગ્યમાં જેહ સમયે જેહ લખ્યું તેહનું તે સમયે તે જ થાય છે' એવું આપણા આદ્ય કવિ લખી ગયા છે માટે હું માનું છું કે મારા ઘરમાં ચોરી થવાની હતી તો થઈ. 'હવે બધું પાછું મળવાનું હશે તો મળશે.'

મને એમની એ વાત સ્પર્શી ગઈ, કારણ કે ઘણા માણસોને દરેક વાતમાં રોદણાં રડવાની ટેવ હોય છે. એ કોઈ પણ સ્થિતિમાં રોદણાં જ રડતા હોય છે, પણ પેલા પરિચિતે સહજતાથી કહ્યું કે 'જે થવાનું હતું એ થયું છે અને હવે જે થવાનું હશે એ જ થશે.'

એમના એ શબ્દો સાંભળીને મને ઇંગ્લેન્ડના મહાન સાહિત્યકાર (જે પછી બિશપ અને ડબલિન યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પણ બન્યા હતા) જેરેમી ટેલરના જીવનનો એક કિસ્સો યાદ આવી ગયો. ટેલરે બહુ ગરીબી જોઈ હતી. એમ છતાં જીવન પ્રત્યે એમને કોઈ ફરિયાદ નહોતી. મિત્રો એમને મળે ત્યારે અફસોસ વ્યકત કરતા કે તમારા જેવા સાહિત્યકારને આર્થિક તકલીફ ભોગવવી પડે એ જોઈને અમને દુઃખ થાય છે. તો વળી ઘણા મિત્રો એમને આર્થિક મદદ કરવાની તૈયારી દાખવતા. જોકે, જેરેમી ટેલર નિસ્પૃહી માણસ હતા ને એમની જરૂરતો પણ બહુ ઓછી હતી એટલે એ પોતાની ધૂનમાં મસ્ત રહીને જીવતા...

એક વાર જેરેમી ટેલરના ઘરમાં ચોરી થઈ. ટેલર પાસે બહુ પૈસા કે ઘરેણાં કે બીજી મૂલ્યવાન ચીજ-વસ્તુઓ તો હતી નહીં, પણ ફેરો ખાલી ન જાય એટલે ચોર લોકો ટેલરની બધી ઘરવખરી ચોરી ગયા (થોડા સમય અગાઉ દિવંગત મરાઠી કવિ નારાયણ સુર્વેના ઘરમાં ચોરી થઈ એ પછી ચોરોને ખબર પડી કે એમણે કોના ઘરમાં ચોરી કરી છે ત્યારે ચોરેલી વસ્તુઓ પાછી મૂકી ગયા હતા અને માફી માગતો પત્ર પણ મૂકી ગયા હતા! એવું જેરેમી ટેલર સાથે બન્યું નહોતું).



જેરેમી ટેલર

ટેલર ક્યાંક બહાર ગયા હતા એ વખતે ચોર ઘરમાં ઘૂસીને ચોરી કરી ગયા. આ વાતની ખબર પડી એટલે ટેલરના મિત્રો એમને સાંત્વન આપવા પહોંચી ગયા. ગંભીર ચહેરે ટેલરને આશ્વાસન આપવા માંડ્યા, પણ ટેલરના ચહેરા પર દુઃખની લાગણી વંચાતી નહોતી. એ હસીને વાત કરી રહ્યા હતા. એ ખુદ મિત્રોને આશ્વાસન આપવા લાગ્યા કે તમે કોઈ એ વાતનો શોક ન કરશો કે મારા ઘરમાં ચોરી થઈ છે!'

મિત્રો અકળાઈ ઊઠ્યા : 'તમારો બધો સામાન ચોરાઈ ગયો છે અને તમને હસવું આવે છે? કોઈ માણસના ઘરમાં ચોરી થાય તો એને દુઃખ થવું જોઈએને ! ' કેટલાક મિત્રોને તો એવી શંકા પણ ગઈ કે આઘાતને કારણે ટેલરે ક્યાંક માનસિક સમતુલા ન ગુમાવી દીધી હોય, પણ ટેલર એકદમ સ્વસ્થ હતા.

એમણે કહ્યું : 'ચોરો બધી ક્ષુલ્લક વસ્તુઓ લઈ ગયા છે. મારી બુદ્ધિ, મારા શરીરની તંદુરસ્તી, મારું મન, મારો આત્મા એ બધું હજી મારી પાસે જ છે! ઘરવખરી તો પાછી આવી શકશે,જ્યારે આ બધી અમૂલ્ય વસ્તુઓ મારી પાસે અકબંધ છે એટલે દુઃખી થવાનું કોઈ કારણ મારી પાસે નથી! '

દરેક વાતમાં રોદણાં રડવાની ટેવ હોય એવી વ્યક્તિઓએ આવા કિસ્સા ખાસ જાણવા જોઈએ. માત્ર બાવન ભજનમાં જીવનનો સાર આપી ગયેલાં ગંગા સતીએ પાનબાઈને ઉદ્દેશીને કહેલા આ શબ્દો સાંભળવા જોઈએઃ

'મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નહીં પાનબાઈ, મર ને ભાંગી પડે ભરમાંડ જી...'

સાર એ છે કે માનસિક રીતે ભાંગી ન પડીએ તો બાહ્ય સ્થિતિ બહુ તકલીફ ન આપી શકે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# નિયમન સંસ્થાઓએ વધુ સતર્ક, સક્રિય ને સરળ બનવું પડશે

**આર્થિક કૌભાંડ થાય ત્યારે બેંકો પ્રત્યે રિઝર્વ બેંક અને શેરબજાર સહિત સંબંધિત કંપનીઓ તરફ 'સેબી' કડક વલણ અપનાવી રહ્યા છે એ એક સારી નિશાની છે**




**હાલમાં** દેશમાં જેનો વાયરો ઝડપથી વાયો છે એ વિશ્વ વિખ્યાત મ્યુઝિક બેન્ડ 'કોલ્ડ પ્લે'ના ટિકિટોના અસાધારણ ઊંચા ભાવોને જોઈ 'બુક માય શો'ના ચીફને 'ઈડી' (એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ) તરફથી નોટિસ મારફત સવાલો થયાના અહેવાલ છે. આ કેસમાં ટિકિટના ઊંચા ભાવો માટે ચોકકસ ગેરરીતિ જવાબદાર હોવાની શંકા પણ વ્યકત થઈ હતી. કોઈપણ નાણાંકીય વ્યવહારોમાં યા કોઈપણ ચીજવસ્તુ અને સર્વિસના દામ ઊંચા જવામાં અતિરેક થાય ત્યારે કોઈ શંકા ઊઠવી સહજ છે. આપણે અહીં આ મ્યુઝિક બેન્ડની ચર્ચા કરવી નથી, પરતું હાલમાં આર્થિક વ્યવહારોમાં જયાં-જયાં અતિરેક થાય છે ત્યાં નિયમન સંસ્થાઓ તરત સક્રિય થઈને એકશન લે છે તેની વાત કરવી છે. 'સેબી' અને 'આરબીઆઈ' તેના બે મુખ્ય ઉદાહરણ છે. નિયમન સંસ્થાઓના બદલાતા અભિગમ દેશના વિવિધ નિયમન તંત્રોના અભિગમ બદલાઈ રહ્યાં છે. એક તરફ બિઝનેસ સરળ બનાવવાનું કાર્ય થઈ રહ્યું છે તો બીજીતરફ કડક નિયમ પાલનનું કાર્ય પણ થઈ રહ્યું છે. અલબત્ત, બંનેનું આગવું મહત્ત્વ છે. શેરબજારમાં 'એફ એન્ડ ઓ' (ફયુચર્સ અને ઓપ્શન્સ ટ્રેડિંગ)માં સટ્ટાના અતિરેક, નાના ટ્રેડર્સ દ્વારા થતી જંગી ખોટ અને ફેલાતી જુગારી માનસિકતા વિશે નિયમન સંસ્થા સેબી'એ સતત ચેતવણી આપ્યા બાદ ચોકકસ નિયંત્રણાત્મક પગલાં પણ જાહેર કર્યા છે, 'સેબી'એ સમય સાથે ઘણાં સુધારા કરી માર્કેટના વ્યવહારોને સરળ પણ બનાવ્યા છે. આવું જ કાર્ય રિઝર્વ બેંકે બેંકો અને ગ્રાહકો માટે વ્યવહારો સરળ બનાવીને કર્યુ છે, જેમાં ટેકનોલોજીનો પણ બહુ સહયોગ મળ્યો છે.

## ગોલ્ડ લોન સામે પ્રશ્નાર્થ

તાજેતરમાં 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા' ગોલ્ડ સામે કરાતા ધિરાણના અતિરેક સામે કડક અને લાલ આંખ કરી રહી છે. ગયા વરસના ઓગસ્ટમાં બેંકોએ સોના (ગોલ્ડ) સામે આપેલા ૨૦ ટકા ધિરાણની તુલનાએ આ વરસના ઓગસ્ટમાં ૪૧ ટકા (બમણું) ધિરાણ કર્યું છે. આમ એક જ વરસમાં આટલો ઉછાળો સવાલ તો ઊભા કરે એ સ્વાભાવિક છે. રિઝર્વ બેંકે ગોલ્ડ લોન સામે બેંકોને સવાલ કર્યા છે કે તેમાં બમણી વૃદ્ધિ કઈ રીતે થઈ? દાળમાં કંઈક કાળું છે કે કેમ એ તપાસ કરવા આરબીઆઈએ ચેતવણી આપી ઉપાયના પગલાં લેવા બેંકોને તાકીદ કરી છે. જો બેંકો એમ નહીં કરે તો રિઝર્વ બેંકની એકશન પાકી... કોઈપણ મોટો ઉછાળો કે ઘટાડો સવાલ ઊભા કરતો હોય છે, ખાસ કરીને ઉછાળો વધુ શંકા કરાવે છે. બેંકો દ્વારા અપાતી ગોલ્ડ લોનમાં ગેરરીતિના સંદેહ રિઝર્વ બેંકને મળ્યા છે. ખાસ કરીને સોનાના ઝવેરાત સામે અપાતા ધિરાણ બદલ સવાલ ઊઠ્યા છે. આ ધિરાણ સોનાના ઝવેરાત ગિરવી મૂકવા સામે અપાય છે, જયાં રિઝર્વ બેંકને બધું પીળુ સોનું લાગતું નથી. રિઝર્વ બેંકના મતે આ વ્યવહારોમાં પારદર્શકતાનો અભાવ છે.

## આર્થિક વ્યવહારોમાં બેંકોની ભૂમિકા

કોઈપણ આર્થિક કૌભાંડ થાય યા ગેરરીતિ બહાર આવે ત્યારે તેમાં મહદઅંશે બેંકોની ભૂમિકા જોવા મળે છે. બેંક લોન કયારે બેડ લોન બની જાય તેને સમય લાગતો નથી. હર્ષદ મહેતા અને કેતન પારેખના કિસ્સામાં પણ સ્ટોકસના ભાવો સાથે અને સામે બેંકોના ધિરાણ મુખ્ય કારણ બન્યા હતા. નાણાંકીય વ્યવહારોની વાત આવે અને બેંકોની સામેલગીરી ન હોય એવું બહુ બને નહીં. બેંકોના નાણાં સાથે રમત કરવાનું કે ચેડાં કરવાનું લગભગ દરેકને માફક આવતું હોય છે. નીરવ મોદી, વિજય માલ્યા, મેહુલ ચોકસી કે એવા અનેકવિધ 'ઉઠાવગીર' સાહસિકોએ બેંકો સાથે દુઃસાહસ કર્યા જ છે અને આજે પણ બેફિકર વિદેશોમાં મજા કરે છે. ઈન શોર્ટ, બેંકો ઈઝી ટાર્ગેટ બનતી હોય છે યા તેને બનાવી શકાય છે. સાયબર ક્રાઈમમાં પણ બેંકો પર આક્રમણનો ભય સદા ઊભો હોય છે. આ ક્રાઈમ બેંકોના નામે થાય કે બેંકો સાથે થાય બેંકોના પૈસા પર નજર સૌની હોય છે, કારણ કે બેંકોના પૈસા એ પબ્લિકના હોય છે. અલબત્ત, ખાનગી બેંકો વધુ સખત અને સતર્ક રહે છે, જ્યારે કે જાહેર ક્ષેત્રની સરકારી બેંકો પ્રમાણમાં નબળી પુરવાર થાય છે. જોકે રિઝર્વ બેંકે છેલ્લા એક દાયકામાં તેમાં ઘણી સખતાઇ સાથે નિયંત્રણ હાંસલ કર્યુ છે.

બેંકોનાં નાણાં બાપુજીના ? એક હકીકત યાદ રાખવી જરૂરી છે કે બેંકોનાં નાણાં લેભાગુઓ માટે પોતાના બાપુજીના નાણાં જેવા હોય છે. કોને આપ્યા ને તમે રહી ગયા! બેંકોનાં નાણાં સસ્તા પણ પડતા હોય છે. જે આમાં સફળ થતા નથી તેઓ શેરબજારનો અર્થાત ઈકિવટીનો માર્ગ અપનાવે છે, કારણ કે ઈકિવટી પણ સસ્તી પડે છે. તાજેતરમાં 'સેબી'એ આઈપીઓમાં ઊંચા ભાવો પડાવવામાં મદદ કરનાર મર્ચન્ટ બેન્કર્સને લાલ આંખ બતાવી અમુકને નોટિસ પણ ઈસ્યૂ કરી છે. લેભાગુ પ્રમોટર્સ આઈપીઓ લાવી અમુક વરસમાં ગાયબ થયા હોવાના કિસ્સા આપણા દેશમાં અનેક છે, ફાઈનાન્સના નામે અનેક લોકોને છેતરનાર કંપનીઓના કિસ્સા પણ ઓછાં નથી. બેંકોની બેલેન્સશીટ બહુ વરસોની મહેનત અને કડક કારવાઈ બાદ ચોખ્ખી થઈ રહી છે. અન્યથા એનપીએ (નોન-પર્ફોમિંગ એસેટસ) કે બેડલોન્સના ભારથી તે સદા દબાયેલી રહેતી હતી. રાજકીય પક્ષોના લોન મેળા કંઈ કેટલાંય યોજાઈ ગયા અને બેંકોને લૂંટી ગયા, ખેડૂતોના નામે પણ બેંકોમાંથી કેટલીય વાર નાણાં રફુચકકર થઈ જતા હતા. હર્ષદ મહેતા વખતે શેરોના સતત ઉછળતા ભાવોએ પણ શંકા જગાવી ત્યારે સ્કેમ બહાર આવ્યું હતું. કેતન પારેખ વખતે પણ કંઈક આવું જ થયું હતું. શેરબજારમાં અત્યારે તો સ્કેમના કોઈ સંકેત નથી, પરંતુ સતત ઉછળતા ભાવો, સતત નવા વિક્રમ સર્જતા ઈન્ડેકસ અનેક સવાલ ચોકકસ ઊભા કરે એ સહજ છે. વર્તમાન તેજીની નકકરતા અને પોકળતા વિશે પણ શંકા અને ચર્ચા થતા હતા એની સામે માર્કેટ હાલ તો રિએકશનમાં કરેકશન પણ આપી રહ્યું છે. અસંખ્ય લોકો સમજણ વિના અત્યારે તો બેધડક બેફામ રોકાણ કરી રહ્યા છે, પરંતુ આગામી સમયમાં તેમાંથી કેટલાં ડૂબ્યા હશે એ તો સમય જ કહેશે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

### જિમી કાર્ટર@૧૦૦ નોટઆઉટઃ

# શું છે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિની આ લાંબી આવરદાનું રહસ્ય?

કોઈ દેશના, વર્તમાન કે ભૂતપૂર્વ વડા ૧૦૦ વર્ષે પણ જીવતા હોય તેવું એકમાત્ર નામ અમેરિકી ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જિમી કાર્ટર છે. ગયા મંગળવારે ( ૧ ઑકટોબર) તે ૧૦૦ના થયા. અમેરિકામાં જ નહીં, દુનિયામાં પણ તે પહેલા નેતા છે, જે ૧૦૦ પર નોટઆઉટ છે. એમના સમયના જેટલા પણ નેતા હતા એ બધાની વિદાઈ થઇ ચૂકી છે.

ઉત્તરપશ્ચિમ અમેરિકામાં, કોલંબિયાને અડીને આવેલા ઈક્વાડોરના કાર્યકારી રાષ્ટ્રપતિ ગુઇલેર્મો રોડ્રિગ્સ ૧૦૦ વર્ષ અને ૩૩૩ દિવસ જીવ્યા પછી ૨૦૨૩માં અવસાન પામ્યા હતા. દક્ષિણપૂર્વ એશિયામાં લાઓસ દેશના વડા પ્રધાન ખામ્તાઈ સિફાંડોને ગયા વર્ષે ૧૦૦ વર્ષ અને ૨૩૭ દિવસની ઉંમરે અવસાન પામ્યા હતા. જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન તોમીચિ મુરાયામા પણ ગયા વર્ષે અવસાન પામ્યા ત્યારે ૧૦૦ વર્ષ અને ૨૧૩ દિવસના હતા. આમ લાંબી આવરદાવાળા નેતાઓમાં હવે જિમી કાર્ટર એકમાત્ર હયાત છે. સામાન્ય રીતે સત્તામાંથી બહાર થયેલા રાષ્ટ્રપતિઓ અને વડા પ્રધાનોનું નિવૃત્ત જીવન મજાથી પસાર થતું નથી, જ્યારે કાર્ટર તો ઠેઠ ૧૯૮૧માં નિવૃત્ત થયા હતા અને કોઈ યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી સમાજ સેવા કરતા હતા.

જોકે, હવે તો શરીર સાથ નથી આપતું એટલે એ હોસ્પાઈસ (પેલિએટિવ) કેરમાં છે એટલે કે, મરણાસન્ન વ્યક્તિઓની સંભાળ રાખવા માટે રચાયેલ તબીબી અને ભાવનાત્મક સંભાળમાં જીવે છે. એ પોતાના ઘરમાં જ આ સંભાળ હેઠળ શ્વાસ લે છે, પણ એમણે ૧૦૦ વર્ષ પૂરાં કર્યાં છે તેના ઘણા અર્થ છે.

જિમી કાર્ટર એક એવા વિરલ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ છે, જેમણે નિવૃત્ત થયા પછી એમની પત્ની રોસાલિન સાથે પોતાની એનજીઓ 'કાર્ટર સેન્ટર' દ્વારા માનવતાવાદી કાર્યમાં લગભગ ૩૫ વર્ષ સુધી સતત કામ કર્યું હતું. એ સમગ્ર દેશમાં અને વિદેશમાં સક્રિય હતા. જિમી કાર્ટર ૯૯ વર્ષના હતા જ્યારે એમની પત્નીનું ૯૬ વર્ષની ઉંમરે નવેમ્બર ૨૦૨૩માં અવસાન થયું હતું. અને એ આખી રાત પત્નીના અંતિમ શ્વાસ સુધી એની બાજુમાં વ્હીલચેર પર બેઠા રહ્યા હતા. પત્ની પણ પેલિએટિવ કેરમાં જીવી હતી.

જિમી કાર્ટર અને રોઝલીન કાર્ટરનું અમેરિકન સમાજમાં એક અલગ જ ઈજ્જતથી નામ લેવામાં આવે છે. આ બંનેએ જે ઊર્જા, પ્રવૃત્તિ, જોમ સાથે પોતાનું જીવન વિતાવ્યું છે તે ઉદાહરણરૂપ છે. જિમી કાર્ટર રાષ્ટ્રપતિ બન્યા ત્યારે પણ ચૂંટણી હાર્યા પછી પણ અમેરિકનોમાં એમના માટે એટલો જ પ્રેમ રહ્યો છે.

કાર્ટરના પૌત્ર અને 'કાર્ટર સેન્ટર'ના ગવર્નિંગ બોર્ડના ચેરમેન જેસન કાર્ટર કહે છે : 'આ પૃથ્વી પર દરેક વ્યક્તિને ૧૦૦ જીવવા નથી મળતું, અને કોઈને એવો મોકો મળે તો તે તેનો ઉપયોગ લોકોની ભલાઈ માટે કરે છે. આ વાત જશ્ન મનાવવા જેવી છે. ૧૯ મહિનાથી એ હોસ્પાઈસ કેરમાં છે, પણ આ સમય અમારા પરિવાર માટે ચિંતન કરવાનો અવસર છે.''

કાર્ટરે સરકારી ઈલાજ કરાવવાનો ઇનકાર કરી દીધો હતો. એમનું કહેવાનું હતું કે ઉંમરના આ પડાવ પર તે ઘરે જ એમના પરિવારજનો સાથે રહેવા માગે છે. અગાઉ એમણે ઘણી વખત મોતને હાથતાળી આપી હતી. એમના અન્ય એક પૌત્ર જોશ કાર્ટરે 'ન્યુયોર્ક ટાઈમ્સ' દૈનિકને કહ્યું હતું : આ એક એવી ભેટ છે જેની અમને અપેક્ષા નહોતી...'





અન્ય લોકો કહે છે કે કાર્ટરના ઉદાહરણે હોસ્પાઇસ કેરના ફાયદાઓ વિશે જાગૃતિ પણ ઊભી કરી છે. હોસ્પાઇસ કેરમાં વૃદ્ધત્વન સાથે આવતી બીમારીઓનાં લક્ષણો અને તનાવમાંથી રાહત આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. તેમાં બીમાર વ્યક્તિ અને પરિવારજનો માટે જીવનની ગુણવત્તામાં સુધાર કરવાનું લક્ષ્ય હોય છે.

કાર્ટરનો મેડિકલ ઈતિહાસ જટિલ છે. એમની માતા ૮૫ વર્ષની હતી, પરંતુ એમના પિતા ૫૮ વર્ષની વયે સ્વાદુપિંડના કેન્સરથી મૃત્યુ પામ્યા હતા. એમની બંને બહેન અને ભાઈ પણ સ્વાદુપિંડના કેન્સરથી મૃત્યુ પામ્યાં હતાં, અને એમની માતાને પણ આ રોગ હતો.

૨૦૧૫માં, કાર્ટરને મેલાનોમા હોવાનું નિદાન થયું હતું , જે એમના યકૃત અને મગજમાં ફેલાયું હતું. એમના મગજમાં કિરણોત્સર્ગ દ્વારા સારવાર કરવામાં આવી હતી અને એમના યકૃત પરની મોટી ગાંઠ દૂર કરવામાં આવી હતી.

૨૦૧૯માં, એ અનેકવાર રીતે પડી ગયા હતા, જેના કારણે એમના હાડકાં તૂટી ગયાં હતાં,જેથી એમને શસ્ત્રક્રિયાની જરૂર પડી હતી. આમ છતાં, એમની જીવનશૈલી એમની આવરદા માટે આશીર્વાદ બની છે. મેડિકલ વિજ્ઞાન મુજબ ૧૦% લોકો ૧૦૦ વર્ષ સુધી જીવી શકે છે. આવા લાંબા આયુષ્યમાં જનીન, જીવનશૈલી અને માહોલની ભૂમિકા અગત્યની હોય છે.

કાર્ટરના સ્વસ્થ્યમાં હેતુપૂર્ણ જીવન જીવવાનો ઈરાદો મહત્ત્વનો છે. કાર્ટર અને એમનાં પત્ની ૧૯૮૪થી 'હેબિટેટ ફોર હ્યુમેનિટી' માટે સ્વયંસેવા આપતાં હતાં અને એમણે ૧૪ દેશમાં ૪,૩૦૦થી વધુ ઘરોના નિર્માણ, નવીનીકરણ અને સમારકામમાં મદદ કરી હતી. આ કાર્યથી એમને આનંદ મળ્યો હતો તેમ આ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ એમના એક પુસ્તકમાં લખ્યું છે :

'સમાજ માટે કામ કરવાનો અર્થ એ થયો કે તમે લોકો માટે જીવવા માગો છો એટલે જ તમે રોજ પથારીમાંથી બહાર નીકળો છો અને કામ કરો છો. એવો ઈરાદો તમે નિષ્ક્રિય કે નાસીપાસ નથી થવા દેતો' કાર્ટર જ્યારે ૬૨ વર્ષના હતા ત્યારે ઢોળાવ પર સ્કી કરવાનું શીખ્યા હતા. એમની પત્નીએ 'વોટ મેક્સ અ મેરેજ લાસ્ટ' પુસ્તક માટે ઇન્ટરવ્યુમાં કહ્યું હતુંઃ

'જિમીને માત્ર વસ્તુઓ વિશે શીખવું જ નથી હોતું, તે કરવું પણ હોય છે.' બીજું, એમનામાં પરિવારની મજબૂત ભાવના હતી. ૭૭ વર્ષનું એમનું લગ્નજીવન રાષ્ટ્રપતિના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધીનાં લગ્ન હતાં. કાર્ટરએ તેને 'પૂર્ણ ભાગીદારી' ગણાવી હતી. પત્નીનું અવસાન થયું ત્યારે એમણે એક નિવેદનમાં કહ્યું હતું કે, 'રોઝાલિન મેં હાંસલ કરેલી દરેક બાબતમાં મારી સમાન ભાગીદાર હતી. જ્યાં સુધી રોઝલીન દુનિયામાં હતી ત્યાં સુધી મને પ્રેમ અને ટેકો મળ્યો હતો.'

ત્રીજું, કાર્ટર ૮૦ વર્ષની ઉંમર સુધી દોડવીર હતા અને ઘૂંટણની સમસ્યાઓ આવી એટલે સ્વિમિંગ અને વોકિંગ તરફ વળ્યા હતા. પતિ-પત્ની બંનેને સાઈકલ ફેરવવાનો શોખ હતો. એ બન્ને ફલાય-ફિશિંગ અને લાકડા કાપવાના કામનો પણ આનંદ માણતા હતા. ચોથું, એમનામાં દ્રઢતા અને સકારાત્મકતાનો ગુણ હતો. પરિવારમાં આવેલી બીમારીઓ અને મૃત્યુને એ પચાવી ગયા હતા અને અન્ય વૃદ્ધ લોકોથી વિપરીત, અત્યંત ખુશમિજાજી અને મળતાવડા રહ્યા છે.

જ્યારે કાર્ટર પહેલી વાર ફેબ્રુઆરી ૨૦૨૩માં જ્યોર્જિયામાં હોસ્પાઇસ કેરમાં દાખલ થયા ત્યારે કેટલાક સંબંધીઓને લાગ્યું કે એમની પાસે જીવવા માટે માત્ર થોડા દિવસો બાકી છે. અમેરિકામાં, બીમાર વ્યક્તિ ત્યારે હોસ્પાઇસ કેરની મદદ લે છે જ્યારે ડોક્ટરોને લાગે કે એની પાસે છ કે તેથી ઓછા મહિનાનો સમય છે. કાર્ટર ૧૯ મહિનાથી તે સંભાળમાં છે અને દેશમાં શું ચાલી રહ્યું છે એનાથી સભાન છે. એમના પુત્ર ચિપ કાર્ટરે થોડા દિવસો પહેલાં પૂછ્યું હતું કે 'તમે ૧૦૦મો જન્મદિવસ ઉજવશો?' ત્યારે કાર્ટરે કહ્યું હતું : 'હું માત્ર કમલા હેરિસને વોટ આપવાની કોશિશ કરી રહ્યો છું...!' ■

વિશેષ

શૈલેન્દ્ર સિંહ
feedback@bombaysamachar.com

# આ પાંચ સ્થળે ફેલાય છે નવરાત્રિ દરમિયાન ઉત્સવ ને ઉલ્લાસના રંગો

**નવરાત્રિને** ભારતમાં 'ગેટવે ઓફ ફેસ્ટિવલ' પણ કહેવામાં આવે છે. ખરેખર, ચોમાસા પછી, ૧૫ દિવસના શ્રાદ્ધ હોય છે, જ્યારે કોઈ મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવતું નથી, આ પછી જ નવરાત્રિ શરૂ થાય છે અને નવરાત્રિ સમાપ્ત થતાંની સાથે જ શરદ તહેવારોની શ્રેણી શરૂ થાય છે. નવરાત્રિના છેલ્લા દિવસે અસત્ય પર સત્યની જીત સ્વરૂપે દશેરાનો તહેવાર ઉજવવામાં આવે છે. આ પછી, કડવાચોથ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, નવુ વર્ષ, ગોવર્ધન પૂજા, અન્નકૂટ, ભાઈ બીજ, છઠ પૂજા, ગોપાષ્ટમી, દેવઉઠી એકાદશી, ગુરુનાનક જયંતિ વગેરે જેવા તહેવારોની લાઇન લાગી જાય છે. પરંતુ જ્યાં સુધી નવરાત્રિનો સંબંધ છે, તે સ્વયં એક એવો તહેવાર છે જે સમગ્ર દેશને ઉજવણીના રંગબેરંગી તારથી બાંધે છે. ચાલો જોઈએ કે નવરાત્રિ દરમિયાન તહેવારના આ ખાસ રંગો દેશનાં કયાં કયાં સ્થળોએ ફેલાય છે.

## મૈસૂરનો રંગબેરંગી દશેરા

ખરેખર, મૈસૂરનો દશેરા પ્રખ્યાત છે, પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે દશેરાનો આ દસ દિવસનો રંગીન તહેવાર નવરાત્રિના પહેલા દિવસથી શરૂ થાય છે અને દસમા દિવસ સુધી ચાલે છે. માત્ર દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ નવરાત્રિનો તહેવાર ખૂબ જ પ્રખ્યાત છે, જે ૧૪મી અને ૧૫મી સદીમાં વિજયનગરના રાજાઓ દ્વારા ઉજવવાનું શરૂ થયું હતું અને જેના વિશે ઈટાલિયન પ્રવાસી નિકોલી ડી કોન્ટીએ કહ્યું હતું કે, આ સૌથી ભવ્ય તહેવાર છે. આ નવરાત્રિ ઉત્સવમાં મા દુર્ગાની પૂજા યોદ્ધા દેવી (ચામુંડેશ્વરી)ના રૂપમાં કરવામાં આવે છે.

## દસ દિવસીય

આ મૈસૂર ઉત્સવમાં જ્યાં એક તરફ દેશભરના પહેલવાન પોતાની કુસ્તીની કળાનું પ્રદર્શન કરે છે, ત્યાં બીજી તરફ સિંગર અને ડાન્સરો પોતાની અદ્ભુત કળા દ્વારા લોકોના દિલ જીતી લે છે. આ મૈસૂર ઉત્સવમાં અદ્ભુત આતશબાજી અને ભવ્ય લશ્કરી પરેડ જેવી ઘણી વસ્તુઓ પણ જોવા મળે છે.

## ગુજરાતમાં ગરબા દાંડિયા


નવરાત્રિના પર્વની વાત હોય અને ગુજરાતનો ઉલ્લેખ ન થાય એ અશક્ય છે. કારણ કે નવરાત્રિનો તહેવાર એ દાંડિયા અને ગરબાની નૃત્ય ભક્તિનું એક સ્વરૂપ છે. નવ દિવસ સુધી, ગુજરાતનાં તમામ નાનાં મોટાં શહેરો અને ગામડાઓમાં દાંડિયા અને ગરબા નૃત્ય દ્વારા ઉજવણી કરવામાં આવે છે. અમદાવાદ, બરોડા, સુરત, રાજકોટ, ભાવનગર, નવસારી, આ તમામ નાનાં-મોટાં શહેરોમાં સેંકડો મંડપો તૈયાર કરવામાં આવે છે અને દર વર્ષે નવરાત્રિના આ રંગબેરંગી ઉત્સવની સિઝનમાં પાંચ લાખથી વધુ વિદેશી પર્યટકો ગુજરાતમાં આવે છે અને દાંડિયા ગરબાના તાલમાં જજૂમે છે. વર્ષ ૨૦૨૪ માં, ઘણી વૈશ્વિક એજન્સીઓએ પર્યટનની દૃષ્ટિએ ગુજરાતને 'નવરાત્રિ સેલિબ્રેશન માટે ભારતમાં શ્રેષ્ઠ સ્થળ' તરીકે પસંદ કર્યું છે.



મૈસૂરનો રંગબેરંગી દશેરા



દશેરા દસ દિવસીય



કુલ્લુ વેલીની આ નવરાત્રિ

## કુલ્લુ વેલી

નવરાત્રિના સાત દિવસો માટે, હિમાચલ પ્રદેશની કુલ્લુ વેલી સંપૂર્ણ ઉત્સવના મૂડમાં હોય છે અને આ સમય દરમિયાન લાખો વિદેશી પ્રવાસીઓ અહીં ઉમટી પડે છે, જેઓ દશેરાનો ભરપૂર આનંદ માણે છે. આ તહેવાર પણ દસ દિવસનો હોય છે. આ સમય દરમિયાન, વિવિધ હાવભાવવાળા નૃત્ય, ગાયન અને પરંપરાગત લોકગીતોનો મેળાવડો સમગ્ર કુલ્લુ વેલીમાં પોતાના રંગ અને ખુશી ફેલાવતા જોવા મળે છે. કુલ્લુ વેલીનો આ નવરાત્રિ તહેવાર સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત હોવાની સાથે સંસ્કૃતિ, આનંદ અને ઊંડી પરંપરાને વિસ્તારતો પર્વ છે. આ દિવસોમાં અહીં નીકળતી રઘુનાથ રથયાત્રા દર્શકોને સંપૂર્ણ રીતે મંત્રમુગ્ધ કરી દે છે, જ્યારે આજના યુગમાં આ યાત્રા માત્ર રથોના કાફલાના રૂપે જ નીકળે છે.

## કોલકાતાની દુર્ગાપૂજા

કહેવાની જરૂર નથી કે નવરાત્રિ દરમિયાન આયોજિત તમામ કાર્યક્રમોમાં કોલકાતાના દુર્ગા પૂજાના કાર્યક્રમો સર્વશ્રેષ્ઠ છે. વાસ્તવમાં, નવરાત્રિ દરમિયાન, કોલકાતાને પૂજા અને પંડાલનો પર્યાય શહેર ગણાય છે. દર વર્ષે, ઑક્ટોબર અને નવેમ્બરમાં આવતી દુર્ગા પૂજા પહેલાં, વિશ્વના દરેક ખૂણેથી હજારો પ્રવાસીઓ અહીં પહોંચી જાય છે જેથી તેમને કોલકાતાના દુર્ગા પૂજા ઉત્સવને જોવા અને માણવામાં વધુ મુશ્કેલીનો સામનો ન કરવો પડે. કોલકાતાનો દુર્ગા પૂજા ઉત્સવ એ દેશમાં નવરાત્રિ દરમિયાન ઉજવાતા ડઝનેક તહેવારોનું સંયોજન છે.

## વારાણસીઃ ગંગા કિનારે ઉત્સવનો આનંદ

ગંગાના કિનારે વસેલા ભારતના મૂળ શહેર વારાણસી અથવા બનારસમાં નવરાત્રિનું એક અલગ જ આકર્ષણ હોય છે. આ દિવસોમાં, વારાણસીની મુલાકાત લેતા લોકો સાંજે ગંગા આરતીનો આનંદ માણે છે અને ગંગાના સામેના કિનારે રામનગરમાં ઘણા દાયકાઓથી આયોજિત ઓર્ગેનિક રામ કથાનો પણ આનંદ માણે છે. આ કાર્નિવલમાં પ્રદર્શિત ધાર્મિક વિધિઓ, સંગીત, ગાયન અને સૂફીવાદનો નજારો જોવા જેવો છે. ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ભારતનો હેરિટેજ સિલ્ક રૂટ - ઝૂલુક - ધરતી ને આકાશ વચ્ચેનું સ્વર્ગ, રંગબેરંગી પંખીઓનું મુક્ત વિશ્વ



રસ્તો જે હંમેશાં આપણને ક્યાક ને ક્યાક તો લઈ જાય છે. દરેક વ્યક્તિને એ ક્યાક લઈ જાય છે. મને મન થઈ ગયું કે હું રસ્તામાં વચ્ચે જ રોકાઈ જાઉં અને પૂછી લઉં કે તું તો અહિયાં જ રહે છે તો એકલા એકલા બોર નથી થતો? રસ્તો કહે, ભાઈ હું રોજે નવા નવા મુસાફર જોયા કરું છું. કોઈકને ક્યાક પહોંચવાની જલદી હોય છે તો કોઈકને જ્યાથી આવ્યા ત્યાં જ પાછા જવાની. બધાએ નિર્ધારિત સ્થળ પર પહોચવની લ્હાયમાં ઘણું ખરું ગુમાવ્યું છે જે મુસાફરી દરમ્યાન રસ્તામાં જ મળે છે. ક્યાક પહોચવા કરતાં જે તે સ્થળ પર લઈ જતો રસ્તો વધારે આનંદ અને સંતોષ આપે છે. ક્યારેક ક્યાય પણ પહોંચવા માટે નહીં પણ ખાલી રસ્તાને માણવા કારની બારી ખુલ્લી રાખીને મુસાફરી કરી જોજો. આવી જ કંઈક મુસાફરી મેં સિક્કીમનાં પૂર્વ વિસ્તારમાં કરી હતી.

ધરતી અને આકાશની વચ્ચે એક સરસ મજાની જગ્યા છે. પૂર્વ સિક્કીમમાં ઓલ્ડ સિલ્ક રુટ પર લુથૂંગ ગામ પહેલા જ આવતી જગ્યા મને બહુ જ ગમે. ગમે તેટલા વર્ષ પછી પણ જાઉં એક પથ્થર મુકેલો છે એ ત્યાંનો ત્યાં જ હોય જ્યાંથી મને કાંચનજંઘા દેખાય અને એક તરફ ભૂતાનના કોઈ ગામડામાં વહેતી નદીનું વહેણ અને નીચેની તરફ નાનું સરખું ઝૂલુક ગામ. હિમાલયન મોનાલ પાછળ ભાગતા ભાગતા આ જગ્યા મળી હતી. વરસાદ રોકાયો જ હતો કે સાઇકલ થોભાવીને ત્યાં પડેલા પથ્થર પર બેસીને કુદરતને મેં કહ્યું, ચાલને બે ઘડી વાતો કરીએ. જાણે કુદરત મારી વાતનો પ્રત્યક્ષ જવાબ આપતો હોય એમ વાદળો રમતા રમતા મારી આસપાસ આવી ગયા, કાંચનજંઘા વાદળોમાં સંતાઈને ક્યાંક ક્યાંક બે વાદળો વચ્ચેની જગ્યામાંથી જાણે મને જોઈ રહ્યો અને સૂરજના કિરણો પણ વાદળોને છેતરીને ધરતીને મળવા દોડી ગયા હોય એમ ક્યાંક જગ્યા મળે કે અવનીને સ્પર્શીને સોનેરી ઓપ આપી દેતા નજરે ચઢે. પહાડોમાં બધાથી અલિપ્ત અને હિમાલયની ગોદમાં માનાં ખોળામાં સુતા હોઈએ એટલી શાંતિથી સૂવું હોય તો આ જગ્યાથી સારી બીજી કોઈ જગ્યા ન હોય શકે. એકદમ નિર્જન છતા તમારી જાતને એકલું ન લાગે એટલા રંગબેરંગી અને સંગીતમય સૂરો છેડતા પંખીઓ, પ્રકૃતિનું મધુર ગાન અને ઈશ્વરની હાજરીનો અનુભવ - આ સઘળું અહીં હાજર છે.

સામાન્ય રીતે ફરવા જવા માટે મોટા ભાગના લોકો ગૂગલ, ટ્રીપ એડવાઈઝર, કોઈના બ્લોગ્સ વગેરેને સર્વ શ્રેષ્ઠ માર્ગદર્શક માનતા હોય છે ત્યાં જ તેઓ બહુ મોટી ભૂલ કરતા હોય છે અને તેઓ મુસાફર ન બનતા ખાલી એક પ્રવાસી બનીને રહી જતા હોય છે. નિસર્ગનો ખરો આનંદ નિસર્ગમાં જ કોઈ ચોક્કસ પ્લાંનિંગ વગર જ્યા રસ્તો લઇ જાય ત્યાં અથવા તો જ્યાં રસ્તો ના હોય ત્યાં કેડીઓ કંડારવાથી જ મળતો હોય છે. પૂર્વ સિક્કિમના ખાસ નહિ ચર્ચાયેલા અને લગભગ અલિપ્ત રહેતા વિસ્તારમાં મેં થોડા દિવસો માટે રોકાઈ જવાનો નિર્ણય કરીને પંગોલખા વાઇલ્ડલાઇફ સેંકચ્યુરી તરફ પગ વળ્યાં અને હું પહોંચ્યો એક એવા અલગારી વિશ્વમાં જ્યાની ભૂમિ કોઈને પણ ભોમિયા બનાવી દે. પદમચેનથી શરૂ થયેલી મુસાફરી, રસ્તાની બંને તરફ ઝરણાઓ, નાના નાના જંગલી સ્ટ્રોબેરીના છોડ, રસ્તામાં ક્યાંક દેખાઈ જતા રંગબેરંગી ઓરનેટ ફલાઇંગ સ્નેક, રંગબેરંગી પક્ષીઓ અને સર્પાકાર રસ્તાઓ જાણે આપણને વાદળાઓ સાથે બેસીને ગુફ્તગૂ કરાવી રહ્યા હોય. હિમાલયના રંગબેરંગી પક્ષીઓ, હિમાલયન બ્લેક બિયર, રેડ પાન્ડા, હિમાલયન મોનલ, કલીઝ ફિઝંટ્સ, ટ્રાઇપોઝન વગેરેનું વિશ્વ અને પેરેટબીલનું મધુર ગાન એટલે જાણે કોઈ સરસ મજાના ઝૂ જેવો જ દેખાવ આવે જગ્યાનો એટલે આ નાના સરખા ગામનું નામ ઝૂલુક. રોન્ગલી ગામથી ઝૂલુક આવવા માટે ઇનરલાઈન પરમીટ મેળવવી પડે જે એક સામાન્ય ફોર્મ ભરીને ૨૦ રૂપિયામાં મેળવી શકાય. રોન્ગલી આર્વવા માટે મુખ્ય મથક ગેંગટોકથી શેરિંગ વાહન મળે છે જે માત્ર ૭૦ રૂપિયામાં રોન્ગલી સુધી લઈ આવે, ત્યાર બાદ ત્યાંથી ટેક્સી ભાડે કરીને ઝૂલુક જવા નીકળી શકાય. રસ્તામાં પદમચેન પણ ન ચૂકવા જેવું સ્થળ છે. અહીં ઘણાં બધા ઝરણાઓ, ઝરણાં આસપાસ પતંગિયાઓ અને પાણીમાં ગમ્મત કરતા પંખીઓને મહાલવા પણ એક લ્હાવો છે. ઝૂલુકમાં ગણ્યાં ગાઠ્યા બે જ હોમસ્ટે છે જ્યાં રહી શકાય અને તેઓની ઓર્ગેનિક ખેતીની મજજા માણી શકાય. અંગ્રેજ અને ડચ લોકોના શાસનકાળમાં આ જગ્યા એમની મનપસંદ જગ્યા હતી એટલે અહીંયા એક્ઝોટિક ફ્રૂટ્સની પણ ખેતી થતી જોવા મળે. વિશ્વનું સહુથી ઊંચું અને ભવ્ય કબ્રસ્તાન - બ્રિટિશ અને ડચ સિમેટ્રી પણ અહીંયા ત્યારની ભવ્યતાને સંગોપીને બેઠું છે. લાકડાના બનેલા સરસ મજાના ઘરની બહાર જ બટાટા અને બીજી શાકભાજીની ખેતી કરતા પરિવારો અહીંયા રહે અને દિલથી પહાડી મહેમાનગતિનો અનુભવ કરાવે. સવારે ઉઠીને જાતે ગમે તે શાકભાજી તોડી લાવો, મન હોય તો જાતે જ રસોડાનો કારભાર પણ લઇ શકો. ઝૂલુકથી સવારે ઓલ્ડ સિલ્ક રુટ જઈ શકાય. આ રૂટ પર થંબી વ્યૂપોઇન્ટ નામની જગ્યાએથી કાંચનજંઘાનો ખૂબ જ અદ્ભુત નજારો માણી શકાય. આ દરેક જગ્યાઓ પર વાદળોનો મહાસાગર જ જાણે જોઈ લો. અહીંથી આગળ વધતા ભૂતાનનાં ગામડાઓ, ગામમાં વહેતી નદી અને દેવદારના ઘટાદાર જંગલોનો નજારો માણી શકાય તો વળી ક્યાંક ક્યાંક હિમાલયન મોનાલ, બ્લડ ફેઝન્ટ, કોકલાઝ ફેઝન્ટ, કલીઝ ફેઝન્ટ, હિમાલયન સ્નો ફિન્ચ, હવામાં આગની જેમ પૂંછડી લહેરાવતું ફાયર ટેઇલ્ડ સનબર્ડ, હિમાલયન બ્લેકબર્ડ, અપલેન્ડ બઝર્ડ, ગોલ્ડન ઇગલ, ફૂલવેત્તા, પેરોટબિલ જેવા રેર પક્ષીઓ કલરવ કરતા જોવા મળે. આ પંખીઓને જોતા જોતા ફૂલોની વેલી નાથન્ગ વેલી આવે જ્યા સેંકડો રંગબેરંગી ફૂલોનો કુદરતે અલાયદો શો રાખ્યો હોય એવું દશ્ય ભાસે.

એક એવું ગામ હોય જ્યાં ખૂબસૂરત માટી અને લાકડાનું ઘર હોય, રોજે જ વાદળો કંપની આપતા હોય, ખૂબસૂરત રંગબેરંગી પક્ષીઓનો કલરવ તમારું અલાર્મ ટોન હોય, સવારમાં ચાર વાગ્યામાં સૂર્યોદય અને સાંજે છેક આઠ વાગ્યા આસપાસ સૂર્યાસ્ત થતો હોય, આવી જગ્યાએ રહેવું કોને ના ગમે? આ જ જગ્યાએ ઇંડિયન આર્મી રહે છે. એક નજરે ખૂબસૂરત દેખાતી જગ્યામાં આજે પણ ક્યાક ક્યાક જૂના ૧૯૬૨ વખતે થયેલા યુદ્ધ સમયને વણશોધાયેલા માઇન્સ બિછાવેલા છે. હમેશા દુશ્મન દેશોની નજર અહીં તમારા પર તકાયેલી રહે છે. અહી જો લાલ ઝંડા ફરકતા જોવા મળે તો સમજવું ફાયરિંગ ચાલી રહ્યું છે. અહી ભારતીય સેનાના છુપા બંકર જોવા મળે છે. અહી રહેવાં માટે સતત સતર્કતા અને હિમ્મતની પણ જરૂર પડે છે. જો કે આર્મીનાં વિસ્તારમાં રહેવા અને ફોટોગ્રાફી બંને પર પ્રતિબંધ છે. સામે દેખાતા પર્વતની પાછળથી જ ચીનની શરૂઆત થાય છે જેને ડોકલામ રેન્જ તરીકે ઓળખાય છે. એ પછી રસ્તામાં બ્લેક લેક આવે છે જે એનાં કાળા રંગનાં લીધે બ્લેક લેક તરીકે ઓળખાય છે. બ્લેક લેક પછી હરભજનસિંઘ બાબાનું બંકર છે જેની ભારતીય સેનાનાં જવાનો દ્વારા પૂજા કરવામાં આવે છે. એક માન્યતા મુજબ હરભજનસિંહ બાબા ભારતીય સેનામાં ફરજ બજાવતી વખતે અકસ્માતે મોતને ભેટ્યા હતા અને એમના મૃત્યુનાં વર્ષો પછી આજે પણ તેઓ ભારતીય સેનાને મદદ કરે છે, આજે પણ તેમને જમવાનું આપવામાં આવે છે, આજે પણ તેઓનો યુનિફોર્મ , બૂટપોલિશ વગેરે કરવામાં આવે છે. આ મંદિર પછી અહી દેશનું છેલ્લુ ગામ છે ''કુપૂપ'' જ્યાથી આગળ જવાની પરમિશન નથી પણ પહેલાના સમયમાં આ જ જગ્યા ઇન્ટરનેશનલ વ્યાપાર માટેનું એક કોરીડોર હતી અને આ રસ્તેથી સિલ્કની આયાત થતી એટલે જે એને ''ઓલ્ડ સિલ્ક રૂટ'' તરીકે ઓળખવામાં આવે છે. અહીં ચીનનાં સામાનનું નાનકડું બજાર ભરાય છે. અહીં એલીફન્ટ લેક આવેલ છે જે ઉપરથી જોતા હાથીનાં આકારનું લાગે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં માણસો કરતા અલગ અલગ જગ્યાઓના પ્રેમમાં પડ્યો. બેડરૂમમાં આરામથી સુવા કરતા વધારે આકાશગંગા અને ખરતાં તારાઓ સાથે રોમાન્સ માણ્યો છે. હિમાલયના પહાડોમાંથી પડતાં ઝરણાઓ પાછળ અને પક્ષીઓને જોવામાં અને જાણવામાં સમય વિતાવ્યો છે. ઊંચા પહાડો પર કોઈ અજાણ્યાં વણઝારાની હાકલમાં, પહાડ પરથી મસ્તીમાં પછડાતા અને વહેતાં ઝરણાંમાં, સાંકડી એવી પગદંડીઓમાં, ક્યાંક ઝાડની ડાળી પર બેસેલા પક્ષીઓના કલરવમાં, ક્યાંક તાજા જ ખીલેલા ફૂલમાં, કોઈક અજાણી ઝાડની પાંદડી પર નાના બાળકની માફક મસ્તી કરતા હમણાં જ વરસેલા વરસાદના ટીપાંમાં તો ક્યારેક વાદળોની સાથે ઊંચાઈ પર સંતાકૂકડીની રમત રમતા કાંચનજંઘા પર્વતમાંથી મને ખુશીઓનો ખજાનો મળ્યો છે. મેં જ મારી જાતને આ રીતે ઘડી છે, કુદરતના સંસર્ગમાં મને હંમેશાં ખુશી અને જીવનને ચિક્કાર જીવવાની તાલીમ મળી છે.

આમ, કુદરત સાથે ગોષ્ઠી માંડીએ તો મહિનાઓ પણ ઓછા પડે. સામાન્ય રીતે જે પ્રવૃત્તિમાં આપણે રત થઇ જઈએ એ પ્રવૃત્તિ આપણી આદત બની જાય, પણ કુદરત તો પળવારમાં આપણી આદત બની જાય છે. હિમાલયના જંગલોની પગદંડી પર ચાલીને કરેલો અનુભવ, સિકકીમની પહાડીઓની ટોચે પડેલા કોઈ પથ્થર પરથી ખુલીને ગાયેલું કોઈ જૂનું ફિલ્મી ગીત, કે પછી સિકકીમની પહાડીઓ પર સાવ સાદા એવા બનાવેલા કોઈ મજાના કાફેમાં બેસીને મારેલી ચાયની ચુસ્કી સાથે ત્યાંના લોકલ વૃદ્ધ સાથે કરેલી બે ઘડીની વાતચીત. આવી બધી પળો જીવનભર વાગોળી શકાય એવી હોય છે. ■

ફોકસ પ્લસ

અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# જાતિગણતરીઃ ભાજપ તડજોડ કરશે?



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હિન્દુમાં એકાત્મતા માટે કાર્યરત છે. સંઘન પ્રમુખે તાજેતરમાં સંઘનું કામ કરવનું આ આધારસૂત્ર હોવાનું કહ્યું છે. જાતિગણનાની કોંગ્રેસની માગણી સમાજમાં ફૂટ પડાવાનો પ્રયાસ છે, એવું નિવેદન તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીએ આપ્યું હતું. (સંદર્ભ રાહુલ ગાંધીએ કરેલી જનગણનાની માગણી)

સંઘના વડાએ એવો ખુલાસો કર્યો છે કે આરએસએસ જાતીય ગણતરી માટે સાનુકૂળ છે. આ સાથે સંઘના વડાએ એમ પણ કહ્યું હતું કે આ ગણતરીનો ઉપયોગ રાજકારણ માટે ન કરે.

હિન્દુઓના સંગઠન ગણાતા સંઘે જાતિગણતરીને ટેકો જાહેર કર્યો છે. સંઘની રાજકીય વિંગ જેવો ભાજપને જાતિગણતરી એ હિન્દુઓમાં ફૂટ પાડવાનો કારસો લાગે છે. શું સંઘ અને ભાજપ વચ્ચે વિરોધાભાસ છે? આ કાસ્ટ સેન્સસને લીધે મોદી સરકાર જોકે સંઘે આમાં ભાજપને મદદ કરવા જાતિગણતરીને ટેકો આપ્યો છે. ભાજપ જાણે છે કે કાસ્ટ સેન્સસનો સીધો વિરોધ કરવાનું શું પરિણામ આવી શકે. માટે એ માગણી કરનારાઓને પીજરામાં ઊભા કરે છે.

'મૌન એટલે સંમતી' એવું વલણ લેતાં માતૃસંસ્થાની માન્યતાનો આધાર લઈને જાતિગણતરી પર ભાજપ બોલશે અને સામાજિક ન્યાય અને કલ્યાણકારી યોજનાના યોગ્ય અમલ માટે આની હિમાયત કરનારા વિરોધ પક્ષો પર સમાજમાં વિખવાદ ઊભા કરવાનો આક્ષેપ કરશે.

હાલના રાજકારણમાં આ તુલના ગૌણ ભાગ છે આ માગણી કરવી, એને સ્વીકારવી અથવા નકારવાથી આની ચૂંટણીના રાજકારણમાં શુ પરિણામ આવશે એ જ મહત્ત્વનો મુદ્દો છે. જાતિ ગણતરી કરવી, પરંતુ એનો રાજકારણાં ઉપયોગ ન કરવો એવું સંઘનું વલણ વ્યવહારૂ નથી. રાજકારણમાં ધોરણ કરતાં એનો રાજકીય લાભ કેટલો છે એ મહત્ત્વનું હોય છે. અમુક વાર એનાથી રાજકીય નુકસાન ઓછુ થાય એના પર ધ્યાન દેવામાં આવે છે.

સરકારે ખાનગી ક્ષેત્રના અમુક નિષ્ણાતોને સરકારી નોકરીમાં લેટરલના માધ્યમથી એટલે કોઈ જાતની પરીક્ષા વિના નિમણૂક કરી હતી. જોકે સરકારે આમાં યુ-ટર્ન લીધો છે. શાસકીય કામકાજમાં નિષ્ણાતનો સહભાગ અને નિર્ણયપ્રક્રિયા સુધશે એવું કારણ સરકારે લેટરલ એન્ટ્રિ માટે આપ્યું છે. એને મોદી સાહેબનું મહત્ત્વનું પગલું તરીકે ગજાવામાં આવ્યું છે. આ માટે એવો દાવો કરાયો કે વડા પ્રધાન કેટલા જાગૃત છે. સરકાર અનામતને નેસ્તનાબુદ કરે છે એવો આક્ષેપ અને એના રાજકીય પરિણામો ભાજપ માટે અસહ્ય હશે, ભાજપને હવે સંઘની મદદની જરૂર નથી એવા જે, પી. નડ્ડાએ લોકસભાની ચૂંટણી દરમિયાન કરેલા નિવેદને ભાજપને નુકસાન કર્યું છે. ભાજપને ૪૦૦ બેઠક બંધારણ બદલવા માટે જોઈએ છે એવો વિરોધ પક્ષનો પ્રચાર પણ ભાજપને ભારે પડ્યો. લેટરલ એન્ટ્રિનો નિર્ણય સાચો અને દીર્ઘકાલીન હેતુ માટે છે. આખા જગતમાં આ સિસ્ટમ ચાલે છે, પરંતુ રાજકીય લાભ-નુકસાનની ગણતરીને લીધે આને ભાજપે તથા કોંગ્રેસે હાંસિયામાં મૂકી દીધી છે.

આપણી છાપ અનામતવિરોધી ન થાય એ માટે સરકારને તડજોડ કરવી પડી છે. જાતિગણતરી એ ભાજપની નવી ભૂમિકા હોઈ શકે એવો સંકેત સંઘે આપી દીધો છે.

શ કુમાર અને લાલૂપ્રસાદની આરજેડીએ આવી ગણતરી કરાવી હતી. ત્યાર બાદ રાહુલ ગાંધીએ જાતિગણતરીનો મુદ્દો સંસદમાં અને બહાર ગજાવ્યો. જાતિ ગણતરીની માગણી નવી નથી. મંડલ આયોગની ભલામણો અમલમાં આવતાં પહેલી જનગણના ૨૦૦૧માં થઈ. એ વખતે સામાજિક ન્યાય ખાતાએ આવી જાતિ ગણતરી થવી જોઈએ એવો વિચાર મૂક્યો હતો. આ મુદ્દો ૨૦૧૧માં વસતી ગણતરી વખતે ફરી ગાજ્યો. એ વખતે મનમોહન સિંહના નેતૃત્વ હેઠળની કોંગ્રેસની ગઠબંધનની સરકાર હતી. સંસદમાં બે દિવસ ચર્ચા . નહીં. ભાજપની અત્યાર સુધીની રણનીતિ જાતિગણતરી નકારવાની નહીં, પરંતુ કરવાની પણ નહીં એવી ઠે. જે આવી માગણી કરે એના પર આક્ષેપો કરવા એ અત્યાર સુધીની ભાજપની રણનીતિ રહી છે. ૨૦૨૧માં કોરોનાને લીધે જાતિગણતરી થઈ નહીં, સરકારે ત્યાર બાદ પણ ઉત્સાહ નહીં. હવે તે થઈ રહી છે. ગણતરીમાં જાતિની નોંધણી કરવી કે નહીં એ સરકાર સમક્ષનો સવાલ છે. રાહુલ ગાંધીએ અમે જાતિગણતરીની ફરજ પાડીશું એવો પડકાર ફેંક્યો છે. જો સરકાર આ માન્ય રાખે તો આનું શ્રેય વિરોધ પક્ષો લઈ જશે. જો માન્ય નહીં કરવામાં આવે તો રાજકીય નુકાસન થઈ શકે.

જાતીય ગણનાની માગણીને લીધે અનામત ધોરણ પર દબાણ આવ્યુ છે. અનુસૂચિત જાતિ અને જનજાતી માટે આરક્ષણ બંધારણમાં છે. મંડલ પંચને લીધે પછાતોને અનામતનો લાભ મળ્યો છે. આને લીધે વોટબૅન્ક ઊભી થઈ છે અને કર્યું. ૨૦૧૪ પછી જાતિગત રાજકારણ રમતા સ્થાનિક પક્ષો સામે પડકાર ઊભો થયો. મતનું વિભાજન જાતિ કે ધર્મ આધારિત એ મુદ્દો છે. જાતિ અને ધર્મ રાજકારણને પ્રભાવિત કરે છે એની નોંધ બધા પક્ષોએ લીધી. લોકો કહે એ જાતિ નોંધવી શક્ય છે. એના પર આગળ કામ પછી થઈ શકે. આનાથી જાતિપ્રથા ફરી મજબૂત થશે. સામજિક ન્યાય માટ બધાએ અનામતને માન્ય રાખ્યું છે. જાતિગણતરી પછી એ સ્પષ્ટ થઈ શખે કે આરક્ષણ મેળવનાર લોકોની સંખ્યા કેટલી છે. આરક્ષણ ન મેળવી રહેલા ઓપન કેટેગરીવાળા લોકો કેટલા છે. આ આંકડાને આધારે કોને કેટલું આરક્ષણ આપવું જોઈએ એ નક્કી થઈ શકે.

બિહારમાં જાતિગણતરી થઈ ત્યારે પછાત, અતપિછાત અને ઓબીસીની જાતિની સખ્યા જે ધારવામાં આવતી હતી એનાથી પણ વધારે નીકળી. આ આધારે બિહાર સરકારે અનામત ૬૫ ટકા કરવાનો નિર્ણય લીધો, પરંતુ સુપ્રીમ કોર્ટે એ નિર્ણયને રદ કર્યો. સુપ્રીમ કોર્ટે અનામતની ટકાવારી ૫૦થી વધારે ન હોઈ શકે એવા પોતાના ચુકાદાનેવે વળગી રહી. સર્વોચ્ચ અદાલત ૫૦ જાતિ ગણતરીને એમાં મળનારી માહિતી પ્રમાણે સંસાધનોની વહેંચણી આ મહત્ત્વનો મુદ્દો છે. ભાજપે પોતાની રણનીતિમાં વિચાર કરવો પડશે. રાજકીય લાભ મેળવવા કોંગ્રેસ આ મુદ્દો ઉછાળી રહી છે, પરંતુ એનો વધારે લાભ તો સ્થાનિક પક્ષોને મળશે. આના પરિણામે કોંગ્રેસની ફરી રાજકીય તાકાત બનવાની ઈચ્છા મનની મનમાં રહી શકે. જો કેન્દ્ર સરકાર જાતિ ગણતરીની વાત માની જશે તો આને વિરોધીના દબાણનું પરિણામ ગણવામાં આવશે. મોદીની ત્રીજા મુદતની સરકારની આ વધુ એક તડજોડ હશે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# એ હાલો, ખેલૈયા એક્યુપ્રેશર - એક્યુપંકચર ગ્રાઉન્ડમાં !

'નવરાત્રિ.... એ વિશ્વનો મોટો નૃત્ય ઉત્સવ છે' તેમ બેધડક કહી શકાય.

નવરાત્રિમાં શેરી ગરબા અને પાર્ટી પ્લોટના ગરબા વચ્ચે હરીફાઈ રહે છે. શેરી ગરબા એ સરકારી દવાખાના જેવા છે.જ્યારે પાર્ટી પ્લોટ ગરબા એ મલ્ટી સ્પેશિયાલીટી કોર્પોરેટ હોસ્પિટલ જેવા છે. એકમાં સાદગી છે. બીજામાં ભભકો છે. એકમાં કાંકરા ઉડવા જેવી અલ્પ હાજરી છે. જ્યારે બીજામાં હૈયે હૈયું દળાય તેટલો માનવ મહેરામણ છે. શેરી ગરબા સાત્વિક હેમ રેડિયો જેવા હોય છે, જ્યારે પાર્ટી પ્લોટ ગરબા એ મોંઘા પ્રોફેશનલ ગરબા હોય છે, જેમાં કોઇ રેડિયો જોકીના ટાયલાવેડા હોય. અહીં ખેલૈયા માટે જાતજાતની કેટેગરીમાં કાંઇને કાંઇ ઇનામો હોય છે. પરંતુ, દેખૈયા-જોનાર માટે એક પણ ઇનામ કે ઇનામડી કે ઇનામું અપાતું નથી.

વાસ્તવમાં નવરાત્રિના આયોજનની સફળતા આયોજક, ખેલૈયા, ગ્રાઉન્ડ, લાઇટ, લાઇન્ડ, સ્પોન્સરર, પાર્કિંગ વ્યવસ્થા, ફૂડ ઝોન, સિક્યોરિટી નહીં, પણ છોરીઓને ઘુવડની જેમ અનિમેષ નજરે ત્રાટક કરી નિહાળતા દેખૈયાને આભારી છે. તમારા ભભકા માટે એ રોકડાં નાણાં ડિજિટલ પેમેન્ટ કરે છે. તમારી તિજોરી અને



ગરબા ગ્રાઉન્ડ એના લીધે છલકાય છે.,

હવે નવરાત્રિ અર્ધા પડાવે પહોંચી ગઇ છે. એક શહેરની પ્રખ્યાત પાર્ટી પ્લોટમાં ગરબાનું સ્થળ બદલવાથી વિવાદ થયો છે. જે અટકવાનું નામ લેતા નથી. ગરબાના મેદાનની ક્ષમતા કરતાં વધુ સંખ્યામાં ઓફલાઈન અને ઓનલાઇન પાસ વેચીને લક્ષ્મી ઉસેડી લીધી, જેનાથી ખેલૈયાને તકલીફ પડી. ગરબા સ્થળે પહોંચવા એક કિલોમીટર ચાલવાનું લટકામાં. ...... તો મળતાં અહેવાલ મુજબ, એક ગ્રાઉન્ડમા શ્વાસ અને ઉચ્છ્વાસ ટકરાય તેવી ચિકકાર ભીડ એમાં ગરબા રમનારનાના ચરણકમળમાં પથ્થર વાગ્યા . કોકના હાથના કર્યા કોકને પગે વાગ્યા. આયોજકોએ ઘઉંમાંથી કાંકરા વીણે તેમ પથ્થરો વિણાવ્યા, છતાં ખેલૈયાને પથ્થર વાગ્યા. આ ઘટના ક્રમથી વ્યથિત થયેલા ખેલૈયાએ એન્ટ્રી ફી રિ-ફંડની માગણી કરી, પાર્ટી પ્લોટની બહાર વિરોધના ગરબા ગાયા.

જોકે, અમારો રાજુ રદ્દી એવી ખુફિયા ખબર લાવ્યો છે કે ગરબા ગ્રાઉન્ડમાં પથ્થર પણ ખેલૈયાના ક્ષેમકુશળ માટે ખાસ હેતુસર નાખવામાં આવેલાં.

ખેલૈયા રોજ નવ દિવસ સુધી સાત-આઠ કલાક અસ્ખલિત નોન સ્ટોપ ગરબા રમે તો પગ કળવા, પગમાં દુખાવા, પગમાં મોચ આવવા જેવી ઘટના બને. પગમાં વધારે દુખાવો હોય તો બીજા દિવસે ગરબા ન રમે તો સરવાળે આયોજકે નુકસાન થાય. આવું ન થાય અને ખેલૈયાના દુખતા પગમાં એક્યુપ્રેશર અને એક્યુપંકચર જેવી રાહત થાય તે માટે ગરબા ગ્રાઉન્ડનાં પથ્થરોની કાર્પેટ બિછાવી હતી !

બોલો, અંબામાની જૈ..! ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો

ગુરુવારથી નવરાત્રીનો પ્રારંભ થયો છે. આજે ચોથું નોરતું છે. અંબા માતાની આરતીમાં ચોથે નોરતે ગવાતી પંક્તિ છે 'ચોથે ચતુરા મહાલક્ષ્મી મા સચરાચર વ્યાપ્યાં, ચાર ભુજા ચૌદિશા, પ્રગટ્યાં દક્ષિણમાં અંબે જયો જયો મા જગદંબે.' એનો ભાવાર્થ એવો છે કે માતા મહાલક્ષ્મી સૌથી વધારે ચતુર ગણાય છે. આ મહાલક્ષ્મી વિવિધ સ્વરૂપે સચરાચરમાં વ્યાપેલાં છે. એટલે કે તેઓ સર્વત્ર ફેલાયેલાં છે, સર્વ વ્યાપક છે. તેમની ચારભૂજા ચાર દિશા સમાન છે અને તેમનો ભક્તિપંથ દક્ષિણમાં પ્રગટ થયેલો છે.

નવરાત્રીમાં અનેક ગરબા ગવાતા હોય છે જેમાં કેટલીક વાર સ્ત્રી ભાવનાનું વિશિષ્ટ પ્રતિબિંબ ઝીલાયું છે. આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો ખળખળતી નદીયું રે, સાહેલી, મારા સપનામાં રે ગરબામાં સ્ત્રી સાસુ - સસરા, જેઠ - જેઠાણી, દેર - દેરાણી, નણંદ - નણદોઈ તેમજ ગોર - ગોરાણી અને અંતમાં ભરથાર - પતિની વાત મજેદાર શૈલીથી સહેલી સમક્ષ કરે છે. ડોલતો ડુંગર ઈ તો અમારો સસરો જો, ખળખળતી નદીએ રે સાસુજી મારાં ના'તાં'તાં રે પંક્તિ દ્વારા સાસુ - સસરા પર કટાક્ષ વ્યક્ત થયો છે, કારણ કે ડુંગર ક્યારેય ડોલતો નથી અને નદીમાં સાસુ તો ભરાઈ રહેલા પાણીમાં નાહતાં હોય, એ પાણી ખળખળ થોડું વહેતુ હોય. પછીની પંક્તિઓ છે આજ રે સપનામાં મેં તો ઘમ્મર વલોણું દીઠું જો, દહીં - દૂધના વાટકા રે, સાહેલી, મારા સપનામાં રે. ઘમ્મર વલોણું ઇ તો અમારો જેઠ જો, દહીં - દૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાં'તાં રે. સપનામાં દેખાયેલા ઘમ્મર વલોણુંને જેઠ સાથે અને દહીં - દૂધના વાટકાને જેઠાણી સાથે જોડી આ બધું પોતે નથી પામતી એવી વ્યથા આડકતરી રીતે વ્યક્ત કરે છે. પછીની પંક્તિઓ છે આજ રે સપનામાં મેં તો લવિંગ લાકડી દીઠી જો,ઢીંગલાં ને પોતિયાં રે, સાહેલી, મારા સપનામાં રે. લવિંગ - લાકડી ઈ તો અમારો દેર જો, ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાં'તાં રે. અસલના સામાજિક માળખામાં નવી પરણેતર સાસુ - સસરા અને જેઠ - જેઠાણી સામે મર્યાદામાં રહેવું પડતું, પણ દેર - દેરાણી સાથે હસી મજાક, ટીખળ થઈ શકતાં હતાં. દેરને લવિંગ લાકડી સાથે સરખાવી ક્યારેક મેણાં ટોણાં તો



ક્યારેક હસી મજાકના ખટમીઠા સંબંધ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ઢીંગલી સાથે રમતી દેરાણીનું વર્ણન કરી એની બાળક બુદ્ધિની વાત કરે છે. આજ રે સપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો, સોનાની થાળી રે, સાહેલી, મારા સપનામાં રે. જટાળો જોગી ઇ તો અમારો નણદોઈ જો, સોનાની થાળીએ રે નણદી મારાં ખાતાં'તાં રે. નણદોઈને જટાળો જોગી સાથે સરખાવી એના અક્કડ સ્વાભવ પર કટાક્ષ કરે છે. પછી વારો આવે છે ગોર - ગોરાણીનો. આજ રે સપનામાં મેં તો પારસ પીપળો દીઠો જો, તુળસીનો ક્યારો રે, સાહેલી, મારા સપનામાં રે. પારસ પીપળો ઈ તો અમારો ગોર જો, તુળસીનો ક્યારો રે ગોરાણી મારાં પૂજતાં'તાં રે. પારસ પીપળો પવિત્ર ઔષધિ વૃક્ષ છે અને ગોરને એની સાથે સરખાવી તેમની પવિત્ર પ્રતિમાનું વર્ણન કરે છે. ગોરાણીને તુલસી ક્યારો સાથે સરખાવી એમના પણ ગુણગાન ગાય છે. અંતે વાત વાલમની, સાહ્યબાની, ભરથાર - કંથ - પતિની આવે છે. પરણેતર ગાય છે આજ રે સપનામાં મે તો ગુલાબી ગોટો દીઠો જો, ફૂલડિયાંની ફોરમ રે, સાહેલી, મારા સપનામાં રે. ગુલાબી ગોટો ઇ તો અમારો પરણ્યો જો, ફૂલડિયાંની ફોરમ, સાહેલી, મારી ચૂંદડીમાં રે. પરણ્યો એટલે પતિ. એને ગુલાબી ગોટો સાથે સરખાવ્યો છે. પત્નીને જોઈ મલકાઈ ઉઠતા મઘમઘતા પતિનું પ્રતીક ગુલાબી ગોટો છે. એની ફોરમ (સુગંધ) એટલે સાજનનો સ્નેહ પોતાને ઘેરી વળ્યો છે એમ પોતાની સહેલીને કહે છે. એક વાત પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે કે આ બધું પોતે સપનામાં જોયું એમ પરણેતર પોતાની સહેલીને કહે છે. હકીકત તો સાવ અલગ હોય છે. સાસુ - સસરા લાગણી વિહીન, જેઠ - જેઠાણી દાબમાં રાખનારાં, દેર - દેરાણી અને નણદોઈ - નણંદ પજવનારા અને પતિ કોઈ કારણસર આઘો રહેતો હોય એવું પણ હોય. આ અભિવ્યક્તિ ઉપરથી સ્નેહની સરવાણી લાગે છે, પણ છે તો એ ધારદાર કટાક્ષ. ગરબામાં નારીનું કલ્પના જગત કેવું ખીલ્યું છે, નહીં!

**માતાજીનો 'મોડર્ન' થાળ**

ગણેશોત્સવ દરમિયાન ધૂન બોલાવતી વખતે 'ચાઈના હો યા કોરિયા, ગણપતિ બાપ્પા મોરયા' જેવી પંક્તિઓ સાંભળવા મળી એ જ રીતે સોશિયલ મીડિયામાં નવરાત્રીના 'મોડર્ન' થાળ પ્રચલિત થઈ રહ્યા છે. થાળ એટલે દેવદેવીઓને ધરાવવામાં આવતો ભોગ જેમાં મુક્યો હોય તે થાળી જે નૈવેદ્યની થાળી પણ કહેવાય છે. થાળની કેટલીક પંક્તિઓ રજૂ કરી છે વાંચી દરેકે પોતાના અભિપ્રાય નક્કી કરી લેવા.

*થાળ શરૂ તો પરંપરાગત રીતે થાય છેઃ પડતા મૂકીને સૌ કામ, મા તમે જમવાને આવજો.*

*બાજોઠનો મોહ તમે મૂકી દો માવડી, ડાઇનિંગ ટેબલ છે તૈયાર, મા તમે જમવાને આવજો.*

*ખીર - પૂરીનો મોહ તમે મૂકી દો માવડી, ઈડલી - ઢોસા છે તૈયાર, મા તમે જમવાને આવજો.*

*ભૂલી જાઓ જળ ગંગા - જમનાના, બિસલેરી બોટલ છે તૈયાર, માં તમે જમવાને આવજો.*

*નવા નવા જમાનાનો નવો નવો થાળ છે, ભાવે તો આવજો ફરીવાર, મા તમે જમવાને આવજો.* ■

ફોકસ

રશ્મિ શર્મા
feedback@bombaysamachar.com

# તામિલનાડુઃ ઈ-વેહિકલની રાજધાની



કેટલાક દિવસ અગાઉ તામિલનાડુના મુખ્ય પ્રધાન એસ. કે. સ્ટાલિનનો અમેરિકાનો સાઈકલિંગ પ્રવાસ ટોક ઓફ ધ ટાઉન હતો. શિકાગોમાં નદી કિનારા પાસેનો તેમનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. કેટલાક લોકો કહે છે કે આ ટેપ તેમની ફિટનેસ પર સવાલ ઉઠાવનારા વિરોધીઓને સ્ટાલિનનો જવાબ હતો. પરંતુ તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા વીડિયો સાથેનું લખાણ આંખ ઉઘાડનારું બન્યું હતું. 'સુંદર સાંજ, નવા સ્વપ્નની' આ પ્રેરણાદાયક લાઇન દ્વારા સ્ટાલિને આ પ્રવાસ દ્વારા મેળવેલ સાત હજાર કરોડના રોકાણ તરફ ધ્યાન દોર્યું. તેણે ઘણી મોટી કંપનીઓ સાથે કરાર કર્યા. પરંતુ સૌથી વધુ ચર્ચાનો વિષય હતો ફોર્ડ મોટર્સનો ભારતમાં પુનરાગમનનો.

ફોર્ડ મોટર્સે બે વર્ષ પહેલા ચેન્નઈમાં મરાઈમલાઈ નગર ખાતેની તેની ફેક્ટરી બંધ કરી દીધી હતી. આ પ્રોજેક્ટમાં ફોર્ડ આઇકોન, ફોર્ડ એન્ડેવર, ફોર્ડ ફ્યુઝન, ફોર્ડ ફિએસ્ટા જેવી કારના ઘણા મોડલ બનાવવામાં આવી રહ્યાં હતાં. તેના નામ પ્રમાણે ફોર્ડે ભવ્યતા અને એન્જિન પાવર પર ધ્યાન કેન્દ્રિત કર્યું; પરંતુ, ફોર્ડ ભારતીય ઉપભોક્તાઓના વલણને સમજવામાં નિષ્ફળ રહી. ભારતીયો માટે માઇલેજ અને કિંમત બે મહત્ત્વનાં પરિબળો છે. ભારતીય બજારમાં આ મુખ્ય મુદ્દાને સમજવામાં નિષ્ફળ જવાને કારણે ઇન્ડિયન પેસેન્જર વ્હેકલ માર્કેટમાં કંપનીને બે ટકાથી ઓછો હિસ્સો મળ્યો છે. જેના કારણે કંપનીને એક દાયકામાં ભારતમાં લગભગ બે અબજ ડૉલરનું નુકસાન થતાં ઉત્પાદન બંધ કરી દીધું.

ચેન્નઈનો આ પ્રોજેક્ટ હતો ૩૫૦ એકરમાં. તેની વાર્ષિક વાહન ઉત્પાદન ક્ષમતા બે લાખ અને એન્જિન ઉત્પાદન ક્ષમતા ૩,૪૦,૦૦૦ છે. તામિલનાડુ સરકાર દ્વારા આ ફેક્ટરીના વૈકલ્પિક ઉપયોગ માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. ઓલા ઈલેક્ટ્રિક, હુંડાઈ મોટર ઈન્ડિયા, ટાટા મોટર્સ અને એમજી મોટર્સ જેવી કંપનીઓએ પણ આ પ્રોજેક્ટ ખરીદવામાં રસ દાખવ્યો હતો. પરંતુ ફોર્ડ ઈન્ડિયા કંપની સાથે વાટાઘાટો કરવા છતાં કંઈ ખાસ થઈ રહ્યું ન હતું. ફોર્ડે ગુજરાતના સાણંદમાં આવેલી ફેક્ટરીને ટાટાને વેચી દીધી હતી. માત્ર તામિલનાડુનો પ્રોજેક્ટ અકબંધ રાખવામાં આવ્યો હોવાથી ફોર્ડ પુનરાગમન કરશે, એવી ચર્ચા ગયા વર્ષે જુલાઈથી ચર્ચાઓ ચાલી રહી હતી. હવે તે સાચું પડ્યું છે. ઈ-વાહનોના વૈશ્વિક બજાર માટે ફોર્ડ આ પ્રોજેક્ટ દ્વારા કાર બનાવે તેવા સંકેત છે. અલબત્ત, કોઈને આશ્ચર્ય થશે કે ફોર્ડે અચાનક આ નિર્ણય કેમ લીધો?

ચીન અને યુરોપનાં બજારો પૂરતા નથી તે સમજીને, ભારતમાં વધતી માગને ધ્યાનમાં રાખી બજારમાં પગ પેસારો કરવાનો ફોર્ડનું લક્ષ્ય હશે.

અગાઉ વિયેતનામની વિનફાસ્ટ ઓટો લિ. એ તામિલનાડુમાં ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદન માટે બે બિલિયન ડૉલરના પ્રોજેક્ટનો ખાતમૂહૂર્ત હમણાં જ કર્યું છે. થૂથુકુડી ખાતેના પ્રોજેક્ટની વાર્ષિક વાહન ઉત્પાદન ક્ષમતા દોઢ લાખ છે. આ પ્રોજેક્ટ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૧૦,૦૦૦ નોકરીઓનું સર્જન કરશે તેવી અપેક્ષા છે. ઉપરાંત ટાટા મોટર્સ-જેગુઆર અને લેન્ડ રોવર પ્રોજેક્ટનું ભૂમિપૂજન ૨૮ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું છે. રાણીપેઠ જિલ્લાના પનપક્કમ ખાતે અમલમાં આવી રહેલા આ પ્રોજેક્ટની કિંમત લગભગ નવ હજાર કરોડ છે. આ પ્રોજેક્ટ એક-દોઢ વર્ષમાં કાર્યરત થઈ જશે. તેમાં ટાટા મોટર્સ જેએલઆરના ઇલેક્ટ્રિફાઇડ મોડ્યુલર આર્કિટેક્ચર પર આધારિત ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન અને નિકાસ કરશે. આ પ્રોજેક્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા લગભગ ત્રણ લાખ વાહનોની છે. આ પ્રોજેક્ટમાં ટાટા મોટર્સ અને જેગુઆર લેન્ડ રોવર તરફથી ચાર-ચાર મોડલનું ઉત્પાદન થવાની અપેક્ષા છે. તદુપરાંત, રાજ્યમાં રોયલ ઇન્ફિલ્ડની રુ. ૩,૦૦૦ કરોડની અને હુંડાઇની રૂ. ૨,૦૦૦ કરોડની પ્રોજેક્ટ વિસ્તરણ યોજના છે.

આવા પ્રોજેક્ટ રાતોરાત નથી બનતા. તેના પાયાના કામ માટે વર્ષો લાગી જાય છે. સરકાર કોઈ પણ હોય, તામિલનાડુએ હંમેશાં ઔદ્યોગિક નીતિ પર ભાર મૂક્યો હોય તેવું લાગે છે. એઆઇએડીએમકેના જયલલિતાએ ફોર્ડને સામેલ કરીને રાજ્યમાં ઓટો ઉદ્યોગનો પાયો નાખ્યો હતો, જ્યારે ડીએમકેના કરુણાનિધિ, સ્ટાલિને તેને મજબૂત બનાવ્યું હોય તેવું લાગે છે. તામિલનાડુ પાસે ઉદ્યોગને અનુકૂળ નીતિ, કુશળ માનવબળ, સારી સપ્લાય ચેઈન, ચેન્નઈ અને કામરાજર બે બંદરો દ્વારા નિકાસમાં વધારો જેવા ફાયદા છે. તમિલનાડુએ છ શહેરો - ચેન્નઈ, કોઈમ્બતુર, ત્રિચી, તિરુનેલવેલી, મદુરાઈ અને સાલેમને ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદન માટે હબ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. હાલમાં, લગભગ ૪૦ ટકા ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન એકલા તામિલનાડુમાં થાય છે. ટોચના પાંચ ટૂ-વ્હિલર ઉત્પાદકોમાં, ઓલા ઇલેક્ટ્રિક, ટીવીએસ મોટર્સ અને અથર એનર્જીના પ્રોજેક્ટ તમિલનાડુમાં છે. તેમાંથી દેશમાં ઈલેક્ટ્રિક ટૂ-વ્હિલરનું ૭૦ ટકા ઉત્પાદન તામિલનાડુમાં થાય છે. રાજ્યની વર્તમાન ઇલેક્ટ્રિક ટૂ-વ્હિલર ઉત્પાદન ક્ષમતા વાર્ષિક આશરે એક કરોડ જેટલી છે. રાજ્યમાં દોઢ હજાર જેટલી કંપનીઓ છે જે વાહનો અને વાહનોના સ્પેરપાર્ટ્સ બનાવે છે. તેની મજબૂત સપ્લાય ચેઇનને કારણે નવી કંપનીઓ પણ આ રાજ્ય તરફ આકર્ષાય છે. દેશના કુલ ટાયર ઉત્પાદનના ૪૦ ટકા આ રાજ્યમાં થાય છે. આ રાજ્યના ઓટોમોબાઈલ ઉદ્યોગની ક્ષમતા દર્શાવે છે.

લગભગ પાંચ વર્ષ પહેલાંની વાત છે. દક્ષિણ કોરિયાની કિયા મોટર્સ કંપનીનો ભવ્ય પ્રોજેક્ટ, આંધ્ર પ્રદેશના અનંતપુરમાં શરૂ થયો. આ પ્રોજેક્ટ લગભગ ૫૩૦ એકરમાં ફેલાયેલો છે. આ પ્રોજેક્ટ વાર્ષિક ત્રણ લાખ કાર બનાવવાની ક્ષમતા ધરાવે છે. મીડિયા પ્રતિનિધિઓને પ્રોજેક્ટનું નિરીક્ષણ કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. બેંગલૂરુ એરપોર્ટ પર ઊતર્યા બાદ કાર કર્ણાટકથી નીકળી, આ પ્રોજેક્ટના સંકેતો દેખાવા લાગ્યા. સાઉથ કોરિયન પ્લેટ્સ વગેરે જોઈને એક ક્ષણ માટે આ દેશમાં હોવાનું લાગ્યું. તત્કાલીન ચંદ્રાબાબુ નાયડુ સરકારે આ પ્રોજેક્ટ માટે કિયા મોટર્સ પર છૂટછાટો વરસાવી હતી. જોકે, એ જ વર્ષે સત્તા પરિવર્તન થયું હતું અને ઘણી છૂટછાટો રદ કરવાની યોજના હતી ત્યારે આ પ્રોજેક્ટને અન્યત્ર ખસેડવાની ચર્ચા શરૂ થઈ. તેના માટે તામિલનાડુ એકમાત્ર વિકલ્પ હતો. વાસ્તવમાં, આ પ્રોજેક્ટ ખસેડવામાં આવ્યો ન હતો. પરંતુ જ્યારે ઓટો ઉદ્યોગની વાત આવે છે, ત્યારે તામિલનાડુ કંપનીઓની પ્રાથમિકતાઓની યાદીમાં ટોચ પર હોય છે. હવે એવા સંકેત મળી રહ્યા છે કે અમેરિકાની અગ્રણી કંપની ટેસ્લા ભારતમાં રોકાણ કરી રહી છે. ટેસ્લાના વડા એલન મસ્ક એપ્રિલમાં ભારતની મુલાકાતે આવવાના હતા. જો કે ટેસ્લાએ પ્રવાસ રદ કર્યા પછી ભારતમાં રોકાણ વિશે કોઈ સત્તાવાર માહિતી આપી નથી, પરંતુ મહારાષ્ટ્રની સાથે તામિલનાડુ અને ગુજરાત રાજ્યો આ પ્રોજેક્ટ માટે દોડમાં છે. તે બધું ટેસ્લાના ગ્રાહક કયા તેના પર નિર્ભર છે. જો ભારતીય બજારમાં ઓછી કિંમતના વાહનો માટે પ્રાધાન્ય હોય તો મહારાષ્ટ્ર અને જો નિકાસ પ્રાથમિકતા હોય તો તામિલનાડુનો પર્યાય ટેસ્લા સામે આવી શકે છે. નહિંતર, ગુજરાત રેડ કાર્પેટ પાથરવા તૈયાર જ છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# દેશપ્રેમી ગામ 'ગહમર'માં ઘેરઘેર છે એક સૈનિક




ભારતના મોટાભાગના ગામોનો સંપૂર્ણ આધાર વરસાદ પર આધારિત ખેતી, વાડી અને પશુપાલન કે છૂટક મજૂરી પર હોય છે આ કારણોસર જ ગ્રામીણ વિસ્તારોના આર્થિક વિકાસ અને પ્રગતિ એકદમ મંથર ગતિએ થતા હોય છે કા સાવ નથી થતા હોતા!

જો કે આમાં એક અપવાદરૂપ ગામ છે ગહમર. ઉત્તર પ્રદેશનાં ગાજીપુર જિલ્લાના આ ગામની ત્રણ વિશિષ્ટતા છે. એક એની વસતિ, જે એક લાખ વીસ હજાર જેટલી છે. આને લીધે એ ભારતનું જ નહીં પણ એશિયા ખંડનું સૌથી મોટું ગામ ગણાય છે. આ બિરુદ ભવિષ્યમાં કદાચ કોઈ ગામ છિનવી શકે. બીજી ખાસિયત છે ઐતિહાસિક ગાજીપુર જિલ્લા મુખ્યાલયથી ૪૦ કિ.મી.ના અંતરે આવેલા આ ગામની સ્થાપના ઈ.સ. ૧૫૩૦માં કુસુમદેવ રાવે કરી હતી. ત્યારે આ સ્થળનું નામ સકરાડીહ હતું! ત્રીજી અને સૌથી વધુ મહત્ત્વની સિદ્ધિની અહીં વાત કરવી છે. આ ગામની જમીન, હવા અને માટીમાં દેશપ્રેમ, દેશદાઝ મહેકે છે. અહીંના દરેક ઘરમાં ઓછામાં ઓછા એક સભ્ય લશ્કરમાં કાર્યરત છે. ગંગા નદીના તટ પર વસેલા ગહમરમાં એક શિલાલેખ પર ગામના સૈનિકોની વીરતા અને મહાન બલિદાનોની નોંધ કરાયેલી છે. આજે બાર હજાર ગહમરવાસીઓ લશ્કરમાં... કર્નલથી લઈને જાંબાઝ સૈનિક તરીકે ટટ્ટાર ઊભા છે.

ગહમરમાં જ્યાં જુઓ ત્યાં દેશદાઝ દેખાય. બાર હજાર માણસો લશ્કરમાં કાર્યરત છે. તો વીસ હજાર નિવૃત્ત સૈનિકો છે. આ સિવાય નદીના તટ પર, બગીચામાં, ગલીમાં અને પોળના નાકે લશ્કરમાં જોડાવા માટે તનતોડ મહેનત કરતા હણહણતા તોખારો નજરે ચડે છે. આટ આટલું કરે છે કે છતાં રીલ્સ બનાવવાનો મોહ નહીં, બોલો.

ગહમરમાં સૈનિક બનવું એ વંશપરંપરાગત જીવન-શૈલી છે. એવી માન્યતા છે કે પહેલા વિશ્વ-યુદ્ધ સમયથી લશ્કરમાં જોડાવાની પ્રથા શરૂ થઈ. એ સમયે ગહમરના ૨૨૬ જણાં બ્રિટિશ લશ્કરમાં જોડાયા હતા અને એમાંથી ૨૧ યુદ્ધમાં ખપી ગયા હતા.

અને ભારતીય સૈન્યમાં પણ તેઓ ગર્વભેર સક્રિય રહ્યાં છે. ૧૯૬૨ હોય, ૧૯૬૫ હોય કે ૧૯૭૧ હોય, દરેક યુદ્ધમાં તેમણે હિમ્મતભેર મોરચા સંભાળ્યા છે... પરંતુ આટલો લાંબો સમય લશ્કરમાં રહેવા અને યુદ્ધમાં સામેલ થવા છતાં કોઈ ગહમરવાસીને દુશ્મન હાનિ પહોંચાડી શક્યો નથી. આ અનન્ય સિદ્ધિ ગણાય કે નહીં? ગહમરવાસીઓ લશ્કરમાં પોતાની બહાદુરી અને સલામતીનું શ્રેય કુળદેવી કામખ્યામાને આપે છે. ગહમરમાં કામખ્યાદેવીનું મંદિર પણ છે, જે પૂર્વી ઉત્તર પ્રદેશ અને બિહારના ભક્તોનું આસ્થા સ્થાન છે.

તથા કથિત આધુનિકતા, વિકાસ, પ્રગતિ અને શહેરીકરણ છતાં ગહમરમાં એક-એક યુવાન અને યુવતીને સૈન્યમાં જોડાવાની વંશપરંપરાગત શૈલીને આગળ વધારવામાં જોશ છે, ઉત્સાહ છે. ઉતાવળ છે. મોટાભાગના કુટુંબોમાં દાદા-દાદી કે નાના-નાની નિર્દોષ બાબુડાઓને લશ્કરની વાતો કરે, થોડા મોટા થાય એટલે સફળતાપૂર્વક લશ્કરમાં જોડાવાની યોજના વિચારે-સમજાવે. જ્યાં એક-એક ઘરમાં સૈનિકોના ફોટા, ગણવેશ અને ચંદ્રક હોય ત્યાં બીજું શું થઈ શકે. ગહમરવાસીઓ ચોમેર સોશિયલ મીડિયા, મોલ અને કલબ કલ્ચરના દબદબા વચ્ચેય પોતાની ઐતિહાસિક સમૃદ્ધિ, સાંસ્કૃતિક વારસા અને શહેરીકરણના ઘોંઘાટથી એક શાંત વાતાવરણમાં જીવવાનું અને દેશને ઉપયોગી થવાને જ ધ્યેય માનીને જીવે છે.

ગહમરની ધરતી, આકાશ, વૃક્ષ-છોડ અને પશુ-પંખી જાણે કોરસમાં એક જ ગાતા હશે ને?

હર કરમ અપના કરેંગે,
એય વતન તેરે લિયે.
દિલ દિયા હૈ,
જાન ભી દેંગે,
એય વતન તેરે લિયે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# AI કંટ્રોલ ડ્રોનઃ તારક કે મારક?

## જો આ પ્રોગ્રામ જીવલેણ સાબિત થાય તો ટેક્નોલોજી વ્યર્થ..?!



AI - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની દુનિયા ખૂબ અલગ છે, જેમાં ડિવાઈસ કરતાં ટેક્નોલોજીનું મેચિંગ વધતું જાય છે. ડિવાઈસ કે સર્વિસમાં AI આવે એટલે ઓટોમેશનનો ટચ લાગ્યો એવું ચોક્કસથી કહી શકાય.



ઈઝરાયલનો લેબેનોન, હમાસ અને ઈરાક સાથે ડખો ચાલે છે. યુદ્ધની પરિસ્થિતિમાં ઈઝરાયલ માત્ર શસ્ત્રોથી જ નહીં, પણ ટેક્નોલોજીના દૃષ્ટિકોણથી પણ મજબૂત અને શક્તિશાળી છે. કોઈ એક ઉડતા ડિવાઈસમાં ફેસ- ફિંગર ને રેટિનાનો આખો રિપોર્ટ મૂકીને એને 'મારક' તરીકે તરતું મૂકી દેવામાં આવે તો એ એવું મર્ડર કરી શકે છે જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. આ એક સ્નાઈપર ફિચર ડ્રોન બની શકે છે. કેમેરા, સેન્સર, ફ્લાઈ માટે પંખા અને ચોક્કસ સમય સુધી ચાલે એટલી બેટરી બસ, પછી શું જોઈએ?

માત્ર એક ટ્રિગર...!

માત્ર ૩ ગ્રામનું વિસ્ફોટક ભલભલાનું હતું ન હતું કરી શકે છે. કોઈના કપાળ પર એક માખી જેટલા કદનું ડિવાઈસ અથડાઈ કપાળના હાકડાં બ્રેક ને વ્યક્તિને ખતમ કરી શકે એ વાત અને એવી વસ્તુ આજે શક્ય છે.

ડ્રોનની દુનિયામાં પોર્ટેબિલિટીનો જમાનો છે. વસ્તુ નાની-નાજુક અને સેસન્સેટિવ હોવી જોઈએ. બસ, પછી વિસ્ફોટક ભરવાનો વિચાર કોઈ શેતાનને આવે એટલે વારતા પૂરી ! સ્વાર્મિંગ ડ્રોન ગ્રૂપ કરીને જો સર્ચ કરવામાં આવે તો ડ્રોનની આખી ફૌજ કેવું અને કેટલું કામ કરી શકે એની વિગતવાર ફાઈલ મળી રહેશે.

હવે આનાથી થોડું વિપરિત વિચારીએ. જ્યાં પૂર અને સુનામી જેવી ઘટના બની હોય ત્યાં મોટી સંખ્યામાં અસરગ્રસ્તો સુધી રાહત સામગ્રી પહોંચાડવામાં આવાં ડ્રોન કેવડો મોટો ફાયોદો કરાવી શકે. એ જ રીતે, સ્વાર્મ ટેક્નોલોજીને એક શસ્ત્ર બનાવીને એનો ઉપયોગ થઈ શકે છે. જે રીતે અમેરિકા ટેક્નોલોજીમાં કિંગ છે તો એ યાદીમાં ઈઝરાયેલ પણ આવી કેટલીક ડિફેન્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા ખચકાશે નહીં. જે રીતે અમેરિકામાં ફાયરિંગ કલ્ચર આઉટ ઓફ કંટ્રોલ છે એવી જ રીતે ભવિષ્યમાં ડ્રોનથી શૂટઆઉટ થવાના પૂરા એંધાણ અત્યારથી વર્તાય છે. બસ, વિસ્ફટકોનો વેપલો અટકે તો જ આમાં પરિવર્તન આવે.

ઘડીના છઠ્ઠા ભાગમાં ડ્રોનથી ક્યાંથી ક્યાં નીકળી જાય એટલી સ્પીડ અને ફાયરિંગ ક્ષમતા સાથે આવશે તો ખરા અર્થમાં દુશ્મન તો હાંફશે જ. એના કરતાં પણ વધારે ખોટો ઉપયોગ કરનારાઓને ડામવા એક પગથી હિમાયલ ચડવા જેવું કઠિન થશે. એરસ્ટ્રાઈકનું વામન કદ સમાન યુદ્ધ કહી શકાય, જેમાં કેટલાય ડ્રોન એક ચોક્કસ સમુહ કે વ્યક્તિ પર ત્રાટકી શકે છે. રેન્જ પ્રોડક્ટમાં આવતા ડ્રોનથી મારક ક્ષમતામાં વધારો થશે તો ડ્રોન ફાઈટ કે યુદ્ધ થાય એ દિવસો દૂર નથી. યુટ્યુબ પર આના કેટલાંય વીડિયો ડેમો તરીકે મૂકવામાં આવ્યા છે. ( કિવર્ડ સ્વાર્મિંગ ડ્રોન એઝ એ શૂટઆઉટ વેપન.) કાર, ટ્રેન, વિમાન, ચોપર એવી કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે જગ્યા જે સંવેદનશીલ છે અને જ્યાં શેતાન પહોંચી શકે એમ નથી ત્યાં આવા ડિવાઈસ આત્મઘાતી હુમલા કરી શકે છે.

આમ તો AI આવતા વાતાવરણ દરેક ક્ષેત્રમાં 'કભી ખુશી કભી ગમ' જેવું છે. નાણાં વર્ષ ૨૦૨૩ના આર્થિક સર્વેમાં અઈ નું આક્રમણ દેશની રોજગાર બજાર પર કેવી પ્રતિકૂળ અસર કરી શકે છે તેનો અંદાજ આપવામાં આવ્યો હતો. કોન્ટેટની દુનિયામાં જે દાટ વળશે એમાં ક્રિએટિવિટી સામે પ્રશ્ન ખડા થશે.

આપણા દેશની આઈટી કંપનીઓ આ નવી ટેક્નોલોજીને સો ટકા આવકારે છે. આ સાથે જોખમ અંગે પણ વિચારે છે. જે રીતે વર્ષ ૨૦૦૯માં જે શોર્ટફોલ આઈટી ક્ષેત્રમાં આવ્યો હતો પછી મૂળિયાથી બધુ બદલાયું એમ. AI પછી દુનિયા એક અલગ દિશામાં વળાંક લેશે એવું ટેક્નોક્રેટ અત્યારે તો માની રહ્યા છે. એકસાથે મોટી સંખ્યામાં લોકોને છૂટા કરી મૂકે એવું આપણે ત્યાં થાય એવી શક્યતા નહીંવત છે. AIના આક્રમણની ભારત જેવા મોટા રોજગાર બજાર પર કેવી અસર પડશે તે હાલમાં અનિશ્ચિત છે. આ પાછળનું એક કારણ સર્વિસ સેક્ટર છે. ઉત્પાદનની સાથે આપવામાં આવતી સર્વિસના આઈટી આધારિત ધારાધોરણ સતત બદલાતા રહે છે. ન્યુક્લિયર કરતાં આ પ્રકારનું શસ્ત્ર ઘાતક અને મારક છે.

મશીન કાયમી ધોરણે માણસની મુશ્કેલીઓને આસાન કરતા રહ્યા છે. આ કેસમાં પણ જો એવું થાય તો ઘણું સારુ થાય. એનાથી વિપરિત થાય તો ચિંતાનો વિષય અવશ્ય છે. એક માણસના મગજથી તૈયાર થયેલું AI માણસ માટે જ જીવલેણ સાબિત થાય તો ખોટું તો કહેવાય. એક મીડિયા રિપોર્ટ અનુસાર ડ્રોન ક્ષેત્રે આવી કોઈ ટેક્નોલોજી આવી જો સૌથી પહેલા ડિફેન્સ ક્ષેત્રે એને જે તે મંજૂરી સાથે ઉપયોગમાં લેવાશે. હજારોની સંખ્યામાં આકાશમાં ઉડતાં ડ્રોન મનોરંજન કરી શકે એ આપણે ગત રવિવારે જોયું. હવે તે ઘાતક પણ બની શકે એ પણ હકીકત છે. નિષ્ણાતો ત્યાં સુધી કહે છે કે, આ અતિ હાઈ લેવલની મારક ક્ષમતા ધરાવતી ટેક્નિક છે.

### આઉટ ઓફ ધ બોક્સ

પેડ- બેડ- એડ- બીએમડી આ બધી આપણા દેશની એર ડિફેન્સ સિસ્ટમ છે, જે રન-વે પરથી વિમાન ઉડાન ભરે ત્યાંથી લઈ તે કઈ કેટેગરીનું છે ત્યાં સુધીની વિગત કહી બતાવે છે.■

કેન્વાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# આ રખડતાં ભસતાં કૂતરાઓ છે... ..એક રાષ્ટ્રવ્યાપી આપત્તિ !

**માણસને** જ્યારે ખેતીવાડી પણ ખાસ આવડતી ન હતી ત્યારે એને કૂતરા પાળતા આવડી ગયેલું. પંદર-વીસ હજાર વર્ષથી માણસના બેસ્ટ ફ્રેન્ડ રહેલા કૂતરાઓ વફાદારીનો પર્યાય બની ગયા. માણસો ઉપર કટાક્ષ કરવા માટે 'માણસો કરતાં તો કૂતરા સારા' જેવો એક અન્ડરકરંટ ખ્યાલ માનવજાત સેવે છે. વળી સંસ્કૃતિ અને વિભિન્ન ધર્મ એટલે કે ખાસ કરીને માયથોલોજીમાં તો કૂતરાનું અદકેરું સ્થાન છે.



ચાઇનીઝ એસ્ટ્રોલોજીમાં જે બાર પ્રાણીઓને સન્માન મળ્યું છે એમાંથી એક કૂતરો છે. આઝતેક અને યુરોપિયન માયથોલોજીમાં કૂતરાને બહુ મહત્વ અપાયું છે. ખ્રિસ્તી ધર્મમાં તો કૂતરાને અલગ જ સ્થાન મળ્યું છે. બારમી સદીમાં થઈ ગયેલા સેન્ટ ડોમિનિકની માતાને એવું સપનું આવેલું કે એના ગર્ભમાંથી એક કૂતરો બહાર નીકળ્યો, જેણે દુનિયાને આગ લગાડી દીધી. પ્રાગમાં સેન્ટ રોચનું એક પૂતળું છે, જેમાં એમની સાથે કૂતરું પણ છે. ઈસુ ખ્રિસ્તે લેઝારસની જે વાર્તા કહેલી એમાં કૂતરાઓ છે. પ્રાચીન ઇજિપ્શીયન સંસ્કૃતિમાં તો દેવતાને કૂતરાનું પૂતળું કે રમકડાં ઓફર કરવાની પ્રથા હતી. રોમન જાતિ તો કૂતરાને વિશેષ માન આપતા. હોમરના મહાકાવ્ય ઓડિસી' નો મહાનાયક ઓડિસસ જ્યારે વીસ વર્ષ પછી ઘરે પરત ફરે ત્યારે માત્ર એનો પાલતુ કૂતરો એને ઓળખી શકે છે. (બાય ધ વે, કૂતરાનું સરેરાશ આયુષ્ય પંદર વર્ષ).

આપણાં હિન્દુ ધર્મમાં તો કૂતરાને કેટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું છે. ભૈરવનું વાહન કૂતરો છે એ બધા જાણે છે. યુધિષ્ઠિરના સ્વર્ગારોહણમાં પણ એની છેક સાથે રહેનારો એક શ્વાન જ હતો, જે એવું કહેવાય છે કે ખુદ યમનું સ્વરૂપ હતો. યમરાજા પાસે નર્કના દ્વારની રખેવાળી કરતા ચાર આંખો ધરાવતા બે કૂતરા છે. નેપાળમાં તો દર વર્ષે કૂતરાની પૂજા થાય છે , જેથી ભૈરવને પ્રસન્ન કરી શકાય. વાલ્મીકિ રામાયણમાં રામે એક કૂતરાને ન્યાય આપેલો એવી કથા પણ આવે છે અને કેરળમાં લોર્ડ મુથપ્પન સાથે જોડાયેલા કૂતરાને પણ ઘણું સન્માન આપવામાં આવે છે.

ટૂંકમાં આપણને ખબર છે કે માનવજાતે આખી દુનિયાના ઇતિહાસમાં કૂતરા પ્રત્યે ભરપૂર શ્રદ્ધા બતાવી છે.

તો... તો... તો... હવે આ કૂતરાની જાતિ માણસને શાંતિથી જીવવા કેમ દેતી નથી? આપણે કૂતરાઓ માટે જો આટલું બધું કર્યું હોય તો કૂતરા આપણને કરડવા કેમ દોડે છે? આજે આતંકવાદની આ બીક ઓછી થઈ ગઈ છે , પણ કૂતરાની બીક એક એક શેરીએ ને એક એક રસ્તા પર છે.

આ વાતમાં જરા પણ અતિશયોક્તિ નથી કે શેરીમાં રખડતાં કૂતરા દેશવ્યાપી સમસ્યા છે અને તેનાથી દર વર્ષે હજારોના જીવ જાય છે. આવા શ્વાનના ભયથી લોકોએ ઘરની બહાર નીકળવાનું બંધ કરી દીધું હોય એવા દાખલા અનેક છે. સવારની કસરત કે સાંજનું વોકિંગ ફક્ત સ્ટ્રે ડોગ્સ માટે થઈને ટાળતા લાખો લોકો છે, કારણકે સવાર-સાંજની વોક લેતા અનેકના જીવલેણ અકસ્માતનું કારણ પણ આ કૂતરા જ બન્યા છે !

દિલ્હીના પોશ વિસ્તાર ચાણક્યપુરીમાં નેહરુ પાર્ક આવેલો છે, જ્યાં દોડવા માટે કરોડોના ખર્ચે અઢી કિલોમીટરનો ટ્રેક છે. પાંચ વર્ષ પહેલાં અનેક લોકો ત્યાં ઊમટતાં. ત્યાં હવે ત્યાં માણસો જોવા મળતા નથી. કારણ? કૂતરાઓનો ભય. ટ્રેક તૈયાર કરવા આની પાછળ માવજતનો કરોડોનો ખર્ચ પાણીમાં...!

આવો સિનારિયો દેશમાં ઠેર ઠેર જોવાં મળે છે. આખે આખી રાત કૂતરાઓના ટોળા ઝઘડે રાખે, ભસે રાખે અને ત્યાંના રહેવાસીઓની ઊંઘ બગડે. મુંબઈના કાર્ટર રોડ પર આવેલા બે કિલોમીટરના ટ્રેક ઉપર માત્ર કૂતરાઓ દોડતા હોય છે.

'ભસતા કૂતરા કરડે નહી' આ કહેવત બનાવનારો માણસ દુનિયાનો સૌથી મોટો બેવકૂફ હતો અથવા તો સૌથી વધુ સ્માર્ટ હતો, જેની આ કહેવત થકી આખી દુનિયા બેવકૂફ બની ગઈ. 'કૂતરાઓ કંઈ કરે નહી હો' એવી સુફિયાણી સલાહ આપનારાઓ પેલા વીસ હજાર કુટુંબોની એક વખત મુલાકાત લે, જેના ઘરનું એક સભ્ય હડકવાથી મરી ગયું છે.

હજારો કરોડોની વેલ્યુએશન ધરાવતી કંપની 'વાઘબકરી'ના યુવા માલિકનું એક કૂતરાના કારણે અપમૃત્યુ થયું. આવા તો અનેક નામી-અનામી લોકોના જીવન 'માણસોના વફાદાર મિત્રને' કારણે બરબાદ થઈ જાય છે. જેને કૂતરા માટે પ્રેમ ઉભરાતો હોય એ શેરીના કૂતરા પોતાના ઘરમાં રાખે અને ખવડાવે-પીવડાવે, પછી એની સરનેમ ગાંધી હોય કે ગરેવાલ. માણસ રાતે મચ્છર સામે લડે, દિવસ દરમિયાન કૂતરા સાથે લડીને ઓફિસ પહોંચે અને ત્યાં બોસનો ત્રાસ સહન કરે અને વળતા ઘરે આવીને કુટુંબ-કબિલાની માથાકૂટો સહન કરે તો એ શાંતિનો શ્વાસ લે ક્યારે?

'માણસ જેટલું ખરાબ પ્રાણી કોઈ નહીં. સાહેબ' આવાં સ્માર્ટ વાક્યો ડાયરામાં કે સ્ટેન્ડ અપ કોમેડી શોમાં કામમાં આવે બાકી એ વાસ્તવિકતા સ્વીકારવી પડે કે જેમ કબૂતર એક હિંસક અને ઘૂસણખોર પક્ષી છે એમ શેરીનું કુતરું પણ વફાદાર પ્રાણી નથી... જ નથી..! ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# નવરાત્રિમાં નવલી નવ વાત...

**નવરાત્રિના** દિવસો ચાલી રહ્યા છે. શક્તિ પૂજનના દિવસો છે. નવરાત્રિના આ પાવન દિવસોમાં નવલી નવ વાત કરીએ, જે આજની તારીખે વેપારમાં આવશ્યક છે, જેમકે...



**૧) ગ્રાહકની ઈચ્છા પ્રમાણે, તમારી નહિ:**

આજ સુધી હું જે બનાવતો હતો તે લોકોને આપતો હતો. જયારે આજે કન્ઝ્યુમરને જે જોઈએ તે આપવું પડશે. આમાં ઉત્પાદનોમાં નવીનતા, કન્ઝ્યુમરને જોઈતી પદ્ધતિઓ જેવી કે: ઓનલાઇન ખરીદી, ડિજિટલ પેમેન્ટ, હોમ ડિલિવરી બધું આવી ગયું. આમ થતા કન્ઝ્યુમર તમને અલગ નજરથી જોશે અને વિચારશે કે આ વેપારીએ મને ખાસ ધ્યાનમાં રાખ્યો છે- નહીં કે દુનિયાભરના લોકોને...

**૨) બ્રાન્ડ વેચાશે, પ્રોડક્ટ નહિ:**

મોનોપોલી લુપ્ત થઈ રહી છે. ટેક્નોલોજી પણ કોપી થઈ જાય છે. માર્કેટમાં તમારા પ્રતિસ્પર્ધી પણ તે જ વસ્તુ કરે છે , જે તમે કરો છો... તો પછી તમારે અલગ શું કરવુ? આવા સમયે બ્રાન્ડ પોતાનો ભાગ ભજવે છે.

આજની તારીખે લોકોને પ્રોડક્ટ નહીં- બ્રાન્ડ જોઈયે છે. તમારે પોતાની ઇમેજ અને તમારા પ્રોડક્ટની અલગતા, યૂનિક્નેસ કસ્ટમરને સમજાવવી પડશે. જ્યારે આ અલગતા બે પ્રોડક્ટ વચ્ચે ઊભી થાય છે ત્યારે તે બ્રાન્ડ તરીકે સ્થાપિત થવાની શરૂઆત કરે છે.

**૩) માર્કેટિંગ ઈન્વેસ્ટમેન્ટ છે- ખર્ચ નહી:**

માર્કેટિંગ, પ્રોડક્ટ અને સર્વિસ ખરીદવા માટેની સમજણ આપવાની કળા છે. જો કસ્ટમર જ નહીં આવે તો પ્રોડક્ટ કેવી રીતે વેચાશે અને પ્રોડક્ટ નહીં વેચાય તો પ્રોફિટ કેવી રીતે થશે. માર્કેટિંગ તમને તમારા પ્રતિસ્પર્ધી સામે તમારા પ્રોડક્ટ સર્વિસ ખરીદી કરવા માટે સમજાવશે. માર્કેટિંગ તમારી ક્રેડિબિલિટી વધારશે, કારણ કે કન્ઝ્યુમર તમારી બ્રાન્ડથી વાકેફ થશે, તમારી બ્રાન્ડ માટેની અવેર્નેસ ક્રિયેટ કરશે, જે ખૂબ જ જરૂરી છે કોઈપણ વેપાર અને વેપારી માટે. જ્યારે તમે તમારા પ્રોડક્ટ અને સર્વિસનું પ્રાઇઝિંગ નક્કી કરો ત્યારે માર્કેટિંગની કોસ્ટ તેમાં ઉમેરો જેથી વધારાનો ખર્ચો કરવો પડે છે તેવો વિચાર ન આવે.

**૪) પ્રાઈઝ નહિ- વેલ્યૂ:**

વધુ કિંમત રાખશું તો વધુ નફો થશે આ માનસિકતા હોય છે. આના કરતાં તમે તમારા પ્રોડક્ટમાં કૈંક વધુ આપો (જેને અંગ્રેજીમાં 'વેલ્યુ એડિશન' કહે છે). ઉદાહરણ તરીકે, તમે કમ્પ્યુટર લેવા જાવ તો સ્ટોરવાળો એ તમને ડિસ્કાઉન્ટ નહિ આપે, પણ તેની સામે તમને એક્સેસરી અથવા અમુક સોફ્ટવેર સાથે આપશે. આમ તમારી કિંમત જળવાય છે, ઘરાકને વધુ મળ્યાનો આનંદ આવે છે અને એને નવી પ્રોડક્ટ મળી છે તેનાથી માહિતગાર કરો છો.

**૫) પોઝિશનિંગ:**

તમારી પ્રોડક્ટ અને વેપારની દૃષ્ટિએ તમે તમારા સ્પર્ધકોના ઉત્પાદનોથી કેવી રીતે અલગ છો તેની વાત એટલે પોઝિશનિંગ. બીજા શબ્દોમાં, પોઝિશનિંગ એ બ્રાન્ડ અથવા ઉત્પાદનની ઓળખ સ્થાપિત કરવાની પ્રક્રિયાનો સંદર્ભ આપે છે, જેથી ગ્રાહકો તેને ચોક્કસ રીતે સમજી શકે. જો તમે ટોળામાં એક હશો તો તમારી કોઈ કિંમત નથી, પણ જો તમે ટોળાની બહાર ઊભા હશો તો લોકોનું ધ્યાન તમારા તરફ ખેંચાશે અને આવા સમયે તમને ટોળાની બહાર ઊભા રાખવાનું કામ પોઝિશનિંગ કરશે.

**૬) સમય સાથે બદલાવ:**

આજનો સૌથી મોટો બદલાવ એટલે ડિજિટલ યુગ. આના કારણે ઓનલાઇન વેચાણ આજે મહત્ત્વનો ભાગ ભજવે છે. પૈસા ચુકાવવાથી લઈને ઘર સુધી માલ મોકલવા ડિજિટલની મદદ લેવાય છે. આને લીધે દુનિયામાં શું ચાલી રહ્યું છે તે જાણી તમારા વેપારમાં તેનો અમલ કરી શકો. તમારા ગ્રાહકો વિશે સવિસ્તાર માહિતી મેળવી એને તમારો કાયમનો ગ્રાહક બનાવી શકો. સોશિયલ મીડિયાના સહારે બ્રાન્ડ પ્રમોટ કરી શકો. ઓનલાઇન અને ઓફલાઈનનો સમન્વય સાધવો જરૂરી છે.

**૭) પ્રતિસ્પર્ધીને ઓળખો:**

સ્પર્ધાને બે રીતે જોવી પડે. પ્રત્યક્ષ અને પરોક્ષ. જે તમારી કેટેગરીમાં છે તે તમારો પ્રત્યક્ષ પ્રતિસ્પર્ધી છે. તે શું કરે છે એના પર હંમેશાં નજર હોવી જોઈએ. બીજો જે તમારો પરોક્ષ પ્રતિસ્પર્ધી છે. કદાચ એ તમારી કેટેગરીમાં ના હોય, પણ આડકતરી રીતે તમને અસર કરી શકે.

**૮) KISS - કીપ ઈટ સિમ્પલ એન્ડ સ્ટ્રેઈટ:**

આજે લોકો ઘણીબધી વાતોથી ઘેરાયેલા છે આવા સમયે એ તે વાતને સ્વીકારશે, જે એમને આસાનીથી સમાજમાં આવશે. આથી તમારી વાત સરળ રાખો, એમને વધુ મૂંઝવણમાં ના રાખો. તમારા પ્રોડક્ટ ડેવેલપમેન્ટમાં, માર્કેટિંગમાં પહેલેથી સ્પષ્ટતા રાખો કે શું બનાવો છો, કઇ રીતે વેચશો, શું કહીને વેચશો અને કોને વેચશો. જો આમ થશે તો તમારી પ્રોસેસ સરળ થઇ જશે અને તમારું ઉત્પાદન અર્થપૂર્ણ આકાર લેશે.

**૯) નાવીન્યતા:**

માણસ સહજ સ્વભાવ છે કે એને હંમેશાં કશુંક નવું જોવું છે, જોઈએ છે, જાણવું છે. આપણે આપણો વોર્ડરોબ થોડા થોડા સમયે નવાં કપડાઓથી બદલતા હોઈએ છીએ. રેસ્ટોરન્ટ થોડા થોડા સમયે એના મેનુમાં બદલાવ લાવે છે. આથી આપણા વેપારમાં પણ નાવીન્યતા આવશ્યક છે. નાવીન્યતા લાવવાનું મહત્ત્વનું કારણ તે કે, તમારી પાસે લોકોને નવું કહેવા માટે નવી વાત હશે. આજે માર્કેટમાં ઊભું રહેવું હશે તો ફ્રેશ અપ્રોચ દ્વારા ગ્રાહકને આકર્ષતા રહેવું પડશે.

નવરાત્રિના પાવન દિવસોમાં આ નવલી નવ વાતને અપનાવી આપણા વેપાર માટે હાર્ટ શેર અને માઇંડ શેરની સાથે સાથે માર્કેટ શેર અને વોલેટ શેર વધારવાની માતાજી પાસે શક્તિ માગીએ.. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ભારતના પ્રથમ રાષ્ટ્રપતિની કચ્છ મુલાકાત



**ઓક્ટોબર** અનેક રીતે ખાસ છે. ૧૯૨૫માં કચ્છનો પ્રવાસ ખેડનાર ગાંધીજીની જન્મજયંતી જ નહિ, પરંતુ કચ્છના વિકાસને ગતિ આપવા મદદરૂપ થનાર લાલ બહાદુર શાસ્ત્રી, રાજેન્દ્રબાબુની મુલાકાત તથા ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્માનું પુણ્ય સ્મરણ થઇ જ આવે! તેમાં ૨ ઓક્ટોબર ૧૯૫૨નો દિવસ, વર્ષોથી યાતાયાતની યાતના ભોગવનાર લોકોને સળંગ કંડલા - ડીસા મીટરગેજ રેલવેસેવા મળવાની હતી. એ ઓક્ટોબર પ્રવાસમાં રેલ્વે પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી, સંરક્ષણ સચિવ વર્ગીસ સાથે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનું કચ્છમાં ભવ્ય આગમન થયું હતું.



પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

આ પ્રસંગે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ સ્વ. રાજેન્દ્રબાબુએ ઉચ્ચારેલું: ''કચ્છની ઉન્નતિની યોજનાનો પ્રારંભ મહાત્માજીની જન્મજયંતી પ્રસંગે કરતાં કહીશ કે કચ્છે પોતાની જાતને હવે ભારતના બીજા પ્રદેશોથી પાછળ કે અલગ માનવાનું કોઈ કારણ નથી.'' કચ્છના મહારાવ વિજયરાજજી દ્વારા રાષ્ટ્રપતિના આ ઐતિહાસિક પ્રવાસને યાદગાર બનાવવા માટે ભુજના હમીરસર તળાવની વચ્ચે આવેલ લખોટા બાગને ખૂબ જ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો જેમાં મહારાવશ્રી દ્વારા ભુજના સાજન-મહાજનને રાષ્ટ્રપતિના સન્માનમાં ભવ્ય જમણવાર માટે આમંત્રણ આપવામાં આવ્યું, જે ભુજના ઇતિહાસમાં અનોખો પ્રસંગ બની રહ્યો હતો. રસોઈના સ્વાદથી ખુશ થઈને, રાષ્ટ્રપતિએ રસોઈયાને વ્યક્તિગત અભિનંદન પાઠવ્યાની યાદો છે, જેમાં એ પ્રસંગની યાદમાં એક પત્ર તેમણે લખેલો અને રસોઈયાને રાષ્ટ્રપતિ ભવનમાં આમંત્રણ પણ આપેલું. આ પ્રસંગે, લખોટા બાગનું નામ 'રાજેન્દ્ર પ્રસાદ બાગ' રાખવામાં આવ્યું, જે આજે પણ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદના કચ્છ પ્રવાસની યાદમાં જીવંત સ્મારક સમાન છે.

ભાવાનુવાદ: ઓક્ટોબર કિઇક રીતે ખાસ આય. ૧૯૨૫મેં કચ્છજો પ્રવાસ ખેડીંધલ ગાંધીજી જન્મજયંતી જ ન ૫ કચ્છજે વિકાસકે ગતિ ડેલા મધધ કરીંધલ લાલ બહાદુર શાસ્ત્રી, રાજેન્દ્રબાબુજી મુલાકાત ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્માજો પુનકારી સમરણ થિઇ જ અચે! તેમેં ૨ ઓક્ટોબર ૧૯૫૨જો ડીં, કિઇક વરેંનું યાતાયાતજી મુસિભતું ભોગવીંધલ માડૂએંકે સરાર કંડલા - ડીસા મીટરગેજ રેલવેસેવા જુડેવારી હૂઇ. ઇ ઓક્ટોબર પ્રિવાસમેં રેલવે પ્રધાન લાલબહાદુર શાસ્ત્રી, સંરક્ષણ સચિવ વર્ગીસ ભેર ભારતજા પેલા રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદજો કચ્છમેં આઉગો આગમન થ્યો હો.

હિન પ્રિસંગતે સ્વ. રાજેન્દ્રબાબુ બોલ્યાવા: ''કચ્છજી ઉન્નતિજી યોજનાજો પ્રારંભ મહાત્માજીજી જનમજયંતી પ્રિસંગતે કરીંધે ચોંધોસ કે કચ્છ પિંઢજી જાતકે હાંણે ભારતજે બ્યે પ્રડેસેનું પૂંઠીયા કે પછાત ગણેજી જરુ નાય.'' કચ્છજા મહારાવ વિજયરાજજી ભરાં રાષ્ટ્રપતિજે હિન ઐતિહાસિક પ્રિવાસકે જાધગાર ભનાયલા ભુજજે હમીરસરતે આવલ લખોટા બાગકે મસ્ત રીતે સણગાર્યો હો જેમેં મહારાવશ્રી ભરાં ભુજજે સાજન-માજનકે રાષ્ટ્રપતિજે માનમેં રખલ હિન જમણવારમેં નોતરો ડેમેં આયો હો, જુકો ભુજજે ઇતિહાસમેં આઉગો પ્રિસંગ ભની રયો હો. રસોઈજે સવાડનું રાજી થિઇને, રાષ્ટ્રપતિ રસોઈયેકે ખાસ સાભાસિ ડીંનો હો નેં હિકડો કાગર ૫ લખ્યો હો જેમેં રસોઈયેકે નોતરો ડિઇનેં રાષ્ટ્રપતિ ભવનમેં બોલાયો હો. હિન પ્રિસંગજી જાધમેં પોય લખોટા બાગજો નાંલો 'રાજેન્દ્ર બાગ' રખેમેં આયો હો જુકો અજ ૫ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદજે કચ્છ પ્રિવાસજી જાધમેં જીવંધો સ્મારક સમાન આય. ■

# વન મેન આર્મી : એકલા હાથે ૨ લાખ વૃક્ષોથી શહેરને ગ્રીન સિટી બનાવતા દેવેન શેઠ




**છેલ્લા ૧૪ વર્ષોથી રોજ જાતે ટેમ્પો ચલાવીને વૃક્ષોને જાતે પાણી પાય છે. ભાવનગર સીટીની મુલાકાત લેશો તો તમામ એરીયામાં ગ્રીનસીટી- ગ્રીનસીટી લખેલા ટ્રી-ગાર્ડ જોવા મળશે. અને આ વાતની સાક્ષી પુરતા ઘટાદાર વૃક્ષો જોવા મળશે. દેવેનભાઇને તેમની આ અદ્ભૂત પર્યાવરણ સેવા બદલ ત્રણ વખત મુખ્યમંત્રીના હસ્તે, કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયાના હસ્તે, બોલીવુડના કલાકાર જેકી શ્રોફના હસ્તે તેમજ ગુજરાતના સુપ્રસિધ્ધ કથાકાર સંતશ્રી મોરારીબાપુના હસ્તે એવોર્ડ મળી ચૂક્યા છે. ચાલો આજે આપણે જાણીએ વૃક્ષ ઋષી દેવેનભાઇ શેઠની આ લાંબી યાત્રાની એક ઝલક....**

**માણસ** ધારે તો શું નથી કરી શકતો? નથીંગ ઈઝ ઈમ્પોસીબલ. આ વાકય આપણે અવાર-નવાર બોલીએ છીએ, આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે ભાવનગરના શેઠ બ્રધર્સના માલિક દેવેનભાઇ શેઠ. કાયમ ચૂર્ણથી ભારતભર અને વિદેશમાં પણ જાણીતું એવું શેઠ બ્રધર્સના દેવેનભાઇ શેઠ ભાવનગરના યુવા બીઝનેસમેન છે. પરંતુ તેમણે તેના બીઝનેસને એક બાજુ રાખી છેલ્લા ૧૪ વર્ષોથી પોતાના ભાવનગર શહેરને હરીયાળુ બનાવવા ભેખ લીધો છે. તેમનું સ્વપ્ન છે ભાવનગરને ભારતનું સૌથી વધુ હરીયાળુ શહેર-ગ્રીનસીટી બનાવવાનું. આ માટે તેમણે ૧૪ વર્ષ પહેલા ગ્રીનસીટી ચેરિટેબલ ટ્રસ્ટ નામની એન.જી.ઓ શરૂ કરી છે અને છેલ્લા ૧૪ વર્ષો દરમ્યાન ભાવનગર શહેરના અલગ-અલગ વિસ્તારોમાં અત્યાર સુધીમાં આશરે ૨ લાખ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી તેની યોગ્ય કાળજી લઇ તેનો ઉછેર કર્યો છે-વૃક્ષોને મોટા કર્યા છે. તમે ભાવનગર નગરીની મુલાકાત લેશો તો તમામ એરિયામાં ગ્રીનસીટી-ગ્રીનસીટી લખેલા ટ્રી-ગાર્ડ જોવા મળશે અને આ વાતની સાક્ષી પુરતા વૃક્ષો જોવા મળશે. તેમનું કહેવું છે કોઇપણ વૃક્ષ પાણી અને જતનના અભાવે મુરઝાઈ જાય એ વાત મને મંજુર નથી, અને એટલા માટે જ તેઓ વૃક્ષોને પાણી પાવા ૩ ટેમ્પો તથા ૧૦ વ્યકિતનો સ્ટાફ રાખ્યો હોવા છતાં જાતે તેઓ રોજ બે કલાક ટેમ્પો ચલાવી વૃક્ષોને પાણી પાવા નીકળી પડે છે. ભાવનગરનું નાનુ બચ્ચુ પણ ઓળખે છે કે આ ગ્રીનસીટીવાળા દેવેનભાઇ છે. તેઓ શેઠ બ્રધર્સના માલિક છે પરંતુ ભાવનગરના દરેક લોકો તેને ગ્રીનસીટીવાળા દેવેનભાઇ તરીકે વધુ ઓળખે છે. તેમના પર્યાવરણ પ્રત્યેના આ ભેખ, ઝનુનને લીધે જ ભાવનગર હરીયાળુ નગર બન્યુ છે. ગુજરાતનું ગાંધીનગર ગ્રીનસીટી કહેવાય છે. તે ગાંધીનગરને સમાંતર ભાવનગર શહેરને હરીયાળુ બનાવીને ગ્રીનસીટીની વ્યાખ્યામાં ફીટ બેસે તે રીતે તૈયાર કરી દીધુ છે. દેવેનભાઇનું કહેવું છે કે ભાવનગરના લોકો આજે પણ રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજી ને ભાવનગર જેવું આયોજનબધ્ધ શહેર અર્પણ કરવા બદલ યાદ કરે છે. તેમ ભાવી પેઢી હંમેશા શહેરની હરીયાળી માટે દેવેનભાઇને યાદ કરે એવું કામ કરીને મારે જાવુ છે. લોકોને વૃક્ષારોપણ માટે પ્રેરીત કરવા દેવેનભાઇ સ્વખર્ચે અખબરોમાં જાહેરાત કરી રહ્યાં છે. દેવેનભાઇને તેમની આ અદ્ભૂત પર્યાવરણ સેવા બદલ બે વખત હાલના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે, ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયાના હસ્તે, ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના નેશનલ લેવલનો ગુડ કર્મા એવોર્ડ જેકી શ્રોફના હસ્તે તેમજ ગુજરાતના સુપ્રસિધ્ધ કથાકાર સંતશ્રી મોરારીબાપુના હસ્તે એવોર્ડ મળી ચૂક્યા છે. પરંતુ દેવેનભાઇ જણાવે છે કે મને એવોર્ડ મળવાની ખુશી કરતા વૃક્ષોને મોટા થતા જોવામાં વધુ આનંદ આવે છે. હા જયારે કોઇ વ્યકિતના કામની કદર થાય, પ્રશંસા થાય ત્યારે વ્યકિતમાં કામ કરવાનો ઉત્સાહ બેવડાઇ જતો હોય છે. સારા કામની નોંધ લેવાય, કદર થાય તે પણ જરૂરી જ છે. મને મારા આ કામાં મારા મિત્ર તારકભાઇ શાહ, અચ્યુતભાઇ મહેતા, પિયુષભાઇ વ્યાસ તથા ચિંતનભાઇ વ્યાસનો ખૂબજ સહકાર મળ્યો છે. અને અમારા આખા શેઠ બ્રધર્સ પરિવારમાં મારા માતા સમાન મારા ભાનુકાકી તથા મારા કીરીટકાકા તરફથી મને હંમેશા પ્રોત્સાહન મળતુ રહ્યું છે અને વડીલોના આશીર્વાદ અને ઇશ્વરકૃપાથી જ હું આ બધુ જ મુશ્કેલ કામ કરી શકુ છું અંતમાં હું એટલુંજ કહીશ કે ઇશ્વરે જયારે આપણને બધુ જ અપાયુ હોય તો એક મનુષ્ય તરીકે આપણો સાચો ધર્મ એ છે કે માત્ર આપણા પુરતુ જ આપણા પરિવાર પુરતુ જ ન વિચારતા અન્ય માટે પણ આપણે કંઇક કરી છુટવું જોઇએ. સમાજને પણ કંઇક આપીને જવું જોઇએ.